साठ संवतसरी कुंडळीआ

चोमासाना वर्त्तारानो कोहीनूर.

કિંમત રૂ. ૧-૦-૦ (પોસ્ટેજ જૂદું.)

साठ संवतसरी कुडळीआ.

અને

चोमासाना वर्त्तारानो कोहीनूर

અથવા

मकवाणा—संहिता.

(ખેતીવાડી અને-તેજી-મંદીના સંવત્સર ભાવ-વગેરે સાથે).

રચનાર-પ્રાચીન સંશોધક-દેશી વાયુચક્રશાસ્ત્રી.

દેવજીભાઇ ઉકાભાઈ મકવાંણા. પ્રસિદ્ધ કર્તા.

રોજીદ (તાબે ધંધુકા.)

शिखरिणी.

"सदा वृष्टि सारी, सुखद वसुधामां वरसजो;
सदा नंदे वंदी, प्रभु नियममां सौ विचरजो.
सदा शान्ति पामी, परम भजने सावध थजो;
दया विद्या लक्ष्मी, स्थल स्थल प्रजामां प्रसरजो."

અમદાવાદ—ધી "ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસ" માં
શા. સોમાલાલ મંગળદાસે છાપ્યો.

આવૃત્તિ ત્રીજી. પ્રત ૫૦૦.
ચૈત્રી સંવત્ ૧૯૭૦. સને ૧૯૧૩.

કિંમત ૧-૦-૦ (એક રૂપિયો) પોષ્ટેજ જૂદું.

ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવના.

આ ગ્રંથની પહેલી આવૃત્તિ ચૈત્રી વર્ષ ૧૯૫૩ માં પ્રથમ બહાર પડી હતી ત્યારબાદ બીજી આવૃત્તિ ૧૯૬૧ માં બીજી હજાર પ્રત પ્રકાશમાં આવી હતી તે ખલાસ થવાથી આ ગ્રંથ સુજ્ઞ રાજા-પ્રજાને ઉપયોગી પડવાથી-અને તેની સુજ્ઞ રાજા-પ્રજાની ઉપરાઉપરી માગણી ચાલુ હોવાથી બીજી આવૃત્તિ ખુલાસ થવાં આ ત્રીજી આવૃત્તિ તન, મન અને ધનથી અનેક ઉપયોગી સુધારાવધારા સાથ બહાર પાડવામાં આવી છે. એજ તેના ઉપયોગીપણાની સાબીતિ છે.

આ ગ્રંથનું ઘણા વરસ ઉપયોગીપણું વધે માટે ચૈત્રી વર્ષ સં. ૧૯૭૩ થી વારાહ સંહિતાના ૬૦ સંવત્સરોનો વધારો કરી બનતી સેવા બજાવી છે. શ્રીનાગજીમાહારાજના ભાવિ કુંડળીઆની સાઠ સંવત્સરી ચૈત્રી વર્ષ ૧૯૭૨ પુરી થશે. ત્યારબાદ ચૈત્રી વર્ષ ૧૯૭૩ થી પ્રભવ નામનો ૧ લો સંવત્સર એમ ફરીને એજ સાઠ સંવત્સરના કેટલાક ભાવ નિહાળીને જોતા રહેવા.

પણ ખરેખર ચૈત્રી વર્ષ ૧૯૭૩ થી વારાહ સંહિતાના ૬૦ સંવત્સરો પૈકી પહેલા સંવત્સરનું ફળ ચાલુ થશે. તે ભવિષ્ય ૬૦ વર્ષ જોવાશે.

આ ઉપરાંત આ ગ્રંથમાં દરેક વર્ષ સુકાળ કે દુકાળ આવશે તે જોવાનાં પ્રાચીન મહાન મુળતત્વોનો ઘણો સુધારો-વધારો કરી કર્ત્તવ્ય-પરાયણ દેશભક્તિ બતાવી છે એમ સુજ્ઞ રાજા-પ્રજા માન્ય કરી સંગીન ઉત્તેજન-દરેક-વહીવટદાર, સ્કુલમાસ્તરો, પટેલો, મુખી, મતા-

દારો પાસે રખાવી આપશે તો મારા લખવાના શુભ હેતુ માટે પરમ-
દયાળુ પરમેશ્વરનો ઉપકાર માનીશ. આ ગ્રંથની ત્રીજી આવૃત્તિની
એક વરસથી ઉપરાઉપરી માગણી છતાં ધાર્યા મુજબ બહાર પાડવામાં
અવકાશ નહિ મળવાથી સુજ્ઞ ગૃહસ્થો ક્ષમા ચાહશે.

મુ. રોજીદ—તાબે ધંધુકા
ચૈત્રી વર્ષ ૧૯૭૦
ચૈત્ર સુદ ૧૫.

પ્રાચીન સંશોધક,
દેવજીભાઇ ઉકાભાઇ મકવાણા
દેશી વાયુશાસ્ત્રી.
ગુજરાત—કાઠિયાવાડ.

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

આ ગ્રંથ માટે કાંઇપણ આત્મ પ્રશંસા કરવી મને યોગ્ય લાગતું નથી. પણ આ ગ્રંથ રાજા–પ્રજાને કેટલો બધો ઉપયોગી થઇ પડયો છે. તેની ખાત્રી તેની પહેલી આવૃત્તિની હજાર નકલ બે વર્ષમાં ખલાસ થતાં બીજી આવૃત્તિ માટે ઉપરા ઉપરી માગણી ચાલુ છે. તેમજ–ગુજરાત કાઠિયાવાડના સાક્ષર મંડળે અને ધોરીંધર વર્ત્તમાનપત્રો પૈકી ગુજરાતી, શિયાજીવિજય, કાઠિયાવાડ ટાઇમ્સ રાજભક્તે (સુદર્શન, બુદ્ધિપ્રકાશ વગેરે માસિકે) એકે અવાજે એ ગ્રંથને રાજા–પ્રજાના અમૂલ્ય ઉપયોગીપણા માટે તેનું ઉપયોગીપણું સ્વીકારી ઉત્તમ અભિપ્રાય આપ્યા છે તે સાથે દેશી વાયુચક્ર ખાતાની પ્રાચીન ચોમાસાની રૂઢીઓ અને વિદ્યાનો ઉધાર થવા દેશી વર્ત્તમાનપત્રોએ તેની સત્યતાની સાબીતિ તરીકે પોતાના સુપ્રસિદ્ધ પેપરોમાં ઘણીજ હોંશથી અમારા જાહેર વર્ત્તારાઓને જગ્યા આપવા માંડી છે; વળી નામદાર શ્રીમંત ગાયકવાડ સરકારશ્રીના અને જુનાગઢના નવાબ સરકારશ્રીના કેળવણીખાતાએ આ પુસ્તકને ઇનામ તથા બુકલાઇબ્રેરી તરીકે મંજૂર કરી ઉત્તેજન આપેલું છે. જેથી અમને અમારા સંશોધનમાં મગરૂરી મળવાથી મગજને લાંબે જુવાળે નાખી. સરકારી વાયુચક્ર ખાતાના વર્ત્તારા સામે આપણા દેશી વાયુચક્ર ખાતાના મહાન જોગો કેટલે દરજ્જે હરિફાઇ ભોગવવા શ્રેયસાધક થઇ પડેલ છે. તે મહાન શોધકે મહાન નિયમો તરીકે આ બીજી આવૃત્તિમાં સુધારા, વધારા સાથ સઘળો ગુરૂભેદ દેશને અર્પણ કરેલ છે. એમ જો આ ગ્રંથ રાજા–પ્રજાને વધારે ઉપયોગી થઇ પડશે તો હું કર્ત્તવ્યપરાયણ દેશભક્તિ બજાવા માટે સદ્દઉદ્યોગને માટે કૃતાર્થ થયો માનીશ.

આ ગ્રંથની પુષ્ટી માટે કેટલીક ઉપયોગી નોંધો તથા સુચનાઓ જુનાગઢના દિવાન બ. સરદાર શ્રીબહેચરદાસ વિહારીદાસ સાહેબ તરફથી તથા રાજકોટ વોટસન મ્યુઝયમના ક્યુરેટર શ્રીયુત આચાર્ય વલ્લભજી હરિદત્ત તથા ભક્તવત્સલ મહાશય નથુરામ શર્મા તરફથી પ્રસંગોપાત મળતાં તેમનો મારાપર અને દેશ ઉપર ઉપકાર થયો માનું છું.

આ ગ્રંથની ઉપરાઉપરી માગણી લાંબી મુદતથી ચાલુ છે. પણ કેટલીક અણધારી અડચણોને લીધે ધારેલી મુદતમાં બહાર પાડતાં વિલંબ થયો છે. તે માટે સુજ્ઞ ગૃહસ્થો ક્ષમા ચાહશે.

મુ. રોજીદ—તાબે ધંધુકા
સં. ૧૯૬૧ માહા સુદ ૨
તા. ૬—૨—૦૫.

પ્રાચીન સંશોધક,
દેવજી ઉકાભાઇ મકવાણા
દેશી વાયુચક્ર શાસ્ત્રી.

અનુક્રમણિકા.

પ્રકરણ પાંચમું.

ચોમાસાના વર્ત્તારાનો કોહીનુર.

(દેશી વાયુચક્ર ખાતુ—વર્ત્તમાન હવા પાણીના દર્શનીક ચમત્કારો સાથે.)

ચોમાસું બેસવાની અને ચોમાસામાં વરસાદ થવાની જુદી જુદી અદ્‌ભુત અગમચેતીઓ. (૧૨૯)

પ્રકરણ છઠું.

હીંદની ચોમાસાની ઋતુનું દીગ્‌દર્શન અને સરકારી વાયુચક્ર ખાતાનું ચાલતુ ઓબઝર વેશન.

પ્રકરણ સાતમું.

પ્રકરણ આઠમું.

ખેતીવાડી અને પાકની કુદરતી અગમચેતીયો.

અમૂલ્ય જાહેર ખબર.

(અમારી પાસેથી મળવાના ખાસ ગ્રંથો.)

भाग बीजो.

સો–(શત)–વર્ષ ભાવ–કુંડળીઆ.

(સો વરસનું ભવિષ્ય.)

અને

મેઘ–સમાચાર.

(ગુરૂસાર અને તેજી–મંદીના મહાન જોગોના વધારા સાથે.)

આ અમૂલ્ય ગ્રંથની બીજી આવૃત્તિ ઘણા સુધારા વધારા સાથે પ્રગટ થઇ છે. એમાં ગુજરાત–કાઠિયાવાડના ભવિષ્યવાદી નાગજી મહારાજના સો (૧૦૦) શતવર્ષભાવ કુંડળીઆ (સં. ૧૯૦૧ થી સં. ૨૦૦૦ સુધીના ગુજરાતીમાં ટીકા સહીત) પ્રગટ કરવા ઉપરાંત મેઘમાળાના તમામ જોગો–એટલે વરસનું પુરેપુરૂં ભવિષ્ય જોવા માટે બારે માસના–માસવાર, તીથી, વાર, નક્ષત્ર, વાદળ વાયુ, હીમ, ઝાકળ, ધુંસર, માવઠાં, વીજળી, ગ્રહણ, પુનમ યોગ વગેરે નજરે જોઈ આવતાં દરેક ચોમાસાં કેવાં આવશે, તથા અનાજ, રૂ, અળશી, કપાશીઆ, ઘી, ગોળ, તેલ, ચાંદી વગેરેમાં પીઠભાવ કેવા આવશે તેના અનુભવ સિદ્ધ ચોકસ થંભો અને જોગોનો નિર્ણય આપેલો છે. અને દરેક નવું વરસ કળી કાઢવા માટે સેંકડો વરસની રૂતુનો આબેહુબ–ઇતિહાસ મેઘ સમાચારની પુષ્ટીઓ આપી દરેક નવું વરસ કેવું આવશે તે ચોકસ થંભો બતાવ્યા છે. તથા પૂર્વે જગડુશાના વખતથી આજ સુધીના પડેલા દુકાળોની તવારીખ અને ઉપજતો ઘડો બતાવ્યો છે. અને હવે પછી

ગુ. કાઠીયાવાડ–મુંબઇ ઇલાકામાં ક્યારે ક્યારે દુકાળો પડશે તેની ગણત્રીનાં યંત્રો સમજ સાથે આપવા ઉપરાંત–ગુરૂસાર, ગ્રહણવિચાર, અને રૂ, અનાજ વગેરે તેજીમંદીના જોગો બતાવ્યા છે, ઉપરાંત દુકાળ અને મરકી આવવાનાં મુળતત્વો અને તે સામે ચોકસ થંભો આઠ પ્રકરણમાં બતાવી–સર્વેને ઉપયોગી થવા કર્તવ્ય પરાયણ દેશભક્તિ બતાવી છે.

માટે સુજ્ઞ રાજા પ્રજાએ અને દરેક ખાતાના અધિકારી સાહેબોએ અમારા બેઉ ભાગની જથાબંધ નકલો મંગાવી ઇનામ તથા સ્કુલ લાઇબ્રેરીમાં પસાર કરી ગામેગામ–વહીવટદાર, તલાટી, માસ્તરો, મુખી, મતાદારો, પટેલો પાસે રખાવી ઉપયોગ વધારવાથી ઓચીંતા પડતા દુકાળમાંથી રાજા પ્રજા મુક્ત થતાં દેશને અનિર્વચનીય (અમૂલ્ય) લાભો પ્રાપ્ત થશે તો ગ્રંથ લખવાનો હેતુ પાર પડયો ગણી કૃતકૃત માનીશ

પુસ્તક રોયલ સોળ પેજી પૃષ્ટ ૧૭૫ ઉત્તમ છાપણી ને છીંટના પુંઠાથી બંધાવેલ છે. કિં. બાર આના. પો. જુદુ. પાંચે ૧) નકલ ભેટ.

ખેતીવાડી સુધારાનો મહાન ભોમીઓ.

(પ્રથમદર્શન.)

(પ્રાચીન અર્વાચીન ખેતીવાડી સુધારાનું કલ્પવૃક્ષ.

આ અમૂલ્ય ગ્રંથ–સુજ્ઞ રાજા પ્રજા ખેડુત વગેરે સર્વને ખાસ ઉપયોગી થઇ પડવા ૩૦ વર્ષના સંશોધન અને અનુભવસિદ્ધ અખતરાથી પ્રકાશમાં લાવવા ઇશ્વરકૃપાથી દૃઢ પ્રતિજ્ઞ થયા છીએ.

ખરેખર હિંદની રસાળ ભુમિનો કસ વધારી દેશની દોલતમાં ખરો વધારો ચાહી પુષ્ટિકારક ખોરાક મેળવી, અમેરિકા, વિલાયત, અને જાપાન માફક જોરાવર પ્રજા બનવું હોય, ઉપજમાં બમણો વધારો ચાહતા હો, અને જમીનનો રસ–કસ વધશે અને ઉછરતી પ્રજા તેનાં

સ્વાદીષ્ટ ફળ ભોગવશે તો મનની ઉર્મીઓ પાર પડી ગણી કર્તવ્યપરાયણ દેશભક્તિને માટે મુક્તિ પામીશ.

એમાં જમીનના પ્રકાર, ગુણધર્મ, જમીનની જાતવારી સુધારવાનાં સંગીત મુળતત્વો, દેશી ઓજારો અને તેમાં સુધારો, પ્રાચીન અર્વાચીન ખેડની રીતો, ખાતર દેશી, વિલાયતીની સંખ્યા અને કેળવણી, ખડની પ્રાચીન જાતો, અને નિંદામણ નિરમુળ કરવાના ઉપાય, જમીનનું દળ સુધારવાનાં તથા બગડવાનાં કુદરતી કારણો, વનસ્પતિ ઉછેરવાના ફાયદા, પશુઢોરની માવજત, રોગોને ઉપચાર, બગીચાની કૃતિ, ફળઝાડ નિરોગી રહેવાના ઉપાયો, ઉત્તમ બી મેળવવાનાં મૂળતત્વો, છોડની કૃતિ, જુદાજુદા પાક—અનાજ, શેરડી, કપાસ, કઠોળ વગેરે વાવેતરની પ્રાચીન રીતો, મોલના રોગો, ને ઉપચાર, કુવા નાખવાની રીતો, ખેડુતોની ખામીઓ, અને તેમની સ્થિતિ સુધારવાને સરકાર દરબારોએ કરવી જોઇતી મહાન યોજનાઓ વગેરે વગેરે ૮૪ ઉપરાંત ઉપયોગી વિષયથી ભરપૂર, અખતરાસહીત શોધ સંગ્રહ ખેતીની અભીવૃદ્ધિ થવાનો આ અમારો કલ્પવૃક્ષસમ માહાભારત પ્રયાસ છે, માટે આ ગ્રંથ દરેક ખેડુતના ઘરમાં રાખવાની અને દરેક સ્કુલ લાઇબ્રેરીમાં રખાવવાની તથા ઈનામમાં છુટથી વહેંચી નિયમપૂર્વક ઉપયોગ વધારી સંગીન ઉત્તેજન આપવાની કેટલી જરૂર છે તે ખેતીની સંગીન અભિવૃદ્ધિ ચાહનાર દેશભક્તિવાન વીર પુરૂષોની મુનસફી ઉપર સોંપું છું. અને તેમ થવાથી આ દેશની ખેતીવાડી પૂર્ણકળાએ પહોંચતાં સુજ્ઞ રાજા પ્રજા ઉભયને કરોડો રૂપિયાનો લાભ થતાં દેશની દોલતમાં ખરેખર વધારનાર આ કલ્પવૃક્ષ ભોમીઓ છે. અસ્તુ. પુસ્તક રોયલ સોળ પેજી પૃષ્ટ લગભગ ૨૦૦ છીંટના પુંઠાથી બંધાવાશે કીં. રૂ. ૧ (એક) પો. જુદુ. પાંચે એક નકલ ભેટ અને પો. માફ.

ખાસ ખબર.

નવાં પુસ્તકો બહાર પડશે.

ભાગ ત્રીજો.

અમારા તરફથી **હિંદનું વાયુચક્ર શાસ્ત્ર અને મેઘપ્રસાદ** નામનું પુસ્તક તૈયાર થાય છે. તેમાં આખા હિંદને તથા દરેક વર્ગના લોકને ઉપયોગી થઇ પડે તેવી મહાન બાબતોના ચમત્કારીક થંભોનું વર્ણન આવશે. જે પુસ્તક દરેક કુટુંબ અને દરેક ઘરમાં ઉપયોગી થઇ પડવા અમારી હયાતીની ઇશ્વર–કૃપાઅનુસાર–મહાન મહાન સંશોધનની મહાન પ્રસાદીઓનો શોધસંગ્રહ પ્રગટ થશે. કીંમત પ્રથમ નામ નોંધાવનાર પાસેથી ૧–૦–૦ એક રૂપિયો. પો. માફ. પાંચે એક નકલ ભેટ. (૫૦૦ નામ નોંધાયાથી બહાર પડશે.)

ભાગ ચોથો.

ચમત્કારી–મેઘમાળા અને વરસ વિચાર.

(રાજા–વર્ષ વિચાર અને વારાહસંહિતાના ગર્ભ વિચાર સાથે.)

એમાં પ્રાચીન મેઘમાળાની ખરી પ્રત હાથ લાગવાથી બારે માસના મેઘમાળાના ખરા ચમત્કારોનો ચિતાર આપવામાં આવશે. પ્રથમના બે ભાગમાં જે જે બાબતો પ્રગટ કરવી રહી ગઇ છે. અને જોનારને સઘળી રીતે ઉઠતા પ્રશ્નના વિચારોને સ્પષ્ટીકરણોનું રહસ્ય આ લઘુ પુસ્તકમાં પ્રગટ થશે. આ ગ્રંથ પણ અમારા લેખની છેલ્લી પ્રસાદી ગણી અમૂલ્ય લાભ લેવા વિનતિ છે. કિં. ૦–૮–૦ પોષ્ટ જુદું. પાંચે એક નકલ ભેટ. (૫૦૦ નામ નોંધાયાથી જલદી બહાર પડશે.)

સુચના:—પુસ્તકો તથા વર્તારા ચી. જાદવજીભાઇ વિ. દેવજીભાઇના નામથી મંગાવશો તો પણ મળશે.

અભિપ્રાય.

(પુસ્તકો તથા વેધશાળા માટે સર્ટીફીકેટો.)

(૧) વોટસન મ્યુ. ના કયુરેટર શ્રીયુત વલ્લભજી હરિદત્ત આચાર્ય રાજકોટ:—આપનાં બેઉ ભાગનાં રચેલાં પુસ્તકો વાંચ્યાં છે. તેમાં જે સંગ્રહ કર્યો છે તે અમૂલ્ય છે અને પુસ્તકો બોહોળો ફેલાવો પામવાને લાયક છે, તો અમારી રાજા સાહેબો, વેપારી વર્ગ, ખેડુતો વગેરે પોતાની પાસે રાખી ઉપયોગ લેવાની ખાસ ભલામણ છે. મિ. મકવાણાની શોધક બુદ્ધિ લાંબા વખતથી એવા કામ પાછળ મચી રહેલી છે. સરકારે લાખો રૂપિયા ખરચી વેધશાળાઓ સ્થાપી છે. તેમ આ દેશમાં મિ. મકવાણા જેવાને હસ્તક એવું ખાતું સ્થાપ્યું હોય તો બેશક દેશને ફાયદો થાય.

(૨) ઠાકોરશ્રી વખતસિંહજી સાહેબ વળા:—સં. ૧૯૬૯ નો વર્તારો મોકલશો. કુશળતા ચાહું છું.

(૩) ગૌરક્ષક સભાના ઓ. સે. ઓધવજી રામજી મહુવા:—આપે શ્રમ લઈ પ્રજાને ઉપયોગી બે પુસ્તક રચી મહદ ઉપકાર કર્યો છે. તે વિષે મુબારકબાદી આપુંછું. તે વાંચી અપાર આનંદ થયો છે. તે દરેક કુટુંબને તમારાં પુસ્તકો રાખવાને અવશ્ય જરૂર છે. હું ઘણો ફેલાવો કરીશ.

(૪) શ્રીયુત બાબુશ્રી ત્રીકમચંદ બાપાજી રાલીબ્રધર્સના સબ એજંટ:—આપના રૂ, અનાજ, અળશી, ચાંદી વગેરેની તેજીમંદીના ઇશ્વરી કુદરતના તમારા જોષની મહેનત ને વર્તારા જોઇ ખુશી થયો છું. તે પર મને પૂર્ણ વિશ્વાસ છે. આપે જે દેશી વેધશાળાનું કર્તવ્ય-

પરાયણ દેશભક્તિનું કામ માથે લીધું છે. તે ઇશ્વર પાર ઉતારશે. અને તેમાં યશયશ થવા ઇશ્વરી પ્રાર્થના છે. દેશી વેધશાળાની શોધખોળને અંગે રૂ. ૨૫૧) ભેટ મોકલ્યા છે તે સ્વિકારશો.

(૫) શા. ડોસાભાઇ ગણજી વીરમગામ:-પહેલા વર્ગના મેંબર તરીકે રૂ. ૨૫) આજે મોકલ્યા છે. મારે અનાજ તથા રૂ, માર્ચના વાયદાની તેજીમંદી જણાવશો. જવાબ માટે ૦ાા રૂ. ની ટીકીટ મોકલી છે.

(૬) કચ્છ-માંડવી ચત્રભોજ નેણશી:—જત તમારા તરફથી ભરૂચ રૂ, ના વાયદાની તેજીમંદી માટે તથા અળશી, ચોખા, વગેરે રૂખ માટે અમને તમારો પૂર્ણ વિશ્વાસ છે માટે ગુરૂભેદ રાખ્યા વિના રૂખ આપ્યા કરશો. તમારી ફીના રૂ. અગાઉ મોકલ્યા છે. હાલ નફા ઉપરના વેપારમાં સેંકડે ૧૦ ટકા ચાનસના રૂ. ૧૦૦ તારથી તથા રૂ. ૧૧૦ મ. ઓ. થી તાર ખરચ સાથે મોકલ્યા છે. તે સ્વિકારશો. જરૂરી ખબર તારથી આપજો.

(૭) આ શિવાય અસંખ્ય સર્ટીફીકેટો ઇશ્વર કૃપાથી ફાઇલ પર છે. તેમજ ૧ લા વર્ગથી ૪ થા વર્ગ સુધીના મળી ૧૦૦ મેંબરોથી દેશી વેધશાળાનું કર્ત્તવ્યપરાયણ દેશભક્તિનું કામ ચાલે છે. જેનો સ્તુત્ય લાભ લેવા માટે પુસ્તકના પાછલા ભાગપર નિયમો વાંચો. ને લાભ મેળવો. અસ્તુ.

પ્રાચીન સંશોધક,

દેવજીભાઈ ઉકાભાઇ મકવાણા.

દેશી વાયુ શાસ્ત્રી–રોજીદ. (ધંધુકા)

॥ श्री जगदीश्वरायनमः ॥

कवि नागजीनुं जन्मचरित्र.

દોહા.

જન્મચરિત્ર કહું જાણવા, ભેદુ સુણો ધરિ ભાવ;
વર્ણવું કવિ નાગજી વિષે, બનિયલ જેહ બનાવ. ૧

છપ્પો.

બનિયો જેહ બનાવ, લાવ લાખેણો લીધો;
ભાવિ સંવત્સર ભાવ, પ્રસિદ્ધ કુંડળીએ કીધો.
અગમ નીગમ ઇતિહાસ, કૈંક દાખી કવિતાથી;
પારસ કીર્તિ પ્રકાશ, દશ-દિશ ચળકી સવિતાથી.
મનુષ તનુ ગુણ મહાત્મા, દેવસરૂપ મહિ-દેવ જે;
અડગ વચન મન ઇંદ્રિયો, વિશ્વ વિષે વિરલાજ તે.

દોહા.

ઉત્તમ સંવત અઢારમાં, ઉપર એકાવન;
માસ મધુ શુદ નવમીયે, એઠે વર્ષ બાવન. ૧
કવિ કુળ પીતા કલ્યાણજી, ઉત્તમ જ્ઞાત અવદીચ;
જન્મ દિવસ જે રામનો, કાપણ કળીમળ કીચ. ૨
વિમળ ગૌત્ર વશિષ્ઠ તે, શાખા માધવની છાપ;
અજુર વેદ કુળ જન્મ તે, પુત્ર પ્રબળ પ્રતાપ. ૩

દોહા.

કવિ કુળ પીતા કલ્યાણજી, તે સુત નાગજી નામ;
જન્મ ભોમ જમનાવડે, વશ્યા [1]ગાધેસર ગામ. ૧

---

૧ ગાધકડા-જુનાગઢ સ્ટેટનો મહાલ છે.

સંવત અઢાર ચુમોતરે, વયે વર્ષ બાવીશ;
ઉમર ગુજરી એટલી, ઉજ્વળ ગ્નાત અવદીચ.

દોહા.

જન્મ વરસ કહું જાણવા, અક્ષર સંખ્યા એહ;
મરણુ તિથિ મતલબ મળે, તત્વ ધરો દીલ તેહ.

છપ્પો.

તત્વ ધરો દીલ તેહ, જેહ જન્મી જશ લીધો:
આગમ વર્ષ અવેવ, પ્રગટ કુંડળીએ કીધો.
અનુપ–સંવત ઓગણીશ, વરસ વીશ પોષ અમાસે;
સભા સજ્જન સન્મુખ, પરિવાર બેસાર્યો પાસે.
ઉપદેશ સૌને આપવા, વાણી વિધ વિધે કહી;
એમ આનંદ સૌને આપતાં, એક પોર રજની ગઇ. ૧
ધર્મ ધ્યાન ને ગ્નાન, ન્યાય નીગમીની નીતિ;
કહી કુળ મરજાદ, વર્ણવતાં રજની વીતિ.
જીવન મુક્તા જેમ, તતક્ષણ તજવા તનને;
ઉરમાં ધાર્યુ એમ, જણાવ્યું સર્વ જનને.
પ્રતિપદા પ્રભાતમાં, સવિતા સમરી સેવ;
નિજનાથ–ધામ નાગજી ગયે, દેહ તજી થયા દેવ. ૨

ટીપ—ગુજરાત–કાઠીયાવાડ અને કચ્છ દેશમાં વરસના આગમ કુંડળીઆ માટે શ્રી નાગજી મહારાજનું નામ મશહુર છે. પણ વિસ્તાર ભયને લીધે ઉપર મુજબ ટુંક જન્મચરિત્ર ભાવિક લોકોની ઇંતેજારી દુર થવા માટે દાખલ કરેલ છે.

प्रकरण पहेलुं.

સંવતસર અને સાઠ સંવતસરી કુંડળીઆ વિચાર.

સંવતસર એ વર્ષની અગમચેતીઓ તરીકે જ્યોતિષના વિદ્વાનોની–

હવા-પાણીની ગણતરી ઉપરથી પ્રાચીન એક જાતની ગોઠવણી છે.

આપણા દેશમાં વિક્રમ સંવત અને ઇસ્વીસન ચાલે છે. પણ તે ઉપરાંત શાલીવાહનનો શક પણ ચાલે છે. જે બ્રાહ્મણો પોતાના જ્યોતિષશાસ્ત્રમાં, અને દક્ષિણી લોકો પોતાના વર્ષ તરીકે-ચૈત્ર શુદ ૧ થી નવું વર્ષ બદલી પોતાની ગણતરીમાં લેતા આવે છે. હવે તે લોકોએ શાલીવાહનના શક ઉપરથી ગુરૂના માન પ્રમાણે જૂદા જૂદા નામથી સંવત્સરો ઠરાવેલા છે. પંચાંગને મથાળે એ સંવત્સર દર વર્ષે અનુક્રમ લખાતા આવે છે. તેનાં ૬૦) નામ આપેલાં છે. પહેલેથી એકવાર સાઠ વર્ષ પુરાં થાય એટલે ફરીને તેજ સાઠ સંવત્સરનો પહેલો સંવત્સર લઇ સાઠ સૂધી ફર્યા કરે છે. માટે તેના સંબંધમાં અહીં કંઇક વિવેચન કરવાની જરૂર જણાય છે. (પ્રકરણ બીજું જુઓ)

સંવત્સર અગાઉથી જાણવાની રીતઃ-શાલીવાહનના જે સંવત્સરનું નામ જોઇએ તે સાલ માંડીને-તેમાં ૧૨ મેળવીને સાઠે ભાગતાં જે શેષ રહે-તે પ્રભવ, વગેરે અનુક્રમે જાણવા.

જેમકેઃ—એક શેષ રહેતો પ્રભવ. બે રહેતો વિભવ એ પ્રમાણે ઉત્તરોત્તર સાઠ સંવત્સર ગણવા. તેનાં નીચે મુજબ નામ છે.

સાઠ સંવત્સરનાં નામ.

૧ પ્રભવ. ૨ વિભવ ૩ શુકલ. ૪ પ્રમોદ. ૫ પ્રજાપતિ. ૬ અંગીરા. ૭ શ્રીમુખ. ૮ ભાવ. ૯ યુવા. ૧૦ ધાતા. ૧૧ ઇશ્વર. ૧૨ બહુ ધાન્ય. ૧૩ પ્રમાર્થી. ૧૪ વિક્રમ. ૧૫ વૃષ. ૧૬ ચિત્રભાનુ. ૧૭ શુભાનું. ૧૮ તારણ. ૧૯ પાર્થીવ. ૨૦ વ્યય. ૨૧ સર્વજીત. ૨૨ સર્વધારી ૨૩ વિરોધી. ૨૪ વિકૃતિ. ૨૫ ખર. ૨૬ નંદન. ૨૭ વિજય. ૨૮ જય. ૨૯ મન્મથ. ૩૦ દુમમુખ. ૩૧ હિમલંબ. ૩૨ વિલંબ. ૩૩ વિકારી. ૩૪ સાર્વરી. ૩૫ પલવ. ૩૬ શુભકૃત. ૩૭

શોભન. ૩૮ ક્રોધી. ૩૯ વિશ્વાવસુ. ૪૦ પરાભવ. ૪૧ પ્લવંગ ૪૨ કિલક. ૪૩ શોભ્ય. ૪૪ સાધારણ. ૪૫ વિરોધકૃત. ૪૬ પરિધાવી. ૪૭ પ્રમાદી. ૪૮ આનંદ. ૪૯ રાક્ષસ. ૫૦ અનળ. ૫૧ પિંગળ. ૫૨ કાળયુક્ત. ૫૩ સિધાર્થી. ૫૪ રૌદ્ર. ૫૫ દુર્મતિ. ૫૬ દુદુંભી. ૫૭ રૂધી રોધગારી. ૫૮ રક્તાક્ષી. ૫૯ ક્રોધન ૬૦ ક્ષય.

ઉપર મુજબ સાઠ સંવત્સરની એક સંવત્સરી કહેવાય છે. એ સાઠ સંવત્સરની ગણતરી અને ફળ, વારાહસહિંતાના પ્રકરણ બીજામાં અહીં આપેલ છે. વળી રૂતુઓની ઘટમાળ સાથે સંવત્સરની ઘટમાળનો કાંઇક આધાર હોવો જોઇએ. એટલે શાલીવાહનના શક સાથે ગુરૂના મનને અર્થેજ સંવત્સરનાં નામ જોડવાનાં કારણ ઉપરાંત હવા–પાણીનો સંબંધ હોવો જોઇએ. આપણા લોકો કહે છે કે:—સાઠ વર્ષે સંવત્સર ભાવનાં લહેરાં. હવા—પાણી વગેરે અનુક્રમે ઘટમાળ કર્યા કરે છે. માટે તે બાબતનો નિર્ણય હવે તપાસીએ. કેમકે યુરોપના વિદ્વાનો હવાપાણીના સંબંધમાં આપણા સાઠ સંવત્સરની રૂતુને મળતા અભિપ્રાયમાં આવેલા જણાય છે જુઓ–થોડાક વર્ષ ઉપર–" ગુજરાતી " નામના સુપ્રસિદ્ધ જાહેર વર્તમાનપત્રમાં જણાવેલું હતું કે:–લગભગ ૫૯,૬૦ કે ૬૧ વર્ષે હવા–પાણીમાં કાંઇક સંવત્સર (વર્ષનો ભાવ) અનુકુળતા ધરાવે છે, માટે યુરોપના વિદ્વાનોની અર્વાચીન ગણતરી–અને આપણી પ્રાચીન ગણતરીની સત્યાસત્યની તુલના માટે પાછલા વર્ષના દાખલા લઇએ. જુઓ, ૧ સંવત્–૧૮૬૯ અગણોતરો કાળ ભયંકર હતો. અને સખ્ત મોંઘવારીથી જાન–માલની ભારે ખુવારી થઇ હતી. તે જોતાં ૬૦ વર્ષે સંવત્ ૧૯૨૯ ની સાલનો સંવત્સર આકરો હોવો જોઇએ. તેને બદલે–૧૯૨૯ ની સાલ સંવત્સર ભાવે તદન નરમ હતી. અને ઘણા લોકોને અગણોતરા કાળના સંવતસરની લાલચે નુકશાન પામવું પડયું હતું. પણ ૫૯ વર્ષે–૧૯૨૮ ની સાલ સંવત્સરભાવે આકરી હતી.

૨. સંવત ૧૮૭૬ ની સાલ ભીનીયું હતી. તો ૫૯ વર્ષે સંવત ૧૯૩૫ ની સાલ પણ ભીનીયું આવી. એટલે લગભગ ૬૦ વર્ષે હવા–પાણી મળતાં આવવાનો આ ઉત્તમ દાખલો છે.

૩. સંવત્ત ૧૮૯૫ પંચાણુવો કાળ હતો. તો ૬૧ વર્ષે સંવત ૧૯૫૬ છપનીઓ દુકાળ આવ્યો હતો. તેમજ ૪. સંવત ૧૮૮૯ માં સુગાળ અને વરસાદ ઘણો હતો. તો ૬૦ વર્ષે સંવત ૧૯૪૯ માં સુગાળ અને વરસાદ ઘણો વધી ગયો હતો. એટલે લગભગ ૫૯–૬૦ ને ૬૧ વર્ષનાં હવા પાણી મળતાં આવે છે. જેથી આપણને કેટલુંક હવા પાણી માટે નિયમિત અવલોકન કરવાનો ધડો મળે છે.

વળી કેટલાક લોકો કહે છે કે:—૧૦૦ વર્ષે સંવત્સર ભાવમાં અને હવા પાણીએ વર્ષ લગભગ સરખાં આવે છે. એ વાત ખરી હોય તો સંવત ૧૮૪૭–૪૮ બેઉ કાળ હતા, તો સાઠ વર્ષે સંવત ૧૯૪૭–૪૮ માં કાળ જોઇએ. પણ તેમ બન્યું નથી. માટે ૧૦૦ વર્ષનો આધાર રાખી શકાતો નથી. પણ ૮૭ વરસે દુકાળ આવે છે. તે પ્રમાણ ભાગ બીજામાં આપ્યું છે તે જુઓ.

વળી કેટલાક અનુભવીઓ કહે છે કે:—૧૨ કે ૧૩ વર્ષે કાળ પડતા આવે છે તે વાત પણ મળતી આવતી નથી. જુઓ:—સંવત ૧૮૪૭–૪૮ પછી સંવત ૧૮૬૦, (સાઠો) બાર વર્ષે દુકાળ આવ્યો ખરો. પણ ત્યાર પછીના કાળને નામે વરસ–સંવત ૧૮૬૯, ૧૮૭૬, ૧૮૮૧, ૧૮૯૦, ૧૮૯૫, ૧૯૧૭, ૧૯૨૬, ૧૯૩૪, ૩૫ અને ૧૯૫૬ આવ્યાં ગણાય છે. પણ તેમાં ૧૨ કે ૧૩ વર્ષનો અનુક્રમ મળતો આવતો નથી. પણ ૫૯–૬૦ કે ૬૧ વર્ષે હવા પાણી કે સંવત્સર ભાવમાં લગભગ મળતાપણું આવે છે એ કાંઇક ઉંડા ઉતરી અવલોકન કરતાં રહેવા જેવું છે.

સાઠ સંવત્સરી કુંડળીઆ વિચાર.

સાઠ સંવ્રત્સરી:—આપણી પ્રાચીન જોતિષ વિદ્યાના ભંડારમાં

વર્ષના ભવિષ્ય માટે,—સંહિતાઓ, મેઘમાળાઓ, અને જૂદા જૂદા રૂપમાં સાઠ સંવત્સરીઓ વગેરે ગ્રંથ જગતગુરૂઓ (બ્રાહ્મણો) અને જૈન પુસ્તકાલયોના ગૃહસ્થાનમાં જોવામાં આવે છે, પણ તેનો ઉપ-યોગ વર્તમાન હવા પાણી સાથ દર્શનીક અનુભવસિદ્ધ જોવામાં આવતો નથી. માટે પ્રાચીન વિદ્યાનું ખરૂં રહસ્ય ગુપ્ત રહેવા સાથ ખરી વિદ્યાનો નાશ થતો જાય છે. તે અટકાવવા અને પ્રાચીન વિ-દ્યાની ફળશ્રેણી બતાવવા શ્રી નાગજી મહારાજે બીજા વિદ્વાનોની માફક આગમ વર્ષના કુંડળીઆ કરી જોતિષ વગેરે વિદ્યાના આધારે આપણા દેશમાં જાહેર રીતે ગામેગામ પોતાની ભવિષ્ય ભાખવાની જાહોજલા-લીનો પ્રકાશ ફેલાવ્યો છે. શ્રી નાગજી માહારાજે સંવત ૧૮૭૫ થી કુંડળીઆથી વર્ષનો ભાવ દેશમાં ફેલાવ્યો છે. અને ઉત્તરોત્તર દર વરસે ગામેગામ અરસ્પરસ ઉતારાથી ફેલાવો પામતો ગયો જણાય છે. એટલુંજ નહિ, પણ સંવત ૧૯૩૪ (૧૯૭૭) થી બુદ્ધિ પ્રકાશ અને ત્યાર બાદ વિજ્ઞાનવિલાસ, સૌરાષ્ટ્રદર્પણ અને કાઠિયાવાડ ટાઇમ્સ, ગુજરાતી, સયાજી વિજય જેવા જાહેર ચોપાનીયાં અને વર્તમાન પત્રમાં ઉત્તરોત્તર કુંડળીઆ છપાતા આવ્યા છે. આગમ વર્ષની ભવિ-ષ્યવાણીમાં સુજ્ઞ રાજકર્તાઓ અને પ્રજાના સાક્ષર મંડળ વગેરે ગૃહસ્થોમાં એટલી સત્યતા જણાવા લાગી છે કે—આવતું વરસ કેવું આવશે તેની અગમચેતી માટે કુંડળીઆનો ભાવ લોકોને અલૌકિક લાગ્યો જણાય છે. અને દર વરસે મેળવી વાંચવા ફાંફાં મારે છે. જે ઉપરથી લોકો કહે છે કે:—શ્રી નાગજી મહારાજને ઇષ્ટ દેવની કૃપા હતી; કોઇ કહે છે કે મહાકાળી હાજરા હજૂર હતી; કોઇ કહે છે—આગળ પાછળની ૠતુઓનું અવલોકન અને તે ઉપરથી ભવિષ્યના તર્કના બંધારણની તેમની વિશાળ બુદ્ધિની યોજનાઓ હતી. પણ એમાંથી એટલુંતો કહી શકાય છે કે:—જોતિષ શાસ્ત્રના ઉત્તમ ગ્રંથોના અવલોકન સાથે આગળ પાછળની ઋતુઓ

અનુભવસિદ્ધ વિચારમાં લેતા હોવા જોઇએ. તે સાથે તેમનામાં મેસમેરીઝમ અને હીપનોટીઝમની અદ્ભુત વિદ્યા માફક કેટલીક અદ્ભુત ક્રિયાઓ યોગ્યાભ્યાસને લીધે સાંખ્ય અને રમળની શ્રીનાગજી માહારાજમાં રમી રહેલ હતાં, જેથીજ તેમની કુંડળીઆની આગમ વર્ષની વાણી માટે કેટલાક આધાર રખાયછે. કોઇવાર સહેજ તફાવત એ પડે છે કે આકાશના ગ્રહોની [1]ગતિ અને હવા પાણીના કુદરતી નિયમોના ચલણમાં દર વર્ષે ફરક પડતો જાય છે. જેથીજ ભવિષ્યની ફળશ્રેણી નિશ્ચયપૂર્વક પળી શકવાને કોઇ વાર સહેજ અવરોધ થાય, પણ શ્રી નાગજીમહારાજના આગમ સંવત્સરોની વાણીથી દેશહિત માટે ઘણી ઘણી અગમચેતીયો મળે છે. અને તે દરેક મનુષ્યના હિતની બાબત હોવાથી આ ગ્રંથમાં તેમની બનાવેલી સાઠ સંવત્સરી કુંડળીઆની ભવિષ્ય વાણી ગ્રંથ રૂપે દાખલ કરેલ છે. તે એક વાર સાઠ સંવત્સર પુરા થયા બાદ ઉત્તરોત્તર ફરીને કાળ બંધારણ સાથે હવા પાણીના સંબંધમાં ફર્યા કરશે.

હવે દર વર્ષે આગમ વર્ષના ભાવ જાણવા માટે બે કુંડળીઆ બહાર પડે છે. તેમાં એક સંવત્સરના ભાવનો અને બીજો વર્ષના ભાવનો પ્રગટ થાય છે. એટલે સાઠ સંવત્સરના ભાવની સાઠ સંવત્સરી ઉપર મુજબ કાળચક્ર માફક ફર્યા કરશે.

સાઠ સંવત્સરી કુંડળીઆ-વિચાર.

(શ્રી નાગજી માહારાજ વિરચીત)

કૈલાસને વિષે શીવ પાર્વતીજી પ્રત્યે કહે છે.

---

૧. ક્રાંતિવૃત્તનું છેદનબિંદુ વિષુવવૃત્ત સાથે દર વર્ષે એક વિકળા અગાડી થતું જાય છે. જેથી ઋતુમાં કાંઇક તફાવત પડતો હોવો જોઈએ. જેને લીધે સંક્રાંતિઓ બેસવામાં ફેર પડતો જાય છે.

દોહા.

એક સમયે શીવ–ઉમા, કિયો પ્રશ્ન કૈલાસ;
સંવત્સર ગતિ જે સાઠકી, અંતર સમજી આશ. ૧

શ્રવણુ ધરો શંકર કહે, સાઠ સંવત્સર સાર;
આગમ ગતિકી ગમ એહિ, જન હિત પર–ઉપકાર. ૨

પ્રભવ આદિ ગુણુ પ્રિછતે, વિધવિધ બને હુ બાત;
જૂઠ [1]એહિ–ભ્રમ જે [2]હરી, દીપક જ્યું દર્શાત. ૩

તેસેં સંવત્સર સાલકો, ભલો બુરો જે ભેદ;
શુણુ–ગવરી–શંકર કહે, વાયક અફર જ્યું વેદ. ૪

આ સાઠ સંવત્સરી કુંડળીઆમાં નીચે મુજબ ભવિષ્યની અગમચેતીયો (જાણુવા જોગ બાબતો) આવે છે.

૧ વરસાદ—અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ (થોડી) અકાળવૃષ્ટિ (માવઠાં) ૨ વાયરાં; ૩ અનાજ વગેરે વસ્તુની સોંઘાઈ–મોંઘાઈ; ૪ રોગ ઉપદ્રવ, ૫ અગ્નિભય; ૬ ચોરભય, ૭ રાજ ઉપદ્રવ, ૮ ભુકંપ (પૃથ્વીનું ધરેણુવું) ૯ ગ્રહણ યોગ. ૧૦ પવનનું તોફાન, ૧૧ લડાઈનું તોફાન–ઇતિભીતિ પરચક્રભય. ૧૨ ધુમકેતુનું ઉગવું. તેમજ નવીન બનાવ વગેરે આગમ બાબતોના ચમત્કાર સાથે–ભુત અને વર્તમાન ઇતિહાસ ઉપર મુજબ આ સાઠ સંવત્સરી બતાવે છે. અને આ સાઠ સંવત્સરીના દરેક સંવત્રનાં નામ સાથે ચૈત્રી વર્ષની સાલ તથા ઈસ્વીસન પુષ્ટી માટે મથાળે દાખલ કરેલ છે.

તેમજ વિદ્વાન વર્ગની ઉત્તમ શૈલીને ન અનુસરતાં સાધારણ ભાષાજ્ઞાનના જાણુનાર પણ સમજી શકે માટે દરેક કુંડળીઆના શબ્દાર્થની ફુટનોટ જ્યાં જરૂર જણાય ત્યાં કુંડળીઆ નીચેજ આપી–

---

૧. સરપ. ૨. દોરડું.

પછી સામટો અર્થ—ટીકાથી સમજાવેલ છે. જેથી વાંચનારને સુલભતા થાશે એમ મારી માન્યતા છે.

આ સાઠ સંવત્સરીનો આરંભ શાલીવાહન શાકે ૧૭૭૭ થી શાકે ૧૮૩૭ અને તેને અનુસરી ચૈત્રી સંવત ૧૯૧૩ થી ચૈત્રી સં. ૧૯૭૨ સુધી ગણાશે. અને સન ૧૮૫૬ થી સન ૧૯૧૫ સુધીની ગણતરી ગણવી. આ સાઠ સંવત્સરી તથા બીજા તમામ જોગોની અંદર વર્ષના જે દાખલા ટાંકયા છે. તે ચૈત્રી વર્ષ સમજવાં. જેમકે:-ઉપરની ગણતરી પ્રમાણે દર સાલ ચૈત્રથી સંવત ગણવો. અને હાલારમાં અશાડથી અને ગુજરાતમાં સંવત કાર્ત્તકથી ગણાય છે. પણ ખરેખરી રીતે ચૈત્રી કે અશાડી એજ સાલ ખરી રીતે વર્ષની ભાવના માટે ગણાય. કારણ ચોમાસાના પ્રતાપથીજ પેદાશનો લાભ દેખાવ આપે છે, માટે ગુજરાતના લોકો જેને ૬ માસ મોડું લેખે છે. તેને અહીં ચૈત્રથી વહેલું વર્ષ બેઠયું ગણવું. શ્રી નાગજી મહારાજના સંવત્સરી કુંડળીઆ પણ ચૈત્રી વર્ષથીજ ગણવામાં આવેલા છે. તેજ રૂપે અહીં દાખલ કરેલા છે. (૧૦૦ વર્ષભાવના ૨૦૦૦ સુધીના તમામ કુંડળીઆ, મેઘ સમાચાર સાથે બીજા ભાગમાં દાખલ કરેલા છે.

साठ संवत्सरी कुंडळीआ.

સંવત્સર—પ્રભવ. સંવત. ચૈત્રી-૧૯૦૩. સન ૧૮૫૬.

કુંડળીઓ.

પ્રથમે પ્રિછો પ્રભવિક, બર્તીયાં ભાવિ વખાણ;
[1]જીમુત જળબળ [2]અનળકે, ધરન નીપતિ ધાન.
ધરન નીપતિ ધાન, [3]ભાનને [4]દગુ ભડંતા;
જવર [6]આપતકા જોર, દોર કે [7]તડિત પડંતા.
કહે નાગજી વીપ્ર, વેદ ભુખડે [8]પ્રથમે;
ચંદ્રગ્રહન તેહિસાલ, પ્રભવકિ પ્રિછો પ્રથમે.

શબ્દાર્થઃ—૧ વરસાદ. ૨ અગ્નિ. ૩ સૂર્ય. ૪ રાહુ. ૫ યોગ. ૬ તડકો. ૭ વીજળી. ૮ ભરતખંડનો ભેદ.

ટીકાઃ—પ્રભવ સંવત્સરનો ભાવ સાંભળોઃ—વરસાદ અને અગ્નિનું જોર છે. પૃથ્વી માથે અનાજ સારૂં પાકશે. રાહુના યોગથી સૂર્યગ્રહણ થાશે. તાવ અને તડકાનું જોર દેખાશે. તેમજ વીજળીનો ત્રાસ છે. અને ચંદ્રગ્રહણનો ભાવ ભરતખંડમાં દેખાશે.

સં- વિભવ. સં—૧૯૧૪. સને ૧૮૫૭.

વિભવ વરતાંતા વિશ્વમેં, શીવ વાયક ધર ચંત;
[1]વણુ [2]કણુ [3]ત્રણુ [4]તોય તા સમે [5]અહિલાશરેં ઉપજંત.
અહિલાશરેં ઉપજંત, અંત [6]ધન અતિ અકાળી;
સરવર ધર ભરશેશ, દેશ [7]મરૂ દેખ દકાળી.
કહે નાગજી વીપ્ર, [8]કુવિ નાહિ અવર [9]કૃતાંતા;
[10]જુખમ [11]ખાશીકા જોર, વિશ્વમાં વિભવ વરત્તાંતા.

શબ્દાર્થઃ—૧ કપાસ. ૨ અનાજ. ૩ ખડ. ૪. વરસાદ. ૫ પૃથ્વી. ૬ વરસાદ. ૭ મારવાડ. ૮ પૃથ્વી. ૯ કાળ. ૧૦ સળેખમ. ૧૧ ઉધરસ.

ટીકાઃ—વિભવમાં કપાસ, અનાજ, ખડ વરસાદે કરી નિપજશે. સરોવર ભરાશે. માવઠાનો વરસાદ પણ થાય, મારવાડમાં કાળ દેખાય. બીજે નથી. સળેખમ ને ઉધરસની પીડા છે.

સં—શુકલ. સં—૧૯૧૪. સને ૧૮૫૮

શંકર કહે સો ચિત્ત દે, શુકલ સંવત્સર સાર;
પેંલે [1]પરજન પ્રથમ કહે, [2]આર [3]વાર-પશુ [4]છાર.
આર વાર પશુ-છાર, ભાર [5]ભુવણુ ગદ [6]ભીતિ;
[7]પરખ પશુ પીડ, ભીડ-[8]નૃપ અવની અનીતિ.
કહે નાગજી વીપ્ર, દની દવ દુઃખ ન [9]દુભંઅર;
કરનહાર કિરતાર, ચિત્ત દે કહે શું શંકર.

૪૭૪૮

શબ્દાર્થઃ—૧ વરસાદ. ૨ ખાવાનું. ૩ જળ. ૪ ઢોરનો ચરો ૫ પૃથ્વી. ૬ ભય. ૭ જાણે. ૮ રાજાની ભે. ૯ કાળ.

સં—પ્રમોદ સં—૧૯૧૬ સને ૧૮૫૯.

પરખ્યા અબેં પ્રમોદકી, નરખ્યા [1]વરખ્યા [2]નીક;
[3]શસ્ય ન સરખા [4]સમીપરેં, ઝડી [5]સમીરા જીંક.
ઝડી સમીરા ઝીંક, [6]કૈક ઝડ—[7]વિટપ વિડારે;
કુવિ—કંપ થળ કોઈ, તોય [8]શીત—જમૈ [9]તુછારે.
કહે નાગજી વીપ્ર, [10]નયત્રી કહ્યા જો નરખ્યા;
સતિ સમજ સિદ્ધાંત, પ્રમોદકી અબેંહી પરખ્યા. ૧

શબ્દાર્થઃ—૧ વરસાદ ૨ સારો ૩ મોલ ૪ પૃથ્વી ૫ વાયુ ૬ ઘણાં ૭ ઉખેડે ૮ ટાઢથી હીમપડે ૯ હીમેકરી ૧૦ શીવજી.

ટીકાઃ—વરસાદ સારો. પણ મોલ સરખા નહિ. ઝડીથી ઘણાં ઝાડ નાશ પામે. પૃથ્વી કોઈ ઠેકાણે કંપે અને હીમ પડવાથી જળ જામી જાય, એમ શીવ ભગવાને કહ્યું છે,

સં—પ્રજાપતિ, સં. ૧૯૧૭. સને ૧૮૬૦.

પ્રજાપતિકે પેખલે, વરતાઇ જે જગ બાત;
પરજન અન્ન તરણ પ્રબળ હે, થળ જળ જળ થળ થાત,
થળ જળ જળ થળ થાત, [1]જાત જ્વર જુખમ જન ખાંસી;
ચંદ્રગ્રહન [2]ઘન ગીરા, ફંદી નર પરહી [3]ફાંસી.
કહે નાગજી વીપ્ર, [4]મોદ મન—[5]શુભગ મતિકે;
ચૌપદ સુખી સમાજ, પેખ લે પ્રજાપતિકે.

શબ્દાર્થઃ—૧ ઉત્પન્ન થવું ૨ વરસાદ. ૩ તોફાની પકડાશે. ૪ હર્ષ. ૫ સુમતિવાળાને.

સં—અંગીરા. સં. ૧૯૧૮. સને ૧૮૬૧.

આયે છઠ્ઠે અંગીરા, દાયા દેજો દીલ;
ગાયા શંકર ગવરીસો, પાયા ગુર ભેદ—કીલ.

માયા ગુરૂ ભેદ કીલ, અનીળ જળ અગ્નિ [3]આંસુ;
ચોર [4]શીતકા શંક, પૃથ્વીપર પ્રબલ એ પાંસુ.
કહે નાગજી વીપ્ર, વિશ્વમેં વિગ્રે વાયા;
ઉત્તર ધર ઉત્પાત, અંગીરા છઠે આયા. ૧

શબ્દાર્થ:—૧ ભેદપામ્યા. ૨ પવન. ૩ નડશે. ૪ હીમની બીક.

ટીકા:—શીવજી પાર્વતીજીને ગુરૂભેદથી નિશ્ચે કહ્યું કે વાયું જળ અને અગ્નિની હરકત નડે. ચોર અને હીમની બીક. લડાઇ જાગે. પણ ઉત્તર દિશામાં વધારે તોફાન દેખાય.

સં—શ્રીમુખ. સં. ૧૯૧૯. સને ૧૮૬૩.

શ્રીમુખ સંવત્સર સમમો, [1]ભવ ભાંખત સોઇ ભેદ;
ચિત્ત દે સુધડનર સમજિયો, વાયક અક્રર જ્યું વેદ.
વાયક અક્રર જ્યું વેદ, [2]ખેદ જ્યું કચ્છું પ્રથમેં ખલકે;
[3]પુષ્ઠે [4]પાવસ પેખ, લેખ સરવર ધર સલકે.
કહે નાગજી વીપ્ર, દેશ મરૂ દેખ દુભંખર;
આકરા કચ્છુક અનાજ, શ્રીમુખ સમમો સંવત્સર. ૧

૧ શીવજી—૨ દુઃખવર્ત્તાય. ૩ પાછળથી ૪ વરસાદ.

ટીકકા:—શ્રીશીવજી ભગવાને કહ્યું છે કે પ્રથમ દુઃખ વરતાય, પણ પાછળથી વરસાદ થવાથી સરોવર છલકાં જાશે, મારવાડમાં કાળ જણાય અને અનાજમાં તેજ રહેશે.

સં—ભાવ. સં. ૧૯૨૦. સન ૧૮૬૩.

ભાંખુ ભાવી ભાવકા, બનહિ જોઇ બનાવ;
અન્ન તરન ધન અવનિયે, દગા[1]પોંખત[2]—દાવ;
દગા પોંખત દાવ, નાવ[3] નીરનીધિ[4] નચાવે:
વણીજ[5] ઉરે ઉદ્વેગ, પવન તે પરાભવ પાવે:
કહે નાગજી વીપ્ર, પરજન બળ પૃષ્ટે[6] પાંખું:
બનહિ એ બનાવ, ભાવકા ભાવિ ભાંખું: ૧

શબ્દાર્થ: ૧ લુંટારા વધે ૨ તોફાન કરે. ૩ વહાણ ૪ સમુદ્રમાં પવનથી ખરાબ થાય. ૫ વેપાર. ૬ પાછળથી. ટીકા—વરસાદથી અનાજ અને ખડ થાય. પણ દેશમાં લુંટ વધે. સમુદ્રમાં વહાણને પવનના તોફાનથી ખરાબી થાય. વેપારીને ખોટ જવાનો ઉદ્વેગ રહે. પાછળથી વરસાદ થોડો જેથી વરસ ફરી જાય.

સં—યુવા સં. ૧૯૨૧. સન ૧૮૬૪.

[1]યુવા યુવા સમ આવતાં, ફુવા ફુવિપર કષ્ટ;
[3]જુવા—જલધર જગતમેં, બહુ વાયુ મંદ વૃષ્ટ;
બહુ વાયુ મંદ વૃષ્ટ, વૃષ્ટ ધર ધંધા ધીરા:
રોગ શોગ સંતાપ, અવની કોઇ પડે અમીરા;
કહેનાગજી વીપ્ર, ગુણુ એહિ પાયા ગુરૂગમ:
નવમે એહિ નિરધાર, આવતાં યુવા યુવા સમ. ૧

શબ્દાર્થ:—લીંભાડા રૂપી ૨ પૃથ્વી. ૩ ખંડ વૃષ્ટિ. ૪ ગુરૂ ભેદથી ખબર પડે. ટીકા—યુવામાં પૃથ્વી ઉપર દુ:ખ દેખાય. ખંડ વૃષ્ટિ થાશે. એટલે—વરસાદ થોડો, અને પવનનું જોર છે. વેપાર—રોજગાર મંદો ચાલશે. રોગથી પ્રજા પીડા પામે. કોઇ—મોટા રાજાનું મરણ થાય. એ રીતે ગુરૂગમથી જણાય છે.

સં—ધાતા. સં. ૧૯૨૨. સન ૧૮૬૫.

ધાતા આતા ધરનપર, થાતા[1] જલદ સબદોર:
પાતા પરમ [2]પ્રમોદ પરખ, જાતા [3]જવની જોર.
જાતા જવની જોર, ઘોર ઘન અજત ગગને:
જમીદાર શિર ભાર, [4]તુછારતે જોખા જગને:
કહેનાગજી વીપ્ર, સબેધર સુખકી શાતા:
કરનહાર કિરતાર ધરનપર આતા ધાતા. ૧

શબ્દાર્થ:—૧ વરસાદ ૨ ઘણો હર્ષ ૩ મુસલમાન. ૪ શિયાળે

સં—ઈશ્વર. સં ૧૯૨૩. સન ૧૮૬૬.

ઇશ્વર કરની આઠહે, મનુ જ્વર [1]મરથી [2]મેઘ;
તંગી કચ્છુંવે તોયકી, તન છુટત નર [3]તેગ.
તન છુટત નર તેગ, [4]બેગ બરનું છ બાતા;
[5]અંબર—ઉલ્કાપાત, રાત રીખણુ જર તારા.
કહેનાગજી વીપ્ર, ધાન સસ્તા રસ ધરની.
ત્રેવીશ બતીયાં તત્વ, આઠ ઇશ્વરને કરની. ૧

શબ્દાર્થ:—૧ વાયુ—(કોલેરા) ૨ વરસાદ ૩ તરવાર ૪ જળથી ૫ આકાશ. ટીકા:—આઠ બાબત જાણુવા જોગ દેખાશે. ૧ તાવ ૨ હુંટીઉ. ૩ વરસાદ થાય. ૪ પણ જળની તંગી રહે ૫ તરવાર ચાલે. ૬ તારાનો ઉલ્કાપાત થાય. ૭ અનાજ ૮ રસ કસની સસ્તાઇ થાય.

સં—બહુ ધાન્ય. સં. ૧૯૨૪. સન ૧૮૬૭.

બહુ ધાન્ય વારા વિશ્વમેં, નરધર રખો નશંક;
ચોવીશ બતિયાં ચારસો, રાહું ગ્રહે [1]શશી રંક:
રાહુ ગ્રહે શશિ રંક, ભંખ [2]ભાદુ—શુદ [3]ભ્રગવે;
જોખમ જલધિ [4]જાઝ દુઃખ દર્દ દેખો [5]દ્રગવે.
કહે નાગજી વીપ્ર, ત્રેવિશ જો ખરહીં—તારા;
મધુરા વર્ષે મેઘ, વિશ્વમેં બોધાન્ય વારા: ૧

શબ્દાર્થ—૧ પુનમનો ચંદ્ર. ૨ ભાદરવો. ૩ શુક્રવારે. ૪ વહાણુ. ૫ દેખાય. ૫ તારા ખર્યાનો પુરાવો. ટીકા—માણુસોએ નચિંત રહેવું. ચોવીશમાં ચાર બાબત જાણવા જોગ છે. ૧ ચંદ્રગ્રહણુ ભાદરવી પુનમે થાય. ૨ વહાણુને જોખમ. ૩ અગ્નિનું દુઃખ. ૪ મધુરોવરસાદ (ઝરમરીઓ) વરસે. પણુ જો ત્રેવિશમાં તારા ખર્યાની વાત સાચી થઇ હોય તો આ વાત ખરી માનજો.

સં—પરમાર્થી. સં. ૧૯૨૫. સન ૧૮૬૮.

પરખ્યા [1]કીન પરમાર્થી, નીરખ્યા નીરદ [6]ત્રીનેન:

હરખ્યા હરનીજ હૃદયમેં, વરખ્યા શુભ [3]સુખસેન.
વરખ્યા શુભ સુખસેન, રૈન દીન [4]રહીતાં રાજી;
ગ્રહ [5]ગ્રહ-મંગળ ગાન, ધાન ધન ઘર-રીધ જાજી.
કહે નાગજી વીપ્ર, તોયકી નહિ તબ તરખીયા;
[6]મરખીયા ન કહે [7]મહેશ, પરમારથકી કરી જો પરખ્યા- ૧

શબ્દાર્થ:—૧ કરી. ૨ શીવજી. ૩ સુખકારક. ૪ રૈયત. ૫ ઘરે ઘરે આનંદ. ૬ ખોટું. ૭ શીવજી. ટીકા:—૧૯૨૫ માં સુખકારક વરસાદ થાશે. એમ શીવજીએ હર્ષથી કહ્યુ છે. જેથી ઘરે ઘરે આનંદ મંગળ વર્ત્તાશે. અને રૈયત રાજી રહેશે. જળની અપેક્ષા રહેશે નહિ. એ શીવ વાયક ખોટું ન જાણશો.

સં—વિક્રમ. સં. ૧૯૨૬. સન ૧૮૬૯.

વરતે વિક્રમ વિશ્વમેં, છવિશાકી સાલ;
અન્ન તરત અગળાં થાશે, ભરશે જીમુત ભાલ.
ભરશે જીમુત ભાલ, માલ મયણમંદ મસ્તા,
અવની પાકે અન્ન, આવે સલભ દળ અસ્તા.
કહે નાગજી વીપ્ર, આરોગ ઉત્તર ઘરતે;
આનંદ દખણ આબાદ, વિશ્વમેં વિક્રમ વરતે. ૧

ટીકા:—અનાજ તથા ખડ ઓહોળાં થાશે. વરસાદથી ભાલ ભરાય. ઢોર મસ્તાન બને એવો ચારો થાશે. અનાજ પાકે પણ તીડનું દળ (લશ્કર) ઓચિંતું આવવાથી ખાઇ જાય. ઉત્તર ભાગમાં વધારે ખરાબી ને દક્ષિણમાં આબાદ રહે.

સં—વૃષ. સં. ૧૯૨૭. સને ૧૮૭૦.

બાતુ સુનિયો વૃષભકિ, સત્યાવીશ શુભ સાલ;
[1]પાવસ પશ્ચિમ [2]મેખરા, [3]કો-ઘર પરહી કાલ.
કોઘર પરહી કાલ, માલ [4]મહરગત માનો;
[5]શીત [6]સંમીરાં શંક, પશાભવ રાજ પિછાનો.

કહે નાગજી વીપ્ર, ધરા અન્ન [7]તાણી ધાતુ;
સંવત ઓગણીશા સમય, ત્રૃષભકિ સુનિયો બાતુ. ૧

શબ્દાર્થઃ—૧ વર્ષારૂતુ. ૨ વરસાદ. ૩ કોઇ ઠેકાણે. ૪ મોંઘાઇ. ૫ ટાઢ. ૬ પવન. ૭ નાણુંભીડ. ૮ ઓગણીની સાલ માફક.

સં—ચિત્ર ભાનું. સં. ૧૯૨૮. સને ૧૮૭૧.

ચિત્ર ભાનુકિ સબ બીધિ, બર્નું સુનિયો બાત;
અન્ન તરણ અવનિ નિપજે, સૂર્યગ્રહન સાક્ષાત.
સૂયગ્રહન સાક્ષાત [1]કદુ રા અગ્રે કેવાશે.
ધર્મ ધરા [2]બ્રીજ કષ્ટ, સમી અન્ન મોંઘા થાશે.
કહે નાગજી વીપ્ર, [3]વણી જમે [4]ધાતુ-હાનુકિ;
તેલ-ભાવ [5]ગુડ [6]તુપ, સુનો સબ ચિત્ર ભાનુકિ. ૧

શબ્દાર્થઃ—કરવરૂં થાય. ૨ બ્રાહ્મણને દુઃખ. ૩ વેપારમાં. ૪ પૈશાની હાની. ૫ ગોળ. ૬ ઘી. ટીકા—વરસાદથી અનાજ ખડ નિપજે ખરાં-પણ પાછળથી વરસાદની તાણ રહેતાં કરવરૂં થાય. સૂર્ય ગ્રહણ છે. બ્રાહ્મણને દુઃખ અને અનાજમાં મોંઘાઈ થાય. તેલ, ગોળને ઘીનો ભાવ આવે.

સં—સુભાનું. સં. ૧૯૨૯. સને ૧૮૭૨.

સુખી સંસારી સુભાનુમેં, જીમુત જોઇ જોગ;
અન્ન તરણ અહિલાશરે, રીખણ પશુવા રોગ.
રીખણ પશુવા રોગ, દનીમેં મિશ્રિત દીશા;
પ્રવિન પ્રિછહી પેર. આત વૃખ ઓગણત્રિશા.
કહે નાગજી વીપ્ર, ધીર નર લેતાં ધારી;
વારી વધતા નાહિ, શુભાનુમેં સુખી સંસારી. ૧

ટીકાઃ—જેઠમાં વરસાદ સારો. પૃથ્વી ઉપર અનાજ ખડ થાય. ઢોરને રોગ વર્ત્તાય. વરસાદ સરેરાશ જોઇતો થાય. જેથી વરસ સુગાળ ને દુનિયાં સુખી.

સં. તારણ. સં. ૧૯૩૧ સન ૧૮૭૪.

તારન વારન કષ્ટકા, ત્રીશે વરતે તોય:
અન્ન તરણ અવની પરે, જગ આરત જવર જોય.
જગ આરત જવર જોય, સોઇ અન્ન સાલ હે સારી;
મહિપતિ બલેહે મંદ, આનંદ રહે નરનારી.
કહે નાગજી વીપ્ર, કહા એ ભાવી કારન:
ધારન રખનાં ધીર, કષ્ટકા વારન તારન. ૧

સં. પ્રાર્થીવ. સં. ૧૯૩૦ સન ૧૮૭૩

એકત્રીશા આયા અબેં, પ્રાર્થીવ સંવત્સર પ્રચ:
પાવસ પશ્ચિમ મેખરા, કષ્ટ કુવિ હે કચ્છ.
કષ્ટ કુવિ હે કચ્છ, રસ રીખણમેં રાજે;
અન્ન તરણ ઉત્પન્ન, ધન ગોમ ગેરા ગાજે.
કહે નાગજી વીપ્ર, દુભંખર મારૂમેં દીશા;
સમતા વરસ હે સોઇ, આયા અબ એકત્રીસા. ૧

સં. વ્યય. સં. ૧૯૩૨. સન ૧૮૭૫.

વ્યકા વારા વિશ્વમેં, બર્શ બત્રીશા બાત;
મિશ્રિત મોલ હે મયણમેં, થોડા અધિકા થાત.
થોડા અધિકા થાત, જાત જવર જગતેં જોરા;
અન્ન તરણ ઉપજંત, કાલ નહિ કુવિપર કોરા.
કહે નાગજી વીપ્ર, ખેલ હે આગું ખડકા;
ઉભય કારન હે આડન, વિશ્વમેં વારા વ્યકા. ૧

સં. સર્વજીત. સં. ૧૯૩૩. સન ૧૮૭૬.

સંવત્સર આયા સવજીત, તિન ત્રિશપર તેહ:
ધરો શ્રવણ મન ધ્યાનમેં, મયણ સાધારણ મેહ.
મયણ સાધારણ મેહ, છેહ દગુ દેત શશીકિ;
મોંઘા અન્ન ધન મંદ, ધંધ–ધર ધારો અસીકિ.

કહે નાગજી વીપ્ર, પ્રિછલે અન્ન સુખ સાતા;
દોગુન હોવે દામ સર્વજીત સંવત્સર આતા. ૧

સં. સર્વધારી. સં. ૧૯૩૪. સન ૧૮૭૭.

(બુદ્ધિ પ્રકાશ સન ૧૮૭૭ જુઓ.)

સર્વધારી સંવત્સરે, મધ્ય-[1]શ્રાવણ કે માસ;
[2]ગુજર-ધર પાવસ પરસે, ગ્રહે શશી ખગ્રાસ.
ગ્રહે શશી ખગ્રાસ, ત્રાસ-[3]તસ્કરકી તુંગી;
હવન હોમ જ્યાં હોય, સોઈ નર રહે ઉમંગી.
કહે નાગજી વીપ્ર, ભુવનમેં [4]રીષ્ટ હે ભારી;
ખપર પંચકા ખેલ, સંવત્સર સર્વ સુધારી.

શબ્દાર્થ—૧ શ્રાવણમાં વરસાદ થાય. ૨ ગુજરાતમાં. ૩ ચોરનો ભય. ૪ દુઃખનો પોકાર થાય. **ટીકા**—ચોત્રીશની સાલમાં પ્રથમ ખેંચાવે અને પાછળથી શ્રાવણમાં ગુજરાત દેશે વરસાદ થાય. ચંદ્રનું ખગ્રાસ ગ્રહણ છે. વરસ કાળ છે. જેથી ચોરનો ભય છે. પૃથ્વી ઉપર દુઃખનો મોટો પોકાર થાશે. પણ જ્યાં હવનહોમ થાશે, ત્યાં માણસોને ઉમંગ રહેશે. પાંચ ખપર રોગનાં છે.

સં. વિરોધી. સં. ૧૯૩૫. સન ૧૮૭૮.

વધતા વારિ વિરોધીમેં, જ્યું ગોકુળ-[1]શીર જાણ;
સરધર સલીતા સલકહિં, મહિયણ મેલે [2]માણ.
મહિયણ મેલે માણ, બાણ જ્યું [4]બરખા બરખે;
અલ્પ—અન્ન જવર જોર, દની-દલ [5]સલભા દરસે.
કહે નાગજી વીપ્ર, નેહ ગેહત જે નરનારી;
વારિ [6]વિકલતા વેગ, વિરોધીમેં વધતા વારી. ૧

શબ્દાર્થઃ—૧ ગોકળ મથુરાં સુધી. ૨ માજા. ૩ બાણ પેઠે. ૪ વરસાદ. ૫ ટીડ. ૬ વરસાદ. પોટલા મોઢે પડે. **ટીકા**—વિરોધી સંવત્સરમાં આખા ભરતખંડમાં વરસાદ વધારે થાય. સરોવર નદીઓ

ઉભરાઇ જાય–પૃથ્વી પાણીની માજા ઝીલી ન શકવાથી અવણીઓ ચાલે. બાણુની વૃષ્ટિ માફક વરસાદ પોટલા મોઢે પડે. અનાજની નિપજ કમતી અને તાવનું જોર વર્ત્તાય ને ટીડ આવે. સ્ત્રી–પુરૂષ વચ્ચે સ્નેહ રહેશે નહિ, એવું દુર્ભીક્ષ છે. મતલબ કે વરસ બીજા થયું.

સં વિકૃતિ સં. ૧૯૩૬ સન ૧૮૭૯.

વિશ્વે વરતે વિકૃતિ, ધરપર કચ્છુહિં ધંધ;
તરતે ત્રાસતો નીધિ, જરતે જલદ સુખ કંદ.
જરતે જલદ સુખ કંદ, સંધ–સો શાળી વીચરહીં;
નરપદચ્ચર નિભાવ, સરિત સરવર ભર જલ ભરહીં.
કહે નાગજી વીપ્ર, ઉભયસેં સુખ અનુસરતે;
બ્રહ્મભોજ ભય હરન, વિક્રિતિ વિશ્વે વરતે.

ટીકા:—દેશમાં કોઈ ધંધ જાગે. (કાબુલ સાથે તોફાન હતું.) વહાણને ભય છે. વરસાદ સુખકારક વરસે. સિંધમાં શાળીનો પ્રસાર થાય. માણસ અને પદચ્ચર કહેતાં જે ઢોર તેને આનંદ છે. નદી સરોવર ભરાશે. બ્રહ્મભોજન કરવાથી કોઇ જાતનો ભય રહેશે નહિ.

સં—ખર. સં. ૧૯૩૭. સન ૧૮૮૦

ખરધર આખર આવતાં, સરધર ભરહીં સોઈ;
તરવર તાજા તુંગીતે, તકપર વરસે તોઇ.
તકપર વરસે તોઇ, હોય કચ્છુ કદી ન કોરા;
વસા હે દ્વાદસ વર્ષ, ઝીંક પવનકા જોરા.
કહે નાગજી વીપ્ર, નભાવ હે અતે પશુ નર;
હરિ સો કર્તા હોય, આવતાં આખર ખરધર.

ટીકા:—વરસાદ થાય. જેથી સરોવર ભરાય. ખડ તાજાં થાશે. તકે વરસાદ થયા કરે પણ વાયરૂં નથી. વરસ બાર આનાનું છે. પવનની ઝડી થાશે. માણસને ઢોરનો સુખેથી નભાવ થાશે. (આ સાલમાં વરસાદની એલી ને ઝડીથી હાલારમાં ઘણાં ઝાડ પડી ગયાં.)

સં—નંદન. સં. ૧૯૩૮. સન ૧૮૮૧.

(વિ. વિલાસ. સન ૧૮૮૧)

નંદ સંવત્સર નીકહે, આડત્રીશે આત;
ચાર થંભો શોભતા, ખપર પંચસે ખ્યાત.
ખપર પંચસે ખ્યાત શ્યાત વા અગ્નિ ને ચંદા;
પરજન પર્યટ ગ્રહે, મેઘ ધરાપર મંડા.
કહે નાગજી વીપ્ર, દુર્ભિક્ષ દુઃખ નિકંદન;
ચંદન સો સુખદાઇ, નીકહે સંવત્સર નંદન.

સં—વિજય. સં. ૧૯૩૯. સન ૧૮૮૨.

વિશ્વે વારા વિજયકા, સુભિક્ષ જાનીંયો સાલ;
પરજન પૃથક પશ્ચિમેં, ભરે ભુવણ ધન ભાલ.
ભરે ભુવણ ધન ભાલ, માલ મહિખી ગો મસ્તા;
સુભિક્ષ સોઇ હે સાલ, સબ અન્ન સમીપર સસ્તા.
કહે નાગજી વીપ્ર, સમધારણ વરખ હે સારા;
નરધર રહે નશંક, વિજયકા વિશ્વે વારા.

સં—જય. સં. ૧૯૪૦. સન ૧૮૮૩.

(વિજ્ઞાન વિલાસ સન ૧૮૮૩ જુઓ.)

જયકી જુક્તિ જાનિયો, સુભીક્ષ હોત સંસાર;
રાજન રીષ્ટ પ્રજા સુખી, વરસત ધર–પર વાર.
વરસત ધર–પર વાર, વેપાર ક્રય તુલમે કામે;
અન્ન તરણ ઉત્પન્ન, જન જવર ગામો ગામે.
કહે નાગજી વીપ્ર, દિલમાં ધરિયો યુક્તિ;
કરનહાર કિરતાર, જગતમે જયકી જુક્તિ. ૧

સં—મન્મથ. સં. ૧૯૪૧. સન ૧૮૮૪

(વિજ્ઞાન વિલાસ સન ૧૮૮૪ જુઓ.).

મન્મથ રાજત મયણમેં, આને એકતાળીશ;

સુખ શાંત્તા સબ સૃષ્ટિકું, વર્ષ વસા શુભવીશ.
વર્ષ વસા શુભવીશ, દિશ-દની ગયે દુઃખ દરકા;
રીખણુ વર્ષ ભ્રગુરાજ, જાજ જોખા જલ જરકા.
કહે નાગજી વીપ્ર, દવન બન જગ દુઃખ દાજત;
તાજા તરણુ અન્નતોય, મયણુમેં મન્મથ રાજત.

સં—દુરમુખ. સં. ૧૯૪૨ સને ૧૮૮૫.

(સૌરાષ્ટ્ર દર્પણુ-૧૮૮૪)

દુરમુખ આયા દેખીયો, પ્રજા પ્રગટ મતિ પાપ;
પશ્ચિમ ધન અન્ન ઉપજે, રોગ શોગ સંતાપ.
રોગ શોગ સંતાપ, અકાળી વરસે વરખ્યા;
અવની અનળ બળ પ્રબળ, નજુમેં એસા નરખ્યા.
કહે નાગજી વીપ્ર, ભવણુ બે ભૂપ કહાયો;
પરભાંમે દળ પીડ, દેખિયો દુરમુખ આયો. ૧

સં—હિમલબ સં. ૧૯૪૩. સને ૧૮૮૬.

હેતુ સંવત્સર હિમલંબકા, સુઘડ ધારિયો ચંત;
જાર વાર પશુ છારસો, અહિલાસરેં ઉપજંત.
અહિલાસરેં ઉપજંત, [1]તંત ચંદ તોય હેનીકા;
[2]ચીનપલ ચલ્યા હે [3]શૂર, કુર કચ્છુ ત્રાસ નૃપતિકા.
કહે નાગજી વીપ્ર, સજો સબ પુન્યકી શેતુ;
દુઃખ રૂજ દુરિ પલાય, હિમલંબ સંવત્સરકા હેતુ. ૧

શબ્દાર્થ:—૧ તત્વ ૨ ક્ષણુંમાત્ર ૩ સૂર્યનું.

સં. વિલંબ સં. ૧૯૪૪. સને ૧૮૮૭.

વરતે વિલંબ આ વિશ્વમેં, ધરતે ધંધ ધુફાણુ;
ભરતે સર સરિતા સબે, જરતે જલદ શુભ જાણુ.
જરતે જલદ શુભ જાણુ, તાણુ ત્રણ કણુ તો તંગી;

જોર જોરી જમી જંત, અંત નર રહે ઉમંગી.
કહે નાગજી વીપ્ર, રાહુ રાકેશ યુગ લડતે;
માઘ શ્રાવણુ કે મધ્ય, વિશ્વસેં વિલંબ વરતે. ૧

સં. વિકારી. સં. ૧૯૪૫. સને ૧૮૮૮.

વરસે વારિ વિકારિમેં, સરસે ચલત [1]સમીર;
ધરશે [2]દ્રુમ [3]ગ્રહ [4]ઢૂંસહી [5]પરસેવન મન પીર.
પરસેવન મન પીર, નીર નંદ સરવર ભરશે;
ભુવિ બાલ ભુપાલ, પ્રથમ ધર વૃષ્ટિ કરશે.
કહે નાગજી વિપ્ર,ગિરે ઉડગણુ અંબરસે;
અન્ન તરન ધન ઉત્પન્ન, વિકારીમેં વારિ વરસે. ૧

શબ્દાર્થ:—૧ પવન. ૨ ઝાડ. ૩ ઘર. ૪ પાડે. ૫ નોકર.

સં. સર્વરી. સં. ૧૯૪૬. સને ૧૮૮૯.

સંવત્સર નામે સરવરી, નિરખે આયો નીક;
અન્ન તરણુ ધન એ સમે, જોર સમીરા ઝીંક.
જોર સમીરા ઝીંક, નીક નિરભય નર નારી;
તુલ લહેત કચ્છુ મુલ, વિશ્વમે વરસે વારી.
કહે નાગજી વીપ્ર, ધાન તુલ તેલતો ઘરપર;
જેઠ ગ્રહન રવી-જોગ, સરવરી નામે સંવત્સર ૧

સં. પ્લવ. સં. ૧૯૪૭. સને ૧૮૯૦.

પ્લવ આયા પ્રિછિયો, સૌરાષ્ટ્ર સો સુખ;
ગ્રામી ગ્લબા ગિરા ચલે, દની ડાઢકા દુઃખ.
દની ડાઢકા દુઃખ, શ્વાન સલભ મુસા સરપા;
તોય તંગી મેક માસ, દનીપર ચક્કે દર્પા.
કહે નાગજી વીપ્ર, પીઠન અન્ન અટંકી પાયા;
રસ કસ તમે હે તેજ, પ્રિછિયો પ્લવ આયા. ૧

ટીકાઃ—સોરઠને સુખ છે. ગામડીઆ ગપા ચાલશે. કુતરાં, ટીડ, ઉંદર અને સરપની ડાઢનું જોર છે. એક માસનું વાયરૂ છે. જેથી વરસ ખાંડા બરડું થશે. લડાઇનું તોફાન કોઇ સ્થળ જણાશે. અનાજની પીઠ અટંક રહેશે. અને રસ-કસમાં તેજ થાશે.

સં. શુભકૃત સં. ૧૯૪૮. સન ૧૮૯૨.

સંવત્સર શુભ કૃત શુભહે, દુભંખર મારૂ દેશ;
ધાન તરન ધર નિપજે, નીતિયે ચલે નરેશ.
નીતિએ ચલે નરેશ, શેશ અન્ન હોશે સસ્તા:
તોજર ભરહીં તાલ, માલ મહિષિ ગો મસ્તા.
કહે નાગજી વીપ્ર, હીત એહિ ભાંખ્યા હે હર;
અફુર અંદેશ ઉડાય, શુભ હે શુભ કૃત સંવત્સર. ૧

સં. શોભન. સં. ૧૯૪૯. સન ૧૮૯૨.

શોભન રીતિ ચંતમે, સમજ લેહુ સુજાણ;
ધન વરસે અન્ન આકરા, ખરીદ્દ ખપહિ ખાણ.
ખરીદ્દ ખપહિ ખાણ, જાણુ કણુસે ત્રણુ ઝાઝા;
દોઢા પાવે દામ, અગ્રસેં ગ્રહે અનાજા.
કહે નાગજી વીપ્ર, પ્રથમસેં સંગ્રે પ્રીતિ,
અંતે બઢે આનંદ, ચંતદે શોભન રીતિ. ૧

સં. ક્રોધી. સં. ૧૯૫૦. સન ૧૮૯૩.

ક્રોધી આયા કુવિપરેં, શોધી સમજનાં સાર;
તોય ધીરા ધરસર શ્રવે, વખતે કમતી વાર,
વખતે કમતી વાર, ભાર ભુ પશુ પ્રચંડે;
અગ્રે કમતી અનાજ, ખાલી કોઈ રેવે ખંડે.
કહે નાગજી વીપ્ર, વિશ્વમેં વસે વિરોધી;
અફાળી વરખ્યા અલીક, કુવિપર આયા ક્રોધી. ૧

ટીકા:—વરસાદ થાય, પણ જ્યારે જોઇએ ત્યારે ન થાય. જેથી વરસ કંતાઈ જાય. ઢોરને ભારે પીડા જણાશે. આગતર ઓછું નિપજે. દેશાવરમાં કોઇ ભાગ ખાલી રહી જશે. વળી માવઠું થશે.

સં. વિશ્વાવસુ સં. ૧૯૫૧. સને ૧૮૯૪.

વિશ્વા વસુકી વિશ્વમેં, વરનું એહિ વિચાર;
અન્ન તરનકા ઠીક હે, ચૌપદ ગદ સંધાર.
ચૌપદ ગદ સંધાર, વારતો ચૌદશ વરસે;
કુવિ-કંપ કરતાંત, દેશ કોહિ એહિબિધ દરશે.
કહે નાગજી વિપ્ર, પીડા મન પ્રગટ પશુકી;
સુઘડ સમજિયો ચંત, વિશ્વમેં વિશ્વા વસુકી. ૧

ટીકા:—અનાજ, ખડ નીપજશે ઢોરને કોઇ રોગથી પીડા થાસે. વરસાદ ચારે દિશાએ બહુ થાસે. પૃથ્વી કોઇ દેશમાં ધરેણશે. ઢોરમાં રોગની પીડા જણાસે.

સં. પરાભવ. સં. ૧૯૫૨. સને ૧૮૯૫.

પ્રવિન પરાભવ પ્રિછલે, સંવત્સર ચાળીસમો સોય;
જળ ગળશે ફળશે મહિ, કાલ ન કહે નર કોય.
કાલ ન કહે નર કોય, હોય હવ્ય આહુતિ હવને;
વારિધ વિષમ વેહ વેગ, પોત પરભવહિં પવને;
કહે નાગજી વિપ્ર, ભાવિ જે મિટે ન તલજવ;
જન માસ્ત દની દુ:ખ, પ્રિછલે પ્રવિન પરાભવ.

સં. પ્લવંગ. સં. ૧૯૫૩. સને ૧૮૯૬.

પ્રિછો સમે પ્લવંગકી, એકતાળીશમો એહ;
પાવસ વરખા પશ્ચિમેં, જીમુદ પ્રથક જર જેહ.
જીમુદ પ્રથક જર જેહ, મેહ માર્ધર મંદા;
કુકણ હદ ગદ કષ્ટ, દષ્ટ દગુ સૂર ન ચંદા,

કહે નાગજી વિપ્ર, અભય ઉત્તર દિશાકયો:
હરિ સો કરતા હોય, પ્લવંગકી સબસો પ્રિછો. ૧

ટીકા:—પશ્ચિમ ધરામાં જળની વૃષ્ટિ—જલદ વરસાદ—થોડા જાણે થાશે. મારવાડમાં વરસાદ થોડો. કોકણમાં રોગનું દુ:ખ છે. ગ્રહણ નથી. ઉત્તરમાં સારૂં છે. (હિંદના કેટલાક ભાગમાં દુકાળ પડયો)

સં. કિલક. સં. ૧૯૫૪. સને ૧૮૯૭.

કારન સૂણિયો કિલંકકા, ધારન ધરકેં ધીર:
પારન પરજન પૃથ્વીપરેં, નાર—નદી સરનીર.

નાર નદીસર નીર, ખીર ગૌ મૈખિ ખલકે:
જવન જાતિકા જોર, મીચકો મહિ પામલકે.

કહે નાગજી વિપ્ર, નીક દુ:ખ નરાં નીવારન;
તડીત દેખાવે ત્રાસ, કિલંકકા સુનિયોં કારન.

સં. શોભય. સં. ૧૯૫૫. સને ૧૮૯૮.

સુભગ સમયા શોભયકા, નિરને કિયા નિરધાર.

દુ:ખ દલહિં ફલહિં મહિં, ગલહિં વિશ્વે વાર.
ગલહિં વિશ્વે વાર, સંસાર સુખ સંપત સાજે;
ત્રેતાળીશમો તેહ, તુંગી અન્ન હોશે તાજે.

કહે નાગજી વીપ્ર, દની દીલદાન નર દયા:
અંતે આકરા હોય, શોભયકા શુભગ સમયા. ૧

સં. સાધારણ. સં. ૧૯૫૬. સને ૧૮૯૯.

સાધારનકી સમજીયો, ભાવિ ભાખું ભેદ:
વરખા ન સરખા વિશ્વમેં, ખલક પાવહિં ખેદ.
ખલક પાવહિં ખેદ, ભેદ[1] બતિયાં[2] વે—વરસે;[3]
આમય[4] અનલ[5] અનીલ,[6] દની દુ:ખ દુખ્ખ્યા[7] દરસે.

કહે નાગજી વીપ્ર, કરૂરતા નૃપ કારનકી;
તોય નિંધી હોત તોફાન, સુનિયો સાધારનકી. ૧

શબ્દાર્થ:—૧ ચાર ૨ વાત ૩ દેખાવ ૪ રોગ ૫ અગ્નિ ૬ વાયુ ૭ પીડા. **ટીકા:**—બધે સરખો વરસાદ નહિ થવાથી જગતને ખેદ થાશે. ચાર વાત મુખ્ય દેખાશે ૧ રોગનો ભય ૨ અગ્નિ અને ૩વાયુની પીડા દેખાશે. ૪ રાજાનો જુલમ વર્ત્તાશે. તેમજ વળી સમુદ્રમાં તોફાન થાશે. (છપનીઓ ભયંકર દુકાળ પડયો.)

સં—વિરોધકૃત સં. ૧૯૫૭. સને ૧૯૦૦.

શોધી બાત વિરોધકી, જો ધીમંત એહિ જાણુ;
વરસે વારિ વિશ્વમેં, તોયકી કચ્છુરે તાણુ.
તોયકી કચ્છુરે તાણુ, જાણુ કણ ત્રણ વણુ કમતી;
મરધી માલવ માહિ, ભવણુપર ભમતી રમતી.
કહે નાગજી વીપ્ર, નજર નૈશધપર નોંધી;
દૈવરખે પરદેશ, વિરોધકી બતિયાં શોધી. ૧

ટીકા:—ધીમંત નામ બુદ્ધિવાન હશે તે વિરોધ સંવત્સરની વાત ધ્યાનમાં રાખશે. વરસાદ થાય ખરો, પણ એક વરસાદની તાણુ રહે. અને અનાજ, ખડ તથા કપાશની પેદાશ થોડી થાશે.

ફોગળીઆનો ઉપદ્રવ માળવામાં વર્ત્તાશે અને ત્યાંથી નૈષધ તરફ ફેલાશે, પણ અહિં આવે નહિં. એમ પ્રાર્થના કરવી.

સં—પરિધાવી સં. ૧૯૫૮. સને ૧૯૦૧.

ભાંખુ ભાવિ પરિધાવીકી, સુભિક્ષ હોત સંસાર;
અન્ન તરણુ અગળાં થાશે, વિશ્વેં વરસે વાર.
વિશ્વેં વરસે વાર, ભાર ભુપ પર–ભોમેં;
પર ભીતિ પરવેશ, દેશ નાંહિ દુર્ગા હોમે.
કહે નાગજી વીપ્ર, બનાવ એ બાદ ન રાખું;
ધરો દૃઢ દીલ ધ્યાન, પરિધાવીકિ ભાવિ ભાંખુ. ૧

ટીકા:—જગતને સારૂં છે. વરસાદ થવાથી અનાજ, ખડ થાશે. પરદેશના રાજાને ભાર છે. તેમજ પરદેશના રાજાનો હિંદ

ઉપર ડોળો હોવાની ધારતી જણાશે. કારણ દેશમાં મહાકાળીના હવન થતા નથી એટલે એ બનાવ બનવાનો છે તે છુપાવ્યો નથી તે તમે નિશ્ચય ધ્યાનમાં રાખજો.

સં. પ્રમાદી   સં. ૧૯૫૯   સન ૧૯૦૨.

ભ્રિછ પ્રમાદિ પારખ્યા, ઇશ કહયા ધરો ઉર;
કીચ પ્રવાટ બીચ ખુબ હે, ચલે સલીતાપૂર;
ચલે સલીતાપૂર, કુર દીન કમ્પ્યુક કહાવે;
જવરકા જામે જોર, ઠેર કોહુ તરૂ ઢહાવે;
કહે નાગજી વીપ્ર, ગિરત નૃપ નવિના ગાદી;
વાદિ ન સમજો બાત, પરીક્ષા ભ્રિછ પ્રમાદિ; ૧

ટીકા:—ચોમાસામાં કચરો ખૂબ જામે. નદીઓમાં પુર ચાલે. થોડા દહાડા કઠણ આવશે. (શરૂઆતમાં વાયરૂં હતું) તાવનું જોર છે. ઝાડોને પવનથી નુકશાન ન થાય. આ વરસમાં રાજા પડે અને નવો ગાદીએ બેસે એ વાત વાદી નામ ખોટી ન જાણશો (શહેનશાહ ૭ મા એડવર્ડ ગાદીએ બેઠા.)

સં. આનંદ   સં. ૧૯૬૦   સને ૧૯૦૩.

આનંદ આનંદ આવતાં, સબહીં સબે સંસાર;
અન્ન તરણ ધન અવનીયે, વરસે વારે અપાર;
વરસે વાર અપાર, ભાર ભય ભુજ દેશ ભોમે;
શીત સમીરાં શંક, અજત વીજ ગિરતી ગોમે;
કહે નાગજી વીપ્ર, સબીધર વરતે સાનંદ;
અડતાળીશમો એહ, આવતાં આનંદ આનંદ; ૧

ટીકા:—આનંદ સંવત્સરમાં સર્વ ઠેકાણે આનંદ ફેલાશે. વરસાદ થવાથી અનાજ, ખડ થશે. વરસાદ ઘણો થશે. કચ્છભુજમાં કાંઈક ભય છે. હીમ પડશે અને પવનનો સપાટો ચાલશે. વીજળીના ગગડાટ જબરા થાશે. અર્થાત વરસ આનંદ ભરેલું છે.

સં. રાક્ષસ　　સં. ૧૯૬૧　　સને ૧૯૦૪.

રીતિ સુનિયો રાક્ષસ તણી, ઓગણ પચાસે આય
અન્ન રસ કસ એ આકાર, પાપ બુદ્ધિ નર પાય;
પાપ બુદ્ધિ નર પાય, થાય પરચક્રે પીડા;
નરરૂજ પામે નાશ, વાસ વનિતા નૈ વીડા.
કહે નાગજી વિપ્ર, પરસ્પર રહે ન પ્રીતિ;
નીતિ ન ચાલે નરેશ, રાક્ષસ તણી સુનિયો રીતિ.　　૧

ટીકા:—આ સાલમાં રાક્ષસ સંવત્સર છે. તેમાં અનાજ રસ· કસમાં આકરત જણાશે. માણસમાં પાપ બુદ્ધિ પ્રગટ થશે, પરદેશમાં લટાઈની પીડા છે. રોગથી માણસ મરે. વનિતા નામ સ્ત્રીઓ શરમ વિનાની થશે. માણસોમાં ઘાડ સ્નેહ રહેશે રહિ. રાજાઓ નીતિનો માર્ગ છોડશે. એવો કઠણ સમય રાક્ષસમાં છે.

સં. અનળ　　સં. ૧૯૬૨　　સને ૧૯૦૫.

અંતર સમજો અનળકી, સાધારન સો સાલ;
સુખ દુઃખ સમતા સૃષ્ટી મેં, કોરા કહો ન કાલ,
કોરા કહો ન કાલ, બાળ ચોપાદ ગદ શીશે.
તંગી કચ્છુ હેતોય, દુભંખર પરધર દીસે.
કહે નાગજી વીપ્ર, સમે નહિ સુખ સંવત્સર;
ધરમે રખનાં ધ્યાન, અનળકી સમજો અંતર.　　૧

ટીકા:—વરસ સાધારણ અને સુખ દુઃખ સરખાં છે. હિંદમાં કાળ નથી. બાળક ને પશુ રોગથી પીડાશે. જળની કોઇ ઠેકાણે જુજ તાણ રહેશે. કાળ જેવું પરદેશમાં જણાશે. માટે ધરમના કામોમાં ધ્યાન વધારવાથી પરીણામે ઠીક થશે.

સં. પિંગળ　　સં. ૧૯૬૩　　સને ૧૯૦૬.

પિંગળહુકી પેખિયો, એકાવનમાં એહિ;
વરખે વરખ્યા વિશ્વમેં, કમતી અધિકા કોહી,

કમતી અધિકા કોહી, કચ્છ દેશે હોશે કરડા;
મંદા મેહ મહિ મલક, ખલકમેં ખાંડા બરડા.
કહે નાગજી વીપ્ર, રીખણુ પીઠ તેજી રૂકી,
સોરઠ પશ્ચિમ સુખ, પેખિયો પિંગળ હુકી.

ટીકા:—વરસાદ થાય, પણ ક્યાંય થોડો અને ક્યાંય વધારે પડશે. વળી કચ્છ દેશમાં આ સાલમાં વરસ કરડું છે દેશાવરમાં વરસાદ સમધારણ જેથી દેશ બધામાં સાધારણ વરસ પસાર પામશે. રૂ, ની પીઠમાં તેજી આવશે. સોરઠના પશ્ચિમ ભાગ હાલાર વગેરેમાં વધુ સુખ છે.

સં કાલયુક્ત. સં. ૧૯૬૪. સન ૧૯૦૭.

કાલ યુક્તા કહેત હું, શુભિક્ષ હોત સંસાર.
જામુત જોતામાં ઝરે, ભરે ભાલ તેહિ વાર.
ભરે ભાલ તેહિવાર, ભાર ભવણ ગદ ભીતિ
ચૌપદ હોત સંતાપ, અવનીમેં અપર અનીતિ,
કહે નાગજી વીપ્ર, ભાગ્ય સમ સમય ભુક્તકા;
શાણા સમજિયો ચંત, કહેત હું કાલ યુક્તકા ૧

ટીકા:— વરસ રૂડું છે. વરસાદ જોઇતો થાય. તે સાલમાં ભાલમાં જળાકાર થાય. (કાઠિયાવાડમાં સારો વરસાદ હોય તો ભાલમાં નદીઓની રેલ જાય. જેથી પાંચાળમાં વરસાદ સારો થવાની ભાલ સાબીતી આપે છે) એ સાલમાં રોગની બીક છે. ઢોરને પીડા છે. દેશમાં કોઈ દેખીતિ અનીતિ થાય. માટે સમય વરતી નશીબ પ્રમાણે વખત ભોગવી લેવો.

સં. સિધાર્થી. સં. ૧૯૬૫. સન ૧૯૦૮.

સમય સુહાવન સિધાર્થી, ધાન ધીર ધન ધરન;
વરસે પરજન વિશ્વમેં, હોય પ્રજા દુઃખ હરેન.
હોય પ્રજા દુઃખ હરેન, તારણ સરણ તે સારા;

વીવા વરત વધાઇ, નશંકે રહે નર દારા.
કહે નાગજી વીપ્ર, બણાવે દુઃખ બુહાવન,
અભય એ આનંદ, સિદ્ધાર્થી સમય સુહાવન. ૧

ટીકાઃ—વરસાદ થવાથી અનાજ નિપજે જેથી પ્રજાનું દુઃખ નાશ પામે. ઢોરનો ચારો સારો થાય. દેશમાં વીવા–મંગળ વર્તાય. અને સ્ત્રી–પુરૂષ નચિંત રહે.

સં. રૌદ્ર. સં. ૧૯૬૬. સન. ૧૯૦૯

રીતિ સુનિયો રૌદરકી, ભીતિ ભાંખી ભવ;
નીતિ નેષ્ટ નરેશકી, દની પ્રબળ દુઃખ દવ.
દની પ્રબળ દુઃખ દવ, જવ તલ જૂઠ ન જાણો;
વૃષ્ટિ હોંશે વિશ્વ, અવની જંત સબી અઘીનો.
કહે નાગજી વીપ્ર, વખત દુઃખ દીસે વીતિ;
ધરન ધાન ધન ધીર, રઉદરકી સુનીયો રીતિ. ૧

ટીકાઃ—રાજાની નીતિ નબળી થાશે. પૃથ્વી ઉપર દુઃખનું જોર વધશે તે વાત લગાર ખોટી ન માનશો. વરસાદ થવાથી પશુ ઢોર ચારાથી તુપ્ત રહેશે. અંતમાં પૃથ્વી ઉપર અનાજ નિપજશે. અને પૈશાની ધીરજ વધશે.

સં—દુરમતિ. સં. ૧૯૬૭. સન ૧૯૧૦.

દુરમતિ આયા દેખિયો, [1]કુરગતિ કચ્છુક કહાય;
[2]ભુર અતી જગ ભુલા ભમે, [3]સુર રતિ સદા સહાય.
સુર રતિ સદા સહાય, થાય ત્રણુ અન્ન ધન તાજા,
દેશ દુખંભર નાંહિ, આકરા કચ્છુક અનાજા.
કહે નાગજી વીપ્ર, રહે રેન દીન હદે રતિ;
શાણા સમજલો સાર, દેખિયો આયા દુરમતિ ૧

શબ્દાર્થઃ— ૧ નઠારી મતી ૨મુર્ખ ૩ સજ્જન. **ટીકાઃ**—

નઠારી મતિવાળા મુરખ રખડશે. પણ સજ્જન સુખી થાશે. વરસાદથી અનાજ, ખડ તાજાં થાશે. કાળ નથી. પણ અનાજની આકરત પ્રથમ જુજ દિવસ જણાશે. અંતમાં માણસો દુઃખ વિનાનાં—પ્રેમ સુખથી રહેશે.

સં—દુદંભી. સં. ૧૯૬૮. સને ૧૯૧૧.

દેખો દુર્ગા દુદંભી, ભાવ ભવણકા ભેદ;
અન્નકા કચ્છુક આકરા, વરસે વરખ્યા ખેદ.
વરસે વરખ્યા ખેદ, વેદ વચન એ વાણી;
અન્નકા રહે અટંક, પરજન પુરા ચલહીં પાણી.
કહે નાગજી વીપ્ર, લડત રવી રાહુ લેખો;
આસુ વદિ અમાસ, દુદંભી દુર્ગા દેખો. ૧

ટીકાઃ—અનાજની આકરત રહેશે. વરસાદ થાશે. પણ મનમાં ખેદ પમાડે એવો થાય. એ વેદ વચન જાણજો. અનાજની પીઠ અટંક રહેશ. આસો માસમાં સૂર્ય ગ્રહણ છે. હિંદના બીજા ભાગમાં વધુ વરસાદ થાય. આપણે ખેદ પમાડે તેવો થાય. (દુકાળ ગણાયો)

સં—રૂધીરોદગારી. સં. ૧૯૬૯. સને ૧૯૧૨.

રૂધીરોદગારી રીતકિ, પ્રીતે ધરિયો ચિત;
નરધર પશુકે નીકહે, ગેહ ગેહ ગુણ ગીત.
ગેહ ગેહ ગુણ ગીત, નીત દ્વીજ ચલહીં ધરમેં;
અનીલ અનળ પ્રબળ, જરત જળ સલહીં સરમેં.
કહે નાગજી વીપ્ર, વિવેકે લહો બિચારી;
આકરા હોત અનાજ, રીતકિ રૂધીરોદગારી ૧

ટીકાઃ—માણસ અને પશુને રૂડું છે. આનંદ મંગળ વરતાશે. બ્રાહ્મણ નિત્ય કર્મ-ધર્મ પાળશે. વાયુ તથા અગ્નિનું જોર છે. વરસાદથી સરોવરો ભરાશે. પણ અનાજની આકરત રહેશે.

સં. રક્તાક્ષી સં. ૧૯૭૦. સન ૧૯૧૩

રીતિ સુનિયો રકતા ક્ષીકિ, ભીતિ ભવણુ ગદ ભેદ
[1]ક્ષીતિ શંકા [2]સલભકિ, ખંડ-[3]ઇલાવૃત્ત ખેદ.
ખંડ ઇલવૃત્ત ખેદ, વેધ અંતરકી[4]આગે:
ગલબા કચ્છુક ગ્લાનિ, જુધકીજકડી જાગે.
કહે નાગજી વીપ્ર, પરસ્પર રહે ન પ્રીતિ;
યવની[5]જવની જોખા[6]જહાન, રકતા ક્ષીકિ સુનિયોરીતિ

શબ્દાર્થ:--૧પૃથ્વી. ૨ તીડની. ૨ ગંગા ૩ જમનાનો મુલક. ૪ કુરૂક્ષેત્ર. ૫ મુસલમાન. ૬ જાતને હાની. **ટીકા**---રોમની બીક છે તેમજ વળી તીડની ધાસ્તી ગણવી. કુરૂક્ષેત્રમાં જુદ્ધ જાગે અને પીડા થાય. તેમાં મુસલમાનોને વધારે હાની થશે આ ઝગડાથી હિંદુ-મુસલમાન વચ્ચે પ્રીતિ ઉઠી જશે. (વરસ ને વરસાદ સાધારણુ છે)

સં-ક્રોધન સં. ૧૯૭૧. સન ૧૯૧૪

ક્રોધન આયેકહેત હું, સમય સાધારન સોય;
અનીલ અનળ એ સમે. જીમુત જગમેં જોય.
જીમુત જગમેં જોય, કોઈ નૃપ પામે કષ્ટ
સમતા સાલ સુગાળ, દરપ મહિપ મંદીર દષ્ટ
કહે નાગજી લીપ્ર, રાહુ શશી કરહીં રોધન
કરનહાર કિરતાર. કહેત હું આયે ક્રોધન.

ટીકા:-વાયુ તથા અગ્નિનું જોર છે વરસ સમધારણુ છે. કોઇ રાજાને સંકટ આવી પડશે. રાજાની પ્રીતિ પ્રજા ઉપરથી ઘટશે. ચંદ્રગ્રહણુ છે. (કોઇ ભાગમાં કહેવરાવશે.)

સં. ક્ષય સં ૧૯૭૨ સન ૧૯૧૫.

ક્ષયકિ બતિયાં સમજીયો, અગમ ચિકિત્સા ઓય
કાળ નહિ કો કરવરા, હલકા વરખા હોય.
હલકા વરખા હોય, તોયકી કોથલ તંગી;

અનળ રૂજ ઉત્પન્ન, આખર નર રહે ઉમંગી:
કહે નાગજી વિપ્ર, ભુવિ ભાદુર જ્વર ભયકિ;
ઉત્પત્તિ તેહિ ઉતંગ, સમજ્યો બતિયાં ક્ષયકિ. ૧

ટીકા—વરસાદ થોડો થવાથી વરસ સાધારણ થાશે. વરસાદની કોઇ ભાગમાં તંગી (બૂમ) રહેશે. અગ્નિ તથા રોગની ઉત્પત્તિ દેખાશે. પણ ભાદરવામાં વધારે બીક છે. પરિણામે વરસ વળશે અને ઉમંગ વધશે.

ઈતિશ્રી નાગજી મહારાજની સાઠ સંવત્સરી કુંડળીઆ.

સમાપ્ત.

દોહા.

સંવત ઓગણીશા સાલ, ઉત્તમ આસુ માસ;
શુદી ગુરૂદીન સપ્તમી, પુરણ કર્યો પ્રકાશ. ૧
વસી ગાધેસર ગામમાં, જીર્ણગઢ (જુનાગઢ)નું જેહ;
એક વર્ષ નિજ આયુષ લખી, આગમ ભાખ્યું એહ. ૨
સુણે વાંચે ને શીખશે, પુરણ વધશે પ્રેમ;
લાભ લહે આ લોકમાં, સદા શંકર રાખે ક્ષેમ. ૩
કયા કરિયે કયા જોરિયે, થોડે જીવન કાજ;
છોડ છોડ સબ જાત હે, દેહ ગેહ ધન રાજ. ૪

કવિ. નાગજી.

પ્રકરણ બીજું.

વારાહ સંહિતાના જોગ.

સાઠ સંવત્સરનું ફળ.

(ચૈત્રી વર્ષ સં. ૧૯૭૩ થી સંવત ૨૦૩૨ સુધી. સન ૧૯૧૬ થી સન ૧૯૭૬)

સંવત્સરની ઉત્પત્તિઃ—ગુરૂચારમાં દેવતાના નામ ઉપરથી સાઠ સંવત્સરની સાઠ સંવત્સરી થઇ છે. અને તેમાં પાંચ પાંચ વર્ષનો યુગ એવા ૬૦ સંવત્સરના ૧૨ યુગના સ્વામી ૧૨ છે. અને તે સાઠ સંવત્સરમાં સમાવેશ થાય છે.

બાર યુગના સ્વામી અને નામો.

૧. નારાયણ (વિષ્ણુ) ૨. બ્રહસ્પતિ ૩. ઈંદ્ર ૪. અગ્નિ ૫. બ્રહ્મા (ત્વષ્ઠા) ૬. શીવ (અહીરબુધ્ય) ૭. પીતા (પીતર) ૮. વિશ્વદેવ ૯. સોમ (ચંદ્ર) ૧૦. સુર્ય (ઈંદ્ર) ૧૧ અશ્વીની ૧૨ ભગ (કુમાર) એ પ્રમાણે બાર યુગ અને દરેક યુગમાં પાંચ વર્ષ ગણતાં ૬૦ સંવત્સર ગણાય છે.

સંવત્સરોના મહાન વિભાગ.

૬૦ સંવત્સરના ત્રણ વિભાગ છે. ૧ દરેક વિભાગમાં ૨૦ વર્ષ મળી ત્રણ વિભાગનાં ૬૦ વર્ષ થાય છે. તેમાં આનંદ આદિક ૨૦ સંવત્સર પ્રથમના તે બ્રહ્માની વીશી કહેવાય છે. તે સૃષ્ટિકર્ત્તા અને ભાવ આદિક ૨૦ સંવત્સરનાં સ્વામી વિષ્ણુ તે પાલનકર્ત્તા માટે તે વિષ્ણુની વીશી કહેવાય છે. અને જય આદિ સંવત્સરોના સ્વામી શંકર માટે તે સંહારકર્ત્તા હોઇ શંકરની વીશીનાં છેલ્લાં વરસો ગણાય છે. એમ ૬૦ સંવત્સરોની ઉપર મુજબ ઘટમાલ ચાલ્યા કરે છે.

સંવત્સરનો બદલો.

૬૨ સાલ લગભગ વસંતરૂતુમાં ધનીષ્ઠા નક્ષત્રના પહેલા ચરણમાં રહેલો એવો બ્રહસ્પતિ માહ માસમાં ઉગે ત્યારે સાઠ સંવત્સરનો આરંભ થાય છે. તે પહેલો પ્રભવ સંવત્સરથી સાઠ સંવત્સરનો આરંભ થાય છે.

સંવત્સરના સ્વામી (યુગ)નાં નામ.

પાંચ વરસનો એક યુગ તે અનુસાર ૬૦ સંવત્સરમાંથી ૧૨ યુગના ૧૨ સ્વામી ગણેલા છે. તે નીચે મુજબ છે. ૧ નારાયણ (વિષ્ણુ) ૨ બ્રહસ્પતિ ૩ ઈંદ્ર ૪ અગ્નિ ૫ વષ્ઠા (બ્રહ્મા) ૬ અહીર બુધ્ય (શીવ) ૭ પીતા (પીતર) ૮ વિશ્વદેવ ૯ સોમ (ચંદ્ર) ૧૦ અગ્નિ (સુર્ય) ૧૧ અશ્વીની ૧૨ ભગ (કુમાર).

બાર યુગ–સાથે ૬૦ સંવત્સરોનું ફળ.

બ્રહ્માની વીશીનાં વરસ અને સંવત્સર ફળ.

૧ **નારાયણ યુગ.** (ચૈત્રી વર્ષ ૧૯૭૩ થી સં. ૧૯૭૭ સુધી સન ૧૯૧૬ થી સન ૧૯૨૦) તેમાં ૧ પ્રભવ, ૨ વિભવ, ૩ શુકલ, ૪ પ્રમોદ, ૫ પ્રજાપતિ એ પાંચે સંવત્સર ઉત્તમ છે. અને એકએકથી ચડીઆતા સારા જાણવા. લોકો પ્રસન્ન, ધન ધાન્ય અને ખેતીથી યુક્ત કળીયુગના દોષે કરીને કાંઇક દારિદ્રપણું, રોગ ઇત્યાદિ હોય પણ પરિણામે લોકો સુખી રહે.

૨ **બ્રહસ્પતિઃ**—(ચૈત્રી વર્ષ ૧૯૭૮ થી સં. ૧૯૮૨ સુધી સન ૧૯૨૧ થી સન ૧૯૨૫) ૬ અંગીરા ૭ શ્રીમુખ ૮ ભાવ ૯ યુવા ૧૦ ધાતા એમાં પહેલા ત્રણ વર્ષ સારાં. બાકીનાં બે વર્ષ મધ્યમ વૃષ્ટિ રોગ અને યુદ્ધનો ભય છે.

૩ **ઇન્દ્રઃ**—(ચૈત્રી વર્ષ ૧૯૮૩ થી સંવત ૧૯૮૭ સુધી સન ૧૯૨૬ થી ૧૯૩૦) તેમાં ૧૧ ઇશ્વર ૧૨ બહુ ધાન્યમાં સત જુગ જેવો સમય વર્તાય અને ૧૩ પ્રમાર્થીમાં વરસ સમધારણ ૧૪ વિક્રમ સુભીક્ષ રોગ, ડાદનો ભય. ૧૫ વર્ષ શુભ છે. હેલી બંધ વરસાદ થાશે.

૪ **અગ્નિ યુગ.**—(ચૈત્રી વર્ષ ૧૯૮૮ થી સં. ૧૯૯૨ સુધી સન ૧૯૩૧–થી ૧૯૩૫) ૧૬ ચિત્રભાનું શુભ છે. ૧૭ સુભાનું મધ્યમ

કરતાં ઉત્તમ ૧૮ તારણ વરસાદ ભલા પણ વરસ રોગભયને મૃત્યુ કરનાર ૧૯ પાર્થીવ, વરસાદ બહુ થાય. અને ખેતીની વૃદ્ધિ થાય. ૨૦ વ્યય સુભ છે. કામદેવ અધિક છે. વીવા આદિ ઉત્સવ વધારે.

વિષ્ણુની વીશીના સંવત્સર ભાવ.

૫ **બ્રહ્મા** (ત્વાષ્ઠા) યુગઃ—સંવત ૧૯૯૩ થી ૧૯૯૭ સુધી. સન ૧૯૩૬ થી સન ૧૯૪૦) ૧ સર્વજીત–સામાન્ય ફળ આપનાર ૨૨ સર્વધારી અશુભ ફળ આપનાર (ગંગા કાંઠે સારૂ) ૨૩ વિરોધી, અશુભ અને ભય કરનાર ૨૪ વિકૃત શુભ કરનાર ૨૫ ખર–આનંદમય કરનાર. છેલાં બેઉમાં વરસાદ નિયમીત અને માગ્યા વરસે.

૬ **અર્હીરબુધ્યઃ**—(સંવત ૧૯૯૮ થી સંવત ૨૦૦૨ સુધી સન ૧૯૪૧–૧૯૪૫) ૨૬ નંદન, ૨૭ વિજય, ૨૮ જય ૨૯ મન્મથ એ ચારે સંવત્સર સારા છે. એકએકથી ચડીઆતાં નીવડે. ૩૦ દુરમુખ અશુભ (સાધારણ)

૭ **મૈત્ર (પીતા) યુગઃ**— ચૈત્રી સં. ૨૦૦૩ થી ૨૦૦૭ સુધી સન ૧૯૪૬–૧૯૫૦) ૩૧ હેમલંબ આ સંવત્સરમાં ઇતિએ કરીને યુક્તવૃષ્ઠિ થાય (ઇતિ=અતિવૃષ્ઠિ, અનાવૃષ્ઠિ, મુશક (ઉંદર), ટીડ, શુક સ્વચક્ર અને પરચક્ર એ ૭ ગણુવા) ૩૨ વિલંબી. ખેતી ન્યુન. વરસાદ અલ્પ. ૩૩ વિકારી–પ્રજાને ઉદ્વેગ. અને વરસાદ એક સામટો પડે. પાછળથી તાણ ૩૪–સર્વરી–સુભીક્ષ–વરસાદ ધાર્યા પ્રમાણે થાય. ૩૫ પ્લવ શુભ પણ ગુ. કાઠિયાવાડમાં સાધારણ થાય.

૮ **વૈશ્વ યુગઃ**—(ચૈત્રી વર્ષ ૨૦૦૮ થી સં. ૨૦૧૨ સુધી સન ૧૯૫૧–૧૯૫૫) ૩૬ શુભકૃતમાં શોક હૃત (શોકને હરવાવાળો ને ઉત્તમ પણ વાયુ (પવન)નું જોર ૩૭ શોભન–વરસાદ પાક ઉત્તમ પાછતર વરસાદ વધારે ૩૮–ક્રોધી–અશુભ–(પાછલા વરસાદની ખેંચે

સાધારણ ફળ થાય). ૩૯. વિશ્વાવસુ ૪૦ પરાભવ એ બેઉમાં વરસાદ સારો, પણ, અગ્નિ, શસ્ત્ર (લડાઈ) રોગનો ભય. ગૌબ્રાહ્મણને ભય.

૯ **સૌમ્ય**(ચંદ્ર):—૪૧ પલ્વંગમાં અનેક પ્રકારે અસુભ (હિંદમાં કહેવરાવે) ૪૨ કિલક સૌભ્ય એ બેઉ સંવત્સર સારા છે. ૪૪ સાધારણ વરસાદ. પરિણામ અસુભ ૪૫. વિરોધકૃત અતિવૃષ્ટિ ઉંદર ટીડનો ભય.

૧૦ **अग्नि:**—(ચૈત્રી સં. ૧૯૧૮ થી સં. ૧૯૨૨ સુધી સન ૧૯૬૧ થી સન ૧૯૬૫) (સુર્ય કે ઈંદ્ર) યુગ:—૪૬ પરીધાવી—મધ્ય દેશનો નાશ. રાજાનું મૃત્યુ, વરસાદ થોડા, અને અગ્નિ ભય જણાવે. ૪૭ પ્રમાદી—વરસાદ સારો. પણ આળસ યુક્ત અને શસ્ત્ર કલેશ જગતમાં જણાવે ૪૮ આનંદમાં સર્વ પ્રકારે આનંદ વર્ત્તાવે. ૪૯ રાક્ષસ વરસાદ થોડા. પાછલું ધાન્ય થાય. અને વરસનું ફળ નેષ્ઠ. પશુ, ઢોરને વધારે પીડા. ૫૦ અનળ વરસાદ સારા. પણ, અગ્નિ તથા મરકીનો ભય.

૧૧ **अश्वीनी:** (આશ્વીન) **યુગ:**—(ચૈત્રી સં. ૧૯૨૩ થી ૧૯૨૭ સન ૧૯૬૬ થી ૧૯૭૧) ૫૧ પાંગળ વરસાદ ઘણો ચોરભય, શ્વાસ વગેરે રોગ. ૫૨—કાલ યુક્ત—વરસાદ થાય. પણ મધ્યને દોષવાળું વરસ ગણાય. ૫૩ સીધાર્થી:—બહુ ગુણવાળો. ૫૪—રૌદ્ર વરસાદ શ્રીકાર પણ ક્ષય કરનાર (દેશમાંથી ઢોર ને માતબર માણસો મરે) ૫૫ દુરમતિ ઉત્તમ વૃષ્ટીવાળો અને સર્વત્ર સુગાળ.

૧૨ **भाग्य** (ભગ) **યુગ**: (ચૈત્રી વર્ષ ૧૯૨૮—૧૯૩૨ સન ૧૯૭૨—૧૯૭૬) ૫૬—દુદંભી—પુર્વના મુલકમાં ખેતી સારી. પશ્ચિમ ધરામાં અનાવૃષ્ટિ. ૫૭ રૂધ રોધગારી—વરસાદ થાય. પણ વિષમવૃષ્ટિ અને રોગભય. ૫૮ રક્તાક્ષી—વરસાદ સામાન્ય. પણ સર્પાદિ જનાવરનો

ભય રોગ ભય જણાવે. ૫૯—ક્રોધી—અનેક પ્રકારના નાશ થાન વરસાદનું પશ્ચિમ ધરામાં કહેવરાવે. ૬૦—ક્ષય ખેતીની વૃદ્ધિ થાય અને સારા માણસોનો ક્ષય થાય.

ઇતિ—વારાહ સંહિતાના સાઠ સંવત્સરોનું ફળ સમાપ્ત.

प्रकरण २ जुं.

વાર્ષીક વર્ષફળના જોગોનો નિર્ણય.

આ ભાગમાં ચોમાસા માટે વાર્ષીક પચાંગના જોગોનો તથા પ્રાચીન કોઠાની જોતિષની સાખીઓ વગેરેનો સત્યાસત્ય નિર્ણય બતાવવા કિંચિત પ્રયત્ન કરેલો છે. કારણ જોતિષ વિદ્યાના કેટલાક જોગો ગરમી હવા વગેરે કુદરતના આધારવાળા હોય છે તે અવલોકન પૂર્વક જોવાથી ચોમાસાના વર્તારાની સારી અગમચેતીયો મળે છે માટે એવા આધાર ભુતવાળાં જોગોનો સત્ય નિર્ણય—ભુતળ—ખગોળ વગેરે આધારે ચોથા તથા પાંચમા પ્રકરણમાં બતાવેલ છે. પણ આ પ્રકરણમાં સત્યાસત્યના નિર્ણય માટે તકરારી જોગોનો થોડોક હેવાલ લખવા યત્ન કર્યો છે. કારણ પંચાંગના કેટલાક જોગો બહુ બહુ પ્રકારે સેળભેળ છે. જેથી આવતા વર્ષ માટે એક જોગ સાચો હોય બીજો જોગ એથી ઉલટોજ બનાવ દેખાડે છે. જેથીજ પંચાંગનો રાજા પ્રધાન—(પાદશાહવળી) અને વાર તીથીના જોગો ઉપર ભવિષ્યનો બધો આધાર રાખવા જતાં વર્ષ માટે ચોમાસાની તથા વેપારના સંવત્સર ભાવની આગમચેતીયો બાંધવી. એ કેટલીકવાર નાસી પાસી કરનારૂં પરિણામ આવે છે, જેથી મળી આવેલો સત્યાસત્ય નિર્ણય વાળો હેવાલ અહીં ટાંકી બતાવ્યો છે. કે જે ઉપરથી વર્ષનો નિર્ણય

એકલા પંચાંગ અને જોતિષની એકલી સાખીઓથી થઇ શકતો નથી. પણ ખગોળ–(સૂર્ય અને નક્ષત્રનો સંબંધ ધરાવનારા જોગોનો) તથા ભુતળવિદ્યાના કેટલાક મહાન જોગોનું અવલોકન પૂર્વક ઊંડા–ઉતરી જોવાથી વર્ષનો નિર્ણય ઘણે ભાગે ઉત્તમ ફળ બતાવે છે.

મુકાબલા માટે પંચાંગના એક રાજાનાજ ફળનો વિચાર પાછલા વર્ષ સાથે કરીએ, કેમકે રાજાનું ફળ આપણા સોરઠ દેશમાં મુખ્યત્વે કરી દર વર્ષે જોતિષમાં ગણાય છે, તો જે સાલમાં સોમ, બુધ, ગુરૂ, શુકર રાજા હોય, તે સાલ સુગાળ અને વરસાદ સારા થવા સાથ દેશપર સારી અસરો થાય, પણ જે સાલમાં રવી, મંગળ, કે શની રાજા હોય તે સાલમાં કાળ કે કગ્વરૂં થાય. અને દેશપર નઠારી અસરો થાય, એમ હજારો વર્ષ ઉપરના નિર્માણ કરેલા જોગને આધારે પંચાંગવાળા કહે છે. પણ તે વખ્તનાં હવા, પાણી પંચાંગના જોગોને અનુકુળ હશે. પણ હાલ સંક્રાંતિઓ બેસવામાં ફેર પડતો જાય છે. તેથી પંચાંગના નિર્માણ કરેલા જોગોમાં કંઇક ફેર પડે છે.

હવે, પંચાંગના વર્ષફળની સત્યાસત્ય તુલનો માટે સંવત ૧૯૧૩ (સન ૧૮૫૬) ના ચૈત્રી વર્ષથી સંવત ૧૯૫૨ (૧૮૯૫) સૂધી ૪૦ વર્ષના રાજાના ફળની સિદ્ધતા માટે ફોડવાર આંકડા તારવી કાઢી પ્રજાની સેવામાં મુક્યા છે.

રવી રાજા એ સંવત–૧૯૧૩, ૧૨૬, ૩૩, ૩૬, ૪૯ અને ૧૫૦ માં હતો. **સોમ** એ સં. ૧૯૧૬, ૧૧૯, ૨૯, ૩૯, ૪૩, અને ૪૬ માં હતો **મંગળ** એ ૧૯૧૫, ૨૨, ૧૪૨, ૪૫, અને ૪૯ માં હતો. **બુધ** એ ૧૯૨૫, ૨૮, ૩૨, ૧૩૫. ૩૮, અને ૧૫૨ માં હતો. **ગુરૂ** એ ૧૯૧૪, ૧૮, ૨૧, ૩૧, અને ૧૪૮ માં હતો. **શુકર** એ ૧૯૧૭, ૨૦, ૨૪, ૧૩૪, ૪૧, ૪૪ અને ૪૭ માં હતો, **શની** એ

૧૧૯૨૩, ૨૭, ૩૦, ૩૭ અને ૧૯૫૧ માં હતો. ઉપર બતાવેલા આંકડામાં ૪૦ વર્ષની રાજાની ફળશ્રેણી જોતાં ૧ ની નિશાની વાળા વર્ષોમાં પણજૂદા જૂદા રાજા છે. ને ૧, ની નિશાની સિવાયના વર્ષમાં પણ જૂદાજૂદા રાજા છે. તો ઉપરના આંકડાથી એકલા વર્ષ ફળના જોગો ઉપર કેટલો આધાર રાખવો. તે પ્રજાની મુનસફી ઉપર વિચાર કરવાનું સોંપું છું કારણ ગજાવળીના જોગો તર્કે તર્કે જોઇ, પાસે પંચાંગ રાખી મેળવી જોઇ, તેમાંથી સત્ય સિદ્ધાંતો ગ્રહણ કરવાં. પણ પંચાંગના જોગો ખોટાજ છે એમ માની બેસવું નહિ.

આવતું વર્ષ-સારૂં અથવા નરસું જાણવાની જોતિષની આગમચેતીઓ.

(હવા પાણીના પ્રાચીન નિર્માણ જોગ.)

૧—આસો માસના અંધારીઆમાં પાછલી રાતે પ્રભાતમાં રાત ૬ અથવા ૮ ઘડી શેષ હોય ત્યારે જોવું. તે વખતે તોરણીઆ તારા બે. તેનું નામ ચિત્રા અને શ્વાંતિ જોતિષ શાસ્ત્ર કહે છે. તેને ઉગતાં જોવા. ઉત્તર તરફનો શ્વાંતિ નક્ષત્રનો અને દક્ષિણ તરફ ચિત્રાનો છે. તે બેઉમાંથી ઉત્તર તરફનો પહેલો ઉગે તો સામું વર્ષ સુકાળ થાય; અને ઉગતાં ચિત્રાનો પેહેલો દેખાય તો આવતું વર્ષ દુર્ભીક્ષ જાણવું. મતલબ કે ઉત્તર તરફનો પ્રથમ દેખાય તો દેવતાએ તોરણ બાંધ્યું. આ ઉપરથી જણાય છે કે—પ્રાચીન વિદ્વાનોએ હવા પાણીની ચેતવણી માટે લાંબો વખત અવલોકન કરેલું હોવું જોઇએ.

૨—કારતક સુદ ૧૫ ની સાંજે ચંદ્ર ઉગતી વખત જોવું. જો ચંદ્રથી કૃતિકા નક્ષત્ર ઉત્તરમાં હોય તો અશાડમાં ઘણો વરસાદ અને ચંદ્રની ઉપર હોય તો જેઠમાં ભરપુર પણ જો ચંદ્ર આગળ અને

કૃતિકા પાછળ હોય તો શરૂઆતમાં સખત વાયરૂ થાય અને શ્રાવણ ભાદરવે વરસાદ થાય.

૩—ભાદરવામાં અગસ્તનો તારો ઉગે તે જે દિવસ ઉગે. ત્યારે જે સંક્રાંતિમાં ઉગ્યો હોય તે સંક્રાંતિ બેઠી, અને અગસ્ત ઉગ્યા વચ્ચેનું અંતર જોવું. જેટલા દિવસનું અંતર તેટલા વાહાનું આવતું વર્ષ થાય. એમ જોતિષશાસ્ત્રને આધારે વિદ્વાનો કહે છે.

૪—પોષ માસમાં વૃશ્ચિક રાશીના ચંદ્રમા જોવા. હવે વિંછી-ડાના મુખના ત્રણ તારા ઉત્તર દક્ષિણ છે. પહેલા ઉત્તરના તારાને અડીને ચંદ્રમા નીકળે તો વરસ સારૂં છે. અને વાયુ ઘણા થાય. બીજો જે વચલો તારો તેને ચંદ્ર અડીને નીકળે તો રસ મોંઘા થાય, અને કાંઇક વરસાદની તાણ અને વરસ કરવરૂં થાય. ત્રીજા જે દક્ષિ-ણાદો તારો–તેને અડીને નીકળે તો મહાકાળ થાય.

હવે વિંછીડામાં સિંહાસન છે તેનું નામ જોતિશ શાસ્ત્રમાં હસ્ત નક્ષત્ર છે. તે ઢોલીઆને આકારે છે. તેની ઉત્તરાદિ પાંગત સાંકડી છે. દક્ષિણ તરફ ઓશીકું છે. તે પહોળું છે તેમાં તારો એક, ત્રણ વચ્ચે છે. તેનું નામ રાજા કહેવાય છે. તે વૈશાખ જેઠમાં ક્યેંક ઉપલા બે તારા જાઇએ. ત્યારે રાજાનો તારો ઢોલીઆથી બહાર નિકળે એવું જરા જણાય ત્યારે વર્ષ દુકાળ જાણવું. અને બહાર ન નીકળે. અને ઢોલીઆની અંદર ફરે તે વારે વર્ષમાં. પીઠ ચઢે અને ઉત્તરે, વળી એ ઢોલીઆની પાંગત તથા ઓશીકું ફરી જાય ત્યારે કાળ છે એમ ખ-ગોળના યોગાભ્યાસવાળા કહે છે. (વળી જોતિષ વિંઘા–ભરણ ગ્રંથમાં પણ કહેલ છે.) વળી એ બાબત આથમ્યા ટાણે નજર રાખવી, મંડળ ફરેલું માલમ પડે તો અશુભ જાણવું. ઉપરના નિર્માણ જોગોનું કેટલાંક વર્ષ અવલોકન કરવાની વાંચનારને ભલામણ કરૂં છું.

પચાંગના સંવત્સર ભાવ-પરચુરણ વાર તિથિઓના જોગ સાથે.

૧—ચૈત્ર વદ ૦)) જેટલી ઘડી તેટલા શેર અનાજનો ભાવ તે સાલમાં એક રૂપિયાનો થાય.

૨—અશાડ શુદ પડવેમાં જેટલી ઘડી પુનરવસુ આવે. તેટલા શેર અનાજ એક રૂપિઆનું થાય.

૩—સોમવતી અમાસની ઘડીનો સરવાળો એક વર્ષમાં જેટલો થાય. તેટલા શેર અનાજ એક રૂપિઆનું થાય.

૪—વર્ષમાં બુધવારી આઠમોની ઘડીનો સરવાળો જેટલો થાય. તેટલા શેર અનાજ તે સાલમાં એક રૂપિયાનું થાય.

માટે ઉપરના વારતીથિ વગેરેના જોગો મેળવી સાર ગ્રહણ કરવા અમારી સલાહ છે. તેજીમંદીના વધારે જોગો ભાગ બીજામાં પ્રકરણ ૭મું વાંચો.

સંવત્સર ભાવના કહેવાતા નિર્માણ મુદ્દાઓ.

૫—જે સંવત્સર ચાલતો હોય, તે સંખ્યાને બમણી કરી. તેમાંથી ત્રણ બાદ કરી તેને સાતે ભાગતાં. જો ૧ અથવા ૪ રહે તો વરસમાં પાંઘાઇ. ૫ અથવા ૨ રહેતો સોંઘાઈ. ૩ અથવા ૬ રહે તો સાધારણ, ૦ વધે તો જગતને પીડા જાણવી. માટે તે મેળવણી કર્યાથી ફળ જણાશે.

૬—**ચાલુ સૈકાના ચોમાસાની ગણત્રીઃ**—જે સાલ ચાલતી હોય તેના તમામ અંકને ૩ ગણી તેમાં ૫ ઉમેરવા÷૭=જો ૦ વધે તો કુકાળ પણ ૧-૩-૫ વધે તો સાધારણ, ૨, ૪; ૬ વધે તો સારૂં. (૦ વધે ત્યાં કોઇવાર ભીન્ન થાય.)

૭—**દર માસમાં દરેક વસ્તુના ભાવ કાઢવાની ગણતરીઃ**—પ્રથમ જે સાલ ચાલતી હોય. તે સાલનો આંક+માંસનો આંક+વસ્તુનો આંક એ ત્રણેના આંકનો સરવાળો કરી ત્રણે ભાગવા. જો ૧, વધે

તો વસ્તુ સોંઘી ૨ વધેતો તે માસમાં સમધારણ ભાવ રહે. પણ જો ૦ વધેતો તે માસમાં મોંઘી થાય. પણ એ પ્રમાણે ગણતાં માસીક ભાવ મળતો નથી. (મેળવતા રહી સત્ય ગ્રહણ કરવું.)

આંકની સંજ્ઞા—માસના આંક:—આસો–૧, કારતક–૩, માગશર. ૫, પોશ–૭, માઘ–૯, ફાગણ–૧૧, ચૈત્ર. ૧૩, વૈશાખ–૧૫, જેઠ–૧૭' અશાડ–૧૯, ભાદરવો–૨૩.

વસ્તુના આંક—ઘઉં–૫૩, જાર. ૪૬, બાજરી–૨૫૭, ચણા. ૫૪, મગ–૪૭, મઠ–૪૦, અડદ–૫૫, ચોળા–૪૪, જવ, ૭૫, તલ–૫૫, તેલ–૫૬, ઘી–૩૦, ગોળ–૬૯, ચોખા–૨૨, ખાંડ–૮૨, ખારેક–૬૪, નાળીએર–૪૮, ખજૂર–૭૧, સોપારી–૩૬, કપાસ–૯૦, હવે આપણે ઉપરના અંકો કોઈ સાલ કે માસ સાથે મેળવી જોઈએ તો એક સરખું પરિણામ આવતું નથી. માટે તે ઉપર સંવત્સર ભાવનો ઘણો આધાર રાખી શકાય નહિ.

૮— સંક્રાતિની ઘડીમાં ૯ મેળવવા. અને તેને સાતે ગુણવા પછી ગુણાકારને ૩ ભાગવા. ભાગતાં બાકી ૧ રહેતો સોંઘાઈ, ૨ વધેતો સમધારણ. ૦ વધેતો મોંઘાઈ જાણવી. માટે એ પ્રમાણે ગણતરી કરી જોવી.

એ ઉપરાંત જોશીઓ કહેછે કે ફલાણી–બીજ, તીથી, માસ, પુનમ વગેરે ફલાણા વારી બેસેછે. માટે ભાવમાં સોંઘાઈ–મોંઘાઈ થાશે. વળી કહે છે કે–ફલાણા માસમાં પાંચ ગુરૂવાર માટે સોંઘાઈ, થશે, અને ફલાણા માસમાં પાંચ રવીવાર માટે મોંઘાઈ થાશે. માટે ઉપલા–ફળાદેશના સોંઘાઈ–મોંઘાઈના ભાવો ઉપર આધાર કેટલે દરજ્જે રાખવો. તે માટે હવા–પાણીના નિર્માણ જોગોને આધારે ઉંડા ઉતરી જોવું. પણ વાર, તીથિના જોગો. આગલાં—પાછલાં વરસોના

પંચાંગોથી મેળવી નિર્ણય કરી જોયા વિના તેના ઉપર ઠગાવું નાહ. પણ—આ પુસ્તકના પ્ર. ૭ માં બતાવ્યા મુજબ કેટલીક બાબતોનું અવલોકન કરી—વેપારમાં સંવત્સર ભાવ જાણવા અમારી ઉત્તમ સલાહ છે. વળી, અનાજની—તેજી—મંદી થવાના મહાન જોગો—હવા—પાણીના નિર્માણ જોગો સાથે પ્રગટ કરવા—અમે મેઘસમાચારમાં—ઇશ્વર કૃપાથી શક્તિવંત થયા છીએ. (ભાગ બીજામાં તેજી મંદીના તમામ વસ્તુના જોગ લખ્યા છે.)

ભડલી વાકચ (ઓઠાં)ના જોગોનો નિર્ણય.

મે—સન ૧૮૭૧ ના—બુદ્ધિ પ્રકાશમાં—સંવત ૧૯૨૭–૨૮ ની સાલ સાથે મેળવી બતાવી ભડલી વાકયની કેટલીક સાખીઓ માટે નીચે મુજબ લખે છે.)

મારવાડમાં હુદડ જોશી ઘણો પંકાતો હતો. તેની દીકરીનું નામ ભડલી હતું. તે જોશીને દીકરો નહોતો. તેથી તેણે પોતાની વિદ્યા દીકરીને ભણાવી. પછી તે બાઇએ સર્વે લોકોને સમજાય તે સારૂ દેશી ભાષામા જોતિષની સાખીઓ રચી. તે સાખીઓ કોઇ કોઈ પાસેથી ઘણીવાર સાંભળવામાં આવેછે. જોતિષની ભવિષ્ય કહેવાતી વાતો ઉપર ભરોસો રખાતો નથી. પણ હવે થોડે થોડે તે વાતો બંધ પડી જશે. ત્યારે અહીંનો આ વખતનો ઇતિહાસ લખનારાને તે સાખીઓની જરૂર પડશે. કે આવી આવી વાતો ચાલતી હતી. એટલા સારૂ. ભડલી વાકયની થોડીક સાખીઓ આ નીચે દાખલ કરીએ છીએ—અને ને સંવત ૧૯૨૮ ની સાલ સાથે કે હરકોઈ સાલ સાથે મેળવી જોયાથી તેના સત્યા—સત્ય નિર્ણય જણાશે. કેમકે ૧૯૨૮ની સાલ સાધારણ અને મોંઘવારીમાં પસાર પામી હતી. (બીજા વરસો સાથે મેળવતા રહી સત્ય ગ્રહણ કરું.)

સાખી.

રેવે પાણી ખડભડે, મૃગશિર વાય સુવાય:
જેટલું આવે પુનરવસુ, એટલું અન્ન વેચાય.

અર્થ—જે વર્ષમાં ચૈત્ર શુદ પડવેમાં રેવતી નક્ષેત્રે ચંદ્ર હોય, તે વરસમાં પાણી ઘણું વરસે, અને વૈશાખ શુદ પડવેમાં ભરણી નક્ષેત્ર હોયતો ઘાસ—પુષ્કળ થાય, અને જેઠ શુદ પડવેમાં મૃગશીર હોયતો સારો પવન ચાલે, અને અશાડ શુદી પડવેમાં પુનરવસુ જેટલી ઘડી ચંદ્ર રહે, તો—એક રૂપિયાનું તેટલા શેર અનાજ તે વર્ષમાં વેચાય.

સાખી.

શનીં રવિને મંગળાં, જો પોઢે જદુરાય;
ચાક ચઢાવે મેદની, કરકાં બાંધે પાળ.

મતલબ કે અશાડ શુદ ૧૧ ને દહાડે શની, રવિને મંગળવાર હોયતો પૃથ્વી ઉપર ગભરાટ ઉપજે, અને ઢોરનો ઘાણ જાય.

સાખી.

અશાડા ઘર બીજડી, નોમે નીરખા જોય;
સોમ—સુક્રે સુરગુરૂ, જળ બંબારણ હોય.
રવિ તાતો બુધશીળો, મંગળ વૃષ્ટિ ન સોય;
કર્મ સંજોગે શની મળે, જીવે જવલો કોય.

સાખી.

કૃત્તિકા કરશે કરવરૂં, રોહણી કરે સગાળ;
કર્મ જોગ મૃગશર મળે, નિશ્ચે પડે દુકાળ.

મતલબ કે શ્રાવણ વદ ૮ ની મધરાતે કૃત્તિકા હોયતો વર્ષમાં

મોંઘવારી થાય. અને રોહણી હોયતો સુકાળ થાય. પણ જો મૃગશર આવેતો દુકાળ પડે.

સાખી.

શ્રાવણ શુકલા સપ્તમી, સ્વાંતિ ઉગે સૂર:
ડુંગર કોરી ઘર કરો, પાદર વહેશે પૂર.

શ્રાવણ શુદ સાતમે સૂર્ય ઉગતી વેળાએ શ્વાંતિ નક્ષત્રે ચંદ્ર હોય તો—ભડલી કહેછે કે ડુંગર કોરીને તેમાં જઇ રહો—કેમકે એટલો વરસાદ થાશે કે ગામના પાદરમાં રેલનું પુર આવશે.

સાખી.

શ્રાવણ પહેલા પાંચ દીન, મેહ ન માંડે આળ:
પીયું પધારો માળવે, અમે જઇસું મોસાળ.

શ્રાવણના પહેલા પાંચ દહાડામાં લગારે વરસાદ ન થાય તો પછી તે સાલમાં વરસાદ થવાની આશા રાખવી નહિ. માટે ભડલી એ ડંક (રૂષિ) ને કહ્યું કે તમે માળવામાં પધારો. કેમકે માળવામાં દુકાળ પડતોજ નથી. એમ કહેવાયછે. (માળવામાં ઝાડી, ડુંગર ને આબો હવા વરસાદને અનુકુળ છે) સંવત ૧૯૫૮ (સન ૧૯૦૧) માં શ્રાવણ વદી ૧ થી ચોમાસુ ખરેખરૂં શરૂ થઈ વરસ વાળ્યું હતું.

સાખી.

પુરવ તાણે કાચબી, જો આથમતે સૂર:
ભડલી વાક્ય એમ ભણે. દૂધે જમાડું કુર,

મતલબ કે—ચોમાસામાં કોઈ દહાડે સૂર્ય આથમતી વખતે પૂર્વ દિશામાં મેઘ ધનુષ દેખાય તો ડાંગર પાકે તેટલો વરસાદ થાય. પણ આ બાબત પ્ર. પાંચમાં મેઘધનુષનું વર્ણન વાંચ્યાથી ખરી સત્યતા માલુમ પડશે.

સાખી.

જેઠ ગયો અશાડ ગયો, શ્રાવણીયાં તું જા;

ભાદરવે જગ રેલશે, છઠ્ઠે અનુરાધા.

મતલબ કે જેઠ, અશાડ ને શ્રાવણમાં મુદ્દલ વરસાદ ન થયો હોય, પણ ભાદરવા શુદ છઠ્ઠે—અનુરાધા નક્ષત્રે ચંદ્ર હોય તો ભાદરવામાં ઘણો વરસાદ થાય.

સાખી.

દીવાળીની પંચમી, જો હોય વજ્રે વાર:

ધન કણ રાખી સંઘરે, હું તુજ પુછું નાર.

માળવડે મરકી થશે, દક્ષિણમાં ઉત્પાત:

પુરવ વઘરે જાગશે, ખળ—ભળશે ગુજરાત.

દીવાળી પછીની કારતક શુદ પાંચમે રવી, મંગળ કે શનીવાર હોય તો. રૂપિયા ખરચીને દાણાનો સંગ્રહ કરો. કેમકે માળવામાં મરકી થાશે. દક્ષિણમાં ઉત્પાત વર્ત્તાશે. પૂર્વ તરફ લડાઇ જાગશે. ને ગુજરાતમાં નાસાનાસ થાશે.

સાખી.

સ્વાંતિ દીવા જો બળે, વિશાખા ખેલે ગાય;

રાણી જાયો રણ ચડે, પૃથ્વી પ્રલે થાય.

દીવાળીને દિવસ સ્વાંતી નક્ષત્રે ચંદ્ર હોય અને અનકુટને દિવસે વિશાખાએ ચંદ્ર હોય તો રાજાઓમાં લડાઇ ચાલે. અથવા મરકી આવવાથી માણસોનો પ્રલે થાય.

ઉપર મુજબ બુદ્ધિ પ્રકાશ જોતિશની સાખીઓનો સંવત ૧૯૨૭–૨૮ ની સાલ સાથે મેળવી બતાવી ભડલી વાકયની જોતિષની સાખીઓ ઉપર ભરોસો નહિ રાખવા પાશ્ચાત્ય કેળવણીને આધારે દો-

રાઈ જાઇ ભલામણુ કરે છે, પણ એ વાતને સંમત થવા—અમે લાંબી મુદ્દત સાખીઓ વગેરેનું અવલોકન કરતાં અમને પાછું હઠવું પડયું છે. અને આપણી ભડલીની તથા બીજી કેટલીક સાખીઓમાં મહાન જોગ તરીકે કેટલુંક હવા–પાણીનું નિર્માણ ભવિષ્ય આપણને મળતું જાય છે. માટે લાંબી મુદ્દત અવલોકન કર્યા વિના કોઇ બાબતની અવગણુના કરવી ન જોઈએ.

હવે ઉપરની સાખીઓ માટે લાંબી મુદ્દત અવલોકન કર્યા વિના બુદ્ધિ પ્રકાશ શંકાશીળ બતાવે છે; તોપણ વિષયની પુષ્ટી માટે કેટલીક સાખીઓ વર્ષ ભાવ અને ચોમાસા માટે ઉપયોગી હોવાથી નીચે સંશોધન તરીકે દાખલ કરી છે.

સાખી.

ચૈત્ર ઓહોળી પંચમી, વરખા કાં વીજ;
સાતમે શ્રાવણુ હરે, નોમે ભાદરબીજ.
પુનમ દીન પણગા પડે, કોરા ચારે માસ;
ભડલી હું તુજને કહું, જીવ્યાની શી આશ.

મતલબ—ચૈત્ર માસ નિર્મળ જોઇએ; છતાં ઉપર પ્રમાણે હવા પાણી બગડે તો તેનું ફળ લખ્યા પ્રમાણે ઘણે ભાગે થાય છે.

સાખી.

તીથિ વધે તો ત્રણુ વધે, નક્ષત્રે બહુ ધાન;
યોગ વધે તો રોગ બહુ, ચૈતર પેલે દિન એ માન.

ચૈત્ર શુદ પડવેને દિવસ તીથિની ઘરી વધે તો ખડની નિપજ બોહોળી. અને નક્ષત્રની ઘડી વધે તો અનાજની નિપજ વધારે થાય. પણ જો યોગની ઘડી વધે તો રોગની ઉત્પત્તિ વધી પડે છે, માટે પાછલા વર્ષોના પંચાંગ મેળવી જોવાથી તેની સત્યા–સત્યપણું જણાશે

સાખી.

અખા રોહણ ન આવીયાં, કાર્ત્તિક મુળ ન હોય;
શ્રવણ ન બાંધે રાખડી, મહિ ડોલંતાં જોય.

અખાત્રીજને દિવસે રોહણી અને કાર્ત્તિકી પાંચમે મુળ નહોય, અને શ્રાવણ શુદ પુનમે શ્રવણ ન હોય તો પૃથ્વીપરના લોકો દુઃખી થાય એવું વરસ થાય.

સાખી.

જેઠ માસની પડવલી, વાર શનીશ્ચર હોય;
મેઘ ન વરસે પ્રજા મરે, છત્ર ભંગ કરે સોય.

સાખી.

જેઠ ઉતરતા દો દાડલા, જો વરસે ભડ;
નહિ નદીમાં પાણી, અને નહિ સીમમાં ખડ.

સાખી.

જેઠી બીજે ગરજીયો, જો અજવાળી પખ;
ગભ ગળ્યા સહુ પાછલા, જોશી આળ ન ભખ;

મતલબ—જેઠી બીજનો જોગ ઘણે ભાગે નિર્માણ જોગ છે. કેમકે તે સંવત ૧૯૪૫, ૫૬ ને ૬૧ માં પણ ગાજી હતી.

સાખી.

બડલી કાં તું ડડલી, જેઠે વંઠયાં મૂળ;
જો વરસે શ્રવણ પંચકાં, તો થાળ ભરાવું કુર.

જેઠ માસમાં દનીયાં નક્ષત્રમાં જો મૂળ બગડે તો વરસ વણસે. પણ જો ઉપર શ્રવણ પંચકાના છાંટા પડે તો વરસાદ પાછો થવાનો સંભવ થયો. ને ખળાં થઇ ચુકયાં ગણવાં. પણ ખરૂં જોઇએ તો, શ્રવણ પંચકાં–ચોમાસાની શરૂઆતની હવા કેવી છે. તે સુચવે છે.

શ્રવણ પંચકા માટે દંત કથા ચાલે છે કે, જૈન ધર્મના ઉત્પાદક ગૌત્તમ રૂષિને તેમના શિષ્યે સવાલ પુછયો હતો, કે ચતુરમાસના દિવસ કયાં ગાળવા? ત્યારે ગુરૂએ કહ્યું-કે જ્યાં શ્રવણ પંચકાના વરસાદના છાંટા થાય, ત્યાં રહેવું. **ભાવાર્થ**-ગૌત્તમ રૂષિની ચોમાસાની અગમ-ચેતીઓ બહુ લક્ષમાં લેવા જોગ છે. જૈન પુસ્તક ભંડારમાં ચોમાસાની રૂતુ માટે ઘણાં ઉપયોગી પુસ્તક હોવાં જોઇએ.

સાખી.

કર્કે ભીંજે કાંકરી, સિંહે ભીંજે રાશ;
ભડલી તો એમ ભણે, દહાડા વરસે સાઠ.

અર્થ—કર્ક રાશી કે સિંહરાશીના સૂર્ય દહાડે ચોમાસામા થાય. તે દહાડે કાંકરા કે રાશ ભીનાં થાય તેટલો વરસાદ થાય તો સાઠ દહાડાનું ચોમાસુ મંડાય. પણ ખરૂં જોઈએ તો તે રાશીઓ બેસતાં ચોમાસાની હવા કેવી બળવાન છે ને આથી માલુમ પડે છે.

સાખી.

મંગળ નોમી આન પડે, ઉગત ન દેખત ભાણ;
તીન માસ ને તેર દીન, મે વરસત નિર્વાણ.

અર્થ—અશાડ શુદ નોમ મંગળવારી આવી પડે અને સવારમાં સુર્ય—ઉદય પામતાં ન દેખાય, પણ વાચ્છી વાદળામાં ઉગે તો ૧૦૩ દિવસનું ચોમાસું મંડાય. ખરૂં જોઇએ તો અશાડ માસમાં ચોમાસું કેવું બળ ધરાવે છે. તે સૂર્ય ને વાછી વાદળના ચિન્હથી ખબર પડે છે.

ટીપ:—ભડલીની દંતકથા ને તેની સાખીઓનું તત્વઃ—ભડ-લીના પીતા હુદડ જોશીનો નિવાસ મારવાડ (જોધપુર) માં હતો.

તેનું મોસાળ ગુજરાતમાં હતું, ડંકરૂષિ વેરે ભડલીનું સગપણ થયું કહેવાય છે. કેમકે ડંકરૂષિ જોતિષમાં કુશળ જણાય છે. કેમકે ભડલીના ઉત્તરમાં તેમણે સાખીયો કહી છે.

પણ ભડલીના ચરિત્રના સંબંધમાં રાજકોટ વૉટસન મ્યુઝયુમના મરહુમ કયુરેટર શ્રીયુત આચાર્ય વલભજી હરિદત્ત નીચે મુજબ ખરી હકીકત પુરી પાડે છે.

ભડલી કાંઇ હુદડ જોશીની દીકરી નહોતી પણ "હુદડ" એ નામ માત્ર તેનું હુલામણાનું હતું. મારવાડમાં સહદેવ નામના જોશી હતા. તેની અટક ભડલી હતી. એટલે તે સહદેવ ભડલી કહેવાતા. હુદડ તેનું ઉપનામ હતું. તેમણે પ્રાકૃત ભાષામાં વરસાદના વર્તારાની વાત લોકો સમજે માટે હડુલા નામની કવિતા કરી છે. એ કવિતા મુળ મારવાડી ભાષામાંજ હતી. અને તે પછી આપણા દેશમાં આવવાથી ભાષા પરદેશી હોવાથી ગુજરાતી જેવી લોકોએ કરી નાંખી છે, મુળ મારવાડી ભાષાનું પુસ્તક જુનાગઢની મુચુકુંદની જગ્યાના મહંત સ્વામી પૂર્ણપ્રભારતી પાસે જોએલ હતું. ને ઉપલી દંતકથા તેમની પાસેથીજ સાંભળી હતી."

અમને હુદડ જોશીના સંબંધમાં પાછળથી મળેલી હકીકત ભરોસાદાર લાગે છે. વળી હુદડ (ભડલી)ના ગુરૂ કે પીતા ડંકરૂષિ જણાય છે અને ભડલી તથા ડંકરૂષિ વચ્ચે સંવાદ ચાલ્યો છે.. તે સાખી ૭, ૧૮, ૧૯ ૨૦થી સાબીત થાય છે.

ભડલીની જોતીષની સાખીઓ માટેબુદ્ધિપ્રકાશે શંકાશીલ ટીકા કરી છે ખરી, પણ આખા દેશમાં ગૌતમ સહદેવ તથા ડંકરૂષીની ભવિષ્ય વાણીના હડુલા (સાખીઓ) એકે અવાજે દેશમાં બોલાય છે, ને વંચાય છે ને કાંઇક આધાર પંચાગવાળા પણ લે છે તો જ્યારે

આટલી બધી જાહોજલાલી તે હડુલાની ગણાય છે. વળી દેશમાં જોતિષને નામે તેમની કીર્તી પંકાય છે. ત્યારે તે સાખીઓનું ભવિષ્ય ખોટું છે એમ કહેવું એ શોધક બુદ્ધિને લાંછનરૂપ છે. પણ ભડલી (સહદેવ) ની ઘણી સાખીયો–ગરભ, વાયુ, ગરમી અને સૌર વર્ષને મળતી વગેરે માપને માટે ખરેખરી સત્યતા બતાવે છે ને એ સત્યતા ચોમાસાના વર્તારાનું કેટલુંક રહસ્ય બતાવે છે. જેથી એવી સત્યતાવાળી સાખીઓ ૪, ૫ પ્રકરણમાં મેં ભુતળ ખગોળથી સિદ્ધ કરી બતાવી છે. જેથી એ સાખીઓનો ઇતિહાસ આ ગ્રંથમાં ચોમાસાના વર્તારાના શોધ માટે પ્રાચીન વિદ્યાનું અભિમાન બતાવવા સાથ ચોમાસાની રૂતુ વગેરે આપણા પ્રાચીન રૂષીઓ અને જોશીઓ કેટલા ઉંડા ઉતર્યા છે તે મારા લાંબી મુદતના અવલોકનથી સંશોધન સાથે ઘણે ભાગે સિદ્ધ થયું છે. ને એ શોધ સરકારી વાયુશાસ્ત્રીએ અને ચોમાસાની રૂતુનું ભવિષ્ય અગાઉથી જાણવાની જીજ્ઞાસાવાળાને મોટો આધારભુત ગણી વારંવાર વિલોકવા ભલામણ કરૂં છું.

જોતિષની ઉજવળ બાજુ. (સત્યતાનાં પ્રમાણ).

(હવામાં ફેરફાર કરનારી ભુતળ–ખગોળની નિશાનીઓ).

૧—સૂર્ય ચંદ્ર હમેશાં ઉદય–અસ્ત થાય છે. જેથી હવામાં નિરંતર ફેરફાર થતો આપણે જોઇએ છીએ.

૨—સૂર્ય ચંદ્રના આકર્ષણથી સમુદ્રના પાણીમાં ભરતીઓટ (જુવાળ) થાય છે. જો ગ્રહોમાં ગતિ કે આકર્ષણ બળની શક્તિ ન હોત તો ઉપર પ્રમાણે થાત નહી.

૩—પૃથ્વી હમેશાં ૨૪ કલાકમાં પોતાની ધરી ઉપર પશ્ચિમથી પૂર્વમાં ફરે છે. જેથી રાત્રી–દિવસ થાય છે. અને પૃથ્વી ૩૬૫ા દહાડામાં

સૂર્યની આસપાસ ફરે છે. જેથી ૠતુઓના ફેરફાર સાથે ચોમાસાની ૠતુ માટે અગત્યના મોટા ફેરફાર થાય છે.

૪—સુર્યના ઉદય–અસ્તની ગતિ સામું જેમ સુરજફુલ–પ્રકાશ કરી ઉઘડતું માલુમ પડે છે. તેમજ તમામ વનસ્પતિ ઉપર સૂર્યની ગરમી અને હવાની અસર થાય છે. અને વનસ્પતિ વગેરેની અસર ભુતળ સાથે સંબંધ ધરાવે છે તો એ અસરો વર્ષાૠતુને પણ લાગુ પડે છે.

૫—સૂય વિકાસી કમળ દિવસેજ ઉઘડે છે. અને ચંદ્રવિકાસી કમળ રાત્રીએજ ઉઘડે છે.

૬—નદી કાંઠે કાસડાનાં ફુલ જે રાતે અગસ્તનો તારો ઉગે તે રાત્રેજ ઘણું કરી ઉઘડે છે. તો આવી રીતે હવાનો નિયમો નિયમિત વખતેજ અસર કરતા માલુમ પડે છે. ત્યારે આકાશમાં રહેલા ગ્રહો તથા નક્ષત્રોની અસર પૃથ્વી ઉપર કેમ ન થાય ? કેમકે સૂર્ય–ચંદ્રની પેઠે બીજા ગ્રહો વગેરે તારા આકાશમાં ગતિમાન છે. અને જ્યારે ગતિમાન છે ત્યારે ગ્રહોનો રાજા જે સૂર્ય—તે વર્ષાૠતુ માટે જેમ આગેવાન છે. તેમ બીજા ગ્રહો–નક્ષત્રો વગેરેની અસર દુનિયા માથે થાય છે. ફળાદેશની વિદ્યા ખોટી માનનારા કહે છે કે ગ્રહો—જડત્વ છે. તે માણસ ઉપર કાંઇ અસર કરતા નથી. તેમને બેધડક કહેવાને ઉપલા કારણોના પુરાવા સાથ સાબીતિઓ મળે છે કે ગ્રહો વગેરેથી હવામાં અસર થયા કરે છે. અને હવાની અસર સમસ્ત માણુસ અને વનસ્પતિ વગેરે ઉપર થાય છે. અને વનસ્પતિ માણસ–પશુનો મોટો ખોરાક છે. જેથી ખોરાક દ્વારા પણ અસર બધામાં થાય છે. તેમ બારોબાર પણ હવાની અસર સમસ્ત પ્રજા ઉપર થાય છે. જેથી સમસ્ત દુનિયામાં હવામાં ફેરફાર ગ્રહો વગેરેથી થાય છે. એ વાત સિદ્ધ છે

૭–ગ્રહોના ઉદય–અસ્ત અને વક્રથી હવામાં ફેરફાર થાય છે, એટલે બુધ, ગુરૂ, શુક્ર શની વગેરે ગ્રહોની ગતિ ચોમાસાની વર્ષાઋતુમાં થોડે કે ઘણે અંશે પણ ફેરફાર કરનાર ગણાય છે.

૮—રાશી અને નક્ષત્રની ગતિનો સંબંધ સૂર્ય–ચંદ્ર અને ગ્રહોની ગતિ સાથે નિકટ જણાય છે જે ઉપરથી ઋતુઓના વખત અને હવાના ફેરફારોની ગતિયો ઉંડા ઉતરી જોયાથી માલમ પડે છે. અને તેથી સમુદ્ર અને પૃથ્વી ઉપરના હવાના ફેરફારોના આધાર સમજાય છે.

૯—ગ્રહણ યોગથી હવામાં ફેરફાર થાય છે. જેથી ગ્રહણની આગળ પાછળ હવાના ફેરફાર સાથે–વાદળાં કે વૃષ્ટિ થાય છે. આને આપણા લોક ગ્રહણ ધોયું કહે છે. ગ્રહણ યોગની હવામાં કુદરતી ફેરફાર થાય છે. તેને માટે યૂરોપખંડમાં સૂર્યનું ખગ્રાસ ગ્રહણ આગળ ઉપર થયું હતું. ત્યારે કહે છે કે–દેશમાં એટલી બધી હવા બગડી કે લાખો માણસો કોગળીઉં ચાલ્યાથી મરણ પામ્યાં હતાં. એમ અર્વાચીન વિદ્યાના લેખકો પુરવાર કરે છે.

૧૦—ઉપર મુજબ પ્રાચીન જોતિષ વિદ્યાના અગત્યના ફેરફારો અર્વાચીન ભુતળ વિદ્યા વગેરે સાથે નિકટ સંબંધ ધરાવે છે. જેથી આપણી પ્રાચીન વિદ્યાનું વર્ષાઋતુની આગમચેતીઓ માટેનું ઓબઝરવેશન (વર્ત્તારા) પ્રકરણ ૪ તથા ૫ મામાં પુષ્કળ દાખલા દલીલથી બતાવવા સંશોધનથી પ્રયત્ન કર્યો છે. તે માટે સૌએ આપણી પ્રાચીન હવાપાણીની વિદ્યા માટે મગરૂરી માનવી.

ચોમાસાની ૠતુ માટે જોતિષનાં વર્ષફળ કેટલાકવાર ખોટાં પડવાનાં કારણ.

આપણી જોતિષવિદ્યા પ્રાચીન છે. જો કે બીજી વિદ્યાઓના શોધની પેઠે–આ વિદ્યાના મુળ શોધનું માન આપણા દેશના વિદ્વા-

નોને સર્વ દેશના પુરણવેત્તાઓ આપે છે. અને આપણું જોતિષ ચોમાસાની ૠતુ માટે કેટલીક ઉપયોગી અગમચેતી આપે છે. પણ આજથી હજારો વર્ષ પહેલાં ગ્રહોની ગતિયોનું ચોમાસા માટે જે દીગદર્શન દેખાએલું હશે (નિર્માણ કરેલું હશે) તેને અનુસરી કેટલાક જોગોનો નિર્ણય બંધાએલો છે, જેથી વર્ષાૠતુનો ચક્રવર્તિ રાજા જે સૂર્ય—તે આજથી પાંચ હજાર વર્ષ પહેલાં ઉત્તરાયણ અને દક્ષિણાયન ૨૪ ઔંશ ક્રાંતિવૃત્ત સુધી જતો, હાલ તે ૨૩ ઔંશ ૨૭ કળા જાય છે. અને ૩૩ કળા અયનબિંદુ (કર્ક ને મકરવૃત્તથી પાછું ખસેલ છે.) ઘટેલ છે. અને ક્રાંતિવૃત્તનું છેદનબિંદુ દર વર્ષે એક કળા અગાડી થતું જાય છે, એ હિસાબે શાલીવાહન શાકે ૪૪૪ થી આજ સુધીમાં ખરા સ્થળથી ૨૨ ઔંસ અને ૫૩ કળાપર છેદનબિંદુ ગએલ છે. એમ ગ્રહલાઘવ—દેશીજોતિષ પુરાવો આપે છે. અને અંગ્રેજ જોતિષ શાસ્ત્રીઓ ઇ. સ. ૪૯૬ થી કળા ઘટવાનું કહે છે. પણ તે દર વર્સે એક કળા ઘટવાનું ન કહેતાં ૫૧ વિકળા (૬૦ વિકળાની ૧ કળાને ૬૦ કળાનો એક ઔંસ અને એક ઔંસ—૬૦ મૈલ અંતર થાય છે) અગાડી છેદન કરવાનું કહે છે. સૂર્ય સિદ્ધાંતવાળા દર વર્ષે ૫૩ વિકળાનો તફાવત પાડે છે તેથી સંક્રાતિઓ બેસવાના વખતમાં પણ તફાવત પડી જાય છે જેથી ૠતુઓમાં દર વર્ષે ફેર પડતો જાય છે.

વળી ચંદ્ર અને સૌર વર્ષની ગતિના ફેરફારને લીધે કેટલાક જોગ જોવામાં તફાવત પડે છે. એટલુંજ નહિ પણ અગાઉની હજારો વર્ષ પહેલાંની ગણુતરીનાં વર્ષફળ ચાલતી હવા સાથે નિર્ણયમાં ઉતારી ચોમાસાની ૠતુ વગેરેની અગમચેતીઓ બાંધવી એને લીધે કેટલોક તફાવત પડે છે. માટે પ્રાચીન વિદ્યાના જોગોનું અર્વાચીન વિદ્યા

સાથે દર વરસે ચોમાસાની રૂતુ પહેલાં ગરમી, ગભ, વાયુનું દર્શનીક અવલોકન કરવું જોઇએ, તોજ ખરાં સિદ્ધાંતો જોતિષની કુખે જન્મવા માંડશે.

જોતિષ શાસ્ત્રમાં સંગીન સુધારાની જરૂર છે.

આપણી પ્રાચીન જોતિષ શાસ્ત્રની અમૂલ્ય ગણિત વિદ્યા સાથે ચોમાસાના જોગની વિદ્યા દહાડે દહાડે ઘસાતી જાય છે. કારણ જોતિષ–એટલે ખરૂં નામ "જોતક" કહીએ તો ચાલે. કેમકે એ વિદ્યા એવી ઉંડી છે કે–જો તર્ક–તર્ક, દર્શનીક રીતે જોવાતી હોય તોજ ફળ શ્રેણી પ્રાપ્ત થાય છે. માટે દરેક જોગ નજરે જોવાની અમે ભલામણ કરીએ છીએ. એટલુંજ નહિ. પણ દેશમાં ઠારેઠાર જોતિશ શાસ્ત્રીઓએ સભાઓ સ્થાપન કરી, ક્ષેપક અને વહેમ વર્ધીક ફળાદેશની બાબતો નક્કી કરી–સત્ય સિદ્ધાંતો મુકરર કરવાં જોઇએ, જુઓ. આજથી ૩૦૦ વર્ષ પહેલાં જયપુરના માહારાજા સવાઇ જયસિંહે—જયપુર અને કાશીમાં વેધશાળાઓ સ્થાપી. દેશી જોતિશ વિદ્યાને ઉતેજન આપ્યું હતું. અને કાન્તિવૃત્તના છેદનબીંદુ માટે ૨૩ અંશ અને ૩૨ કળાનો શોધ તેમણેજ નક્કી કરાવ્યો હતો. હાલમાં શાણી સરકારે વેધ શાળાઓ સ્થાપન કીધી છે. માટે શાણી સરકાર અને દેશી રાજકર્ત્તાઓ તરફથી દેશી વિદ્યાના અમૂલ્ય રહસ્યને ઉત્તેજન આપવું જોઇએ. કેમકે આ વિદ્યા ઇશ્વરી કુદરતનો મોટો ચમત્કાર બતાવે છે. તેમાં જાણવા જોવાનું ઘણું રહેલું છે. (આપણી જોતિષ વિદ્યાનો ઉદ્ધાર થવા શ્રીમંત નામદાર ગાયકવાડ સરકાર અને શ્રીમંત કોલ્હાપુરના માહારાજાએ મુંબઇમાં સભા સ્થાપન કરાવી સંશોધન ચાલતું કર્યું છે. અને એ સભાના ઉત્પાદક ધર્મ ભક્તવત્સળ, દ્વારકા શારદા પીઠના સ્વામી શ્રીયુત—માધવતીર્થ

શંકરસ્વામી અગ્રેસર ભાગ બજાવે છે. ને તે માટે લગભગ એક લાખ રૂપિયાનું એકઠું ભંડોળ થએલું છે. આથી અમારી સુચના ઉપાડી લીધેલી જોઇ અમને મોટો હર્ષ થાય છે.)

प्रकरण चोथुं.

ચોમાસાના જોગો જોવાની રીતોનું પ્રાચીન રહસ્ય.

(વાર્ષીકે-લોક રૂઢીઓ અને મેઘમાળાના સંજોગો સાથે. શિયાળાના ગર્ભ જોવાની લોક રૂઢીઓ.)

કાર્ત્તકી પુનમ—અને કાતિહડાનો જોગઃ—કારતક શુદ પુનમની રાત્રે ચંદ્રમા ઉગતાંથી-તે આથમતાં સુધી જોવો. જો કૃતિકા નક્ષત્રથી ચંદ્રમા-(વેપારી) આગળ કે ઉત્તરમાં હોય તો વેપારી તથા ખેડુતને લાભ. પાછળ હોય તો સમધારણ. અને ચંદ્ર તથા કૃતિકા નક્ષત્ર સાથે હોય તો આવતું વર્ષ કરવરૂં થાય. મતલબ કે, નક્ષત્ર એ ચંદ્રની સ્ત્રી અને તેના તારા છોકરાં રૂપ ગણાય છે. જેથી ચંદ્ર સાથે હોય તો કાખમાં છોકરાં તેડી પરદેશ જવું ગણાય. એટલે વરસ દુર્ભીક્ષ હોય તોજ પરદેશ જવું પડે. (નરી આંખે ન દેખાય તો કાચમાંથી કે ઝીણું લૂગડું આડું રાખી જોવાથી જણાશે.)

આ જોગ ચંદ્ર તથા નક્ષત્રની ગતિ ઉપરથી આવતા વર્ષની હવા કેવી આવશે તે આપણા પ્રાચીન વિદ્વાનોની મુકરર કરેલ મહત્તા બતાવે છે. પણ ચાંદ્ર વર્ષના ગતિને લીધે-એ આધારમાં ઘણી વાર નિરાશ કરનારી ગતિઓ માલૂમ પડી છે. તો પણ અવલોકન કરવાની મજબુત ભલામણ કરૂંછું.

સુકાળ-દુકાળની ઉનાળુ પુનમની કરણીઃ—આપણા ઘરડા

વૃદ્ધ અનુભવીઓ કહે છે કે:—કાળનો જન્મ ફાગણ શુદ ૧૫ થાય છે. એટલે જો ફાગણ શુદ પુનમનો ઉગતો ચંદ્ર અસ્ત પામતાં સૂર્યને દેખે, એટલે ડાંસે તો કાળનો જન્મ થાય છે વળી જો ચૈત્રી પુનમે ફરી ડાંસે તો કાળનો ગર્ભ બંધાય છે. અને ચૈત્રી પુનમે ન ડાંસે તો કાળ મરે છે. કદાચ વૈશાખી પુનમે ફરી ડાંસે તો કાળ પ્રવર્ત્તે છે. અને જેઠી પુનમે ડાંસે તો ઘોમ દુકાળ પડે. પણ જો ચોથી પુનમે મરે તો ઘણું પાછતરજ થાય. વૈશાખી પુનમે મરે તો વરસ ખાંડા બરડું થાય. ખરેખર સુર્ય-ચંદ્રની ગતિ-ઉપરથી ચોમાસાની હવા કેવી આવશે. તેના લોક રૂઢીના સંજોગમાં દેખાવ દેછે, તો આ ઉત્તમ જોગ છે. માટે અવલોકન કરવું.

હુતાશણીનો વાયુચક્ર જોવાની રીત:—ફાગણ શુદ પુનમની રાતે દરસાલ હુતાશણી પ્રગટતી વખત આપણા દેશના લોકો પવન જોવા જાય છે. માટે આ પવન જોવામાં ખરૂં સત્ય રહેલું હોવું જોઇએ. જેથી એ બાબત લાંબી મુદતના અનુભવે નીચેનું સત્યાસત્ય સિદ્ધ થયું છે.

અ—હુતાશણીને દહાડે આઠે દિશાનો પવન જોવાનો ભાવ લોકો નીચે પ્રમાણે કહે છે;—ઉત્તરનો વાયુ શિયાળો લાંબો ખરો, પણ વરસાદ પુષ્કળ થવાનું ચિન્હ બતાવે છે. પશ્ચિમ અને સૂર્યો વાય તોપણ વરસાદ માટે શુભ ચિન્હ જાણવું. નૈરૂત્યનો પવન સાધારણ વરસાદ થવાની નિશાની બતાવે છે. પણ તે કરકીઓ એટલે ઢોરને દુઃખકારક નિશાનીવાળો જણાય છે. મતલબ—ખડખોટ રહે. દક્ષિણ પવન વરસ આધું વીધું ને રોગની ઉત્પત્તિ સુચવે છે. અગ્નિ પવનથી થોડે થોડે અનાજ પાકે પણ અગ્નિનો ભય. પૂર્વનો વાયુ ખાંડાબરડું થવાનું ચિન્હ જાણવું. ઇશાની વાયુ વરસાદ થાય પણ ટાઢ થવાનું ચિન્હ સૂચવે છે વળી જો ચારે દિશાનો વાયુ વાય અથવા આકાશમાં ધુમરી મારતો ચઢે તો કાળ પડે. જેથી રાજા—પ્રજાને માથે ભાર. પવન

કઇ દિશાનો વાય છે તે હુતાશણીની જાળ કે ધુમાડા ઉપરથી માલૂમ પડે છે. આ પ્રમાણે જુના જમાનાના લોકો દર વર્ષે હુતાશણીનો પવન જોઇ, વરસનું ભવિષ્ય ભાખે છે, અથવા કોઈ બીજી રીતે પવનના ભાવ કહી પોતાના મનનું સમાધાન કરતા દેખાય છે. વળી આવી રીતે હુતાશણીનો પવન જોવાનો મહીમા ગામેગામ જોવામાં આવે છે. જેથી તે મહિમા ખોટો પણ હોવો ન જોઇએ. જો ખોટો નથી તો તેમાં પ્રાચીન વિદ્વાનોની વિદ્યાનું ખરૂં તત્વ પશ્ચિમની અર્વાચીન વિદ્યા (ભુતળ) ને અનુમોદન કરતું હોવું જોઇએ, તે લાંબી મુદ્દતના અવલોકનથી નીચે મુજબ ખરો પ્રકાશ નિકળે છે.

બ—હુતાશણી એ ઉનાળાની રૂતુ બેસવાનું મુખ છે. અને જ્યારે હુતાશણી ઉનાળાનું મુખ છે ત્યારે તો તે દહાડે ઘણે ભાગે ઉનાળુ પવન સૂર્યો, પશ્ચિમ કે નૈરૂત્યનો હોય તો ઉનાળો નિયમિત બેઠો ગણાય. અને ઉનાળો નિયમીત બેસે. તે ચોમાસાની રૂતુને લાભ કારક છે. કારણ ચોમાસા માટે સુર્યની ગરમીથી ગર્ભ ઉત્તમ અને નિયમીત હોય. તેનું પરિણામ ચોમાસાને લાભદાઈ છે, તોપણ હુતાશણીને દહાડે. શિયાળુ પવન વખતે વાતો હોય ત્યાં લગી રૂતુ નિયમીત ગણવી. કેમકે આપણામાં ઘરડાઓ કહે છે કે—ટાઢ હુતાશણી તાપીને જાય તો ઠીક. પણ ઉપરની દિશા સિવાયનો બીજો કોઇ વાયુ વાય તો તે ચોમાસા માટે અનિયમીત અને નબળુ ચિન્હ ગણાય. માટે આ જોગ–ભુતળજ્ઞાન સાથે ઉંડા ઉતરી જોવાથી દેશી રૂઢીઓમાં કેવા મહાન તત્વ ભેદમાં રહ્યાં છે. તેનો પ્રકાશ ઉપર મુજબ જણાય છે.

ક—હોળી સીંચી તેનાપર ધજા ચડાવે છે. તે ધજા પૂર્વ દીશા તરફ ઉડે તો વરસ સારૂં. ધજા ઉડી જાય તો વરસ મધ્યમ, અને હોળીમાં પડે તો નબળું ફળ લોકો માને છે.

ચૈત્ર માસની ગાડલી:—દર વર્ષે ચૈત્ર શુદ પાંચમને દહાડે ઉગતાથી તે આથમતાં સુધી જોવી. ગાડલી જોવાનો ચાલ ગુજરાત તથા કાઠીઆવાડમાં બહુ છે. અને ગાડલી જોનાર અનુભવીઓ—ગાડલી જોઇ, રૂના ભાવની કે આવતા વર્ષની કેટલીક ભવિષ્ય ભાખના કરે છે. તે વિષે અહીં અનુભવ અને અવલોકન મુજબ નીચે હકીકત દર્શાવી છે.

પાંચ તારાનું રોહણી નક્ષત્ર તે ગાડલી (ગાડાને આકારે) જાણવી. અને ચંદ્રમાં તે વેપારી કે વશીઅત કહેવાય છે, અને તે દહાડે કૃતિકા નક્ષત્ર (૭ તારાનું ઝુમખું) પણ આસપાસ આવેલું હોય છે. ગાડલીના ચાર તારાનો ભાગ ગાડાની બેઠક ગણવી. અને ઉપલો તારો ધોંસરે ગણવો. ધોંસરાના તારા અને ગાડા વચ્ચેના ભાગને ઉધ કહે છે. હવે, જે સાલમાં ગાડલી કરતાં ચંદ્રમા આગળ હોય તે સાલ સુગાળ તો ખરી, પણ વેપારીને લાભ. ધોંસરે કે ઉધે ચંદ્રમાં હોય તો વરસનું ગાડું હાંકનાર વેપારી ગણાય. એટલે તે સાલમાં રૂ, તથા અનાજનો સંવત્સર ભાવ વેપારી મનમાનતો લે, ને વરસ કરડ ભરડ થાય. વળી જો ગાડા વચ્ચે વેપારી બેઠો હોય તો ધોમ દુકાળ જાણવો. અને જો ગાડલીથી ઉત્તરમાં ચંદ્રમા હોય તો વેપારીને કમાણી નહિ, પણ વર્ષ સમધારણ થાય. પણ જો ચંદ્રમા ગાડલીની પછવાડે હોય તો જાણવું કે વેપારીના પગ પીઠમાં ભાંગ્યા. એટલે વરસ ઉત્તમ અને વેપારી કમાશે નહિ; વળી ચંદ્રમા અસ્ત પામતાં કૃતિકા નક્ષત્ર સાથે આથમે તો વરસ કરવરૂં થાય. પણ જો રોહણી (ગાડલી) પ્રથમ આથમે તો સુગાળ જાણવો. આમ ગાડલીનો મહિમા જુના જમાનાના અનુભવી લોકો દર વરસે જુએ છે. પણ એ મુજબ સંવત્સર ભાવનો આધાર ઘણે ભાગે રાખી શકાય નહિ, કારણ આ-

કાશના નક્ષત્ર અને ચંદ્રની ગતિ ત્રણ ચાર વર્ષ ઉપર મુજબ આ-વ્યા કરે છે. હવે ઉપર પ્રમાણે ગાડલીનો મહિમા છે. ત્યારે તેમાં કાંઇક ખરૂં રહસ્ય નીચે પ્રમાણે હોવું જોઇએ.

ખગોળ—આકાશના ગ્રહો, ચંદ્ર અને નક્ષત્રની ગતિ ઉપરથી આગળ ઉપર કેવી હવા આવશે. તેની સત્યતા ચૈત્ર શુદ પાંચમની ગાડલીને ચંદ્રમા આપે છે, પણ ચાંદ્ર વર્ષ ૩૫૪ દિવસનું અને સુર્ય વર્ષ ૩૬૫ા દિવસનું હોવાથી કેટલાક દિવસનો જે ફેર પડે છે. તે ત્રણ વર્ષે અધિક માસ ઉમેરી ચાંદ્ર વર્ષ અને સૌર વર્ષની ગતિને સરખાં કરવાં પડે છે. જેથી ઉપર મુજબ ચાંદ્ર વર્ષની ગતિનો દર વર્ષે ફેર પડતો જતો હોવાથી પ્રાચીન જોગના રહસ્યમાં તફાવત પ-ડતો જણાય છે. તોપણ આપણા પ્રાચીન અનુભવીઓએ પાંચમની ગાડલી અને ચંદ્રની ગતિ ઉપરથી દર વર્ષે કેવાં હવા પાણી આવ-શે. તે જોગની સિદ્ધતા માટે ઉપર મુજબ બહુ ઉંડા ઉતરેલા છે ખરા, પણ દર વર્ષે સંક્રાંતિઓ (નક્ષત્રો) બેસવાની ગતિમાં ચાંદ્ર વર્ષ સાથે બેસવાની ગતિમાં ફેર પડતો હોવાથી ઉપલા લોક રૂઢીના પ્રાચીન જોગમાં હાલની પ્રજાને દર્શનીક રીતે નિરાશ થવું પડે છે.

ચૈત્ર માસની ગાડલીનો મહિમા ગુજરાતમાં વધારે છે. જેથી નડીઆદના પ્રખ્યાત દેશાઇ અને જુનાગઢના મરહુમ દિવાન સાહેબ સરદાર બહાદુર શ્રીયુત બહેચરદાસ વિહારીદાસ ભાઇએ રાજકોટ મુકામે સન ૧૮૯૬ માં પોતાના બોહોળા અનુભવનો ઉપયોગ મને આકાશમાં નક્ષત્રોની ઓળખાણ કરવા ઉપરાંત ગરમી, ગર્ભ અને નક્ષત્રના સંબંધમાં મને કેટલીક ઉપયોગી ટીપ કરવાની તક આપી હતી. ઉપરાંત ગાડલીનો ઉદ્દેશ ને ગાડલીના પાંચ તારા ઉપરાંત એક છઠ્ઠો તારો ધોંસરા નીચેનો બાવી ગાડલીનો મહિમા દર્શનીક રીતે

સમજાવ્યો હતો. અને નીચેની સાખીની મને નોંધ લેવરાવતાં તે પ્રજા ઉપયોગી જાણી અહીં દાખલ કરેલ છે.

ચૈત્ર શુદ્ધ પાંચમની ગાડલી વિષે.

સાખીઓ.

નિરખનાર શું નીરખશે, ચૈત્ર નિર્મળ માસ;
૭ તારાની ગાડલી, સોમ કરે સંભાળ. ૧
આગળ ચંદો વણીક લાભ, પાછળ ચંદો દોદો સગાળ:
કૃતકા સાથે કરવરૂ કરે, રોહણીમાં બેઠો નિશ્ચે દુકાળ. ૨

ચૈત્ર માસનાં દનિયા (દિવસ) જોવાની રીતઃ—દરેક વરસમાં ચૈત્ર વદમાં મુળ નક્ષત્રથી રેવતી નક્ષત્રની તિથિ સુધી એટલે લગભગ ચૈત્ર વદ ૬ થી ૧૪ સુધીના નવ દિવસ જોવા. એટલે પહેલું દનિયું વાદળાં કે છાંટા થઇ બગડે તો આદ્રા બગડ્યું, પણ જો દિવસ તપે, અને બપોર પછી ફુલડાં એટલે વાદળાનાં નાનાં તલકાં થાય, તો તે દિવસ સુધર્યો ગણતાં આદ્રામાં વરસાદ થાય. એવી રીતે નવ દિવસ અને ચોમાસાનાં નવ નક્ષત્ર જુએ છે પણ એમ દિવસ સામે નક્ષત્રની અનુક્રમ ૠતુના આધાર ગણી આખા ચોમાસા સાથ મુકાબલો કરવો ઘણે ભાગે ખોટું નથી. કેમકે બધાં દનિયાં તપે ને ગર્ભ ધારણ કરે તો ચોમાસામાં વાદળાં વીંખરાય નહિ. એમ ચોમાસા માટે અફર ચિન્હ ગણાય છે. માટે આ દનિયાં જોવાની પ્રાચીન રૂઢીનો જોગ ખરેખર મધ્ય ઉનાળાની ૠતુનો ગર્ભ બંધાવા માટે પુરતો અને મહાન પુરાવો જાણવો. કારણ ચૈત્ર નિર્મળ તે ચોમાસા માટે વધામણી ગણાય. એ બાબત ચોથા પ્રકરણમાં સારી રીતે સમજાવવામાં આવી છે. વળી, ધારો કે દનિયાંની ગરમી નિર્મળ ન પડે અને વાદળાં તથા વરસાદ થઈ દનિયાં બગડે તો મધ્ય ઉનાળાનો ગર્ભ બગડયો

ગણવો. એ ચોમાસા માટે સાધારણ ચિન્હ ગણાય. માટે ચૈત્ર માસનાં દનિયાંના ઉત્તમપણા માટે જૈન ધર્મના ઉત્પાદક ગૌતમ રૂષિ કહે છે કેઃ—

સાખી.

ચૈત્ર માસકા દો દિન સારા, આઠમ ચૌદશ પક્ષ અંધારા;
ગાજવીજ કરે ચમકારા, તો અશાડ માસ કોરા નિરધારા. ૧
આઠમ ચૌદશ દો દીન સારા, ચૈત્ર માસકા પક્ષ અંધારા;
જો દિસે નિર્મળ તારા, તો મેઘ મંડાય મુળ અપારા. ૨

અર્થઃ—ચૈત્ર માસનાં દનિયાં જોવાં. પણ તેમાંય વદ ૮ અને ૧૪ એ બે ધોરી દનિયાં છે એટલે દનિયાંના બીજા દિવસ સાથે એ બે દિવસ સંકળાએલા છે. જો તે બે દિવસ ઉત્તમ તપે તો મધ્ય ઉનાળાનો ગર્ભ પાક્યો ગણવો. મતલબ કે મધ્ય ઉનાળાનો ગર્ભ નિર્મળ, નિયમીત અને જોરમાં હોય તો ચોમાસાની શરૂઆતમાં એટલે અશાડ માસમાં વરસાદનો પ્રવાહ જબરૂં રૂપ પકડે છે. પણ દનિયાંનો ગર્ભ નબળો પડવાથી અશાડમાં વરસાદનો પ્રવાહ નબળો થાય છે. માટે ચૈત્ર માસની નિર્મળ ગરમીનો ગર્ભ ચોમાસા માટે બળવાન ગણાય છે.

આ બાબત બહુ લક્ષ રાખી અવલોકન કરવા જેવી છે. આ વખતે સુર્ય (વિસુવવૃત પૃથ્વીના મધ્ય ભાગ) ની ઉત્તરમાં હિંદી મહાસાગરના મધ્ય ભાગે મેશ રાશિમાં પૂર જોશથી તપતો જણાયછે

અખાત્રીજના મહાન જોગો.—અ. ચોમાસાની રૂતુ માટે ગરમીનું ઉતમ માપ જોવાની રીતઃ—આપણા પ્રાચીન અનુભવી ઘરડાઓં અખાત્રીજની સાંજે સુર્ય ચંદ્ર (ક્ષિતિજમાં) આથમે તે ઉપરથી આવતા વરસના વરસાદ માટે ગરમીનું માપ કેટલું આવ્યું

તે અગમચેતી તરીકે જોતા જણાય છે. આ વાત આજ સુધી દેશી રૂઢીના જોગમાં ગુપ્ત રહી હતી. પણ ઇશ્વર કૃપાએ વીશ પચીશ વરસના મારા અવલોકન મુજબ ભુતળ, ખગોળ વિદ્યાના આધારે આ મહાન જોગ હિંદી મહાસાગરની ઉષ્ણુતા (ગર્ભ) માટે મોટા સાધન તરીકે ઉતમ માપ બતાવે છે. જે માપ ચોમાસાની ૠતુ માટે બીજા જોગો કરતાં ઘણે ભાગે આધારભુત સિદ્ધ થયો છે. જે નીચે સત્યતાથી માલુમ પડે છે.

અખાત્રીજની સાંજે બે ઘડી દીવસ રહે ત્યારે પોતાના અનુભવી મિત્ર સાથે સવા સવા હાથનાં ત્રણ રાડાં અથવા પ્રજાપત (કુંભાર)ને ત્યાંથી ત્રણ માટલીના કાંઠા (મોઢાવાળા ભાગના) લઇ પસંદ કરેલ (સુર્ય ચંદ્ર આથમે ત્યાં ઝાડ વગેરે આડાં ન આવે તેવા) મેદાન કે ખેતરમાં જવું. સાથે નાનું દીવાબત્તીનું ફાનસ કે અગ્નિ દેવતાનું છાણું આખું કાર સળગાવી લઇ જવું. પછી સૂર્ય આથમ્યા પહેલાં પૂર્વ—પશ્ચિમ ત્રણ ધુડની ઢગલીઓ. કાંઠાને ખોડવા કરવી. પ્રથમ પશ્ચિમની ડગલી ઉપર કાંઠાનું મોં સુર્ય અસ્ત પામવા તરફ રાખી ઉભો કરવો. પછી પૂર્વમાં બીજો કાંઠો દશ કદમની ઢગલીએ. અને ત્યાંથી ત્રીજો પૂર્વમાં વીશ કદમ (પગલાં) ભરી ત્રીજી ઢગલીએ ઉભો કરવો. (કેટલાક ત્રણે કાંઠા કે ત્રણે કાંઠાની એક સરતમાં અથમાવવો. એવી રીતે કે પૂર્વના કાંઠા પાસે ધુંટણભર થઇ (નમાજ પઢે તેવી રીતે માથું નીચું નમાવી) ત્રણે કાંઠાના બાંકાની સીધી લીટીમાં સૂર્યને અથમાવવો. પછી ચંદ્ર આથમે ત્યાં સૂધી જ્ઞાન ચર્ચા કરવી. (ગેરસમજભરી ડાહ્વાવાળી ઉચારવી નહિ.) પછી ચંદ્ર ક્ષિતિજમાં પોતાને ઘરે આથમવા જાય, ત્યારે પશ્ચિમના પહેલા કાંઠા પાસે ફાનસ પાસે રાખવું. કારણ અંધારાને લીધે ચંદ્રની ક્ષિતિજ (ઘર)

જાણવા માટે કાનસનો પ્રકાશ મદદગાર થાય છે. પછી જો ચંદ્ર, સૂર્ય કરતાં ઉતરમાં અસ્ત પામે તેમ હોયતો પૂર્વના પહેલા કાંઠાની સિધિ લાઇનમાં દક્ષિણ તરફ કાંઠાને સાથે લઇ જઇ, પશ્ચિમના પહેલા કાંઠાના બારામાં ચંદ્ર અસ્ત પામે તેવી રીતનું નિશાન કરવું. અને પૂર્વના કાંઠાની ઢગલીથી દક્ષિણના મુકરર કરેલ નવા સ્થળ સુધી કદમ ભરવાં ને કુલ કદમમાંથી અરધું ફેરનું બાદ કરવું આવી રીતે પારૈયાં ભરેછે. તેમજ બીજી રીત એવી છે કે —પશ્ચિમના કાંઠાથી ઉત્તરમાં ચંદ્ર અસ્ત પામે ત્યાં કાનસ કે દેવતા રાખવો ને પુર્વના પહેલા કાંઠાથી તે ચંદ્ર કે કાનસ એક લાઇનમાં થાય એટલે પશ્ચિમના પહેલા કાંઠાથી કાનસ સુધી ઉત્તરમાં કદમ ભરવાં. બેઉ રીતમાં વચલો કાંઠો ઉપાડવાની જરૂર નથી. તેમ તેનો ચંદ્ર અસ્ત પામે ત્યારે ખપ પણ નથી. એટલે જેટલાં [1]કદમ થાય. તેટલા તોલા (દશ શેરનો એક તોલા લેખે) અનાજનો ભાવ તે સાલમાં થાય. એમ કેટલાક ઘરડા લોકો કહે છે. વળી કેટલાક તે ઉપરથી વરસાદની ગણતરી કાઢે છે. પણ અમારા ૩૫ વર્ષના અવલોકન મુજબ અનાજના સંવત્સરની ગણતરી ઉપર મુજબ મળતી આવતી નથી. પરંતુ કદમના પ્રમાણમાં ગરમી અને વરસાદના ઉત્તમ માપનું પરિણામ સિદ્ધ થાય છે. તે માટે પ્રાચીન ઋષિઓ નીચે પ્રમાણે સાક્ષી પુરે છે.

સાખી.

અખાત્રીજની સાંઝ સમે, જો ચંદા ઓર ભાણ;
તો જાણો જે સાચ સત, કરી દેખો પ્રમાણ;

૧—ત્રણે કાંઠાં દશ દશ કદમ રાખવાનો કેટલેક ઠેકાણે ચાલ છે. પણ તેથી કદમ દોઢાં ઓછાં આવેછે.

ડાબો ચદ્દો વિત હરે, જમણો અતી સુગાળ;
સમા સમો જો સંચરે, તો પડે ઓચિંતો દુકાળ;
હાથ વેંત ગજ હોય ડંડા, તો પૃથ્વી ચોટે નવજ ખંડા;
રથે રથ ઘસાતો જાય, સુપડ ખુણામાં પૈશા ન માય.

અર્થઃ—સુરજથી ચંદ્ર દક્ષિણમાં અસ્ત પામે તો કાળનો ભય. જમણી તરફ અસ્ત પામેતો વરસ સુગાળ જાણવું. એકજ સ્થળે ઉપરાઉપરી અસ્ત પામેતો ઓચિંતો દુકાળ પડવાની ધાસ્તી રહે. પણ જો હાથ, વંત કે ગજ ઉત્તરમાં ચંદ્ર અસ્ત પામેતો નવેખંડ નિપજે. પણ સુયને પડખે ઘસાતો ચંદ ઉત્તરમાં અસ્ત પામેતો વરસમાં મોંઘવારી થવાથી વેપારીઓ પૈશા કમાય.

હવે ઉપરના જોગની સિદ્ધતા માટે ભુતળ, ખગોળ – વિદ્યાના આધાર ઉપર ઉંડા ઉતરીએતો જણાય છે કે—આપણા દેશમાં વરસાદની વરાળ પુરી પાડનાર સુરજની ગરમી મુખ્ય સ્થળ હિંદી મહાસાગર છે. એટલે અખાત્રીજનો દિવસ—એ મધ્ય ઉનાળાની રૂતુ છે. અને એ વખતે સૂરજ હિંદીમહાસાગર તરફ માપ સાથે નમતો હોયતો સુર્યનાં કિરણ ઉભાં પડવાથી ત્યાં ઘણી વરાળ થાય. જેથી હિંદીમહાસાગર તરફ સુર્યની ગરમી કેવી છે તે અખાત્રીજનો જોગ મોટો આધારભુત પુરાવો આપે છે. અને ચોમાસાની રૂતુ માટે આ દિવસ એક મોરી અગમચેતી અને વધામણી આપતો ગણવો. કેમ કે ચંદ્ર કરતાં સુર્ય ઉત્તરમાં અસ્ત પામેતો ઉત્તર તરફ રણ વગેરે મૂલકમાં ગરમીનું માપ વધી જાય. અને હિંદી માહાસાગર તરફ ત્રાંસાં કિરણ પડવાથી–ગરમીનું માપ ઘટી જાતાં ચોમાસા માટે વરાળ ઓછી થાય. એ જોગ ચોમાસાની રૂતુને માટે નબળાઇ બતાવનારો ગણાય. માટે ચંદ્ર ઉત્તરમાં અને સુર્ય દક્ષિણ તરફ અખાત્રીજને દહાડે નમતો હોયતો સારૂ. વળી

આ *માપ સુર્યનું દક્ષિણ તરફ કેટલું નમતું જોઇએ—તેને માટે નીચે મુજબ સાલ વાર આંકડા જણાવ્યા છે. જેથી કાંઇક આધાર બંધાય છે.

સંવત–૧૯૩૫–(સન ૧૮૭૮)માં—પાા કદમ
સંવત–૧૯૫૦–(સન ૧૮૯૩)માં—૪ કદમ
સંવત–૧૯૫૧–(સન ૧૮૯૪)માં—૬ કદમ
સંવત–૧૯૫૨–(સન ૧૮૯૫)માં—૭ કદમ
સંવત–૧૯૫૬–(સન ૧૮૯૯)માં—રા કદમ

મતલબ કે ૭૮, ૯૩ ૯૪ માં ઉપર બતાવેલી ગરમીના માપ મુજબ લગભગ સરેરાસ વરસાદ પડયો હતો. ફક્ત ૧૮૯૫ (૧૯૫૨)માં વરસાદ માટે ગરમીનું ઘણું માપ આવ્યા છતાં વરસાદ સરેરાશ કરતાં ઓછો પડેલો છે. કારણ ઘણી ગરમી વધી જવાથી–હિંદી મહાસાગર તરફથી આવતી વરાળ કે વાદળાંનું રૂપ–પાતળું બની જઇ ઉલટ પક્ષ-દાર બન્યો, એટલે રેતાળ મૂલક જ્યાં ઘણી ગરમી દર વર્ષે પડે છે. ત્યાં વરસાદની વરાળ કે વાદળાં આવે છે છતાં ઘણી ગરમીથી વરસાદ વીંખાઇ જાય છે. તેમ કેટલેક અંશે બન્યું. વળી સન ૧૮૯૫(સં–૧૯૫૨) ની સાલમાં દેશના માંહેના ભાગમાં વધેલી ગરમીને ઘટાડવા, ભેજ વધારનારાં તોફાન ચોમાસાના મુખમાં થયાં નહોતાં. તેમજ કેટલેક અંશે શરૂઆતનો સખ્ત પવન વાદળાને ઘસડી લઇ જવામાં શત્રુરૂપે સહાય થયો હતો. જેથી ચોમાસું જુલાઇમાં

* "હિંદી મહાસાગર તરફ વરસાદ લાવનાર પ્રવાહની ગરમી માટે સરકારી વાયુશાસ્ત્રી–આ જોગમાં અશકત બનેલ છે." ગુજરાતી તા. ૯–૬–૯૫ (જેથી આ જોગ ગરમીના જોગ માટે સહાય કારી થાયછે.

ખરેખરૂં બેઠયું હતું. માટે ઘણી ગરમી છતાં, વરસાદનું રૂપ સાધારણ પસાર પામ્યું હતું.

જુઓ—"કાઠીયાવાડ ટાઇમ્સ ૧૯ મી જુનનો અમારો વર્તારો." વળી, સંવત ૧૯૫૬ ના દુકાળ વખતે ગરમીનું કદમ સવાએ આવેલું છે. જેનું પરિણામ પણ આપણે અનાવૃષ્ટિ તરીકે હમણાંજ નિહાળી ગયા છીએ. માટે ગરમીના માપ ઉપરથી ચોમાસાની રૂતુ માટે અવલોકન કરવાની આપણી પ્રાચીન દેશરૂઢીનું મહત્વ કેટલું બધું ઉપયોગી છે. તે દરસાલ નિહાળતા રહેવું.

બ—ગરમીનું બીજી રીતે માપ કાઢવાની ગણતરી—અખાત્રીજની બપોરે સવા હાથનું રાડું કે સળી લઇ ઉભી કરવી. ઉત્તરમાં ત્રણથી છ તસુ પડછાયો જાય તો ઉત્તમ. ત્રણથી કમ કે બરાબર થાય તો સાધારણ. અને દક્ષિણમાં પડછાયો જાય તો દુકાળ પડે. કારણ ઉત્તરમાં પડછાયો એ દક્ષિણમાં સૂર્ય નમતો હોવાની નિશાની જાણવી. અને સૂર્ય દક્ષિણ તરફ નમેતો એ હિંદી મહાસાગર તરફ ગરમીનું ઉત્તમ માપ ગણાય. એટલે આ બપોરનું માપ એ પણ અખાત્રીજની સાંઝના સૂર્ય ચંદ્ર અથમાવી અજમાયશ કાઢવા જેવુ લગભગ છે.

ક—અખાત્રીજનો પવન જોવાની રીત:—આપણા દેશમાં ગામેગામ અખાત્રીજનો પવન (વા)જોવા ઘરડા અને અનુભવી લોકો દર વર્ષે દિવસ ઉગતાં પહેલાંની પહેલી ઘડીનો જોવા માટે બહુ મહિમા રાખે છે. તો તેમાં કાંઈ સત્ય રહેલું હોવું જોઇએ. **રીત:—** રાા હાથનુ રાડું કે સોટી લઇ મેદાનમાં પવન જોવા જવો. પછી જમીન ઉપર ધુડની ઢગલી કે બીજા આધારથી સોટી ઉભી રાખવી.

પછી તેને મથાળે સુતરનો કાચો તાંતણો—સવા એક દોઢ હાથનો ટોચે બાંધી બીજો છેડો છુટો રાખવો એટલે જે દિશાનો પવન હશે તે દિશા તરફ તાંતણો ફરકશે.

પવન માટે આપણા દેશના અનુભવી ઘરડા લોકો કહેછે કે,—આંચકા વિનાનો અને પળે પળે પડી ન જાય—તેવો, એટલે સમધારણ એક રેણીનો વાય તે ઉત્તમ ગણાય વળી અખાત્રીજ કે ચોથને દહાડે વરસાદના છાંટા થાય કે મેહ ગાજે તો ચોમાસું અફર જાણવું. (સંવત ૧૯૪૯ અને ૧૯૬૦ માં ગાજ વીજ થયું હતું.)અખાત્રીજનો વાયુચક્ર કઇ દિશાનો વાય તો સારો, અને તેનો શું ભાવ બતાવશે, તેને માટે કાંઇક—આધારભુત સાખીઓ રોજીદ (પ્ર. ધંધુકા) ના સોની ઝવેર હકુ તથા શુકલ જગનલાલના ઘરમાંથી—લગભગ ૨૦૦ બસેં વર્ષના જુના ખરડાઓનું સંશોધન કરી મેળવીને દાખલ કરેલ છે. (રોજીદમાં —ઘરડાઓની ઉત્તરોત્તર આવા પ્રાચીન જોગ જોવાનું એક પંચ છે. અને દર વર્ષે પ્રાચીન જોગો (ઓબઝરવેશન) માટે સારૂં ધ્યાન આપે છે. આ ગામ મારી જન્મ ભુમિકા હોવાથી મારા તરફના ઓબઝરવરનો જન્મ અહીંથી ઉત્પત્તિ બતાવે છે.)

અખાત્રીજના પવનના પરિણામની સાખીઓ.

ઉત્તર દરિયા અમૃત ભરિયા, નદીએ નીર ન માય ;
અખાત્રીજની પેંલી ઘડી, ઉત્તર વાયુ સુવાય. ૧

વાબ્યખુણની પેંલી ઘડી, ઉત્તર એ મનાય;
અનાજ ખડ નિપજે સહુ, પરસાદ બો'ળા થાય ૨

પશ્ચિમની પે'લી ઘડી, પવન ફરકા થાય:
વાડી જો સિંચ્યા કરે, સિંચે ન સુકાય. ૩

ઉપરની ત્રણે દિશાનો પવન ઉત્તમ ગણવો. એમ ઉપરની પ્રાચીન સાખીઓ અને મારા અનુભવથી સિદ્ધ થાય છે.

નૈરૂત્યના પે'લી ઘડી, પવન દેશ પલ્લાય;
કેણી કેણુ દેશનાં, બાળક વેચે માય. ૪

ટીપ:—ગીરનારી (નૈરૂત્ય) પવનથી વરસાદ વાટ જોવરાવે પણ અમારા અનુભવ મુજબ નૈરૂત્ય પવન વાય ત્યાં સુધી કાળ ન પડે.

દક્ષિણની પે'લી ઘડી, આઘો વીઘો થાય;
ગાડાં ટાડાં ચોરીયાં, ધાનજ લેવા જાય. ૫
અગ્નિની પે'લી ઘડી, પવન દેશ પલાય;
વાવ કુવા સુકે સહી, વાટકાએ છુપાય. ૬
પૂર્વની પે'લી ઘડી, પણુગા પડે અંગાર;
કણ ત્રણ સુકે સહી, કોઇ ન પામે પાર. ૭
ઇશાનની પે'લી ઘડી, રૂદ્ર સાધે જોગ;
આવે ટીડ કાં ઉંદરા, પડે રાજ વીઘન કાં રોગ, ૮

ભાવાર્થ:—દક્ષિણ અગ્નિ અને પૂર્વનો વા વાય તે ઉત્તમ ન જાણવો. વળી ઇશાનનો વાયુ વરસાદ માટે શુભ ચિન્હ છે. પણ ટીડ, ઉંદરની ડાઢ થવાની કલ્પિત ધાસ્તી ગણાયછે. કારણ ઇશાન તરફ મારવાડમાં ટીડનું રહેઠાણુ હોવાથી ઇશાની પવનનો—એ ભાવ છે. પણ ઇશાની વાથી ટીડ આવશે એવી નિશ્ચય શંકા રાખવી નહિ. (સંવત ૧૯૫૫ માં ઇશાની વાયો હતો.) ઉપર પ્રમાણે આઠે દિશાના પવનનો મહિમા છે. પણ ખરૂં જોતાં અખાત્રીજ એ મધ્ય ઉનાળાની રૂતુ છે. તેમાં પવન નિયમિત એટલે રૂતુ પ્રમાણે હોય તો ચોમાસાની રૂતુને અનુકુળતા થાય છે. માટે આપણા પ્રાચીન જોગનો ઉપર પ્રમાણે મહાન શોધ તરીકે સાર નીકળે છે. મતલબ કે અખાત્રીજને દહાડે ઉનાળુ કે શિઆળુ પવન કે તેનાં લેહેરાં હોય તે પવન ઉત્તમ ગણવો.

અખાત્રીજનું કોળાયમાન-(કોળ)—વૈશાખની પહેલાં અને શરૂઆતમાં સઘળાં વન કોળાય છે. એટલે જમીનની અંદરનું પાણી મુળીઆના શોષથી અધર ચડે છે જે વડે નવો કોળ (ફાળ) આવે છે. મતલબ કે જમીનનું પાણી સખત ગરમીને લીધે ઝરણુથી ઉભરાય છે. અને વનસ્પતિ વગેરેના આકર્ષણથી અધર આવે છે. જેથી કોળના જોગ નીચે પ્રમાણે જોવા.

૧—પાદર મેદાનમાં કે રાફડામાં લીલી માટીના ઉકેરા, જમીનની અંદર રહેલા ઝીણાં જીવજંતુ ઉધઈ વગેરેથી બહાર આવે છે. જેમ ઉકેરા લીલી માટીના (ગોળી વળે તેવા) વધારે તેમ તેમ તે સાલમાં વરસાદ સારો પડવાનાં ચિન્હ જાણવાં (ઉકેરા અણીશગ તે ઉત્તમ).

૨—કુવાનાં પાણી હોય તે કરતાં વધી જાય છે. એટલે જે સાલમાં સવાયા કરતાં વધે તે સાલના ચોમાસામાં સારો વરસાદ પડવાની આગમચેતી જાણવી.

૪—વૈશાખમાં દરિયાનો કોળાંભ એટલે ધુમસ કે ઝાકળી વાદળાં જે સાલમાં ઉપરા ઉપરી બહુ આવે, તે સાલમાં ચોમાસાની શરૂઆતનો વરસાદ સારો પડવાનો આધાર ગણાય છે. કારણુ ધુમસ વગેરેથી પૃથ્વી તથા આકાશનું વાતાવરણુ ઠંડું થાય છે. અને ગર્ભાઇ વહેલી બંધાય છે. જેથી દેશના માંહેના ભાગની સ્થાનીક વરાળ, (વાતાવરણુ) કે ગર્ભને તથા મોશમની વરાળને સંકોચન પામવાને આધાર બંધાય છે. જુઓ. તા. ૧૩ મી જુન ૧૮૯૪ (સંવત ૧૯૫૧) નો કા. ટા. નો અમારો વર્ત્તારો.

ચતુરમાસિક ભંભા:—ચારે માસનો વરસાદ જોવાનો શીવના

ચક્રનો જોગ–અખાત્રીજને દહાડે સવા પહોર દિવસ ચડે–કુંભાર (પ્રજાપત) લીલી માટીના ચાર શંભુ પાશેર–અદશેર પાણી માય તેવા ઉતારે છે. તેને પંદરેકમિનિટ સુકાવા દઇ, અશાડ, શ્રાવણ, ભાદરવો અને આશો એમ અનુક્રમે કલિપ–સપાટ જમીન પર માંહે પાણી માથા સુધી ભરી પછી બેઠા–બેઠા જુએ છે. તો જે ભંભો પેટાળથી ફાટી પાણી નિતરી જાય તે માસમાં સારો વર્સાદ અને તળીએ તડ (ફાટ) થઇ પાણી નીતરી જાય–અને ભંભો અકબંધ રહેતો તે માસ કોરો જાશે–આમ ગણતરી કાઢે છે પણ આ એક અનુમાનિક લોક રૂઢીનો જોગ છે. ફક્ત શીવ ચક્કર ઉપરથી ભંભા ઉતારી ચોમાસાના શુકન તરીકે લોક રૂઢીમાં એ જોગ દેખાવ આપે છે. અને ચારે માસનો તક બાંધે છે.

અખાત્રીજને દહાડે સંવત્સર ભાવનાં ગામડાં અને બંદર જોવાની રીત:—ભાવિક ગામડાં–અખાત્રીજની સાંઝે સુરજ ચંદ્રનું ગરમીનું માપ જોવા જાય છે ત્યારે કે બીજી રીતે ગામના પાંચ અનુભવી વેપારી લોકો અનાજ વગેરેની પીઠ જોવા સારૂ નીચે પ્રમાણે ગામડાં કરે છે. વેપારની મુખ્ય જણસ–ઘઉં, બાજરો, જાર, મગ, તલ, ચણા ચોખા રૂ, કપાસસ, ઘી, ગોળ વગેરે સાથે લઇ જાય છે અને જ્યાં માણસનો પગ ફેર ન હોય તેવા મેદાનમાં કે ખેતરમાં એક હાથ કે બે હાથ ચોરસ જગ્યા સાફકરી તેમાં એક ચોરસ કરી ગામ બાંધવું. ને વચમાં ગામનો ચોક રાખવો ને ચોકમાંથી ચાર દિશાએ ચાર લીંટા દોરી દરવાજા લગી શેરીઓ બાંધવી. શેરીઓના વચલા ચોરસ ભાગમાં જુદાં જુદાં અનાજ વગેરે જણસો ગોઠવવી. ચોકમાં રાજા તરીકે રોટલાનો ભાગ મૂકવો. રૂ ઉડી ન જાય માટે સહેજ કાંકરાથી દબાવે છે, ગોળ, ઘી, ઠીંકરી કે કાગળ ઉપર મૂકે છે. પછી બીજે દિવસે

એટલે ગણુપતિચોથના પ્રભાતમાં ઉઠી જોવા જાય છે. તો કેટલીક જણુસો કીડીઓ તાણી ગઇ હોય છે. અને કેટલીક તાણી જતી માલુમ પડે કેટલીક અકબંધ પડી હોય છે. અને માંહે કીડીઓ ઘણી હોય છે. ગોળ, ઘી કાગડા લઇ ગયા હોય છે.

ભાવાર્થ:-કીડીઓ અને કાગડા એ માલનો ઉઠાવ કરનાર વરતીયાત ગણાય છે. એટલે જે જણુસ કીડીઓ અને કાગડા લગારે લગાર ખેંચી ગયા હોય તેનો ભાવ થોડા દહાડામાં આવશે. અને જે જણુસ સવારે ગયા પછી તણાતી હોય તેની ઘરાકી મોડી જાગશે અને જે જણુસ અકબંધ પડી રહી હોય તેનો ઉઠાવ મુદ્દલ થશે નહિ. પણ જે જણુસમાં કીડીઓ ઉભરાઇ ગઇ હોય, પણ ખેંચાણ ન કરતી હોય ત્યારે જાણવું કે એ વસ્તુ આવતી સાલમાં ઘણી પાકશે. વળી રાજા તરીકે ચોકમાં મુકેલો રોટલો આબાદ રહે તો વરસ આબાદ ગણાય છે. અને ગામડાં બાંધી ઘેર જતાં કેટલીક ડાહ્યાવાણી તથા સવારમાં ગામડાં જોઇ આવતી વખતની ડાહ્યાવાણી પણ જુએ છે. એમ ઘણા વર્ષના અવલોકનથી ચતુર વેપારીઓ ગણતરી કાઢે છે. એ પ્રમાણે આપણા દેશમાં ગામોગામ દર વર્ષે વેપારી વગેરે આ પ્રમાણે કરતા જણાય છે. માટે તેમાં કાંઇક કુદરતી ખ્યાલનું રહસ્ય રહેલું જણાય છે. માટે આ જોગ દર વર્ષે જોઇ-તેમાં-ખરૂં તત્વ હોય તે ગ્રહણ કરવું. અમને આ જોગ ઘણે ભાગે ખરો પડે છે. એમ અનુભવ કરતા રહ્યા છીએ.

બંદર ભાવ:—એ પણ ગામડાના જેવોજ બનાવ છે. એટલે ધારો કે રાજકોટ ને વઢવાણ વચ્ચે તેમજ મુંબાઇ, કરાંચી, ભાવનગર વગેરે વચ્ચે ઓહોળો વેપાર ચાલે છે માટે દરવર્ષે-ગામડાં કરવા જવાં. ત્યાં ચારે બંદર બાંધવાં. અને દરેક બંદર ચોરસમાં-જે જણુસનો ઓહોળો વેપાર હોય, અથવા નિકાશ થતી હોય તે જણુસ ગામડા

માફક મૂકાય છે. પછી ગણુપતિ ચોથના પ્રભાતમાં જઇ જોવું–તો રાજકોટમાંથી વઢવાણ તરફ કે મુંબાઇ, કરાંચી વગેરે બંદર તરફ કઈ જણસ કીડીઓ વધારે ખેંચી ગઇ કે ખેંચે છે અને સામેના બંદરોથી રાજકોટ તરફ કઇ જણસો ખેંચાઇ આવે છે. તે કીડીઓની તાણ ઉપરથી માલના પોષાણની અનુમાન શક્તિની કેટલીક ભાવનાઓ કલ્પવાની આ ચાતુરાઇભરેલી ક્રીયા છે. કોઇ બંદરમાં જે જણસ ઠામુકી સવારે ન મળે તે જણસની તેબંદરમાં અસત પડે. વળી બંદરમાં જનાવર વગેરે પેશી બંદર ધુળધાણી કરી નાંખે–તે બંદર કે શહેરમાં કોઈ રોગની આફત ઓચીંતી આવી પડશે. એમ કુદરતી ખ્યાલ સાક્ષી પુરે છે. એમ અમે ખાસ અનુભવી જોઈ સુજ્ઞ ગૃહસ્થોને ખાત્રી પણ કરી આપી છે. જોવામાં શ્રદ્ધા અને ઇશ્વર કૃપાની–બક્ષીશ–માણસમાં –આવવી જોઇએ.

આ સિવાય બંદર તથા ગામડાં બાંધી જોવાનો જેવો ચાલ છે તેવોજ ચાલ. ગામડાં કરતી વખતે ચાર શેરીઓ કરી–ચાર દરવાજા કલ્પવા. પછી–સવારે ગામડાં જોવા વહેલું જવું. ત્યારે પ્રથમ ઉગમણા દરવાજાના મુખમાંથી પૂર્વ તરફ ૩૦ દિવસનાં ૩૦ કદમ ભરતા જવાં –ને જે કદમે તેતર બોલે તે દિવસે અશાડમાં મે થાય. પછી ઉત્તરના દરવાજાથી શ્રાવણ માટે ઉત્તરમાં ૩૦ કદમ ભરવાં. ધીરજથી બોલતા જવું. જે કદમે તેતર (ગણેશ પક્ષી) બોલશે તે તથનું દનીઉ પડખે કાગળ ને પેનસીલ લઇ બેઠો હોય તે નોંધતો જાય. એમ પશ્ચિમમાં ભાદરવા માટે ને દક્ષિણમાં આસોમાટે કદમે કદમ ને ગણેશની વાણી મેળવી જોઇ અમુક ગામ કે પ્રાંતના વરસાદની ભવિષ્યવાણીનો જોગ જોવાયછે.

ચોમાસાની કહાણી અને પાકની સંજ્ઞા.

અખાત્રીજને દહાડે ખાત્રી કરી જોવા ખેડુતો નીચે મુજબ વર્ત્તારો કાઢેછે.

સૂર્ય આથમતી વખતે ગામના સંભાવીત લોકો એકઠા થઇ ગામની ભાગોળે એકાંત જગ્યામાં જોણુ ઉપર મુજબ જોવા જાય છે. એક વામ લાંબી પહોળી જમીન પસંદ કરે છે. તે લીંપી ગુંપી સાફ કરે છે. વચમાં કાળી માટીનાં ચાર ઢેફાંપર કોરો ઘડો પાણી ભરી મુકે છે. ચાર ઢેફાં ચોરસ મુકે છે. તેનાં જેઠ, અશાડ, શ્રાવણ અને ભાદરવો એ પ્રમાણે નામ પાડે છે. અને ઘડા ઉપર રોટલો મુકે છે. પછી બધા થોડેક છેટે ખસી જાયછે. અને કુતરાને રોટલો લેવા જવા દે છે, કુતરો રોટલો લઇને ગામ તરફ જાયતો વરસ સારૂં નીવડશે એમ માને છે. અને સીમમાં કુતરૂં જાયતો વરસ નબળું નીવડશે. એમ ભરૂચ તરફના લોકો જોણુ જુએ છે.

વળી ઘડાથી એક વેંત છેટે ફરતી વાવેતરની જણસો મુંઠી મુંઠી મુકે છે. અને બધા ઘેર જાયછે. સવારે સૂર્ય ઉગતાં ત્યાં જઇ જોવું તો જે મુઠીના દાણા વેરાયલા માલમ પડે તે જણસનો પાક સારો થશે. અને જેનાં દાણા અકબંધ પડેલા માલમ પડે, તેનો પાક સારોન થાય એમ અનુભવી ઘરડાઓ કહેછે. (માટે બેચાર વરસ જોઇ અનુભવ વધારવો) તેમજ ચાર ઘડા નીચેનું ઢેફું વધારે જે ભીંજાયું હોય તે નામવાળા ઢેફાના મહીનામાં વધારે વરસાદ થાશે. અને જે ઢેફાં ઓછાં વધતાં ભીંજાયાં હોય તેના પ્રમાણમાં ઓછો વધતો વરસાદ થાશે એમ ખેડુતો કલ્પના કાઢે છે, પણ આટલીજ કલ્પનાથી ચોમાસાના ચાર માસનું નિર્માણ બંધાઇ શકતું નથી એમ અમારો આધીન મત છે.

વળી ગુજરાતમાં નીચે મુજબ ખેડુતો જુએ છે:—*

લોક વાણી:— (કુદરત વાણી):—આપણા દેશમા ઘરડા અને અનુભવી લોકો–હુતાશણી, હાંડો, અખાત્રીજનો પવન, પારૈયાં અને

ગામડાં વિગેરે દેશીરૂઢીના જોગ જોઇ આવતાં, રસ્તામાં અને ગામમાં દાખલ થતાં લોક વાણી થાય છે. એટલે જોગ જોઇ આવતાં સાથેના માણસમાંથી કે આસપાસથી સ્વભાવિક રીતે કુદરત વાણી (ડાહ્‌ા) વાણી થાય છે. તે વગર બોલે કાને સાંભળે જવી. એટલે લોકો જેવી વાણી આ શુકનમાં ઉચરશે, તેવો વર્ષનો ભાવ ઉત્પન્ન થાય છે, એમ કહેવાય છે. માટે એ બાબત આજ સુધીમાં લોક વાણીના પાછલી સાલોના જે દાખલા સાંભળ્યામાં આવ્યા છે. તે સત્યાસત્ય માટે નીચે બતાવ્યા છે. તો વાંચનાર અને સાંભળનારને વિનોદ થતાં હાસ્યરસ સાથે વિશ્રામ મળશે. -

૧—સંવત—૧૮૯૫ (પંચાણુવા કાળ)માં નગર તાબાના ગામ ભાડલાના કોળી ભગત ઝીણો દેગામો તથા કોળી કચરો ટાણુસો બેઉ અરધી રાતે હાંડો (ઉગતાચંદ્રને) જોવા ગયા હતા. ત્યારે તેની સાથે કાળીઓ અને સગર નામના બે દીકરા હતા. હાંડો જોઇ પાછા વળતાં ઘરે આવ્યા પછી ડોશીએ પુછ્યું કે સગાળ તમારા ભેગો આવ્યો હતો તે કયાં ગયો ? ત્યારે કહ્યું કે વાડીએ રહ્યો. મતલબ કે વરસમાં વાડીથીજ આધાર છે. અને ઘરે કાળીઓ (કાળ) આવ્યો. એટલે કાળ પડશે એમ ગણતરી કાઢી.

૨ અખાત્રીજના પવનની વાણી:—હાલાર પ્રાંતમાં નિકાવા નામના ગામમાં સંવત ૧૮૬૯૫ (અગણોતરા કાળ) માં ચારજણ સવારમાં પવન જોઇ પાછા વળતાં ગામને પછવાડે—એક કણબીની કોઢ પછવાડે વાણી સાંભળવા બેઠા; એવામાં માંહે ઘરમાંથી પટેલ પટલાણીને કહે છે—જે " આપણે ઓણ આ ચાર બળદમાંથી બે ઉભેલા છે—તે જીવે એમ લાગે છે. અને બે પુંછડે પડેલા બેઠેલા છે. તે મરી જાશે " ભોગજોગે બેઠેલા બે બળદ તે સાલમાં મુઆ અને પછવાડે ઉભેલામાંથી

બેજણ થાકથી બેઠા હતા તે પણ મુઆ. એમ એક વૃદ્ધ વેપારી દંત કથા લખાવે છે.

૩ સંવત ૧૮૮૧ (એકાશીઆ કાળ) માં કહે કે-ધંધુકા તાબે રોજીદનો મઘરડો સોની સુરજ-ચંદ્રનાં પારૈયાં જોઈ આવતાં સાથે દીકરાને તેડી ગએલ તો-દીકરાને ઠેસ આવતાં પડી ગયો, જેથી તેના બાપે કહ્યું-કે દીકરા પડયો ? દીકરો કહે હા. મતલબ કે તે સાલમાં કાળ પડયાની વાણી થઇ. એમ વાણીનું ભવિષ્ય ખરૂં થયું.

૪—સંવત-૧૯૩૪ ની સાલમાં ચોટીલા તાબે ગામ ખાટડીના ઠક્કર ભગત નાગજી અખાત્રીજનો પવન જોઇ આવતાં-ગાય-સામી મળી. પણ તે કાળી હતી. વળી તે દુઝણી નહિ. તેમ ગાભણી પણ નહિ. મતલબ કે ચોત્રીશની સાલમાં સારૂં ફળ થયું નહિ.

૫—સંવત-૧૯૫૧ માં અખાત્રીજનો પવન કુવાડવામાં ઘણા ગૃહસ્થો જોવા ગયા હતા. પાછાં વળતાં-ગામમાં પેસતાં એક વૃદ્ધ વેપારી—પાણીના પીઆવા સામું જોઇ-વાણી બોલ્યા કે-પીઆવા વાળા ભરવાડ-વાલાએ-કેવો અવેડો છલકતો ભર્યો છે? ત્યારે વાણી થઇ કે આ સાલ વાલોજી ઇંદ્રરાજા પણ વરસાદની રેલમછેલમ કરશે. આ વાત ખરી પડવાથી. પંચવાણી સારદા મુખે એની મેળાએ જગતમાં બોલાય છે અને તે પળેછે એમ લોકો-માનતા જણાય છે.

આપણામાં—સર્વ કામ કરતી વેળાએ શુકન જોવાનો ચાલ છે. તેથી શુકન એ દીવો ગણાય છે. ને તે દુનિયાના બધા ભાગના લોક થોડે-ઘણે અંશે માનતા જણાય છે. તો ઉપરના દાખલાથી શુકન તરીકે અનુમાનીક કે કુદરત વાણીરૂપે-સારી અટકળો લોકવાણીથી વર્ષ માટે જણાય છે. માટે આ બાબત કહેવત છે કે-" પંચ ત્યાં

પરમેશ્વર" મતલબ કે પંચવાણી કે બોલવાણીમાં કાંઇક સાર હોવો જોઇએ. અમને જે સાંભળ્યામાં અને જોયામાં આવ્યું છે તે અત્રે દાખલ કર્યું છે. માટે તેનો અનુભવ કર્યા વિના તેને નિંદા સ્તુતિમાં ફેંકી ન દેતાં-લોકવાણીનો અનુભવ વધારવા સલાહ આપુંછું. અને આ દાખલાઓ લખવાનો અમારો હેતુ એટલોજ છે કે દેશી રૂઢીમાં વર્ષ ભાવ માટે આ મહિમા ચાલેછે.

વૈશાખ વદ ૦)) નો સૂરજ અને જેઠ શુદ ૨ નો ચંદ્ર.

વૈશાખ—માસની અમાસનો સૂર્ય અસ્ત પામે. તે કરતાં જેઠ શુદ બીજનો ચંદ્ર ઉત્તરમાં અસ્ત પામે તો શુભ ચિન્હ જાણવું. કહેવત છે કે:—

ઉત્તર દિશા અતી ભલો, શિરપર કરવો કાળ;
જો આથમે દખણ દાયનો, તો નિશ્ચે પડે દુકાળ.

આ વખતે સૂર્ય હિંદીમાહાસાગરના ઉત્તર નાકાપર આવેલો હોયછે. એટલેજ અખાત્રીજ કરતાં ઉતરાયણની ગતિને લીધે ઉત્તર તરફ આવેલો હોય છે તોપણ આ વખતે પણ ચંદ્ર ઉત્તરમાં હોય તો સારૂં ફળ પામે. એક ઠેકાણે અસ્ત પામે તો તે કાળ પડવાની ધાસ્તી, માટે સૂર્ય—ચંદ્રની ગતિ અગમચેતી આપે છે.

જેઠ વદ ૮,-૧૪ ના પવનનો જોગ:-ગૌત્તમરૂષિ કહે છે કે: —

સાખી.

ગૌત્તમ રૂષિને લાધો ભેદ, દક્ષિણ વાયુ તેટલો મેઘ;
જો હલાવે ઉત્તર પાન, તો કંથા સંઘરે ધાન.

ભાવાર્થ:—જેઠ વદ-૮-૧૪ ની રૂતુ એ ચોમાસાની શરૂઆતની રૂતુ છે, આ વખતે દક્ષિણનો વાયુ જેમ જોરમાં વાય તેમ ચો-

માસાની શરૂઆત સારી થાય છે. કારણ જેઠ વદ એ ચોમાસું બેસી ચુકયાનું ઘણે ભાગે મુખ છે. જેથી આ વખતે ઘણું કરી કોલંબો (લંકા) અને હિંદી માહાસાગરમાં ચોમાસાના આરંભનો તોફાની પવન ફુંકાતો હોવો જોઇએ. મતલબ કે મૃગશર અને આર્દ્રા નક્ષત્ર ઘણું કરી આ તકમાં આવે છે. એટલે હિંદી માહાસાગરમાંથી વરસાદની વરાળને આ તરફ ઉત્તરમાં ધકેલી લાવનાર સમયવાહી (નૈરૂત્ય) નો પવન છે, છતાં એ વખતે શિયાળુ વા હોય તો હિદી માહાસાગરની આવતી વરાળ કે વાદળાં પાછાં ધકેલાઇ જઈ, ચોમાસાની શરૂઆતનો વરસાદ ધીમેધીમે થાય, કે વરસાદના વહનને પાછું આવતાં ઢીલ થાય. જેથી બધે એક સરખો પાક થાય નહિ. એ-ગૌત્તમ રૂષિનું પ્રાચીન દૃષ્ટાંત રામબાણ સમજવું. માટે તે વખત ગીરનારી કે સુર્યો પવન જોઇએ. અને વેપાર વાયુ (અગ્નિ) વાય તો-૨ કે ૪ દિવસ નિયમિત વાવો જોઇએ. કે ચોમાસાના વરસાદ માટે વધામણી ગણાય

અષાડી બીજનો જોગ:—અશાડી બીજ કદમાં ઉગે, અને ખડામાં આથમે તો અશાડમાં ઘણો વરસાદ થાય. મતલબ કે, અશાડ ચોમાસાનો ધોરી મહિનો છે. તો શરૂઆતમાં ગર્ભ જોરમાં હોય તો શરૂઆતનો વરસાદ સારા રૂપમાં પડવાને અશાડી બીજનો ગર્ભ આપણને દર્શનીક શાક્ષી પુરે છે. વળી બીજ સુર્ય કરતાં ઉત્તરમાં અસ્ત પામે તેમ ઉત્તમ ગણાય છે, અનુભવીઓ કહે છે કે જેઠ વદ ૦)) ની વીજળી થઇ હોય તો બીજની પણ થાય, ને બીજની વીજળી થાય એટલે પાંચમની વીજળી થવાને-બીજની વીજળી સાક્ષીરૂપ છે. માટે બીજની વીજળી થાય એજ ઉત્તમગર્ભ ચોમાસા માટે વધામણી રૂપ છે.

અશાડ શુદ પાંચમની વીજળી:—આપણા દેશમાં ચોમાસું બેસતાં વરસની ખેંચે વાયરૂ હોય ત્યારે વીજળી જોવાનો બહુ મ-

હિમા ચાલે છે. જેવી રીતે ઝાલાવાડ વગેરે પ્રાંતમાં ચૈત્ર શુદ પાંચમની ગાડલી જોવાનો મહિમા ચાલે છે તેમ અશાડી પાંચમની વીજળી જોવાનો મહિમા આખા ગુજરાતમાં વધારે છે. અશાડ શુદ પાંચમની સાંઝના સાત આઠ વાગે મોટા મોટા ભાવિક શાહુકારો અગાસીઓ ઉપર થાળીમાં પાણી રાખી–વીજળીનો આભાસ જોવા આતુર થઈ બેસે છે. કેટલાક બહાર મેદાનમાં જોવા જાય છે. આવી રીતે પાંચમની વીજળીની આટલી બધી તૃષ્ણા અને મહિમા છે. ત્યારે તેમાં કાંઇક ખરૂં રહસ્ય હોવું જોઇએ. કહેવત છે કે–

સાખી.

અશાડ શુદ પંચમી, કાં જળ—હળ કાં વીજ;
મુંડી વેચી ધન કરો લો બળદ અને બીજ.

ભાવાર્થ—અશાડી પાંચમની વીજળી થાય કે ભરપુર વરસાદ તે દહાડે હોય તો–મુંડી નામ માથું મંડાવી પૈશા લો. અને બળદને બીજ તેમાંથી ખરીદો કે નિશ્ચય લાભ થવાનો. કારણ અશાડી પાંચમ એ ચોમાસાનો ઘોરી મહિનાનું મુખ છે. માટે આ વખતે વાયુ અને વાદળના જથાનું કુદરતી રીતે જોર હોવું જોઇએ. અને જેથી ચોમાસાની શરૂઆતનો ગર્ભ જોરમાં છે. એમ વીજળીની ગતિ આપણને સાક્ષી આપે છે. મતલબ કે અશાડ માસમાં વરસાદનું કેવું જોર છે. તે પાંચમની વીજળીથી કેટલેક આધાર મળે છે.

વીજળી જોવાની રીતઃ—સમીસાંજમાં ઇશાનની થાય તે ઉત્તમ અને તેથી ત્રણ ઘડી કે ત્રણ દિવસમાં વરસાદ થાય. વળી તે મંદ મંદ ચમકારા વાળી જોઈએ. બીજે નંબરે પૂર્વની કે વાવ્યની થાય તે પણ સારી ગણાય છે. તેમજ વહેલી કે મોડી થાય પણ તે ભડકા જેવી થતી હોય તો વાયરાની ધાસ્તી જણાવે છે. કદાચ ન થાય તો

અશાડમાં સખત વાયરાની નિશાની જાણવી. પણ દિવસે વરસાદ અને ગર્જના હોય તો, પછી રાત્રે વીજળી જોવાની જરૂર રહેતી નથી. આમ અશાડી પાંચમની વીજળીનો મહિમા છે તે ઘણે ભાગે ખરો છે. પણ ઇશ્વરી કુદરતના નિયમ પ્રમાણે કોઇ વાર ચોમાસું મોડું બેસવાના હવાના ફેરફારને લીધે વખતે વીજળીનું ધારેલું પરિણામ કોઇ વાર ન ઉતરી શકે તો નિરાશ થવું નહિ. જેને માટે નીચેના દાખલાથી સમજાશે.

દાખલો—એક મેમણે વાયરામાં વાણિયાનો બાજરો સાટવ્યો. પછી વાણિયાને ઘરે જઈ બાપ દીકરે પોઠીઆ ભર્યા. નશીબ જોગે તેજ દહાડે પાંચમ હતી. જેથી મેમણને દીકરે સમીસાંઝમાં ઇશાનની વીજળી દેખી. તેથી તેના (બાપ) ને કહ્યું કે,—પે ઇશાની (પે કહેતાં બાપને સાનમાં સમજાવ્યો)

બાપે કહ્યું કે **"ધીયેંજા વાંસળી રૂપિયાજી કિડાં વિસારી."** તો દીકરે જવાબ દીધો, રૂપિયાજી વાંસળી ઘરે વિસારી: પછી મેમણે વાણિયાને કહ્યું. રૂપિયા ઘરે રહ્યા; ખેપ ઉધારે આપો તો લઇ જઇએ. વાણિયાએ ઉધારે ના પાડી, અને પોઠ ઠલવી લીધી. પછી મેમણ બાપ દીકરો ચાલતા થયા. ત્રણ કલાકમાં વરસાદ ઘણો થયો. અને ભાવ ઉતરી ગયો. ફક્ત પાંચમની વીજળીથી સારૂં ચિન્હ બતાવનારો આ એક દાખલો સમજવો.

વળી એક વાર દાણાના વેપારી ચારણે પાંચમની વીજળી દેખી નહિ. જેથી હજારો રૂપિયાના દાણાનો એકદમ સંગ્રહ કર્યો. પણ ભોગ જોગે ઇશ્વર કુદરતે હવાનો ફેરફાર કરવાથી વરસાદ ૧૯૫૭ અને ૧૯૫૮ માફક વરસાદ મોડો થયો. જેથી અનાજની પીઠ ભાગતાં ચારણ વેપારમાં લાસ ગયો, એટલે ચારણે વીજળીને નારીજાતિ હોઇને મેણું

માયું—કે; "હે ભુંડી તોળી મત પાનીયેના" માટે આભ, ગર્ભ અને વર્ષાકાળની અગમચેતીઓ માટે બહુ ઉંડા ઉતરી જોવા જેવું છે. ટીપઃ—અમારા ૩૫ વર્ષના વીજળીના અનુભવ ઉપરથી જણાય છે કે—જે સાલમાં પાંચમની વીજળી થાય. તે સાલમાં કાળ હોતો નથી. (ભોગ જોગે બીજા સંજોગ નબળા થયા હોય તો વરસ ખાંડાબરડું થાય. પણ કાળ ન પડે).

અષાડી પુનમનો હાંડો જોવાની રીત.

કહેવત છે કેઃ—

અષાઢો પુર્ણ માસા રાત્રો, જદા ચંદ્ર ન દર્શતિ;
તદનથં ચતરો માસો, માધવો જળ મુચતિ.

અર્થ:—અશાડી પુનમની રાત્રે ઉગતાં અને ત્યાર પછી આખી રાત ચંદ્ર ન દેખાય તો ચોમાસાના ચારે માસ વરસાદ થાશે' કારણ અશાડ માસ એ ચોમાસાની શરૂઆત અને વાવેતર માટે ધોરી મહિનો ગણાય છે. તેમાં અશાડી પુનમ એ અશાડ માસની અધવચ આવે છે. જેથી તે દહાડે હિંદી મહાસાગરનાં જથાબંધ વાદળાં ચાલતાં જોઇએ. અથવા રાત્રીએ વાદળાંની વસ્તી (વાશી) રહેવાં જોઇએ. અથવા પુર્વનો ભીતરનો કહ ચડવો જોઇએ. મતલબ કે હાંડો એટલે ઉગતા ચંદ્રને લોકો જુએ છે. એટલે તે વાદળામાં ઉગી રાશવા ચડયા પછી દેખાય તો સારો. વળી તે લીલાશ પડતો જળાકાર-ભીનો દેખાય તો રેલ આવે તેટલો ગર્ભ જાણવો. પણ લીલા ભડકા જેવો અને કોરો ઉગે તો સખત વાયરૂં થાય. આમ લોક રૂઢી અને ભુતળ જોગથી જણાય છે. ખરે ખર અશાડી પુનમના ગર્ભ ઉપરથી ચોમાસાની શરૂઆત કેવી નીવડશે. તે આ જોગથી આપણને સારૂં અવલોકન કરવાનો આધાર મળે છે.

ભાંડો-(ખાંડો) જોવાની રિત:—અશાડ વદ ૮ ની અરધી રાત્રે ઉગતા ચંદ્રને લોકો જુએ છે, એટલે ઉગતા ચંદ્રને ભાંડો (ખાંડો-ખંડીત) લોકો કહે છે. માટે તે જોવા માટે નીચેની બાબત ધ્યાનમાં રાખવી.

૧—ઉગવાનું સ્થળ નાકની સિધી લીટીથી-દક્ષિણ કરતાં ઉત્તરમાં ઉગે તે સારો, ૨-વાદરાના કહમાં ઉગે અને રાશવા ચડયા પછી દેખાય તેમ સારો.-૩—વાદળાંમાં ચડયા પછી-પ્રથમ બહાર દેખાતાં-ઉપલો મોઢાનો ભાગ દેખાયતો સારો. ૪—ભીનો-લીલાશ પડતો ઉગે તે સારો. ૫—વાદળાં ચંદ્ર ઉપર છલકાતાં જતાં હોય તે સારાં-તે માટે કહેવત છે કે—

અશાડ-વદિ અષ્ટમી, છળા[1] વાદળ છાયા;
ચારે માસ ટબુકીઆ, જાણુ [2]ભાંડો [3]રાગો.

અર્થ:—અશાડ વદ ૮ ની રાત્રે ચંદ્ર વાદળામાં ગળકાં ખાતો ઉગે તે સારો. મતલબ કે ભાંડો કહેતાં ચંદ્રરૂપી પાણીનો ભરેલો ઘડો ફુટતાં જેમ પાણી ચાલ્યું જાય, તેમ ચારે માસ વરસાદથી રેલમ છેલમ થશે. એમ ઉપલી કહેવત સાક્ષી પુરેછે. અપવાદઃ-ચંદ્ર દક્ષિણમાં અને વાદળ વિનાનો ભડકા રૂપે ઉગે તો સખત વાયરૂં જાણવું, ઉગતાં નીચેનો ભાગ તુરત દેખાય તે અશુભ ચિન્હ જાણવું. સંવત ૧૮૯૫ કાળમાં એવો દેખાવ હતો.

આવી રીતે અશાડ વદ આઠમનો ભાંડો (ખાંડો) જોવાને મહિમા લોકોમાં બહુ જોવામાં આવે છે. કારણ અશાડ વદનું પખવાડીયું વરસાદ

---

૧ ગળકાં ખાતો ૨ ચંદ્રમાની ઉપમા. ૩ ફુટતાં જેમ પાણી રેલાય તેમ ચોમાસામાં રેલમ છેલમ થાય.

માટે ધમધોકાર **અને** મશહુર ગણાય– જેથી ચંદ્ર ઉપરથી વરસાદના ચિન્હની અટકળો ઉપર મુજબ લોકરૂઢીમાં દેખાવ આપે છે. તે જોગ દર વર્ષે અવલોકન કરવાની જરૂર છે. (વરસાદ વરસતો હોય તો જોવા જવાની જરૂર નથી.)

અનુમાનિક—ઓહાણુ જોગ:—દીવાસો દીવામાં લાવે બળેવ બાંહે ઝાલી લાવે; સાતમ સોડમાં ઘાલી લાવે. નહિ તો પછી પર્યુસણ તોલાવે. ભાવાર્થ–કાળ કે વાયરાના વખતમાં વરસાદની ઝુમ સાથે વાયરૂ ફેંકાતું હોય છે ત્યારે ઉપર મુજબ લોકો મનને શાંત રાખવા માટે પગથીએ પગથીએ ઉતરી વરસાદની આશા રાખે છે અને તે ઈશ્વરી કુદરતના નિયમ પ્રમાણે કાળ શિવાયના વરસમાં તે જોગો–દીવાસા પ્રમાણે આધારભુત થઇ પડે છે.

શ્રાવણ શુદી પુનમનો ચંદ્ર–જો નિર્મળ ઉગેતો તલ નરવા થાય એમ લોક કહે છે. જેથી તલના વાવેતર વખતે આકાશની હવા નિર્મળ હોય તો સારૂં. એમ પુનમનો ચંદ્ર હવાની અનુકુળતા જાણવાનું કેટલેક દરજ્જે સાધન બતાવે છે.

હીમ:—ગેરૂના જોગ:—લોકો કહે છે કે–શ્રાવણ વદ શીળ—સાતમે છાંટા કે વરસાદ થાય તો હીમની ધાસ્તી રાખવી. અને શ્રાવણ વદ **આઠમે—**ગોકળ આઠમે છાંટા કે વરસાદ થાય તો ગેરૂનો ભય રહે છે. પણ અવલોકન મુજબ એ સિદ્ધતા કેટલીવાર મળતી નથી.

વરસાદ અને વર્ષ સારૂ યા નરસુ જાણવાની અનુમાનીક લોક રૂઢીઓ.

કમાન–(રામબાણુ ચડાવવું) જ્યારે અશાડ માસમાં શ્રાવણમાં સખત વાયરૂ વાતું હોય–ત્યારે લોકો વરસાદ માટે ભયભિત થાય છે. ત્યારે મનની સમાધાનની માટે કેટલાક લોકો દેવ–મંદીરે જઇ

રામબાણ ચડાવે છે. તે એવી રીતે કે—મામો ભાણેજ નાઈ પવિત્ર થઇ, દેવને પગે લાગી; પછી પાતળી ખપાટ બે ત્રણ હાથની ાા તસુ જાડાઇમાં કમાન કરેલી સામસામા હાથમાં થોભી ઉભા રહે છે. વચમાં ાા હાથ દુર એક સોટીનો કળ થંભ (વર્ષનો મોભ) ખોડે છે. પછી ઢોલની પડઘમ અને બે તરફથી માણસની કીકીયારી વચ્ચે (જમણા હાથની સુગાળ અને ડાબાહાથ તરફની કાળની) કમાન હાથમાંથી જોર કરી થંભ ઉપર મરડાઇને ચડાવે છે. જો સુકાળની ચડે તો વરસાદ થાશે. કાળની ચડે તો કારાડું કાઢશે. વળી સુગાળ, કાળની કમાન વારાફરતી ચડે ઉતરે છે. પણ છેલ્લી કમાન જેની ચડે તેજ ભાવ ઉત્પન્ન થાય છે. એવી રીતે રામબાણની સંજ્ઞા જોવાવાળા દેવનીઆસ્થા ફળ માને છે. માટે સત્યાસત્યની તુલના માટે વાયરાના વખતથી સિદ્ધતા કરી જોવી.

કાળ સુગાળના ગણેશ:—વાયરાના વખતમાં રામબાણ માફક—દેવ મંદારમાં જઇ નીચે મુજબ લોકો કરે છે. એક આશરે દશ વરસના પવિત્ર છોકરાને કપાળે કંકુનું તિલક કરી પલોંઠી વળાવી—બે હાથના ખોબા ખોબો જમીનને અડાડી રખાવેછે, તેમાં ગણેશને આવાહન કરાવી આપે છે. પછી સામે—હાથ બે હાથ દૂર બે-જારની ઢગલી કાળ-સુગાળની(મનમાં ટેવણી કરી) કરે છે. પછી છોકરાનો ખોબો કુદરતના સાચથી જે તરફ તણાય—તે—તરફ તેના હાથ ઘસડાય છે: મતલબ કે ગણેશ સુગાળ ઢગલી તરફ જાયતો સુગાળ અને કાળની ઢગલી તરફ જાય તો કાળ —અથવા પ્રથમ કાળ તરફ ચાલી—પછી સુગાળની ઢગલી તરફ ગણેશ વાળો ખોબો જાય—તો અંતે જેજેકાર. પણ જો, પ્રથમ સુગાળ તરફ જઇ પછી કાળ તરફ જાય તો પાછળથી વરસાદ કમ. એટલે વરસ કરવરૂં થઇ જાય. આવી રીતે કાળ—સુગાળની ઢગલીની છોકરાને ખબર હોતી નથી. જેથી ગણપતિની આસ્થાનું ઉપર મુજબ ફળ મનાય છે. માટે આવે પ્રસંગે સત્યા સત્યની તુલના કરી જોવી.

બળેવીઆઃ—આવતા ચોમાસાના ચાર માસમાં કેવો વરસાદ થાશે તે સંજ્ઞા જાણવા માટે-દર વર્ષે બળેવની સાંજે કુંભારને ત્યાંથી ચાર ઘડા લાવી, ચાર જુવાન આદમીને બળેવીઆ-(હળીઉ જીતવા વાળા) બનાવે છે પછી ચારે ઘડા માંથે લઇ નદી કે તળાવના કેડપુર પાણીમાં એકી વારે ડુબકી મારે છે. પાંચ મિનિટ ઘડામાં પાણી ભરાય ત્યાં સુધી રહે છે, મુંઝાય એટલે ઝટ નીકળે છે. પછી અશાડ, શ્રાવણ, ભાદરવો અને આસો એમ ચારે માસની કલ્પના મુજબ કયો ભરાણો અને કયો અધુરો તેઉપરથી-ચોમાસામાં વધુ-ઓછો વરસાદ થવાની અટકળ લોકો બાંધે છે. પછી ગામનો ગોર ચારેને પુજા કરાવી ગામને પાદર ચારફેરા ફેરી-બળેવીઆ ફોડવે છે. તેની લીંટાવાળી લાલ ઠીંકરીઓ લોકો દાણાની કોઠીમાં શે પુરવા (શુકન તરીકે) નાખે છે. આવી રીતે ગામડાના લોકો પ્રાચીન રૂઢીના જોગમાં ભવિષ્યના ભાગ્યોદયની નિશાની તરીકે શુકન માને છે. પણ તે ઉપર ચોમાસાનો આધાર બંધાઇ શકતો નથી, માટે ઇશ્વરી કુદરતના હવા-પાણીના નિયમનું અવલોકન કરવું જોઇએ.


કહુટીઆના જોગઃ—ભાદરવામાં વરસાદ થાશે કે કેમ ? તે જાણવા માટે ભાદરવા શુદ ચોથ (ઝગડા ચોથ) ને દહાડે મેઘવાળ (ઢેડ) ના પીર લોકો-તે દિવસથી એકવીશ દિવસના ઉપવાસ કરી (કહુટીઆ) ની ગાંઠો વાળે છે. તે લોકો કહે છે કે-ચોથને દહાડે વરસાદ થાય તો કહુટીઆની ગાંઠ છુટી. એટલે મે બંધણીમાં ન આવ્યો. માટે ભાદરવામાં વરસાદ થયા કરશે. પણ જો ચોથને દહાડે બુંદ ન પડે તો વરસાદ કહુટીઆની ગાંઠમાં બંધાઇ ગયો. એટલે ભાદરવા વદ ૮ મે ગાંઠ છુટયા પછી થાય. પણ તે પહેલાં ન થાય, મતલબ કે મનની સમાધાની માટે દેવની આસ્થાનો આ, પણ એક લોકરૂઢીનો જોગ છે. ખરેખરતો ભાદરવાની શરૂઆતની રૂતુ વરસાદનો કેવો ગર્ભ ધરાવે છે, તે કહુટીઆની ગાંઠને નામે જોવાનું આપણને ભવિષ્ય સુચવે છે.

હાથીઆના જોગ: લોકો કહે છે કે-જે સાલમાં હાથીઓ નક્ષત્ર સરાધમાં બેસે એટલે સરાધ ખાય તો આવતી સાલ સારી આવે. પણ સરાધ ન ખાતો હોય તો આવતી સાલ-નબળી થાય. પણ એ પ્રમાણે આધાર મળતો નથી. ફક્ત-આવતુ ચોમાસું વહેલું મોડું એ સવાનો કેટલોક આધાર એ ઉપરથી સમજાય છે. (સંજોગો નોંધો રાખી મેળવતા રહેવા.)

प्रकरण पांचमुं.

ચોમાસાના કુદરતી વર્ત્તારાનો કોહીનુર: (દેશી રૂઢીના અદ્‌ભુત-પુષ્કળ ચમત્કારો. અને સૌર વર્ષના નિયમિત સંજોગો સાથે.)

વરસાદનો ચક્રવૃત્તિ— રાજા-સૂર્ય:



ગરમી:—વરસાદની વરાળને ઉત્પન્ન કરનાર આકાશનો ચક્રવૃત્તિ રાજા-સૂર્ય છે, લોક રૂઢીમાં કહેવાય છે કે —સૂર્યને નેત્રે (કિરણે) ઇંદ્ર (મેઘ) નો વાસો રહેલો છે. એટલે વરસાદના સંજોગમાં મુખ્ય-સાધન સૂર્યની ગરમી છે. કેમકે—સૂર્યની ગરમીથી ઉનાળામાં નદી, સરોવર, સમુદ્ર વગેરેનું પાણી વરાળ થઇ ઉંચે ચડેછે. તેમાં આપણા હિંદુસ્તાનને માટે હિંદી મહાસાગરની વરાળ આકાશમાં જથાબંધ ભેગી થાય છે. અને ચોમાસાની શરૂઆતમાં એટલે મૃગશર કે આદ્રા નક્ષત્રમાં વરસાદનો ગર્ભ વાદળારૂપે પવનની ગતિ ફરવા સાથ (જથાબંધ

વરાળને લેઇ હિંદુસ્તાન તરફ વેગ કરે છે ત્યારે) આપણા દેશમાં ધશી આવે છે. માટેજ ચોમાસાની રૂતુને મુખ્ય આધારભુત સૂર્યની ગરમી છે. જેથી ઉનાળાની ગરમીનું પ્રમાણ કેવું હોયતો ચોમાસાની રૂતુને લાભદાઇ થાય.

પશ્ચિમની અર્વાચીન (પાછલી) વિદ્યાને બળે આપણા દેશમાં ગરમીનું માપ જાણવા માટે હવાયંત્ર (થરમામેટર) કરીને પારાની શીશી નળીના આકારે જાહેર ઓફીસો વગેરે ઠેકાણે હાલ રાખવામાં આવેછે. તેમાં ગરમીના ઐાંસ (ભાગ) પાડેલા હોયછે. જેમ ગરમી વધે તેમ પારો ગરમીથી પાતળો થઇ અધર ચડેછે. જેથી દરવર્ષે ઉનાળાની રૂતુની ગરમી અને મુકાબલો કરવાનું ઉત્તમ સાધન ગણી શકાય. પણ આપણી પ્રાચીન વિદ્યાને આધારે ત્રીજા પ્રકરણમાં બતાવ્યા મુજબ પ્રાચીન રૂષિઓએ ગરમીના માપ માટે માહાભારત શોધો દેશી રૂઢીમાં કરેલા જણાય છે જેથી દેશી રૂઢીના સંજોગમાં ચોમાસાની રૂતુને માટે ગરમીના જોગની નીચે મુજબ અનુકુળતા જોઈએ.

૧—ઉનાળાની શરૂઆત–એટલે હુતાશણીને દહાડે ઉનાળુ પવન અને ગરમીની નિયમિત પડધમ બેશી ગઇ હોય તે ઉત્તમ.

૨—ચૈત્ર–(એપ્રીલ) નિર્મળ એટલે ઘણે ભાવે આકાશ વાદળા વિનાનુ અને લૂઝરે તેમ ઉત્તમ. વાદળાનાં ફુલ કોઇવાર થાય તેની હરકત નહિ.

૩– દનીયાનું તપવું. એક ચૈત્ર વદ ૬ થી ૧૪ સુધીના ૯ દિવસ ખૂબ તપવા જોઇએ. આ બાબત દનીયાના જોગમાં કારણસાથ સમજ બતાવેલી છે.

હવે ઉપર પ્રમાણે ગરમીની ઉત્તમતા હોય તો ચોમાસાની શરૂઆત માટે વધામણી જાણવી. તેથી ચોમાસાનો શરૂનો પ્રવાહ જબરૂ

રૂપ પકડે છે. પણ તે અનુકુળતામાં વૈશાખમાં પવનના જોશ સાથ ગામે ગામ વરસાદના તોફાન સારાં. મતલબ કે ચોમાસાની શરૂઆત પહેલાં ભેજ વધારનારાં કૃતિકા અને રોહણ નક્ષત્રમાં ગાજવીજ સાથે વરસાદનાં સ્થાનીક તોફાન ઉત્તમ ગણવાં. કારણ ઉનાળાના પાછલા ભાગમાં ગરમીનો ઉકળાટ વધી જાય તો ચોમાસાની શરૂઆત માટે જોઇતો ભેજ વધવામાં અધરોધ થતાં પ્રથમ વરસાદ ધીમે ધીમે થાય છે. અને ખેંચાવે છે. જુઓ ૧૯૩૪, ૪૮, ૫૨, ૫૭, અને ૫૮ માં ગરમી વધી જવાથી ખેંચાવ્યું હતું.

૪-કદાચ ચૈત્ર નિર્મળ ન હોય, પણ વૈશાખની ગરમી વધી જાય. અને જેઠનો કેટલોક ભાગ તપે તો ચોમાસા માટે સરેરાશ પ્રમાણ અનુકુળ થાય છે. જેથી જો મૃગસર નક્ષત્રનો પવન કે તોફાન અનુકુળ થાયતો ચોમાસુ મોટો પ્રવાહ પકડે છે. જુઓ સં. ૧૯૫૧ (૧૮૯૪)

૫—અખાત્રીજની ગરમીનું ઉત્તમ માપ:–એટલે પાછલા પ્રકરણમા બતાવ્યા મુજબ અખાત્રીજની સાંજે સૂર્ય ચંદ્રના ક્ષિતિજમાં અસ્ત પામવા ઉપરથી પારૈયાં ભરી માપ કાઢવું, આમાપથી જણાશે કે—સૂર્ય હિંદી મહાસાગર તરફ કેટલી ગરમી આપતો તપે છે. તે એક ચોમાસાની ૠતુને માટે મહાન શોધની નિશાની જાણવી. આથી હિંદી મહાસાગર તરફ કેવી ગરમીનું પ્રમાણ છે, તે આથી આપણને સિદ્ધતા ઘણે ભાગે થાય છે જુઓ અખાત્રીજના પારૈયાંનું પાછલી સાલોનું ફેડવાર માપ. માટે ગરમીનાં ઉત્તમ માપ સાથે મે આખરે અને જુનની શરૂઆતમાં ભેજ વધવો જોઇએ જુઓ,—૧૯૩૫, ૪૯, ૫૦, ૫૧ માં મે આખરે અને જુનની શરૂઆતમાં ખુબ તોફાન થયાં હતાં. વળી ચોમાસાની શરૂઆતને ભેજ વધારનારાં ઉપલાં કારણ શિવાય-ભેજવધવાનો બીજો રસ્તો એ છે કે:—વૈશાખનું કાળાયમાન (ધુમસને ઝાકળી વગેરે

પાછલા પ્રકરણુમાં બતાવ્યા મુજબ ખુબ આવવું જોઇએ) સંવત ૧૯૫૧ (૧૮૯૪) માં ભારે જોવામાં આવ્યું હતું.

ગર્ભ:—(ઉષ્ણુતામાન વાયુ અને વરાળનો ગરમીવાળો જથો) —સૂર્યની ગરમીથી જે વરાળ–પવન અધર લઈ જાય છે. તેનો ચોમાસા માટે આકાશમાં ગર્ભ બંધાય છે. તે માટે રામકથાના બાળકાંડમાં કહ્યું છે કે:—

'સોઇ જળ અનળ—અનીલ સંધાતા
હોહિ જળદ જગ જીવન દાતા.'

અર્થ:—ગરમી અને વાયુ વડે જે જળ આકાશમાં જાય છે. તેજ જળ જગતને જીવન આપનાર છે.

ગર્ભ:—બે પ્રકારના છે. **૧ સ્થાનીક** અને ૨ **મોસમનો.**

સ્થાનીક:—દેશના માંહેના ભાગનો ગર્ભ ઓળખવાની રીત. જે સાલમાં શિયાળાની ૠતુમાં પીળા કહ, ઝાકળ, ધુમસ, હીમ, અને માવઠાં જોવામાં આવે છે–એ શિયાળાની ૠતુનો ગર્ભ જાણુવો. તે કેમ જોવો, અને તેના ઉપર ચોમાસાની ૠતુ માટે કેટલો આધાર રાખવો તે ત્રીજા પ્રકરણુમાં બતાવેલ છે. તોપણુ ચોમાસાની ૠતુ માટે તો ઉનાળાનો ગર્ભ ઉત્તમ જાણુવો. કારણુ–અહીં ફાગણુ ચૈત્ર અને વૈશાખમાં સૂર્યની ગરમી વડે પાણીની વરાળ થઇ આકાશમાં જઇ–જે ગર્ભ બંધાય છે તે ઉનાળાની ૠતુનો માંહેના ભાગનો ગર્ભ ગણુવો, આ માંહેના ભાગના ગર્ભથી આકાશ ગરભીત લાગે છે: પીળા કાળા કહ થાય છે. અને કયારેક બપોર પછી તલકાં કે ખડાઓ થઇ હવાના ફેરફારથી–રેવતી અશ્વની, ભરણી, કૃતિકા અને રોહીણી નક્ષત્રમાં ધીમે ધીમે મંડાણુ કરી—વરસાદ ગર્જના સાથ વરસે છે. હવે ઉનાળાનો સ્થાનીક ગર્ભ

ચોમાસાની ૠતુ માટે કેવા સંજોગોમાં નીવડવો જોઇએ તે ગરમી અને નક્ષત્રમાં વિસ્તારથી સમજાવ્યું છે. તેમ વારાહસંહિતાના ગર્ભ વિષે છેવટ વધારો વાંચો.

મોસમનો ગર્ભઃ—એટલે ચોમાસાની ૠતુને માટે હિંદી મહાસાગર (અરબી અને બંગાળનો સમુદ્ર) અને પાસિફીક મહાસાગર (ચીનાઇ સમુદ્ર) માંથી સૂર્યની ગરમી વડે ઉનાળાની ૠતુમાં તે તરફ સૂર્ય નમતો હોવાથી (ઉભાં કિરણથી) જથાબંધ ગર્ભ ત્યાં ઉત્પન્ન થાય છે. અને મૃગશર કે આર્દ્રા નક્ષત્રમાં ૠતુ એટલે મોસમ પ્રમાણે મોસમના પવન સાથે આ તરફ આવે છે. માટે મોસામનો ગર્ભ કહેવાય છે. પ્રથમ-એ ગર્ભ મોસમના પવનની ગતિ સાથ મે, ઉતરતાં હિંદી મહાસાગરમાં (વિષુવવૃત્ત પર) શેશીલસના ટાપુ વગેરે ઠેકાણે વરસાદ રૂપે આરંભ કરે છે. પછી પવનના ફેરફારની ગતિને લીધે એ ગર્ભ આ તરફ (વરાળ કે વાદળાં રૂપે) પ્રથમ લંકા અને બંગાળામાં ચેરાપુંજીની ભેટ લે છે. આ વખતે મુંબઇના છાપા અથવા લાંબે જુવાળે દરિયામાં મુસાફરી કરનારા વહાણવટીઓ ખબર આપે છે કે—કોલંબો (લંકા) માં ચોમાસું બેશી ચુકયું છે. વળી એજ મોસમનો ગર્ભ જૂન માસમાં મલબાર અને કોકણ તરફ થઇ આ તરફ વેગ કરી હવાના સંજોગ પ્રમાણે વરસે છે.

નિયમિત ગર્ભઃ—એટલે ચૈત્ર નિર્મળ અને વૈશાખનો ફેંકાતો પવન અને સ્થાનીક તોફાન થાય. તેમજ મૃગશરમાં ખારીવહન અને આર્દ્રામાં મોસમનો ગર્ભ આવે તે નિયમિત ગર્ભ કહેવાય.

અનિયમિત ગર્ભઃ—વાદળાંને કહથી ચૈત્ર મેલો, વૈશાખમાં પવન નહિ, કે પાછળથી તોફાન નહિ. તેમ રોહણી નક્ષત્ર તપવાને બદલે, વા ફેંકે અને મૃગશર તપે અને આર્દ્રાનો વા ફેંકે, એ અનિયમિત ગર્ભ કહેવાય.

નક્ષત્ર જોગઃ—વર્ત્તમાનકાળમાં ઉનાળા–ચોમાસાની ૠતુના કુદરતી અને દેશી રૂઢીના સંજોગ સાથે (નક્ષત્રનો સંબંધ સૌર વર્ષ સાથે હોવાથી નક્ષત્રનાં હવા પાણી નિયમિત છે.)

નક્ષત્રનાં નામ—	તારાનો સમુહ--	આકાર—	ૠતુ.
૧ રેવતી	૩૨	મૃદંગ જેવો	ઉનાળો
૨ અશ્વની	૩	અશ્વના મોઢા જેવો	,,
૩ ભરણી	૩	ત્રિકોણાકાર	,,
૪ કૃતિકા	૬	ઝુમખું–સ્ત્રીના ફળને આકારે	,,
૫ રોહણી (ગાડલી)	૫	ગાડાને આકારે	,,
૬ મૃગશીર	૩	હરણના મોઢાને આકારે	ચોમાસુ
૭ આદ્રો	૧	હીરા જેવો	,,
૮ પુનરવસુ	૪	ઘરને આકારે	,,
૯ પુષ્પ (પખ)	૩	બાણને આકારે	,,
૧૦ અસ્લેખા	૫	ચક્ર આકારે	,,
૧૧ મઘા	૫	ઘરના છાપરાને આકારે	,,
૧૨ પૂર્વાફા.	૨	માંચડાને આકારે	,,
૧૩ ઉત્તરાફા.	૨+૨=૪	પલંગ જેવો આકાર	,,
૧૪ હસ્ત (હાથીઓ)	૫	પંજાને આકારે	,,
૧૫ ચિત્રા	૧	મોતીને આકારે	,,
૧૬ સ્વાંતિ	૧	લાલ પરવાળા જેવો	શિયાળામાં
૧૭ વિશાખા	૪	તોરણને આકારે	,,
૧૮ અનુરાધા	૪	બળીદાન જેવા	,,
૧૯ જેષ્ટા	૩	કુંડળની ત્રણ મોતીની હારજેવો	,,
૨૦ મૂળ	૧૧	સિંહના પૂંછડા જેવો	,,

૨૧ પૂર્વા અશાઢા	૨	હાથીના દાંત જેવો	,,
૨૨ ઉ-અશાઢા	૨	માંચડા જેવો	,,
૨૩ શ્રવણ-૩.	સ્વર્ગ-મૃત્યુને પાતાળની પેઠે ઉપરા ઉપરી		,,
૨૪ ધનિષ્ટા	૪	મૃદંગને આકારે	,,
૨૫ શતભિષા	૪	ગોળ ચાલણી જેવો નાળો	,,
૨૬ પૂર્વાભાદ્રપદા	૨	મોટા માંચડાને આકારે	,,
૨૭ ઉ-ભાદ્રપદા	૨	સરખા જોટાને આકારે પણ	

બંનેના મળી ચાર તારાનો એક જેવો આકાર થાય છે.

ઉપર મુજબ ૨૭ નક્ષત્ર ચંદ્રની સાથે સંબંધ રાખનાર કહેવાય છે. તેથી નક્ષત્રને લોકમાં રૂઢીમાં ચંદ્રને સ્ત્રીઓ ગણે છે. અને તેના તારા છોકરાં ગણાય છે. દર માસે ચંદ્ર સવા બે નક્ષત્ર ભોગવે છે. તેટલા વખતમાં સૂર્ય દર માસે એક રાશી (સંક્રાંતિ) ભોગવે છે આથી કરી દર માસની રૂતુ નક્ષત્રની ગતિ ઉપર સારી રીતે સમજાય છે. દરેક નક્ષત્ર અને રાશી ક્યારે બદલાશે. તે જોવા માટે દર વર્ષનું પંચાંગ પાસે રાખવાથી માલમ પડશે. વળી વધારે સમજ પડવાને માટે પંચાંગ સાથે આકાશમાં દર્શનીક મેળવણી કરતાં શીખવી. આવા અવલોકન કરવાથી રૂતુઓ સાથે કેટલાક અગત્યના હવા પાણીના નિયમ સમજાશે. કારણ નક્ષત્રની રૂતુ—સૌર વર્ષની સાથે નિયમિત આવ્યા કરે છે. હવે, અમારા અવલોકન મુજબ શિઆળા કરતાં ઉનાળા અને ચોમાસાના નક્ષત્રની રૂતુની અનુકુળતા ચોમાસાના વર્તારા માટે લોક રૂઢીમાં અદ્‌ભૂત કહેવતો સાથે દેખાવ આપે છે. જેથી રેવતી નક્ષત્રથી અહીં આરંભ કરેલ છે. જેથી લાંબી મુદતનો અનુભવ સાથેનો લોક ઉપયોગી સંગ્રહ નક્ષત્ર માટે અહીં લખવા યત્ન કર્યો છે.

ચોમાસાની રૂતુ માટે નક્ષત્રના વર્તારા.

(સૌર વર્ષની ગતિ સાથે નક્ષત્રનો ઉત્તમ સંબંધ હોવાથી હવા પાણી નિયમિત ગણવાં)

રેવતી, અને અશ્વની:--(રેવતીથી ઉનાળાના જોગનું પ્રમાણ શરૂ થાય છે.)

અશ્વની અન્ન નાશાય, જળ નાશાય રેવતિ;
ભરણી સર્વ નાશાય, યાદ ન ગર્જતિ કૃતકા.

વળી, એજ નક્ષત્ર માટે બીજી **સાખી** છે કે--

અશ્વની ગળતાં અન્નનો નાશ, રેવતી ગળતાં નવ જળ આશ,
ભરણી વરસે તૃણથી સહી, જો કૃતિકા વરસે નહિ. (તો)

ભાવાર્થ—ઉપલા નક્ષત્રની શરૂઆત ઘણું કરીને ફાગણના પાછલા પખવાડીઆથી દર વર્ષે થાય છે. સાધારણ કહેવતો અને શાસ્ત્રાનુસાર રેવતીમાં છાંટા થાય તો ચોમાસામાં જળની તાણ રહે; ભરણી વરસે તો ખડખોટ થાય; અશ્વની વરસે તો અનાજ થોડું પાકે. પણ ઉપર જો કૃતિકા નક્ષત્રના છાંટા થાય તો ઉપરના ત્રણે નક્ષત્રના ખરાબ ભાવનો નાશ કરી વરસને માટે સારૂં ફળ બતાવે છે.

હવે નિર્ણયને માટે આપણે બીજા નક્ષત્રની ગતિ તપાસીએ, એટલે ભરણી, તથા કૃતિકા વિગેરે નક્ષત્રના ભાવ વરસના પરિણામ તરીકે લોકરૂઢોમાં નીચે મુજબ બોલાય છે.

ભરણી માટે કહેવતછે કે **'જો વરસે ભરણી, તો મુકી જાય પરણી.'** તેમજ વળી બીજી કહેવત છે કે-ભરણીએ કર્યું છે ભુંડું દેવને ન કરવું હુંડું' ભાવાર્થસ-જો ભરણી વરસે તો વરસ નબળું થાય; જેથી વીવા વધાઇનો રંગ ન થાય વળી ભરણી વરસી—એટલે

મોલ માથે ફુંકું પણ ઇશ્વર થવા દેશે નહિ. આમ લોકોમાં ભરણીના વરસાદ માટે વહેમ છે. પણ તે ઉપર બધો આધાર રાખવો એ ભુલ ભરેલું છે. કારણ ભરણી ઘણી વાર વરસે છે. પણ પાછલાં નક્ષત્રોની અનુકુળતા હોય તો એ ભય રાખવાનો નથી.

કૃતિકા—કહેવત છે કે–કૃતિકા ગાજી એટલે વરસ સુગાલ થવાનો કોલ આપ્યો ગણવો; વળી લોકો કહે છે કે–જ્યાં કૃતિકા નક્ષત્રના છાંટા થાય. ત્યાં અનાજ ખળાં થઇ ચુકયાં ગણવાં. ખરેખર કૃતિકા નક્ષત્ર માટે લોક કહેવત ઘણે ભાગે ખરી પડે છે. કેમકે,—કૃતિકા નક્ષત્ર ઉનાળાના ઉતરાર્ધમાં આવે છે. માટે એ વખતે વરસાદનાં સ્થાનીક તોફાન થાય તો દેશના માંહેના ભાગમાં ભેજ વધે છે. માટે ચોમાસાની રૂતુને કૃતિકા નક્ષત્રનો વરસાદ ઉત્તમ જાણવો.

જે સાલમાં કૃતિકા નક્ષત્રમાં છાંટા કે સ્થાનીક તોફાન થતું નથી તે સાલમાં ચોમાંસાની શરૂઆતનો વરસાદ ધીમે ધીમે થાય છે અને ભોગ જોગે રોહણ પણ કોરી જાય તો શરૂઆતમાં વાયરૂ ફેંકવાનું કારણ ઉત્પન્ન થાય છે. જુઓ, સંવત ૧૯૪૮ (સન ૧૮૯૧) તથા સંવત ૧૯૫૨ (૧૮૯૫)

રોહણ:—બેસતાં ગાજે તો કહેવત છે કે—**રોયણ ગાજે તો દાંડીઆ ન વાજે.** મતલબ વરસ નબળું થવાથી સાતમ–આઠમ ઉપર ધામધુમ દાંડીઆની રમત ન થાય, વળી **કહેવત છે** કે—

બેઠી રોહણ જળ હરે, બીજે બોંતેર દી
કાંઇક કરાવે વાવણાં, કાંઇક કોથળીએ બી

ભાવાર્થ—રોહણ બેસતાં ઝબકે તો જળની ખેંચ રહે, બીજે દહાડે ઝબકે તો બોંતેર દિવસ વાયરૂ કાઢે–મતલબ કે વરસાદ પ્રથમ કરમાધરમી (ધીમે ધીમે) થાય. જેથી વાવેતરનું બી અધુરૂં રહે તે માટે ત્રીજી **કહેવત છે** કે—

રોહણુ વરસી સુંદરી, મે ગયો માળવ દેશ;
જબ આવે એશ્લેખા, તબ વરસે સઘળા દેશ

અર્થ—જો રોહણુ વરસે તો-અશ્લેખા શ્રાવણુમાં આવે ત્યારે પૃથ્વી પ્રમાણુ બધે વરસાદ થાય ત્યાર પહેલાં થાય તો કરમાઘરમી થાય. પણ ઉપરની સાખીઓ પ્રમાણે બનતું નથી. કેમકે ઘણીવાર રોહણુ ગાજે -વિજે છે. પરંતુ એટલું ખરૂ છે કે-કૃતિકા કોરી ગઇ હોય, અને રોહણુ બેસતાં કોરે આગે ઝબકે તો તો વાયરાની ધાસ્તી ખરી પડે છે.

તોપણુ રોહણુ માટે ખરી કહેવતો અને ચોમાસાનો આધાર નીચે મુજબ ગણી શકાય.

જે સાલમાં રોહણુ બધે વરસે, તે સાલમાં બધાં નક્ષત્ર થોડાં ઘણાં વરસે છે. એટલે ખરી રીતે રોહણુ વરસી તો સવા (સારા ફળને દેનાર જાણવી. કેમકે રોહણુ એ ચોમાસાના આરંભનું નક્ષત્ર છે. તેમાં ભેજ ધારનારાં તોફાન ઉત્તમ ગણવાં. કહેવત છે કેઃ—

‘ રોહણુ સુવા તો બળધીઆ મુવા.’

કારણુ-શિયાળા ઉનાળામાં એડી મુકેલી જમીનો પાંહ રોહણુ વરસવાથી બેશી જાય છે, જેથી વાવેતર માટે જમીનને ફરીને રાંપલવી પડેછે. તેથી બળદને બમણી ખેડ કરવાથી ભીંહ પડેછે. પણ જમીનનો કસ સુધરે છે. વળી દેશના માંહેના ભાગનો ભેજ વધેછે, તેથી મોસમના આવતા વહનને શરૂઆતમાં એ ભેજ ફાયદાકારક થાયછે. જુઓ, ૧૯૪૫ (૧૮૮૮) માં રોહણુ બધે રેલી હતી. જેથી ચોમાસાની શરૂઆતમાં દોઢ માસની હેલી મચી હતી. વીરમગામ, અમદાવાદ, અને પાટણુ વચ્ચે રોહણીઆ બાજરા વવાણા હતા. રોહણુનો મે મનમાનતો હોયતો આપણા દેશમાં રોહણીઆ બાજરા વવાય છે. અને જો, મે-જોગજોગે મોડો થાયતો બજેવીઆ બાજરા પણુ પાંહા વવાય છે.

૨—કહેવત છે કે—રોહણ દાઝી તો મુડે બાઝી.

અર્થ—જે સાલમાં રોહણ બેઠયા પછી બધા દિવસ અથવા પાંચ-સાત દિવસ તપીને પછી વરસે તો દાઝી-એટલે ઉત્તમ સુવા જાણવી. એટલે એક શાંતીવડે-દશ કળશી અનાજ થાય, એમ રોહણની સુવાસના વધામણી આપે છે. કહેવત છે—

રોહણ તપે, અને મૃગસર વાય;
તો આદરાએ, મેઘ અનંતા થાય.

અર્થ—કૃતિકા નક્ષત્રનો વરસાદ હોય. પણ જો રોહણ તપે (અરધ દિવસ તપે એટલે બસ) અને મૃગસરનો ગીરનારી પવન આંચકાનો ફેંકાતો હોય, તો મૃગસર ઉતરતાં કે આદ્રા બેસતાં પવન પડતાં હેલી બંધ વરસાદ થાય. એ અનુભવ સિદ્ધ જાણવું.

૪—રોહણ વાય, અને મૃગસર તપે;
તો રાજા પીડાય, અને પ્રજા ખપે.

અર્થ—રોહણમાં વાયુ વાય, મૃગશરમાં ગરમી પડે તો સખત વાયરૂં જાણવું. જેથી પ્રજા દુઃખી થાય એવાં ચિન્હ દેખાશે. પણ જો,

૫—રોહણ દાઝે ને મૃગસર તપે, આદ્રે વાયે વા,
પીયું પલાણે પોઠીઆ, જ્યાં જીવાય ત્યાં જા.

ભાવાર્થ—રોહણ કુંડાળાં થાય અને ઉપર મૃગશર તપે, (ખરે ખરતો વા, વાવો જોઇએ કે સ્થાનીક તોફાન જોઇએ.) તેમજ આદ્રાના વા ફેંકે ત્યારે ભડલી કહે છે-કે હે પીયુ, જ્યાં જીવાય ત્યાં જતા રહેવું.

૬—વળી કૃતિકા અને રોહણ જે સાલમાં ચોખાં તપે-તે સાલમાં

ચોમાસું સંચરાચાર પુનર વખમાં બેસે છે. કારણ ગરમી—વધી જ-વાથી શરૂઆતમાં પ્રથમ—પ્રથક, પ્રથક વરસાદ થાય. જુઓ, ૧૯૪૮ અને ૧૯૫૨.

૭—વળી ઘરડા લોકો પોતાની લાંબી મુદ્દતના અનુભવથી કહે છે કે—જે સાલમાં રોહણુમાં ચકીમકી થાય. તે વરસ કાળ ન થાય. ખરેજ રોહણુની ચકીમકી રોહણુ સુવા થવાનો પુરાવો—વધારે છે. મતલબ રોહણી રેળેલી સારી, કાં ટુલેલી (તપેલી) સારી, પણુ રોહણુ કુંડાળાં ભુંડાં, તેથી વરસ કરડ ભરડ થાય.

મૃગશિર્ષ—

સાખી

મૃગશર ન વાયા વાયરા, આદરા ના ઉઠયા મેહ.
જોબને ન જાયો બેટડો, ત્રણે ગાંઠયા (હાર્યા) તેહ.

અર્થઃ—મૃગશરનો ફેંકાતો પવન અને આદ્રાનો વરસાદ થાય, એ ઉત્તમ જાણુવો. તેથી ઉલટું થાય. એટલે આદ્રા એ વાવેતર માટે ધોરી નક્ષત્ર છે. આદ્રાની મુંઠને કોઇ મોલ લગતો નથી. એ તક જાયતો જેમ ઘડપણુમાં દીકરો થાય. તે જેમ કમાઇ ખવારે નહિ. તેમ કહેવત છે કે,—" અવસર ચુકયા મેહુલા વરસીને કાં કરીશ. " મતલબ કે —મૃગશરનો ફેંકાતો પવન અને આદ્રાનો મે. એ નિયમિત ચોમાસું બેઠાની નિશાની સાથ વરસ સુગાળ જાણુવું. વળી, ઉપલી કહેવત મુ-જબ મૃગશરનો ફેંકાતો પવન જોઇએ. તેને બદલે વાદળ કે વરસાદ હોય તો કેવો ભાવ ઉત્પન્ન કરે છે. તે નીચે બે સાખીઓ સંશોધનથી દાખલ કરી છે.

દો મુસા [1]દો કાતરા,[2] દો વશીઅર[3] દો વાઇ;[4]
દોકી બાંધી અગન ઝરે, [5]દો ટીડાં[6] ને દો તાઇ[7]

અર્થ:—મૃગશર નક્ષત્રનો ફેંકાતો પવન જોઇએ, છતાં—ચૌદ દિવસ કે અમુક દિવસ બગડે તો નક્ષત્ર ઝેરી ગણાય છે, જેથી પ્રથમના બે દિવસ બગડે તાં ૧ ઉંદર થાય. ત્યારપછીના બે દિવસ માટે મોલમાં ૨ મોલો—પછી અનુંક્રમે ૩ સાપ ૪ વાયરૂં ૫ અગ્નીનો ભય ૬ તીડ ૭ રોગનો ઉત્પત્તિ થયાનું કહેવાય છે. પણ ઉંડા ઉતરી જોઇએ તો મૃગશરની અનિયમિત રૂતુનો દેખાવ એ વરસના પરીણામ તરીકે લાભદાઇ ગણાય નહિ, તોપણ ઉપરની સાખીનો ભાવ મારવાડની રૂતુને લાગુ પડે તો વિશેષ હોવો જોઇએ. વળી, મુરત ચિંતામણીમાં કહ્યું છે કે,

શ્લોક

અતિવૃષ્ટિ[1] –અનાવૃષ્ટિ[2] મુખકા[3] સલભા[4] સુકા[5]
સ્વચક્રમ[6]–પરચક્રમ,[7] વા સપ્તૈ તે કૃતય સ્મરત

અર્થ:—મૃગશર નક્ષત્રના ચૌદ દિવસમાંથી પ્રથમના બે દિવસ—ધાર—વાદળાં કે વરસાદ થઇ બગડે તો ચોમાસામાં ઘણો વરસાદ થાય. પછીના બે દિવસાં બગડે તો થોડો વરસાદ થાય. પછી અનુક્રમે—૩ ઉંદર ૪ તીડ ૫ વૈયાં ૬ દેશમાં હુલડ અને ૭ પરદેશમાં લડાઇઓ જાગે.

એ રીતે મૃગશર નક્ષત્રનાં—હવા પાણીનો ભાવ કહેવાય છે. તો પણ ઇશ્વર કુદરત રૂપે મૃગશર નક્ષત્ર માટે નીચે મુજબ ચોમાસાની રૂતુનો મોટો આધાર રાખીશકાય છે

મૃગશર નક્ષત્રની રૂતુનો આરંભ, દરસાલ નિયમિત રીતે જુનની પાંચમી તારીખે થાય છે માટે ચોમાસાની શરૂઆત કેવી નીવડશે—તે આ નક્ષત્રની હવા અને ક્રિયા ઉપર ઘણો આધાર રહે છે. કેમકે—મૃગશર નક્ષત્ર બેસતાંજ હિંદી મહાસાગરમાં—સમય—વાહી મૃગશર (વ-

ર્ષા ઋતુના) પવનની નિશાનીઓ બદલાય છે. માટે જે સાલમાં મૃગશર નક્ષત્રનાં તોફાન દરિયામાં તથા દેશના માંહેના ભાગમાં ઘણાં થાય, અને પવન ફેંકાય–તે સાલમાં ચોમાસાની શરૂઆતનો વરસાદ ઘણે ભાગે સારો પડવાની વધામણી મળે છે. જેથી દેશી રૂઢીમાં મૃગશરના વાવલીઆ વાય, તે સારા કહેવાય છે. તો મૃગશર નક્ષત્રની ઋતુનું દર વર્ષે અવલોકન કરવું–મતલબ કે આ નક્ષત્રમાં હિંદી મહાસાગરના પૂર્વ કાંઠા પર સખત પવન ફુંકાતો વાવો જોઇએ.

અથવા દેશના માંહેના ભાગમાં સ્થાનીક વરસાદ સાથ વાદળાંનાં તોફાન વધારે, તેમ ચોમાસાની શરૂઆતનો પ્રવાહ જબરૂં રૂપ પકડે છે. **આર્દ્રાઃ**—આર્દ્રા ભરે ખાધરા, ખેડુતના દાડા પાધરા. વળી કહેવત છે કે **"જો વરસે આદરા, તો બારે માસ પાધરા." ભાવાર્થ:**— **આર્દ્રા**–એ ચોમાસામાં વાવેતરનું ધોરી નક્ષત્ર છે, આર્દ્રાની ભરપુર વાવણી–એ વરસની ઉત્તમ નીશાની છે. કારણુ આર્દ્રાનો વરસાદ–એ વાવણીની ઉત્તમ તક ગણાય છે. ઘણા ખેડુતો આદ્રામાં થોડો વરસાદ હોય, તો પણ થાપણીઆં વાવેતર કરી મૂકે છે. એટલે આર્દ્રાની જ્યાં પુરી વાવણી ત્યાં વરસ સુગાળ થવાની નિશાની સાથ બારે માસ પાધરા ગણાય; વળી, આર્દ્રાના ભરપૂર વરસાદ માટે કહ્યું છે,—

"ધન્ય ધાન્ય સમા ચુકતા, જદી વર્ષંતિ આર્દ્રા;
જદી આર્દ્રા ન વર્ષંતિ, તદી પુનરવસુકિંમ કરીષ્યતિ."

અર્થ:—જે સાલમાં આર્દ્રા નક્ષત્ર મન.માનતું વરસે–તે સાલમાં સાતે સરા નિપજવાનો ઉત્તમ જોગ જાણવો પણ આર્દ્રા ન વરસે, અને પુનરવસુમાં વરસાદ થાય તો આર્દ્રાની મુઠની હોણ પ્રમાણે મોલ થતા નથી, વળી, ધારો કે કોઇવાર આર્દ્રાનાં વાવણાં ન હોય તો શું સમ-

જવું ? તે માટે કહેવત છે કે–" આર્દ્રાના વાયા વા, તો જ્યાં જીવાય ત્યાં જા. " (રોહણુ વાયને મૃગશર તપેલ હોય તોજ એ ભાવ ભજવે. જુઓ-રોહણુની સાખીપાંચમી.

અર્થ:—મૃગશર નક્ષત્રમાં ફૂંકાતો પવન કે તોફાન જોઇએ, જતાં મૃગશર તપે કે રોયણુ વાય અને આર્દ્રાનો વા ફૂંકે તો ચોમાશાની શરૂઆત સારી ગણવી નહિ. માટે જે સાલ આર્દ્રાના વા વાય તે સાલમાં વરસ સમધારણુ જાણવું. કદાચ મૃગશરનો મે થાય તો ભલે–પણુ ઉપર આર્દ્રામાં ભેજ વધી વરસાદ થાય તો મૃગશરના પાણીને આર્દ્રાનો વરસાદ વાવેતરની હોણમાં ઉત્તમ ફાયદો કરે છે. માટે આર્દ્રાનો પવન ફુંકે તે વાયરાની નિશાની જાણવી. કહેવત છે કે–આર્દ્રા કરે ઉલામણુ તો માસે આવે મેહ. કોઇ કહેશે કે આર્દ્રાનો વા કયારે ફુંકે ? જે સાલમા કૃતિકા અને રોહણુ નક્ષત્ર કોરાં જાય–તે સાલમાં ઘણું કરી–ઘણે ભાગે આર્દ્રામાં વાયરૂ ફૂંકે છે. જુઓ, ૧૯૧૭. ૧૯૪૮, ૧૯૫૩, વગેરે, વળી જુનમાં મૃગશર નક્ષત્રનું ખારી વહન બે–ચાર દિવસ જે સાલમાં આવે ત્યારે ઘણે ભાગે આર્દ્રામાં વા ફૂંકે છે. (તા. ૧૦ મી જુન પછી જો ખારીવહન આવ્યું હોય તો અવસ્ય આર્દ્રા કોરૂં જાય. જુઓ, સંવત-૧૯૪૬, ૪૯, ૫૨, ૫૪, ૫૫, ૫૭, ૫૮, ની સાલોમાં તેમ થયું હતું. પણુ એ બધી સાલો ઉત્તમ નીવડી હતી.

પુનરબવ:—કહેવત છે કે—પુનરવસુનો વરસાદ પશ્ચિમ ધરામાં થવો જોઇએ. એમ જડુશાનો કોલ છે. સંવત ૧૫૧૩ થી ૧૫ સુધી એટલે ત્રણુ વરસ હિંદુસ્તાનમાં મોટા દુકાળ વખતે અનાજનો મોટો સંગ્રહ કરી, આ વણિક–ધનાઢય શાહુકારે–પરોપકાર્થે લાખો માણસના જીવ બચાવ્યા હતા. જે ઉપરથી કોઇ માહાત્મા તેના ઉપર પસંદ થઇ વરદાન આપ્યું કે—માગ, માગ. ત્યારે નાશવંત દેહનો સ્વાર્થ ન સાધતાં

પોતે *સૌરાષ્ટ્રના કલ્યાણ માટે માગ્યું કે, પશ્ચિમ ધરામાં કાળ નહિ. અને પુનરવસુમાં વરસાદ તો થવો જોઇએ-જેથી આજે મૃગશર અને આર્દ્રાનું વાયરૂં હોયતો પુનરવસુનો વરસાદ ઘણે ભાગે થાય છે, પણ આપણે વિચારીએતો માલમ પડશેકે-જગડુશાનો કોલ હોય કે ન હોય, પણ પુનરવસુ ઘણું કરી હમેશાં અશાડ વદ (જુલાઇ શરૂઆત) માં આવે છે. અને અશાડ માસ-એ ચોમાસામાં ધોરી માસ છે. એટલે આર્દ્રાનું વાયરૂં હોય અને બીજાં-હવા પાણીનાં કુદરતી કારણો અવરોધ ન કરતાં હોય તો -પછી આ નક્ષત્રમાં કુદરતી ક્રિયાથી વહન ઉઠી વરસાદ થવા સંભવ છે: વળી સૌરાષ્ટ્ર દેશ ભુતળ રચનામાં એવો ઉત્તમ ગોઠવાએલો છે કે દોરો કાળ પડયો નથી. તેમ પડશે પણ નહિ. જુઓ સંવત ૧૯૪૮, ૫૨, ૫૪, અને ૫૫ માં પાછલા નક્ષત્રની ગરમી વધી જવાથી. પુનરવસુમાં વરસાદ થયો હતો. પણ આર્દ્રા નક્ષત્રનો વરસાદ ભરપૂર હોય તો પુનરવસુના વરસાદ માટે જોવા પણું રહેતું નથી વળી પુનરવસુ-એ નક્ષત્રની હવા દેશની રૂઢીમાં ઝેરી ગણાય છે. જેથી પુનરવસુના વરસાદથી વાવેતરની તથા ખડની હોણ ઉત્તમ નીવડતી નથી. માટે પુનરવસુ ઉપર પુષ્પનો વરસાદ થાય તો-વાવેતર તથા ખડની હોણને ફાયદો કરે છે.

વાયરાને લીધે મોડી વાવણી થાય ત્યારે પુનરવસુના વાવેતર કરતાં

પખ:—કહેવત છે કે—**“ પખનાં પાણી અમૃત વાણી. ”** અર્થ-પુષ્પ નક્ષત્રની હવા-અમૃત સરખી હોવાથી. તેના વરસાદથી મોલ તથા ખડનો ઓધો વળી જાય છે. ગુજરાતમાં કોઈ વાર (પ્રથમના

---

*રાજકોટમાં આજી નદીને પૂર્વકાંઠે-નવી પાંજરાપોળની નજીક જગડુશાનો કોઠો છે. એમ જુનું સ્થાન જણાય છે,

પુષ્પ નક્ષત્રના વાવેતર ઉત્તમ ગણાય છે. કહેવત છે. કે—આર્દ્રાના ભારો અને પખનો પાથરો"—મતલબ કે—આર્દ્રાના વાવેલ મોલના ભારા કરતાં પખના વાવેલા મોલના પાથરામાંથી દાણા-વધારે નિકળે છે પણ એવી પખની ઉગમણુ અને હોણુ છે. એમ તકે વરસાદ હોયતો પખના પાંહા મોલ કણુમાં વધારો બતાવે છે.

હવે ઉપલાં બે નક્ષત્રનો કેવો સંબંધ છે તે વિચારીએ. કહેવત છે કે '**વખ પખ બે ભાઇલાં.**,

વરસાં તો વરસાં, ને વાયલાં તો વાયલાં

અર્થ—જ્યારે પુનરવસુનો વરસાદ થાય છે એટલે હેલી જામી હોય છે ત્યારે ઘણું કરી પખમાં પણ હેલી હોય છે પણ જો આર્દ્રામાં વરસાદ થયો હોય તો પુનરવસુ ઉઘાડ હોય છે અને તે વખત પખમાં પણ ઘણું કરી ઉઘાડજ રહે છે. મતલબ કે આ બેઉ નક્ષત્રો વાદીલાં છે. જો એક વરસે તો બીજું વરસે અને એક વા ફેંકે તો બીજું પણ વા ફેંકે છે. આ-પણ એક ઇશ્વરી કુદરતની બલીહારી જણાય છે. કેમકે આકાશનાં નક્ષત્રો સાથે હવા-પાણીનો કંઇક નિકટ સંબંધ-આથી વિશેષ પુરવાર થાય છે (પણ જુનના બીજા પખવાડીઆમાં જો વેપારી વહન (ખારી પવનનું) મોડું આવ્યું હોય તો—ત્યાર પછી વરસાદ લગભગ ૧ માસે થવાનો નિયમ હોવાથી વખ-પખનો વાદ કોઇવાર મળતો નથી.)

અશ્લેખાઃ—'ચગી તો ચગી ને ફગી તો ફગી' અર્થ

વખ અને પખ માટે લોકો કહે છે કે-જો, અશ્લેખા ચગી એટલે વરસી તો બધા દહાડા વરસે. પણ જો ફગી-એટલે ઉઘાડ આપી, પવન ફેંકે તો ઉઘાડ થાય છે. કદાચ અધવચ જતાં ઝાપટાં નાખે તો ભલે. ઘણી વાર રોહણુ બેસતાં ઝબંક ત્યારે ૭૨ દિવસનું વાયરૂ લગભગ કાઢે છે.

ત્યારે વરસાદ અશ્લેખામાં આવે છે. વળી અશ્લેખા નક્ષત્રનો વરસાદ ભારે ગર્ભ ધરાવે છે. જેથી કહેવત છે કે—"મૃગશરનો ઓવાળ અશ્લેખ તાણે" અશ્લેખાના ગર્ભ માટે લોકો કહે છે કે—તે ગાગરમાં પણ સંતાડી રહી ન હતી એવા તેના વરસાદના બુંદનું જોર છે. વળી—સખત વાયરા પછી અશ્લેખાનું વાવેતર મોડું થવાથી અનાજ મન માનતું પાકતું નથી ત્યારે લોકો કહે છે કે—

"વરસે અશ્લેખ, તો ઘઉં મશલેક"

વળી કહેવત છે કે જો વરસે અશ્લેસા, તો ઘઉંની ખેતી મ-શળીઆ.

ખરેજ—સંવત ૧૯૫૭ અને ૧૯૫૮ માં ચોમાસાનું ખરૂં રૂપ અશ્લેખામાં કે તે ઉતરતાં પ્રગટ થયું હતું જેથી તે બેઉ સાલ ઘઉં વગેરે પાછતર પાક સારો હતો.

અશ્લેખાઃ—એ ઝેરી નક્ષત્ર છે. તેના જળથી મોલમાં મોલો અને બીજાં જીવજંતુની ઉત્પત્તિ થાય છે. પણ કહેવત છે. કે—અશ્લેસા બાળે તો મઘા વારે. મતલબ અજલેસાના વરશાદથી કપાસ બગડે તો મઘાનો મે સુધરે.

અશ્લેખાનો મનમાનતો વરસાદ—એ ભાલમાં કે ચાસીયા ઘઉંના વાવેતરના મૂલકમાં કંસારનાં આંધણ (ખુશાલી) ગણાય છેઃ—કેમકે અશ્લેખાનો વરસાદ ચોમાસાના મધ્ય ગાળે આવે છે જેથી જમીનનો એ તરે બહુ ટકે છે. (જમીન—ઓરસ મુકવાનો અને શ્રવણીઓ ફુટવાનો અહીંથી આરંભ થાય છે,)

મઘાઃ—કહેવત છે કે—" **જો વરસે મઘા, તો કરે ધાન્યના ઢગા.**" **અર્થઃ**—આ વખતે ઘણે ભાગે મોલ ઢુંઢીને તૈયાર થયા હોય

છે. જેથી તે ઉપર વરસાદ થાય તો—મોલ થોડાં થોડાં થતાં અનાજનો પાક જબરો થવાની અગમચેતી આપે છે. બાદ મઘાના વરસાદથી માખીનો વધારો દીઠામાં આવે છે મઘાના વાવેતર માટે કહેવત છે કે —" મઘામાં વાવે ભલ, તો પૂર્વામાં વાવે તલ " પૂર્વબીઆ તલને ભલ વાવવાનું મઘા નક્ષત્રનાં હવાપાણી ઉત્તમ જણાય છે. મઘાનક્ષત્રનાં હવા પાણી મીઠાં છે.

પુર્વા:—આ નક્ષત્રની આસપાસ પૂર્વિઆ તલ વવાય છે. કેમ કે ઘણે ભાગે આકાશ સ્વચ્છ હોય છે એ તલના વાવેતરને અનુકુળ થાય. આ નક્ષત્રની આસપાસમાં ગરમી અને વાયુચક્રનું ફરવું થાય છે આ વખતે ખારી (અગ્નિની) પવનની લહેરો આવે તે ઉત્તમ જાણવી મેઘરવો પણ નક્ષત્રના આરંભથી દેખાવ આપે તો વરસાદનું જોર વધવાની નિશાની જણાય છે. એ નક્ષત્રનાં હવા પાણી ઝેરી ગણાય છે જેથી કેટલાંક જીવ જંતુનો વધારો થાય છે. જેથી કહેવત છે કે—**"જો વરસે પુર્વા તો કણબી બેસે ઝુરવા."** ગયો મે પૂર્વા પાછો લાવે" એટલે વાવેતર પછી કોઇવાર સખત વાયરૂ વાય છે. ત્યારે પૂર્વા નક્ષત્રમાં ગર્ભ ઉભો થઇ—દેશના વિસ્તરવાળા ભાગમાં વરસાદ વહન રૂપે આવી પહોંચેછે. જુઓ, સંવત ૧૯૪૮ અને સંવત ૧૯૬૧–૬૮ નાં ગયાં વરસ પૂર્વાના મે એ વાળ્યાં હતાં.

ઓતરા:—૧ કહેવત છે કે-ઓતરાની વાદળી દખણના જાય તો વરસ્યા વિના વહાણું ન વાય, તેમજ ૨. જો વરસે ઓતર તો પાકે ગોતર. મતલબ કે. વળી કહેવત છે. કે—**"જો વરસે ઉતરા, તો ધાન્ય ન ખાય કુતરા: અર્થ**:—આ વખતે મોલ ગાબે ડોડે આવ્યા હોય છે ને ઘણે ભાગે નીંઘલ્યા પણ હોય છે. તેમાં વરસાદ થાય તો સાતે સરાને માટે

સિંધ નિપજ્યો ગણવો. અને અનાજનો વધારો એટલો થાય કે હં-મેશનાં ઓશીયાળાં કુતરાં પણ ન ખાય

આ નક્ષત્ર મીઠું છે. મોલ તથા પાછતર ખડ–કાળીઉં, સમેરવો ધ્રઉલું, લાંપડું વગેરે હોણુ વધે છે.

જે સાલમાં મૃગશર નક્ષત્રમાં ખારી (અગ્ની)—વેપાર વાયુનું વહન બે કે ચાર દિવસ ગુજરાત કાઠિઆવાડ માથે પસાર પામે તે સાલમાં–ઓતરા–હાથીઓનો વરસાદ એજ વહનથી ચોકસ થાય છે. જુઓ–સંવત ૧૯૩૧, ૩૨, ૩૬, ૩૭, ૪૧, ૪૬, ૪૯, ૫૪, ૫૫, ૫૯, ૬૦, ૬૨, ૬૩, ૬૫, ૬૬ અને ૬૭ માં એ પ્રમાણે નિયમિતપણું મેં દર્શનીક અવલોકનથી પુરવાર કરેલ છે.

હાથીઓ:—કહેવત છે કે, હાથીઓ ધડુકયો, એટલે આવતા વરસ માટે કાલ ગણવો. અને હાથીએ વરસાનીદ સુંઢ ફેરવી એટલે દાઢ માત્ર નરમ પડે છે. માખી મચ્છર વગેરે જીવજંત નાશ પામવા માંડે છે. મતલબ કે આ વખતે હવામાં ફેરફાર થવાથી વળી ચોમાસુ ખલાસ થતાં—કોરાકુ પડતાં જીવજંત નાશ પામે છે. આ વખતે કરોળીઆ ઠારોઠાર નવી જાળો બાંધી જીવજંતનો શિકાર કરવા માંડે છે. બાદ બંગાળા ઉપસાગર તરફનું ખારી વહન ઘણું કરીને આ નક્ષત્રમાં આવી પહોંચે છે. હાથીઓ વરસ્યો તે સાલમાં આગતર પાછતર સાતે સરા પાકે. કહેવત છે કે—**જો વરસે હાથીઓ તો મોતીએ પુરાય સાથીઓ ”** વળી **“જો વરસે હસ્ત, તો પાકે અઢારે વસ્ત.”** એટલે જે સાલમાં હાથીઓ વરસે તે સાલમાં અનાજનો પાક મોતીના સાથીઆ માફક અનાજ અનાજ કણસલામાં જામી પડે છે. તેમાં વિશેષે જાર કઠોરની નીપજ બહુ જબરી થાય છે.

જે સાલમાં મૃગશરનાં ખારી વહન નિયમિત બે કે ચાર દિવસ હોય તે સાલમાં–હાથીઆમાં પણ તે વહનને વરસાદ આવી પહોં-ચવા વધામણી જાણવી. જુઓ ચૈત્રી વર્ષ ૧૯૩૧, ૩૨, ૩૬, ૩૭, ૪૧,

૪૬, ૪૯, ૫૧, ૫૪' ૫૫, ૫૯, ૬૦, ૬૨, ૬૩, ૬૬, ૬૭, માં એ પ્રમાણે નિયમિત વહનથી ભારે વરસાદ મનમાનતો પડવાથી જાર કઠોર નિપજ થવા સાથ સાતે સરા પાકી હતી.


ઘેલી ચિત્રાઃ—ઘેલીચિત્રાનો તડકો ઉત્તમ જાણવો. કેમકે પાકને પકવવામાં ફાયદો થાય છે. તોપણ છેલું વહન (ખારી વહન) કોઇ વાર મોડું આવવાથી દીવાળીના માવઠા રૂપે વરસાદ થાય છે. લોકો કહે છે કે–ઘેલી ચિત્રાએ નવસો નવાણું નદીઓ પ્રથમ પાડી હતી. માટે ચિત્રાનો વરસાદ પાછતર પાક તથા વાવેતરને ફાયદો કરે છે અને કોઇ વાર આગતર પાક બાજરાને કાદવીઆ પણ કરે છે. સંવત ૧૯૫૨ નું માવઠું ઘેલી ચિત્રાનુંજ હતું. ઘેલી ચિત્રાનો વરસાદ એવો જોરાવર ગર્ભ વાળો છે કે,—"**જો વરસે ચિત, તો ભાંજે ભિંત**" વળી ઘેલીચિત્રા વખતે સૂર્ય ઉત્તરાયણમાંથી દક્ષિણાયણ તરફ જતાં આપણા માથા ઉપર નિર્મળ ગરમીથી તપે છે. તેમાં વહનનો ગર્ભ આવી પહોંચે તો કહેવત છે કે—"**ઘેલી ચિત્રા જો કરે ખેલ, કાળે ઉનાળે આણે રેલ.**" તે વાસ્તવિક ખરૂં છે. **સ્વાંતઃ**—કહેવત છે કે "**જો વરસે સ્વાંત, તો નવાગે તાંત. અર્થ**—દીવાળી કે દીવાળી પછી આ નક્ષત્ર આવે છે. જેથી વરસાદ થાય તો કપાસનાં ચાપવાં ઘણે ભાગે ખરી પડે છે. ધાર ન હોય, તેમ ચાપવાં બેઠાં ન હોય અથવા વરસાદની ખેંચ રહી ગઇ હોય ને વરસાદ થાય તો કપાસના ફાલને તેમજ પાછતર પાકને લાભ કરે છે. જુઓ, ૧૯૪૫, ૪૭, ૫૦, ૫૩, વગેરેમાં સ્વાંતનો વરસાદ થયો હતો. સ્વાંતના જળથી કેળમાં બરાસ કપુર, અને વાંસમાં–વાંસકપૂર જામે છે. સરપ, કાંકીડાના મોંઢામાં ઝેર વધે છે. અને જે છીપોમાં મોતી જામે છે. તેમાં સ્વાંતિના જળના છાંટા પડે તો માછલીના પેટમાં મોતી માટે જે રસી જેવો પદાર્થ થાય છે. તેને ગુણકારી થાય છે. વળી નક્ષત્ર બદલાય ત્યારે હવા પાણી કેવાં તે નક્ષત્રનાં આવશે તે માટે મુરત ગણપતિમાં નીચે પ્રમાણે કહ્યું છે

श्लोक–सूर्ये सूर्ये, भवेत वायु; चंद्र चंद्रेच, शीतळम् ॥
सूर्य चंद्र, प्रसंगेन वृष्टि, वृष्टिर्भ भवाति नितम् ॥१॥

અર્થ–જે દિવસે નક્ષત્ર બદલાય. તેજ દિવસ જે નક્ષત્ર બેસે. તે સાથે દનીયું નક્ષત્ર બેસતું હોય તે બેઉ સૂર્યનાં હોય તો વાયુનું જોર તે સાલમાં વધે. બેઉ ચંદ્રનાં હોય તો ટાઢોડું. અને સૂર્ય–ચંદ્ર હોય તો વરસાદ સારો વરસે તે નક્કી જાણવું.

देशी वायुचक्रनी कुदरती गतियोना वर्त्तारा.

(દેશી રૂઢીમાં ત્રણે રૂતુના પવનની ચોમાસા માટે અનુકુળતા.)



દેશી વાયુચક્રની જાત:-શિયાળુ, ચોખોભુર, સુર્યો, પશ્ચિ, ગિરનારી, તેલી, ખારી, ભુર, ભાંભળી, પાકને બગાડનાર વગેરે. એ પવનનો દેશી રૂઢીઓમાં કુદરતરૂપે ચોમાસા માટે કેવો ચમત્કાર બતાવે છે. તે ખાસ અવલોકન મુજબ **મહાભારત શોધ તરીકે** અને ઇંદ્રનાં મુખ્ય વાજાં તરીકે અત્રે ફોડવાર નોંધ લેવામાં આવી છે.

શિયાળુ:—અને હિમાળુ કે ચોખો ભુખરવા-(જમીન તરફથી આવતો પવન કહે છે) તે ઉત્તર અને ઇશાનમાંથી વાતો દેખાય છે. આ પવન માણસને નરવો છે. અને શિયાળામાં પાછતર પાકને ઉત્તમ ફાયદો કરે છે. આસો માસમાં શિયાળુ વહેલો વળેતો કહોળના પાકને ફાયદો કરે છે. ઉત્તરમાં હિમાલય અને વાવ્યખુણમાં આવેલા કાશ્મીરના પાહાડો વગેરેમાં શીયાળાની રૂતુમાં પાણીનું બરફ જામે છે. તેમજ બરફ વરસે છે. જેથી તેની ઠંડીનાં પ્રવાહ-બરફના પ્રમાણમાં પવનની ગતિ મુજબ આપણા દેશમાં ફેલાય છે. જેમ ઠંડીના પ્રવાહ સમધારણ. તેમ માણસ અને પાકને ફાયદો છે. પણ જો ઠંડીના પ્રવાહ હિમના રૂપમાં દાખલ થાય તો હિમની ટાઢી ગરમી ઘણીવાર કપાસ, ઘઉં વગેરે પાકને નુકશાન કરે છે.

વળી શિયાળો બહુ ઠંડો અને લાંબો હોય; પણ જો ઉનાળામાં ચૈત્ર વૈશાખની ગરમી ઉત્તમ નીવડે તો ગરમીના રૂડા સંજોગથી ચોમાસું ઘણે ભાગે લાભદાઈ નીવડે છે. જુઓ સને ૧૮૭૮, ૮૬, ૯૪ વિગેરે.

મુખ્ય ચોમાસામાં ઉત્તરનો પવન વાય, ત્યારે વરસાદ થવાનો ઉત્તમ સંજોગ થાય છે. કહેવત છે કે—

" ઉત્તરનો મે ચડે નહિ, ચડે તો ભરે;
ભાદરવે ભેંશ પુંછસે નહિ, પુંછસે તો મરે.

ભાવાર્થ:—ઉત્તરનો વરસાદ ચોમાસામાં ચડે તો-ચારે દિશાએ જળાકાર કરે એટલો વરસાદ થાય. એવું એ જબરૂં ચિન્હ છે. (એલી શ્રવાનાં ચિન્હ જુઓ.)

કોઇ કહેશે કે શિયાળો ઠંડો—ઉત્તરનો પવન છતાં, વરસાદ કેમ નહિ ? તેનું કારણ એ કે ચોમાસામાં મોસમનાં વાદળાં વરસી ખાલી થાય છે. અને આ પવન વરાળ વિનાનો ભુખરવા છે. માટે શિયાળાની રતમાં-કરત થાય, અને પવનની ગતિ ફરે તોજ માવઠારૂપે વરસાદ થાય.

સૂર્યો:—(વાવ્યખુણનો પવન) આ પવન ચોમાસાની રૂતુને ઘણે ભાગે અનુકુળ થાય છે. કારણ ચોમાસામાં સૂર્યો પવન સામે સામો ભીતર (ઉપર) નો કહ-ખારી પવન-(અગ્નિ) નો છે. જેથી સૂર્યો પવન હોય તો ધાબારૂપે-ચીનાઇ કે બંગાળાના સમુદ્રમાંથી કહ-(વરાળ) ચડે છે. અને સામો નીચેનો કહ સૂર્યો પવનને લીધે અરબી સમુદ્ર સિંધ અને કચ્છ તરફનો ઉન્ની મિશ્ર વરાળ કે વાદળાં લાવે છે. જેથી પુરતો ભેજ હોય તો સૂર્યો પવનથી વહન ઉઠે છે. અને ભેજ થોડો હોય તો ધીમે ધીમે વરસાદ થાય છે. પણ ખાલી ન જાય. કહેવત છે કે-" **વા વાયો સૂરિયો, દરીદ્ધા હળાયો કેમ પુરિયો** " અર્થ-ચોમાસામાં સૂર્યો વા વાતો હોય તો હળાએ પુરો ખેડવા દીધા પહેલાં વરસાદ આવે. ખરેખર તો ત્રણ ઘડી કે ત્રણ દિવસમાં આવી પહોંચે છે, વળી કહેવત છે કે-" **વા વાય સળી, તો ભતવારી પાછી કેમ ન વળી,** " મતલબ કે ચોમાસામાં ઉત્તરનાં વાદળાં વીઆળ કરતાં હોય તો ભતવારી ખેતર જઇ પાછી કોરી ન આવે. એવું ઉત્તરના પવનનું વરદાન છે.

ચોમાસાની શરૂઆત અને મધ્યમાં એટલે અશાડ અને શ્રાવણમાં

સૂર્યા પવનનું જોર, એ ચોમાસાની ૠતુને વધામણું ગણવી. શિયાળા ઉનાળામાં ઘણું કરી સૂર્યા પવનથી વરસાદ થતો નથી. પણ હવાના ફેરફાર અને કુદરતી ગતિને આધારે સૂર્યો નામ ફરી ઝાકળી પવનને નામે ઓળખાય છે. ઝાકળીથી કેવા ફાયદા થાય છે. તે પ્ર૦ ૮ માં વાંચો.

હુતાશણી, અખાત્રીજ અને અશાડી પુનમની ગતિ–સુર્યા પવનની હોય. તે ચોમાસાની ૠતુ માટે લાભદાઇ સંજોગ જાણવો.

પશ્ચિ:—આ પવન ઘણું કરી ઉનાળાની શરૂઆતથી શરૂ થાય છે. તોપણ શિયાળામાં પોષ, માહા માસમાં કોઇ વાર પશ્ચિમની ધુંસર એટલે કોળાયમાન–(ધુમસ કે દરિયાઇ ઝાકળી વાદળાં) આવે છે. ઘરડા લોકો કહે છે કે–કોળામણ વહેલી–તે–ચોમાસાને લાભદાઇ ચિન્હ ગણાય. કારણ વહેલી કોળામણ એ–ઉનાળો નિયમિત બેસવાનાં ચિન્હ જાણવાં. અને ઉનાળો નિયમિત–તે ચોમાસા માટે ઘણેભાગે અનુકુળતા ગણી શકાય.

પશ્ચિ—વાનો વૈશાખનો કોળાંભ જે સાલમાં બહુ આવે, તે સા-સાલમાં ધાર્યા ઉપરાંત વરસાદ થાય. કારણ આકાશમાં ભેજ વધવાથી ચોમાસાની શરૂઆતના વહનને ખશી આવવાને આધાર બંધાય છે. જુઓ, સં. ૧૯૫૧ (૧૮૯૪). વગેરે.

શિયાળા–ઉનાળામાં પશ્ચિમ વાની ધુંસરથી રૂ, માં ઘણું કરી તેજી આવે છે. કારણ રૂ, નાં જીંડવાં પાકયા પછી પોહાદાર થાય છે. વળી રૂ, માં ચિકાશનો ગુણ વધે છે. ચોમાસામાં જખરૂં વહન ઉઠે ત્યારે આ પવન સહાયકારી થાય છે. કહેવત છે કે,–

ઉત્તર ભરે નિરંતર, પશ્ચિમ રેલા રેલ;
પુર્વ ખાડ ખાબોચીયાં, દક્ષિણ ટીપાં તેર.

વળી શ્રાવણમાં ઝાપટાં (શ્રવડાં) નાખતો વરસાદ પશ્ચિમ વાથી પણ થાય છે. હુતાશણી, અખાત્રીજને દહાડે આ પવન ઉત્તમ જાણવો.

ગીરનારી:—(નૈરૂત્ય) એને બીજી રીતે લોક રૂઢીમાં હાંડી ફોડ-કે કરકીઓ કહે છે. અને ભુતળની કુદરત રચનાને આધારે અને સમયવાહી અથવા મોસમનો (અંગ્રેજીમાં—મનસૂન) પવન પણ કહે છે. આ પવન ઉનાળાની શરૂઆતથી વાય છે. કાઠિયાવાડ-ના પૂર્વ—ઈશાન ભાગમાં ગીરનાર તરફથી આવતો પવન ગીરનારી કહેવાય છે. આ પ-વન ગુજરાત—કાઠિયાવાડમાં જુદે જુદે સ્થળે જુદા જુદા નામથી ઓળ-ખાય છે. જામનગર તરફ જામશાઈ, ભાવનગર તરફ ગીરી, મારવાડ તરફ કચ્છી અને કોઇ સ્થળે દરિયાઈ વગેરે નામથી નૈરૂત્ય પવન ઓ-ળખાય છે.

મોસમનો પવન:—(ગીરનારી—નૈરૂત્ય) આ પવન ઉનાળામાં અને ચોમાસાની મોસમમાં વાય છે.

આ પવન ચોમાસાની શરૂઆતનું વહન હિંદી મહાસાગરમાંથી લાવે છે. માટે ચોમાસાના મુખમાં આ પવન આંચકાનો વાય તેમ પવન પડવા સાથજ હિંદી મહાસાગરનું મોટું વહન લાવે છે. મોટામાં મોટી હેલી કે ઝડીબંધ વરસાદ થવાનો હોય, ત્યારે આ પવન મુખ્ય સાહા-યકારી થાય છે. ગીરનારી પવન વિના મોટી ઝડી કે હેલી થાય નહિ. (ભેજ જોઇએ) જુઓ, સંવત ૧૯૦૭ માં બુડ અને ભારે ઝડી થઇ હતી. તે આપણા ગીરનારી (સમયવાહી) પવનનોજ ઝપાટો હતો. સંવત ૧૯૩૫ અને સંવત ૧૯૫૧ની મોટી હેલીઓ વખતે આ પવન વધારે અનુકુળ હતો. તે માટે કહેવત છે કે—" **ગીરનારી કહે હું એવો લાવું કે' ડુંગર માંથે ડોબાં પાઉં.**" પણ ચોમાસાની શરૂ-આતમાં ગરમી વધી જાય તો, આ પવનથી વાયરૂ વાય છે. ત્યારે લોકો

કહે છે કે–ગીરનારી એટલે હાંડી ફોડ કે કરકીઓ. (ઢોરને દુઃખ દેનારો આ ફેંકે છે. ત્યારે લોકો કહે છે કે–

" વા વાયા ગીરનારી, તો દુનિયાં થઇ મરનારી. "

ગીરનારી પવનથી વહન શિવાયનો વરસાદ કમ પડે છે. વળી જ્યારે ખારી કે સૂર્યા પવનનું વહન ઉઠયું હોય, ત્યાર પછી ગીરનારી પવન થતાં વરસાદ ખલાસ થઇ જાય છે. કારણ ગીરનારી પવન સામે ઇશાની પવનનું ભીતરનું ધાબું ચડવાને પુરતાં કારણ હોતાં નથી.

ભાદરવામાં વદસાદનું કેવું જોર છે. તે આ પવનથી મેધરવો ખબર આપે છે. જ્યાં સુધી મેધરવો આવે, ત્યાં સુધી ચોમાસું ખલાસ ગણવું નહિ.

તેલીઃ—(દક્ષિણનો) **જો વાય તેલી, તો વરસાદને મુકે ઠેલી.** એટલે દક્ષિણ દિશાનો શુદ્ધ પવન એ આપણા પ્રાંત ખાતે વરસાદને ઠેલી મુકનાર છે. કેમકે શુદ્ધ દક્ષિણ તરફથી દરિઆની વરાળ કે વાદળાં આવે છે. તેને ઉત્તરનો ભીતર–પવન–કચ્છ મારવાડના રણનો ઘણેભાગે ઉનો આવતો હોવો જોઇએ. તે વાદળાંને વીખેરી નાખે છે. પણ જો બહુ ભેજ હોયતો સાધારણ રૂપમાં વરસાદ થાય છે દક્ષિણનો વાયુ ગુજરાત—કાઠીયાવાડમાં ચોમાસા માટે નબળો છે. કહેવત છે કે—

ઉત્તર ભરે નિરંતર, કચ્છી પાડે છેર;
પુર્વ ખાડ ખાબોચીયાં, દક્ષિણ ટીપાં તેર.

ભાવાર્થઃ—દક્ષિણનો પવન મે લાવે તે જે કરે નહિ, પણ સૂર્યો કે તેલી વા, વાયો એટલે માસ–સવા માસે પાછો વહન રૂપે વરસાદ લાવે છે. એમ તે પવન વધામણી આપે છે.

ખારી:—(અગ્નિ) એને ભુતળની કુદરત પ્રમાણે * વેપાર વાયુ કહે છે. આ પવન બારે માસમાં જ્યારે, જ્યારે વાય ત્યારે વાદળાં કે વરસાદ કરે છે. કારણ ખારી પવનને લીધે બંગાળા તથા ચીનાઇ સમુદ્રની વરાળ આવતાં–ઘાટ વગેરે ડુંગર, ઝાડી અને દરિયાની ઠંડી લહેરોથી વાદળાં બની વરસાદ રૂપે આ તરફ આવે છે. જો, આપણા પ્રાંત ખાતે ઘણી ગરમી અને વાયુ જોરમાં હોય તો વરસાદ ન થતાં વાદળાં રૂપે પલાયન થાય છે.

ચોમાસાની શરૂ આતમાં ખારી (અગ્નિ) પવન વાયતો–ઘણે ભાગે આપણા પ્રાંતમાં શરૂઆતનો વરસાદ અહીં કરમાધરમી થાય (પણ બંગાળા, દક્ષિણ હિંદ આસામ, બ્રહ્મદેશ, મધ્ય પ્રાંત ને ઉત્તરહિંદમાં વરસાદની શરૂઆત આ પવનથી વધી જાય છે) અને ગુજરાત—કાઠિયાવાડને તેની આસપાસના પ્રાંતો ખાતે મન માનતો વરસાદ થવાને લગભગ–માસ સવા માસની ઢીલ કરાવે છે. કારણ ચોમાસાની શરૂ-આતમાં વેપાર વાયુનું જોર વધવાથી પશ્ચિમ હિંદીમહાસાગરની વરાળને પાછી ધકેલી મોસમના આવતા વહનને ઢીલ કરાવે છે. વળી ભાદરવે મહિને ખારી પવનનું જોર થાય તે પણ ઉત્તમ ગણાય.

ખારી પવનનું જોર અહીં નિયમિત આવવા ઉપરાંત તેનું વધારે જોર બંગાળા, આસામ, વાવ્ય પ્રાંત અને પંજાબને વધારે અનુકૂળ છે. તે વહનમાં જુઓ.

ભુર: (પૂર્વનો) જે, ચોમાસું ખલાસ થયાના ખબર આપનાર અને શિઆળુ બેસવાની પડઘમ સૂચવે છે. ભૂર માટે લોકો, કહે છે કે

---

* પશ્ચિમ તરફની મુસાફરીમાં વેપારી વહાણને મદદ થઈ પડે છે. માટે તેનેપારવાયુ કહેવાય છે.

–તે એક વરસાદ તો ભાદરવા આસોમાં છેવટ લાવે છે. ભુરનો મે આપણા દેશ માટે છેવટ દરવર્ષે ઉશીતો ગણવો. ભુરનો વરસાદ થોડા ઘણા રૂપમાં થયા બાદ ચોખો ભુર (શિયાળુ) ફેંકવા માંડે છે. માટે જ્યાં લગી ભુર નથી વળ્યો નથી ત્યાં સુધી વરસાદનું જોર ગણવું.

ભુરના આંચકા:––ખારી (વેપાર વાયુ) નું જોર ન હોય તો ભુરના આંચકા એટલે લેરાં આવે છે. તે સાથે છુટાં છવાયાં–વાદળાં આવે છે. અને ઝાપટાં પડે છે. (આ વખતે દક્ષિણહિંદમાં તેમાં મુખ્યત્વે મદ્રાસ ઇલાકામાં ફરી ચોમાસુ મંડાય છે) કદાચ ભુરનો મે ન આવે તો રતતાં–કરત વર્ત્તાય અને આપણા કુદરતનાં સાહેબે બક્ષેલો–ઉશીતો વરસાદ દીવાળી ઉપર કે પછી માવઠા રૂપે આવી પહોંચે છે. જુઓ માવઠાં થવાનું વર્ણન.

જે સાલમાં ચોમાસું નિયમિત અને સારૂં નીવડયું હોય તે સાલમાં છેલ્લો ભુર વળે છે. ત્યારે વરસાદ થતો નથી. કારણ વરાળ ખલાસ થઇ હોય છે.

ભાંભળી:—ચારે દિશા એને ચારે ખુણા વચ્ચેનો પવન એટલે સૂર્યા અને પશ્ચિમ વચ્ચેનો (દિશા અને ખુણ મૂકીને) વાવાવાળો. આ પવનથી તાવ, શીળી, અછબડા વગેરે રોગોની ઉત્પત્તિના વાયરા જણાય છે.

પાકને બગાડનાર પવન:—વાવેતર થયા બાદ વાદળાનું ખોટું ધાબું રહે. અનિયમિત પવન વાય, અને ખોટો ધાર થાયતો કુતરા, મોલો, તલનાં માથાં બંધાવાં વગેરે કુદરતી ચિન્હ જણાય છે.

શરદી પવન:—જે વર્ષના પાછલા ભાગમાં વરસાદ ઘણો વધી જાય, જેથી શરદ (ભેજ) ઘણો વધે છે, વળી પવન શરદી ફુંકાય છે. વગેરે વગેરેથી–શળેખમ, ઉધરશ, તાવ, મરડો વગેરે થાય છે. આ બનાવ ઘણે ભાગે ભાદરવામાં કે આસોમાં વધારે થાય છે.

રોગના વાયરા:—ત્રણે ઋતુમાં અથવા ઋતુની સંધીએ રતમાં કુ-રત વર્તાય, એટલે ઉપર લખ્યા રોગોના વાયરા ચાલેછે. ત્યારે લોકો કહે છે કે-હમણાં તાવના કે શીળીના વાયરા ચાલે છે. આ પણ એક મિશ્રિત હવાનું પરિણામ છે. માટે નિયમિત ઋતુ વર્તાવાને કુદરતના સાહેબને દીન વાણીથી પ્રાર્થના કરતા રહેવી. અને દરેક મનુષ્યે પરોપકારની લાગણીથી હવન-હોમ યજ્ઞ યજ્ઞાદિ પ્રાચીન ક્રિયાઓ કરતા રહેવી. (જુઓ ભાગ ૨ જો મરકીનો ઉપાય)

હવાનું પડવું:—વૈશાખ અને મૃગશરનો ફૂંકાતો પવન બંધ પડે છે, ત્યારે બફારો અને ઉકળાટ થાય છે. કારણ હવાનું દબાણ નરમ હોય, એટલે આકાશમાં રહેલ ગર્ભ ભારે થઇ વરસાદ રૂપે ઉતરી પડે છે. (હવા પડવાથી વરાળનાં તરબિંદુ જલદી બને છે કારણ વરાળને ઉચકી શકતો નથી.)

હવાનું જોર:—કોઇ કહે કે પવનનાં તોફાન અને ઝડી વખતે વાદળાં ઉડી ન જતાં વરસાદ કેમ થાય છે? આવે વખતે દેશમાં પૃથ્વીનું પૃષ્ટ તથા આકાશ ઠંડુ હોય છે. એટલે મોસમનાં જથાબંધ વાદળાં આવે છે. તેનો ચારે તરફથી ત્રમઝટ વરસાદ પડે છે. આ વખતે જોશોતો રીંછડીઓ વેગથી દોડતી અને વેગથી પાણી રૂપ થઇ જઇ પૃથ્વી ઉપર પોટલા મોઢે વરસે છે. આ વખતે હિંદી મહાસાગરનું વહન ઉશ્કેલું હોવું જોઇએ. કે મંડાણ વરસાદનું-મેઘાડમ્બર જોરમાં જોઇએ.

હવામાં વિરોધ:—વૈશાખ જેઠમાં સખત ગરમી વધી જાય, અને સ્થાનીક તોફાન થઇ ભેજ વધે નહિ તો સખત ગરમીથી પવનનો વેગ વધતાં મોસમનાં આવતાં વાદળાંને વિખેરી નાંખી વરસાદ પૃથક પૃથક થાય છે. કે વરસાદના કાતરાને વીંખી નાખે છે, તે માટે રામકથાના કિસ્કંદા કાંડમાં કહ્યું છે કે-

" કુબહુ પ્રલબ મારૂત ચલે, જ્યાં ત્યાં મેઘ વિલાસ:
જીમી કપુત કે જન્મ તેં, કુળકે ધર્મ નશાય.

અર્થ—જેમ કુળમાં કપૂત જન્મવાથી કુળનો ક્ષય કરે છે; તેમ માંહેના ભાગમાં ભેજ ન હોય, અને સખત ગરમી હોય. તેમાં પવનનું જોર થાય તો વરસાદના કાતરાને ઉડાડી મુકે છે.

સંવત ૧૯૪૮ (૧૮૯૧), સંવત ૧૯૫૨ (૧૮૯૫), સંવત ૧૯૫૭ (સન ૧૯૦૦), સં૦ ૧૯૫૮ (૧૯૦૧) ના ચોમાસાની શરૂઆતમાં એમજ બન્યું હતું.

વળી કહેવત છે કે—" **સોળ દિવસનું પાચું, અને એક દિવસનું વાયુ** " (ખરાડ) બરાબર થાય છે. પવનનો જોશ પૃથ્વીપરના જળને વરાળરૂપે અધર ઉડાડે છે. પવન એ મેઘરાજાનો મંત્રી સમજવો. પવનનો વેગ દર કલાકે ૧ ગાઉથી ૧૦૦ ગાઉનો હોય છે. ઉલ્કાપાત મોટી ઝડી વખતે દર કલાકે ૫૦ ઉપરાંતનો હોય છે.

ચોમાસાના વહનની અગમચેતીઓ.

વહન—એટલે પવનની ગતિ મુજબ વરસાદનું ચાલવું કે આવવું. વહન બે પ્રકારનાં છે. ૧ સ્થાનીક. ૨ સમુદ્ર તરફથી આવતાં મોસમનાં.

સ્થાનીક વહન—ચોમાસાની શરૂઆત કે પછીના વખતમાં દેશના માંહેના ભાગોમાં અમુક દિશામાં વરસાદ મંડાણ કરી ત્યાંથી સામી બાજુએ ગર્જના અને વીજળીના તોફાન સાથે; કે ચુપચુપ ગતિમાન થઇ વરસે છે. આવા વાહનથી કર્માધર્મા વરસાદ થાય છે.

મોસમમાં વહન—મુખ્ય ત્રણ છે. ૧ સૂર્યાઇ. ૨ ગીરનારી. ૩ ખારી કે ભુરનું ગણી શકાય.

૧ સૂર્યાંદઃ—(વાવ્યનું) વહન એ ગીરનારી (સમયવાહી) વહનનું મુખ્ય અંગ છે. અશાડ શ્રાવણમાં સૂર્યા પવનનું જોર હોય તો આ વહન ઉઠવા સાથ હેલીબંધ વરસાદ થાય છે એ સૂર્યા વહનનું જોર હોય તો ચોમાસાની શરૂઆતનો મનમાનતો વરસાદ થાય છે. પણ જો ભેજ પુરતો ન હોય તો ધીમે ધીમે થાય છે. શ્રાવણ ભાદરવે સુર્યાના જોર સાથ પુરતો ભેજ હોય તો હિંદના પશ્ચિમ કાંઠા (કોસ્ટા) પર અને મધ્ય પ્રાંત, રજપુતસ્થાન અને પંજાબની ખીણો સુધી પહોંચે છે.

૨ ગીરનારી મોસમનું—(સમયવાહી) આ વહન ચોમાસાની શરૂઆતમાં પ્રથમ તે હિંદી મહાસાગરમાં વિષુવવૃત્ત (પૃથ્વીના મધ્ય ભાગની રેખા) પર સેચીલીસના ટાપુ અને તેની આસપાસના સમુદ્રમાં મે માસમાં ઉત્પન્ન થાય છે. પછી લંકા, મલબાર કોકણ તરફ થઇ આ તરફ ધકેલાતું ધકેલાતું આવે છે. ને ઉત્તર હિંદ લગી પહોંચે છે.

ચોમાસાની શરૂઆતમાં એકલા ગીરનારી પવનનું જોર હોય તો હિંદના પશ્ચિમ કાંઠાપર લગભગ સાથેજ ચોમાસું બેસી જાય છે અને ગીરનારી સાથે સુર્યાનું પણ જોર હોય તો બધે એક સરખી રીતે બેસતું નથી.

જે સાલમાં ગીરનારી (સમયવાહી) વહનનું વધારે જોર તે સાલમાં ચોમાસાની શરૂઆતમાં મનમાનતો વરસાદ પડે છે. એટલુંજ નહિ, પણ આ વહન બધા કરતાં જબરૂં છે. કેમકે હિંદી મહાસાગરની જથાબંધ વરાળ એ વહનનો ભંડાર છે. જેથી કોઇ વાર આ વહનથી આખા હિંદને ભાગ્યશાળી કરે છે. સાધારણ જોર હોય તો

મુંબાઈ ઇલાકા, મધ્યપ્રાંત, રજપૂતસ્થાન અને પંજાબના પશ્ચિમ ભાગને ભાગ્યશાળી કરે છે. આ વખતે સુર્યાઇ વહન મિશ્ર થઇ જાય છે.

જે સાલમાં હિંદી મહાસાગરના વહનનું પ્રથમથીજ વધારે જોર તે સાલમાં આખા હિંદ ખાતે ચોમાસું રેલમછેલમ જાણવું. જુઓ, સંવત ૧૯૦૭, ૧૩, ૩૫, ૩૬, ૩૮, ૪૮, ૫૧, ૫૩, ૫૭, ૬૨, ૬૩, ૬૬, ૬૭, ૬૯ વગેરે. (સંવત ૧૮૫૧ માં હિંદી મહાસાગરનાં ચાર મોટાં વહન ઉઠયાં હતાં) હવે, ગીરનારી વહન જોરપર આવશે તેની **સાબીતીઓ**–૧ કૃતકા અને રોહણી નક્ષત્રનાં સ્થાનીક તોફાન થાય, ૨ મૃગશર નક્ષત્રનો ગીરનારી પવન આંચકાનો ફૂંકાવો જોઇએ, તોફાન થાય તોપણ સારાં. મતલબ ભેજ વધવો જોઇએ. ૩ મૃગશર નક્ષત્રમાં કે મે આખરે હિંદી મહાસાગર તોફાની વધારે જણાય. ૪ હિંદી મહાસાગરના ઉત્તર નાકાપર સખત તોફાની પવન મૃગશર નક્ષત્રમાં ફુંકાય તેમ સારો. અને તેની અસર દેશના માંહેના ભાગમાં વધવી જોઇએ, ૫ ચોમાસું વહેલું બેસવાને માટે વૈશાખ વીજવલો દેખાવ આપે, ૬ વૈશાખનું કોળાયમાન ઉત્તમ હોય.

૩ **ખારી**—(વેપારવાયુ)નું વહન–એ, બંગાળાના સમુદ્ર પાસિફિક મહાસાગર–(ચીનાઇ સમુદ્ર)માંથી ચોમાસાની શરૂઆતમાં ઉત્પન્ન થાય છે. અને–બંગાળા, આસામ, વાવ્યપ્રાંત (અયોધ્યા, કાશી, દિલ્લી, તરફ) પંજાબ, માળવા, વગેરે પ્રાંતને ભાગ્યશાળી કરે છે, આપણે જેમ ગીરનારી કે સુર્યોપવન જોરપર હોય તોપણ આપણા પ્રાંત ખાતે વરસાદના સંજોગમાં લાભ માનીએ છીએ–તેમજ ખારી વહનનું–વધતું કે ઓછું જોર–તે પ્રમાણે ઉપલા પ્રાંતોમાં વરસાદના સંજોગ ઉત્પન્ન થાય છે, પણ એ વહનનો વેપાર વાયુ–ચોમાસાના

મુખમાં જે સાલમાં—ગુજરાત—કાઠિયાવાડ ખાતે નિયમિત—(બેથી ચાર દિવસ) વાદ્દા, ઉપર થઇ—વરસાદ કે વાદળ રૂપે પસાર પામે છે. ત્યારે આપણા પ્રાંત ખાતે ચોમાસું--લગભગ માસ—સવામાસ મોડું મંડાય છે. પણ ખારી વાય ત્યારપછી ૨૦ થી ૩૫ દિવસનું વાયરૂ ફેંકી—ચોમાસા માટે લાભદાઈ સંજોગ ઉત્પન્ન થાય છે. એટલે ગીરનારી વહન નિશ્ચયપાછું લાવનાર **આ વેપાર વાયુ આપણુને મહાન શોધ તરીકે સાબીતી** આપે છે. વળી આ વેપારવાયુનું વહન જે સાલમાં ચોમાસાના મૃગશર નક્ષત્રમાં ઉપર મુજબ નિયમિત આવે છે. તે સાલના ઉતરતા ચોમાસામાં ભાદરવા આસોમાં ભુર પવનને નામે આપણા પ્રાંત તરફ ધસડાઇ આવે છે એટલે ખારીવહનનું જોર પાછળથી વધીને મદ્રાસ મધ્યપ્રાંત, દક્ષિણ હિંદ, ગુજરાતમાં થઈ કાઠિયાવાડ—કચ્છ લગી પહોંચે છે. જેને આપણે ખારીનો કે ભુરનો ઉશીતો વરસાદ કહીએ છીએ.

ખારી—કે ભુર વહનના છેલ્લા વરસાદથી આપણા પ્રાંતનો આગતર પાછતર પાક સુધરે છે; એ છેલ્લો વરસાદ ન આવે તો વરસ કરડભરડ થઈ જાય છે. માટે તે વહન છેવટ આવવાના ચિન્હ અવશ્ય જાણવાની જરૂરીઆત છે.

ખારી કે ભુરનું છેલું વહન આવવાનાં ચિન્હ:— ૧ ચોમાસાનું વેપારી વહન મૃગશર નક્ષત્રમાં નિયમિત રીતે જે સાલમાં આવે તેજ સાલથાં ઉત્તરા કે હસ્ત નક્ષત્રમાં પાછું આવી પહોંચે છે. જુઓ,—સંવત ૧૯૪૬—૪૯, ૫૨, ૫૪, ૫૮, ૫૫- ૪૯, ૫૦, ૬૨, ૬૩, ૬૬, ૬૭ માં તે વહન નિયમિત હતું, જેથી સાતે સરા પાકી હતી. ૨—પૂર્વા, ઉત્તરા કે હસ્ત નક્ષત્રમાં એટલે ભાદરવા માસથી ખારી પવનનાં લેરાં ઘણું કરી મેઘરવા સાથ આવવા માંડે છે. ૩—

પશ્ચિમના ઝાકળી વાદળાંનો ગોહો આવતો બંધ પડે છે. ૪–ગરમી પડવા સાથ ઉકળાટ (બફારો) થાય. ૫–બપોર પછી વાદળાં થાય, તે પશ્ચિમ કે વાવ્યમાં જતાં માલૂમ પડે. ૮–વાચ્છી વાદળાં રહેવા માંડે છે. ૭–દક્ષિણ કે પૂર્વ બંગાળાના વહનની પીળી ખડાઓ (ટાપ) કે વરસાદના કહ–ઉંડાણમાં દેખાવ આપે, ત્યારે જાણવું કે–દક્ષિણ કે પૂર્વના મુલકમાં વહન આવી પહોંચ્યું છે. ૮–પૂર્વ કે અગ્નિ ખુણા-માંથી બંગાળાના ઉપસાગરના વહનની છુટી પડેલી ખડાઓ કે ધાણુ માથેથી પલાયન થઇ વાવ્યમાં જવા માંડે છે. ત્યારે જાણવું કે–વધતા કે ઓછા રૂપમાં ભેજના પ્રમાણમાં વહન પસાર પામશે,

સામસામાં વહન—ભાદરવે સૂર્યાનું જોર હોય, અને ભેજની અનુકુળતા થાય તો સામે પવને પણ વહન ચડે છે, અને ભેગાં થતાં નીચેની બાજુમાંથી આવતાં દેખાય છે. તા; ૭–૯–૯૪ના સપ્ટેંબરને દહાડે સૂર્યા પવનની ગતિથી બંગાળાના ઉપસાગરનું વહન ચડી આવ્યું હતું, આપણે ત્યાં સાધારણ વરસાદ ઉપરાંત દક્ષિણમાં ભારે ખરાબી કરી હતી. તેમજ આ સાલ એટલે સંવત ૧૯૬૧ (સન ૧૯૦૪) ના ભાદરવા શુદ ૫–૬ નું વહન પણ સૂર્યાના જોરથીજ સામા વહને આવી પડતાં દુકાળમાંથી પ્રજાને ઘણે ભાગે ઉગારી હતી.

ઉપલું ખારી વહન ભોગ જોગે નિયમિત રીતે કોઇ વાર ન આવે, ત્યારે રતમાં–**કરેત** વર્તાઇ, છેવટ દીવાળી કે કારતક માસે માવઠા રૂપે પણ આવે છે, જુઓ–માવઠાની અગમચેતીઓ.

વાયરાની અગમચેતીયો.

વાયરાની બે જાત છે, ૧ **સુગાળી.** ૨ જાું કોતડી કે કા-**ળનું: સુગાળી:**—ચોમાસાની શરૂઆતમાં–વાવણી તકે તમામ

ઠેકાણે મનમાનતો વરસાદ થાય; પછી વાવી રહ્યા બાદ વરસાદ થાય. ત્યાર બાદ એક માસનું વાયરૂ કાઢે તો મોલ વધવાને જોર કરવા સારૂ કલાં-કલાં કરે છે. લોકો એવા વાયરા (વરાપ)માં દુડે છે અને નીંદે છે. એવે વખતે વરસાદની ખેંચ થાય છે તો મુળમાં તરે હોવાથી મોલ ટકી રહે છે. પણ તેવામાં જગનિયંતા વરસાદ વરસાવી જેજેકાર કરે છે જેથી મોલ નવાં મૂળ નાખે છે. અને વધવાને ઘોડાં ઘોડાં કરે છે. માટે જે સાલમાં તકે વરસાદ થાય, અને વચમાં તકે દુંદાય અને નિદાય એવું વાયરૂ વાય તે વર્ષમાં અનાજની પેદાશ ઘણી થાય છે. માટે નિયમિત વાયરાથી ઉપર પ્રમાણે ફાયદો છે. પણ વાવેતર વખતે વાવવા ન આપે. વળી થોડુંક વાવવાની તક મળે ત્યાં તો ઉપર વરસાદ ઝીકે એટલે મોલ ધાબડીઆ થાય. (બી પણ ખુએ વખતે લાંબી હેલી જામવાથી વાવેલ મોલ સડી જાય છે, કે બળ કરી વધતા નથી. કહેવત છે કે—"ઝાઝે મેએ કણ હીણ." એટલે રેચકાઇ ગએલા મોલ સારી નિપજ આપતા નથી. આવા વરસાદથી ખડ અને પાછતર પાકને અનુકુળતા થાય છે. માટે વાવેતર ઉપર ટાણે વાયરૂ-એ ઉત્તમ વરસનો કોલ જાણવો.

કોતડી:—પ્રથમ ધીમે ધીમે વરસાદ થાય-જેથી એક સરખા મોલ વવાય નહિ. પછી સખત વાયરૂ ફૂંકે જેથી વાવેલા મોલ ઉડી જાય, ને પછી વરસાદ થાય તો વવાય. પણ ઉપર વરસાદ થાય નહિ, તેમાં વળી વાદળાનો ગોહો રહે, વખતે સવારનું મેઘાડમ્બર ઝરમરીઆ છાંટા નાખી જાય, જેથી જ્યાં શિતળતા રહે ત્યાંના મોલ તણાઇ ટગ ટગી રહે. અને ઘોહો વીખાતાં સખત ગરમી પડે, એટલે મોલ ઉડી જાય. પછી જ્યાં ભોગ જોગે વરસાદ થાય. ત્યાં કાંઇક નિપજે અને કેટલેક ઠેકાણે મુઠ પણ મુકી ન હોય. અને ખડ, અના

જને પાણીનો પોકાર ઉઠે. ત્યારે દેશમાં કોતક જેવું એટલે કોતડી વરસ થયું કહેવાય. એટલે કાંઇક નિપજે અને પૃથક પૃથક કોરૂ રહી જાય. અનાજ ખડના ભાવ વધી જાય. સંવત ૧૯૧૭, ૩૪, ૬૧ ને ૬૮ ની સાલ કોતડી પસાર પામી છે. પણ સંવત ૧૯૪૭–૬૯, ને ૫૬ ના દુકાળો સખત કોતડી એટલે ઘોમ દુકાળ કહેવાણા છે;

કાળીક:--ચોમાસાની શરૂઆતમાં પૃથક પૃથક વાવણી થાય. અને પછી વાયરૂ વાતાં મોલ વાવ્યા હોય તે લંબાઇ ઉડી જાય, ખડની પણ બુમ પડે. અનાજના ભાવ ચડી જાય. તોપણ વરસાદના ચિન્હ દેખાવ ન દેતાં ભયંકર વાયરૂ વાય છે. ત્યારે જાણવું કે કાળની આફત જગત માથે ઉતરશે, માટે એવા કાળકે કરવરા વાયરાની અગમચેતીઓ જાણી–સવેળા ચેતવવાની જરૂર છે.

સખત વાયરાનાં ચિન્હ:—કહેવત છે કે—

કાગા કોઠાં વાદળાં, કાંસા વરણો શુર:
નૈરૂત્ય ખુણના વાવલા, એથી મેહુલા દુર.

અર્થ:--સૂર્ય ઝાંખો ઉગે. પશ્ચિમના દરિયાનાં, કાગડાની કોટના રંગનાં વાંદળાં દિવસ બધો વલ્યા કરે. અને ભયંકર ગીરનારી પવન ફુંકે તો જાણવું કે મેઘરાજા ઢીલ કરાવશે એવે વખતે લોકો કહે છે કે, "**વા વાય ગીરનારી, દુનિયાં થઇ મરનારી.**"
વળી કહેવત છે કે

ગધા પેટાં વાદળાં, ઝાંખો ઉગે શુર:
કવિ ગત કહે હાકરો. નદીએ નાવે પુર.

અર્થ:—ગધા પેટાળ વાદળાં અને સૂર્ય ઝાંખો ઉગે તો નદીએ પૂર આવવાની આશા ન રાખવી એમ કવિઓ અનુભવથી કહી

ગયા છે. ૩ ગરમી અનિયમિત પડે અને ભયંકર ઉનો પવન ફુંકે- ૪ કોરે આભે વીજળી થાય. (મોસમના વરસાદમાં કડાકા થાય તો વરસાદ વધે.) ૫ આકળી વાદળા સામે ભીતરનો કહ દેખાવ ન આપે. એટલે સામું વાચ્છી વાદળાનું ધાણુ ન ચડે. ૬ ચોમાસાના મુખમાં અત્યંત ગરમી વધી જાય વગેરે.

દુકાળની અગમચેતીઓ:--દુકાળ બે જાતના છે. ૧ કોરો કાળ. ૨. લીલો (ભીનીયું,)

કાળનું રૂપ:—દુષ્કાળ એ કુદરતના સાહેબની આફત ગણો; કે તેને એક જાતની આફતની બલા ગણો' કે પ્રજાના પાપનો કુદરતી કોપ ગણો; પણ તેની ખાશીઅત ને દેખાવ બહુ દુર્ઘટ અને બીઆ-મણું છે. ને તેનું નામ સાંભળી રાજા પ્રજા થરથર કંપે છે ખરેજ તેનું પરિણામ ભયંકર છે. એટલે દેશમાં વરસાદ નહિ થવાથી અનાજ ખડ પેદા નહિ થતાં જળની તંગી રહે છે. જેથી અનાજ, ખડના ભાવ ચડી જાય છે. ગરીબ માણસો અને પશુનો ભુખમરાથી મરો ચાલે છે. દેશમાં ચોરી, લુટફાટ વધે છે અને ચો'દશ દુઃખનો પોકાર ઉઠે છે. આ વખત ગરીબ માણસો ઘરબાર મુકે છે. માવતર છોરૂંને વેચે છે અથવા વિજોગે છે. અને વહાલા સગાનું હેત પણ રહેતું નથી. અને પ્રજા ન કરવાના કસબ કરે છે વગેરે વગેરે ન વર્ણવી શકાય એવાં દુર્ઘટ ચિન્હો દેખાવ આપે છે. માટે એવો ભયંકર દુઃખનો વખત આવ્યા પહેલાં-એવા વખતની અગમચેતીઓ જાણવાની રાજા પ્રજાને ઘણીજ જરૂર છે. એવા દુર્ભીક્ષ સંવત-૧૮૪૭, ૬૯, ૮૧, ૧૯૩૪, અને ૫૬ વગેરે પસાર પમ્યા છે.

दुकाळ पडवानां भविष्य चिन्ह.

૧. સખત વાયરાનાં જે ચિન્હો લખ્યાં છે તે દેખાવ આપે.

૨. સવારમાં મેઘાડમ્બર ચડી આવે. જાણે, આ ઘડી વરસાદ તુટી પડશે. પણ માથે થઇ જતાં ફરફર છાંટા પડે. ને રાત નિર્મળ દેખાય. સંવત ૧૮૪૭ ને ૧૯૫૬ માં નીચે મુજબ ચિન્હ હતાં.

શ્લોક.—રાત્રૌ નિર્મળા આકારમ, પ્રભાતે મેઘાડમરમ ॥
મધ્યાને પડતેબિંદુ દુર્ભીક્ષિત લક્ષણમ ॥

૨. વળી આખો દિવસ કાગા કોટા હુવાળા વાદળાના ચાલ્યા કરે અને રાત્રે આકાશ ખુલ્લું થાય. અને તારા ભયંકર લાગે. કહેવત છે કે–

દીએ કરે વાદળાં, રાતે કાઢે તારાઃ
ચતુર હો તે ચેતી લેજો, એતો અગણોતેરાના ચાળા.

વાયુ ચોદશના અવળા વાય. ૪ માણસનો ખોરાક વધે. ૫ લોકમાં રજોવૃત્તિ વધે. ને ક્રોધ કંકાશનો આભાસ ઠારોઠાર જણાય. ૬ રાત્રે કાગડા ઝંપ ન ખાતાં બહુ બોલતા ફરે. ૭ દિવસે શિયાળીઆં બહુ રૂવે. ૮ પ્રાતઃકાળમાં ડમરાં બહુ બોલે. ૯ મકોડા બહુ ઉભરાય. ૧૦ કાગડા વગેરે જનાવર માળા થોડા બાંધે છે.) સરપ ઝાડવેથી પડતું મુકે. ૧૨ વનસ્પતિનાં ફળ ફુલ રૂતુ પહેલાં અનિયમીતપણે દેખાવ આપે (છપ· નીઆમાં લીંબોળીઓ, પેપીઓ ચોમાસામાં દેખાણી હતી. કેરડાંનો ફાલ ફરી વધી ગયો હતો. ૧૩ સંવત ૧૮૮૧ કાળમાં નીચે મુજબ ચિન્હ હતાં. કહેવત છે કે–

દીએ કાઢે હુવાળા, રાતે કાઢે તારા;
જુઓ છોકરાં એતો એકાશીઆના ચાળા.

૧૪ વળી સંવત ૧૯૩૪ યા કાળમાં ઉપરના અને નિચેના ચિ· ન્હોએ દેશાવ દીધો·હતો.

દીએ કરે વાદળાં. રાતે કાઢે તારા;
અશાડ મહિને આળશી બેઠા, એતો ચોત્રીશાના ચાળા.

૧૫ વળી સંવત ૧૯૫૬ ના દુકાળ વખતે ઉપરનાં ચિન્હો ઉ-પરાંત નીચેનાં વધુ ચિન્હોએ દેખાવ દીધો હતો.

કાગ કોટી વાદળાં, નૈઋત્ય ખુણના વા,
પીસુ પલાણે પોઠીઆ, ગમે ત્યાં જા.

૧૬ વળી ગ્રહના જોગ ઉપરથી ચોમાસું કોરાડું કાઢે છે. એમ દેશી જોતિષ નીચે મુજબ કહે છે.

આગળ મંગળ પાછળ બુધ, નદીએ ન આવે કદિ પુર. ૧
ઓર મંગળ ને વાંસે સૂર, સુણ ભડલી નદીએ નાવે પુર.

ભીનીયા કાળનાં ચિન્હ:—૧ સંવત ૧૯૩૫ તથા ૧૯૫૧ ૫૭, ૬૯ની સાલ માફક શિયાળા ઉનાળાની રૂતુ વર્તાય એટલે વૈશાખમાં ભેજ વધે અને ચોમાસું એકાએક હમેશ કરતાં વહેલું બેસે. ૨ વૈશાખનું કોળાયમાન ઘણું ને એક સરખું ઉપરાઉપરી આવે. ૩ ગીરનારી વહન મૃગશર કે આદ્રામાં ઉઠે. એટલે મનસુન વાહન આખા દેશ ખાતે જોરાવર થાય. ૪ સાધારણ વાદળામાંથી વરસાદ પોટલા મોંઢે પડે. ૫ સીરીષ ને તરવરણાં, કહ વાછી ધાઝુ એવાં વાદળાં બહુ રહ્યા કરે વગેરે.

વરસ ખાંડાબરડાં થવાનાં ચિન્હ:—૧ ઉનાળાનો પવન તથા ગરમી નિયમિત નહિ. ૨ ચોમાસાના મુખમાં ગરમી વધી જાય. ૩ શ્રાવણ માસથી મેઘરવો આવવા માંડે ૪ રોહણ બેસતાં ઝબકે ૫ વાવણી-નો વરસાદ પૃથક થાય, અને પછી ઉપર વાયરૂં ફેંકે. ૬ તકે વરસાદ નહિ. કહેવત છે કે–"**અવસર ચુકયા મેવલા, વરસીને કાં કરીશ.**" ૭ વેપારવાયુ (ખારી પવન) ચોમાસાના મુખમાં નિયમિત રીતે જોરમાં

પસાર પામે નહિ. **અપવાદ**—વાવેતર ઉપર હેલીબંધ વરસાદ થવાથી મોલ સડી જાય છે. અને મોડી એલી જામવાથી આગર પાકનું વાવેતર મનમાનતું ન થવા આપે જેથી નિપજમાં કરડભરડ થાય છે. પણ ખડપાણી બહોળાં અને પાછતર વધારે પાકવાથી એવું વરસ ખાંડા બરડામાંથી મુક્ત થાય છે.

સુગાળની અગમચેતીઓ:—(ચોમાસામાં સરેરાશ સારો વરસાદ પડવાનાં ચિન્હ)૧ ટીંટોડી ઈંડાં ઊંચાણમાં મૂકે ૨ કહેવત છે. કે **—કાળે કરડાં ને સુગાળ બોર. કાળે કરવરૂં અને બોરે બહુ સારૂં.** મતલબ કે—જે સાલમાં કેરડાં બહુ તે વરસ કરવરૂં થાય. અને જે સાલમાં બોર બહુ તે ઉત્તમ થાય. એમ હંમેશાં લોકો કહેતા આવ્યા છે. ૩ વડવાઇ વન વળવા સાથ–વૈશાખ–જેઠમા ફુટી રહે છે. તે વૈશાખથી ભીમઅગીઆરસ સૂધી જોવી. અડધો વેંત ફુટી હોય તો ચાર આના વરસાદ; એક વેંત આઠ આના; દોઢ વેંત બાર આના અને તે ઉપર હોય તો સોળ આના વરસાદ થાય. એમ વડવાઇની ઉદ્ભીજ (વનસ્પતિ)કુદરતી રીતે પુરાવો આપે છે એટલુંજ નહિ, પણ જે સાલમાં વડવાઇ વહેલી ફુટે ત્યારે ચોમાસુ વહેલું બેસે અને મોડી ફુટે તો ચોમાસું મોડું બેસવાનાં ચિન્હ જણાય છે. વડની વડવાઇ ઉપરથી સૂર્યની નિમળ ગરમી વડે–જમીનમાંથી પાણીનું આકર્ષણ રૂપે અધર ચડવું અને તે ઉપરથી ઉષ્ણુતામન વરાળ) ગરમી વડે કેટલી ચડશે–તે ખબર પડે છે. ૪ અમર ઝાડને બહુ ફાલ–આવે તે સાલમાં ઘણે ભાગે મનમાનતો વરસાદ થાય છે. ૫ તેમજ ખાખરાને કેશુડાં બહુ આવે તથા વન બહુ કોળાય તે સાલમાં વરસાદ સારો થાય છે. ૬ જે સાલમાં આંબાને કેરીનો ફાલ થોડો તથા કેરડાનો ફાલ થોડો–તે વર્ષમાં ચોમાસુ ઘણે ભાગે ઉત્તમ નીવડવા સાથે વરસાદ સુગાળ થાય છે. ૭ વૈશાખનું કોળાયમાન

ઉત્તમ હોય. ૮ જે સાલમાં વૈશાખ શુદ ૧–૨–૩ અને ચોથુના જુવાળ (વેળ) એટલે ભરતી બહુ હોય, એટલે સુગાળ વરસમાં ભરતી આવત હોય ત્યાં સુધી કે તેથી અધિક આવે તો ચોમાસામાં વરસાદ પડવાન અગમચેતી જાણવી. કારણ જુવાળ–એ–સૂર્ય–ચંદ્રના આકર્ષણથી થાય છે. જેથી સૂર્યની મધ્ય ઉનાળામાં નિર્મળ ગરમીના ઉત્તમ માટે ચોમાસા ના ગરભને, આ એક જોગ છે. ૯ ચોમાસાની શરૂઆતમાં પહેલ એટલે વૈશાખ ઉતરતાં અને જેઠની શરૂઆતમાં દરિયા કિનારે, જ્ય પાણીની વેળ આવતી હોય, ત્યાં પાણી ઉતરી ગયા પછી જોશો તે —હાથ, કે તેથી મોટા લાંબા વળારૂપ–(એક જાતના દરિયાઇ જનાવર માંથી નીકળતા) તાંતણા માલમ પડશે. તે કિનારે એક મૈલ લંબાઇ ના અડસટામાં ૫૦ થી ૧૦૦ (ગણ્યા ગાંઠા) એવા વાળ હોય તો વરસાદ માટે સારૂં ચિન્હ નહિ પણ જો તેટલ લંબાઇમાં હજારો અસંખ્યાવાળા માલમ પડે તો ચોમાસામાં સારે વરસાદ પડશે. એમ દ્વારકા અને પોરબંદર વચ્ચેનો એક અનુભવી ખા રવો લખાવે છે. ૧૦–જે સાલમાં રેલીઆ સાપ બહુ જોવામાં આવે તે વર્ષના ચોમાસામાં–મોટી મોટી રેલો આવવાની એક જ ગલનો જોગ નોંધ કરાવે છે. ૧૧–ભુતળ રચના પ્રમાણે જે સાલમાં ચૈત્રનો ઘણે ભાગ નિર્મળ અને દનીઆં ખુબ તપે તથા વૈશાખ વીજવલો પંચરંગ માલમ પડે–મૃગશરનો ફૂંકાતો પવન કે તોફાન અને રોહણી નક્ષત્ર ઉત્તમ તપવું અને આદ્રાની ભરપુર વાવણી–તે સાલબેધડક સુગાળ થવાન વકી રહે છે. ૧૨–જે દેશમાં નાગલી જાર વરસે. ત્યાં સુગાળ થાય

ચોમાસું ઉતરતાં સારો વરસાદ થવાની કુદરતી અગર ચેતીયો:—૧ ભેજ વધારે અને ભાદરવામાં ગરમીની સાધારણ ચટક જોઇએ. ૨–મેઘરવો ઉપરા ઉપરી આવ્યા કરે. ૩ ખારો વહનનું ચો

માસાની શરૂઆતમાં નિયમિત રીતે આવતું થયું હોય, ત્યારે પાછળથી પણ ખારીવહન ઘણે ભાગે આવ્યા વિના રહેતું નથી. જુઓ, સંવત ૧૯૪૬; ૪૯, ૫૨, ૫૪ અને ૧૯૬૦, ૬૨, ૬૩ ૬૫ ૬૬, ૬૭ની સાલોનાં વહન બરાબર નિયમિત હતાં.

ચોમાસું ઉતરતાં કમ વરસાદની કુદરતની અગમચેતીઓ:—૧ શ્રાવણ મહિને મેઘરવો આવે અને ખારી પવન વાય, એ ઉતરતું ચોમાસું મોળું સમજવું. ૨ ભાદરવે સૂર્યાનું જોર જણાય અને ઝાકળ ધુમસ વહેલો આવે. ૩ ભાદરવે ગરમી સાથે પવનની ફટકી વધે. તો બપોર પછી થતાં વાદળાં ભાદરવે પાંચ રંગ કરે અને ડાકડમાળ વીંખાઇ જાય. ૪ ચોમાસાની શરૂઆતમાં કે મધ્યે—માસ દોઢ માસની એલીબંધ મે વરસ્યો હોય તો પાછળથી વરસાદ પૃથક થાય. ૫ જે સાલમાં શિયાળામાં સખત હીમ આવ્યો હોય તે સાલમાં ઉતરતા ચોમાસામાં વરસાદની ખેંચ રહી જાય છે. જુઓ,—સંવત ૧૯૪૫, ૪૭, ૫૦, ૫૩, ૫૭, ૫૮, ૬૧ અને ૬૪, ૮.

વેપારવાયુ ચોમાસાની શરૂઆતમાં અનિયમિત એટલે મંદ વાયો હોય કે ચાર દિવસ કરતાં વધારે વાયો હોય, તે સાલમાં ઉતરતા ચોમાસામાં વેપાર વાયુનું વહન ઘણે ભાગે જોરવાળું આવતું નથી.

ચોમાસું બેસવાની અને ચોમાસામાં વરસાદ થવાની અદ્ભુત અગમચેતીઓ:—(શરૂઆતનો અને ચોમાસાનો વરસાદ થવાનાં ચિન્હ—કુદરત અને લોકરૂઢીના કહેવાતા ચમત્કારોના દીગદર્શન સાથે.) ચોમાસું બેસવાની શરૂઆત થાય છે, ત્યારે અને શરૂ થયા પછી ફરીને વરસાદ ક્યારે આવશે—કેટલો વખત ટકશે, અને કેટલો પડશે વગેરે અગમચેતીઓ—જાણવાની દરેક માણસને બહુ ઈંતેજારી રહે છે, એટલે એવા સમયમાં ઇશ્વર કુદરતરૂપે—પૃથ્વી ઉપર હવા

પવન—ઝાડ, પાન, પક્ષી, જીવજંતુ, સમુદ્ર, પર્વત, તેમજ, આકાશ, સૂર્ય, ચંદ્ર, વાદળાં વગેરેની સ્થિતિમાં દેખીતો (દર્શનીક, ફેરફાર જણાય છે, આ ફેરફારની અગમચેતીઓ ખેડુત વગેરે દરેક માણસને જાણવાની ખરેખરી જરૂર છે, કેમકે મેઘવૃષ્ટિ ઉપર જગતના સઘળા પ્રાણી માત્રનો આધાર છે. જેથી ઘણી લાંબી મુદત્ત જૂદી જૂદી બાબતોનું અવલોકન કરી, તેમજ અનુભવી વૃદ્ધ પુરૂષોનો સમાગમ મેળવી—અનેકરૂપે ચર્ચા ચલાવી. સાર—તત્વનું મથન કરી, ભુતળ ખગોળ વગેરેના આધાર સહીત—નીચેનો શોધ સંગ્રહ પ્રજાને ઉપયોગી જાણી દેશાફદીના વર્ત્તારા (ઓબઝરવેશન) ના રૂપમાં લખવા ઇશ્વર કૃપાથી કૃતાર્થ થયો છું. અને દેશીભાઇઓ—અભિમાન સાથ ઉપયોગ કરતાં શીખી નીચેનાં દેશી થરમામેટર માટે મગરૂરી માનશેજ.

चोमासुं बसवाना चमत्कार.

१—સમુદ્રમાં નવો ખળભળાટ ઉત્પન્ન થાય છે. એટલે દરિયા, કાંઠે ભાખોળાં બોલે છે અને વરસાદની ગર્જના પેઠે અવાજ થાય છે. (આ અવાજ દરિયાકાંઠાથી દશ—બાર ગાઉ સુધી સંભળાય છે.) ત્યારે જાણવું કે બેત્રણ દિવસમાં વરસાદ શરૂ થાશે. ૨—મૃગશર નક્ષત્ર આવતાં દરિયામાં ગરમીથી પવનની ક્રીયા નવી જોરપર આવે છે. જેથી દરિયો વધારે તોફાની માલૂમ પડે છે. એટલે મોસમનો પવન હિંદી માહાસાગરથી વરાળ સાથે હિંદપર આવવા હવાના ફેરફાર મુજબ વેગ કરે છે. આ લક્ષણ વાહાણવટીઓ અગાઉથી જાણી શકે છે. ૩—માછલીઓ દરિયામાં અધર ઉછળવા માંડે છે. ૪—હલવા નામની એક જાતની માછલી હમેશાં જે પાણીમાં ઉંડી રહે છે તે પાણીથી ચાર પાંચ હાથ નજીક આવતી જણાય, ત્યારે ખારવા લોકો કહે છે કે—વરસાદ નજીક આવ્યો.

વળી એ માછલીઓ મૃગશર નક્ષત્રની પૂર્વે ઉપર આવી ઘણી મરેછે. કારણ બહાર રહી શકતી નથી. ત્યારે જાણવું કે વરસાદ જલદી શરૂ થશે. ૫–બીજા જળનાં પ્રાણી જળમાં બહુ ન રહેતાં ઉપર આવે છે જેમ જળકુકડીઓ અને બતકો માથા ઉપર પાણી ઉછાળે છે. ૬ દેડકાં પાતાળમાંથી ઉપર આવી ડરાંડરાંનો અવાજ કરે છે. અને સુકી જમીનમાં કુદકા મારતાં દેખાય છે. ૭–નદી તથા કુવાનાં પાણી ઉકળતાં (ઉનાં) લાગે છે. ૮–મોર ગર્જના કરવા માંડે છે,–એટલે મહાતુરો બોલ છે. ૯–ચકલીઓ અધર હવામાં ઉડી શકતી નથી. કારણ ભેજ વધે છે જેથી ધુડમાં નાહાવા માંડે છે, અને લીલી પીળી પાંખોથી રંગ બદલાએલો–કુદરતી ખ્યાલ ચકલીઓ આપે છે. ૧૦–કાગડા માળા બાંધવા મંડી જાય છે. ૧૧–સમળાઓ અને ચકલીઓ આકાશમાં અધર હુલાશથી ઉડે છે, સમળીઓ ગરમીથી કાયર થઈ, ઉંચે ચડી રમુજ કરે છે. ૧૨–બે મોઢાવાળાં સર્પ (ચાક) કાંઈક અવાજ કરે છે. ૧૩–ઢોર પોતાની ડોક લાંબી કરી નસકોરાં સુંઘવા લાગે છે. ૧૪–કીડીમંકોડી ઉભરાય છે. અને ઈંડાળી કીડીઓ પોતાનું જૂનું સ્થાન બદલી નવે સ્થાને–ખોરાક લઇ જાય છે. ૧૫–તમરાં પોતાનો અવાજ બહુ ખેંચવા માંડે છે. ૧૬–ગાય આકાશ સામું જુએ છે. ૧૭–કાંકીડા–પીળા રાતા, કાળા,લીલા, અનુક્રમે બહુરંગી દેખાવ દેવા માંડે છે. ૧૮–વનસ્પતિની વાસ હમેશ કરતાં વધારે આવવા માંડે છે. ૧૯–હવાનો સુવાડ દુરના વરસાદની લેહેરોને મળતો આવવા માંડે છે. એટલે હવા બદલાય છે. ૨૦–પર્વત તથા દૂરના પદાર્થ ઢુકડા લાગે છે.

૨૧ આકાશ નીચો નમી (આવી) ગએલો જણાય છે. ૨૨ પીતળ અને લોઢાના વાસણને કાળાશનો આભાસ બેસે છે અને કાંસાના વાસણ પીળાશ પડતાં લાગે છે. ૨૩ ગોળ, ખાંડ, શાકર, અફીણ

અને મીઠા વગેરે વસ્તુમાં પાણી ઓસ મુકે છે. ત્યારે તે ધંધાના વેપારી લોકો કહે છે કે—ફલાણી વસ્તુમાં મે આવી ચુકયો છે. માટે વરસાદ જલદી થવો જોઇએ. ૨૪ માટીના લીલા ઠામ ચકર ઉપર ઉતારતાં ઉતારતાં માટીમાં પાણીનો ઓસ વધવાથી એની મેળે ઓગળી જાય છે અથવા વાસણ ઉતર્યા બાદ કેટલાંક ગળી જાય છે. ત્યારે વરસાદનો ગોરાંભો તેજ દહાડે શરૂ થાય છે. ૨૫ છાશ ખાટી લાગે અને મરચાં ચવડ થઇ જાય. ૨૬ હાથીઆ થોરને નવાં કુંપળ આવે ત્યારે મે નજીક આવ્યો જાણવો. ૨૭ જે ઠેકાણે મીઠાના અગર હોય, ત્યાંથી કોકર પક્ષી (કોક) કોક શબ્દ બોલવાવાળાં) રાતે બુમો પાડતાં મીઠાના ગાંગડા લઇ જાય છે. અને તે ચોમાસા માટે દરમાં એકઠાં કરે છે. આવી રીતે મીઠું લઇ જાય ત્યારે જાણવું કે બે ત્રણ દિવસમાં વરસાદ થાશે. ૨૮—મીઠાના અગરમાં ચોમાસાની શરૂઆત વખતે પ્રથમના જેવું બંધાર ઉત્તમ મીઠું ન પાકતાં ઝીણું કુમાસ પડતું ઉત્પન્ન થાય છે. કારણ ઓસ આવી જાય છે. ૨૯ કોકણ દેશમાં વરસાદ થવાનો હોય, ત્યારે ચોમાસાની શરૂઆતમાં કાપડા પક્ષીનાં ટોળે ટોળાં કાકણમાંથી વિદેશ જવા માંડે છે. ૩૦ એક કચ્છી અનુભવી લખાવે છે કે કચ્છ દેશમાં ચકુ જનાવર (રણ કાગડા જેવાં) દરિયા કાંઠે થાય છે. તે પોતાનાં બચ્ચાં દરિયાકાંઠે મુકેછે. જ્યારે ચોમાસામાં વરસાદ થવાનો હોય ત્યારે તે જનાવર ઉડી નાની ખારીકે મોટા તળાવને કાંઠે રાત્રીનાં ઉડી જાય છે. ત્યારે સડેરાટ (અવાજ) કરતાં જાય છે. એવો અવાજ સંભળાય ત્યારે ત્રણ પહોર કે ત્રણ દિવસમાં વરસાદ થાય, આ અગમચેતી કુચ્છમાં ચોમાસે લાગુ પડે છે. ૩૧ શરીરે પરસેવો અધાટ છુટવા માંડે અને બફારો થાય છે. ૩૨ આકાશમાં મેઘ માળાનું ચકર (રેવતી નક્ષત્ર) ચોમાસુ બેસવાની શરૂઆતમાં રાતના આઠ—દશ વાગે આ-

પણા માથે આવે છે. ૩૩ વળી જમીન ઉપરનાં કેટલાંક પક્ષી ઘોંઘાટ કરી મુકે અને પોતાના માળા તરફ ગમન કરે, કાગડા એકદમ અલોપ થઇ જાય છે. મરઘો બે વખત બોલે છે તથા પાંખ ફફડાવે વળી છછુંદર ઘણું ચંચળ દેખાય, બીલાડાં, મોઢાં સમારે, કુતરાં જમીન ખોતરે, બળદ હવા સુંઘે, પાળેલાં જનાવર ચળવિળ થાય ને ભુ (પૃથ્વી ઉપર) કુદે' કોળ વેગથી દોડે. વગેરે ચિન્હ વરસાદ આવવાના સમયમાં પ્રાણીઓ કરે છે.

ચોમાસું શરૂ થયા પછી ફરી વરસાદ કયે દહાડે થશે તેની અગમચેતીઓ:--૩૪ ચોમાસું શરૂ થયા પછી ફરી વરસાદ થવાનો હોય ત્યારે માખીઓ ચટકા ભરે છે. ૩૫ કીડીમંકોડી (ઉકળાટથી) ફરી દર્શન દેછે અને કીડીઓ પોતાનો ખોરાક દરમાંથી કાઢે છે. તે જે દહાડે ખોરાક ન ઉપાડે તે દહાડે વરસાદ થાય. ૩૬--રણ કાગડા (કાંકણાં) જે રાતે બહુ બોલે એટલે બહુ કરાં કરાં કરે તે દહાડે વરસાદ થાય, એમ લોકો કહે છે. ૩૮ ગાડર રાત્રે બફારાથી ફાળ ભરે એટલે પવનની દિશામાં સુવાડ લેતાં લેતાં જૂદા બેસે છે. તેમજ બકરાં દિવસે વરસાદના ગેનથી સુસ્ત થઇ ચરતાં ચરતાં સુઇ જાય છે. ત્યારે ભરવાડ કહે છે કે ગાડરમાં મે આવ્યો છે. માટે આજ કાલ મે થશે. (ભેજ વધ્યા પછી એ ચિન્હ ગાડરમાં દેખાતાં નથી) ૩૯ ધોડાર જનાવર (સારસ જેવડાં રંગે ધોળાં) વગડામાં જે દહાડે હૂં કે તે દહાડે વરસાદ થાય. ૪૦ સાંઢા જનાવર જે દહાડે વરસાદ થવાનો હોય ત્યારે આંગળથી પોતાનું દર માંહેથી ધુટ ઉકેરી ઉપર ગોળ ડાબલી માફક પુરીનાંખે છે તે દહાડે વરસાદ થાય. ૪૧ શિયાળીઆં પરોઢીએ રૂએ તે દહાડે વરસાદ થાય છે. ૪૨ વાણીઆ (તીડ જેવાં) જંતુ પોતાના

ભોંયરામાંથી નીકળી અધર ફેરા મારતાં દેખાય છે. ત્યારે જાણવું કે વરસાદનું જોર વધશે. ૪૩ પતંગીઆનો ચકચકાટ રાત્રે જ્યારે બહુ વધે ત્યારે વરસાદનું જોર જાણવું. ૪૪ ચાંદરણાનું તેજ સતારાની પેઠે ઝબકારા કરે ત્યારે વરસાદ નિશ્ચય થાય. ૪૫ ઘોડાંના બાફવાના વાસણમાં લીલા ડાઘ જ્યારે જોવામાં આવે ત્યારે વરસાદ થાય. ૪૬ મેઘરવો જે દહાડે આવે તેજ દહાડે કે બીજે દહાડે વરસાદ ન થાય તો ત્રીજે વરસાદ ઘણું જોર કરે પાંચ ૭ દહાડા પાકે તો હેલી મચે છે પણ જો તુરત છાંડા કે વરસાદ થાય તો મેઘરવો ગળી જાય છે. ૪૭ વરસાદનું જોર હોય તો વાળાલોચ ચાલે છે કે બીલું જોર કરે છે. ૪૮ જખમ અથવા ઘા વાગ્યો હોય તેને ફરી ઉભળવાનાં ચિન્હ જણાય છે ૪૯ તેમજ સરપ (પડોતરા) કરડેલ હોય તેને ઘેન ચડતું જણાય છે ત્યારે જાણવું કે વરસાદ જોરમાં છે.

ચોમાસામાં સુર્યના સંજોગ ઉપરથી વરસાદ થવાનાં તાત્કાળી ચિન્હ:—૫૦ કહેવત છે કે—

તેતર વરણી આભલી, ત્રાંબા વરણો ઉગે શુર;
કવી ગત કહે ઠકરો, નદીએ આવે પુર.

અર્થ:—જે દહાડે આકાશ તેતરવણો(ચણાના દાણા જેવાં છુટાં વાદળાંની તર, અથવા બગલાની પાંખ રૂપી તર) હોય તેમજ લાલ ત્રાંબા રંગનો સૂર્ય ઉદય પામે, ત્યારે નિશ્ચય ત્રણ દિવસમાં નદીએ પુર આવે તેટલો વરસાદ થાય છે. તે માટે વરાહ સંહિતાના અધ્યાય ત્રીજામાં કહ્યું છે કે, અશાડ શ્રાવણમાં સુર્ય લગાર શ્વેત જળાકાર રંગનો ઉદય પામે તો વૃષ્ટિ સારી કરે છે. ભાદરવા તથા આસોમાં શ્વેત જળાકાર રંગનો ઉદય પામે તે ઉત્તમ જાણવો. (ઝાંખો, કાળો કે ભુરો ઉગે તો વાયરાની નિશાની જાણવી. ૫૧ વૃંદ શતસઈમાં કહ્યું છે કે—

દુરજનસે કૃપા બુરી, ભલો સજ્જનકો ત્રાસ;
જબ સુરજ ગરમી કરે, તબ બરસનકી આશ.

અર્થ:— નીચે માણુસની મહેરબાની કરતાં સજ્જન માણુસોનો ત્રાસ (ભય) હોય તે જેવી રીતે હીતકારક છે. તેવીજ રીતે ચોમાસાની રૂતુમાં સુર્યની ગરમીનો બફારો હોય. (પવન પણ શાંત હોય) તે દહાડે નિશ્ચય વરસાદ થાય. તેમજ દિવસે તાપ સ્વચ્છ પડે તે દહાડે મે થાય.

પર કેહેવત છે કે—“ **સુરજે જળ, ચાંદે કુંડું: કાંતો વરસે, ને કાંતો કરે ભુડું.**” એટલે સુરજ ફરતું જળકુંડુ જોવામાં આવે છે ત્યારે લોકો કહે છે કે—હવે વરસાદ આજકાલ થવો જોઇએ, ને આમાંથી ન થાય તો કુંડું કરે ભુડું. કારણ સુર્યનાં કિરણ આકાશમાં વરસાદની વરાળ રહેલી છે તેને લીધે દેખાય છે. જેથી સુરજને કુંડું એ દર્શનીક મજબુત ચિન્હ ગણાય. છતાં વધુ ગરમી અને પવનના ફેરફારની ગતિને લીધે વરસાદ ન થાય ત્યારે એ ચિન્હ ઉલટું એટલે ભુડુંજ ગણાય માટે લોક કહેવતને ઉંડા ઉતરી જોઇએ તો ભેદ ખોટો નથી. ૫૩—સુર્ય વાચ્છી વાદળામાં ઉગે એટલે આગલી રાતે આગલા દિવસનાં વાદળાં વીખાઇ ન જતાં છુટક છુટક કે ધાબારૂપે ટકી રહ્યાં હોય તેમાં ઉગે ત્યારે વરસાદ એકાએક કાતરો થાય છે.

૫૪—સુર્ય સાંજે ખડામાં અસ્ત પામે, અને ખડા ઉપર ટોચે કાચબીના રંગના છુટક છુટક વાદળાંની ચમરી હોય, અથવા પશ્ચિમ તરફ ઉંડાણમાં મોસમના વાદળાંની ખડાઓ ટકી રહી હોય, ત્યારે વરસાદ એકાએક જોર કરી જાય છે.

૫૫—સંધ્યાનું કોળાવું એટલે સુર્ય અસ્ત પામ્યા બાદ પાછળથી તેનો અંબાર (તેજ) ભીતરના કહ (રાતડ) સાથે એકરૂપ થઇ, કેશુડા

જેવો ઉજેશ જણાય. તેમજ આકાશની વરાળ (રાતડરૂપે) સિંદુરીઆ રંગની દેખાય, ત્યારે વરસાદ મોટા વિસ્તારમાં ફેલાવો કરશે. એમ નિશ્ચય જાણવું. અથવા અસ્ત વખતે વાદળાં ઉનનાં ગાભલા જેવાં જણાય તો જલદી વરસાદ થશે.

૫૬—સુર્યના નેત્રે પાણી આવે, ત્યારે વરસાદ વધશે એમ જાણવું એટલે સુર્ય ઉદય કે અસ્ત વખતે સુર્યનાં કિરણ સામસામી દિશામાં જનોઈરૂપ ક્ષિતિજ (આકાશ અને પૃથ્વી જ્યાં મળેલ દેખાય છે તે) માં પૂર્વ પશ્ચિમ થાંભલા ખોડાય ત્યારે વરસાદ થાય છે તે સાથે ઈશાનની વીજળીનો ચમકારો થાય તે વરસાદ હેલી મચાવે છે. ૫૭—સુર્ય ભરતની કાચની ખાપ જેવો તેજ કરતો ઉગેતો વરસાદ થાય છે અન વરસાદનો કાતરો હોય અને તેવો ઉગે તો પૃથ્વી ઉપર જળાકાર થાય તેટલો વરસાદ થાય. ૫૮—ચોમાસુ શરૂ થયા પછી સુર્ય મેલો (કહમાં) અથવા કાળી ખડામાં આથમે અને પૂર્વ દિશામાં સુર્ય ઉગતાં આકાશ લાલ અને ઉનના જેવાં કે હીરીષના રંગનાં વાદળાની ખડાઓ દેખાયતો વરસાદનુ ગાજવીજ સાથે તોફાન વધશે એમ નિશ્ચય જાણવું. કહેવત છે કે—

કાલી ખડકે આથમે, રાની ખડકે વીઆય;
ડંક કહે સુણ ભડલી, નદીએ નીર ન માય.

૫૯—દિવસે સુર્ય વાચ્છી વાદળામાં વાદળાં જેવો માલમ પડે અને ચંદ્ર રાત્રે ફીકો જણાય તો વરસાદ ખચીત થાય.

ચોમાસામાં ચંદ્રના સંજોગ ઉપરથી વરસાદ થવાનાં ચિન્હ:—૬૦ ચંદ્રે જળ—ચંદ્ર ઉપર રાત્રે વાદળાં પલાયન થતાં હોય ત્યારે કે આચ્છા ધાબામાં ચંદ્ર હોય ત્યારે, ચંદ્રની આસપાસ જળાકાર સુયં ફુલ જેવો આકાર દેખાય છે તે વખત લોકો કહે છે કે ચંદ્રે જળ

આવ્યું છે, માટે વરસાદ આજકાલ થાશે. ખરી વાતછે કે, આકાશમાં રહેલ વરસાદની વરાળમાંથી ગરમી ઘટે ત્યારે વરાળ જળરૂપે ચંદ્રના તેજમાં દેખાય છે. પણ જો વાદળા વિના ચંદ્રેજળદેખાય તો વરસાદ જલદી પડશે એમ જાણવું, ૬૧ ચંદ્રનું રાત્રીને વખતે વાચ્છી વાદળામાં ચડવું. ૬૨. ચદ્રે કૂંડું એ પણ સુર્યની પેઠે "**કાંતો વરખે, ને કાંતો કરે ભુંડું.**" એટલે વરસાદ થવાના સમયમાં કે વાયરામાં ચંદ્રની આસપાસ નાના મોટા ઘણાં કુંડું જોવામાં આવે છે. આ પણ એક વરસાદ તુરત થવાનું ચિન્હ છે. એટલે તેવા સમયમાં હવાનો ભેજ અનુકુળ હોય તો વરસાદ થાય. ૬૩–ચંદ્ર રાત્રે ફિકાશ પડતો અથવા જળાકાર–પીળાશ કે લીલાશ પડતો વાદળામાં ઉગેતો પૃથ્વી રેલે તેટલો વરસાદ થાય. ચંદ્ર કેવા રંગનો ઉગેતો લાભકારી થાય, તે માટે વારાહ સંહિતાના ચોથા અધ્યાયમાં કહ્યું છે કે–બરફ, મોગરાનું પુષ્પ, ધોળું કમળ અથવા સ્ફટિક રંગનો ઉગે તે વરસાદની ગતિને માટે શુભ ચિન્હ જણાતાં વરસ સુગાળ થાય છે. (રાખોડી જેવો મેલો, ભડકા જેવો કિરણ વગરનો, કાળા મંડળવાળો અને કાંપતો એવા લક્ષણે દેખાય તો વરસાદની ખેંચ સાથે દુર્ભીક્ષનાં ચિન્હ સમજવાં) આ બાબત –હાંડા તથા ખાંડાની વીધીથી વિશેષ સમજાશે.

૬૪–ગ્રહોના વક્ર, ઉદયને અસ્ત ઉપરથી વરસાદની અગમચેતી.

श्लोकः—वक्र अंगारको वृष्टि, उदयंच भ्रसपति ॥
शुक्र अस्तंगतो वृष्टि, त्रिधा वृष्टि शनीश्वरम् ॥

ઉપર બતાવેલાં વરસાદનાં કુદરતી ચિન્હો ઉપરાંત અમેરિકાના એક વિદ્વાને વિષુવવૃત્તથી ૧૫ અક્ષાંસ ઉત્તરના પ્રદેશોમાં રહેનાર કોઇ પણ માણુસ પોતાના નિવાસના સ્થળથી ઉભો ઉભો આસપાસ સેંકડો

માહોલ હવાના ફેરફારો માટે નીચેના અવલોકનથી અગાઉથી કહી શકે છે. તેના અનુભવ તરીકે નીચેના **દશ નિયમ** છે.

૬૧–૧–જ્યારે ઉષ્ણતામાપક યંત્રમાં ચડેલો પારો એકદમ નીચે ઉતરે તો જાણવું કે—તમારાથી દક્ષિણ બાજુ તરફ તોફાન થાય છે. ૬૨—૨ જ્યારે ઉષ્ણતામાપક યંત્રનો પારો એકદમ ચઢે ત્યારે કે તમારાથી ઉત્તર દિશામાં તોફાન થાય છે. ૬૩–૩ પવન હમેશાં જે દિશામાં શાંત્ત હવા હોય તે તરફ જે દિશામાં તોફાન થવાનું હોય તે તરફ વાય છે. ૬૪–૪–સીરસ જાતનાં વાદળાં હમેશાં જે ઠેકાણે તોફાન થતું હોય તે તરફથી જે ઠેકાણે હવા શાંત હોયછે તે તરફ જતાં દેખાય છે. ચૈત્ર માસમાં સફેદ પીંજેલા રૂ જેવાં વાદળાંનાં ધાબાં દેખાય છે. તેને સીડસ જાતનાં વાદળાં કહે છે. ૬૫-૫–ક્યુમ્યુલ્સ જાતનાં વાદળાં હમેશાં જે ઠેકાણે હવા શાંત હોય તે તરફથી જે દિશામાં તોફાન થવા માડયું હોય તે તરફ જાય છે. જેઠ મહિનામાં આકાશ ભુરા રંગનાં વાદળાં પહાડ જેવા ઢગલા માફક દેખાય છે. તેને ક્યુમ્યુલ્સ જાતનાં વાદળાં કહે છે ૬૬–૬–ઉપર કહેલાં સીરસ જાતનાં વાદળાં જ્યારે ઉત્તર અથવા વાવ્ય કોણથી ઝડપથી આવતાં દેખાય ત્યારે ગમે તેટલી સરદ હવા હોય તો પણ નિશ્ચય જાણવું કે ૨૪ કલાકથી ઓછા વખતમાં તમારે ત્યાં વરસાદ આવશે ૬૭–૭–જ્યારે સીરસ જાતનાં વાદળાં દક્ષિણ અથવા નૈરૂત્ય ખુણામાંથી આવતાં હોય ત્યારે ઉતાવળે જાણવું કે આવતે કાલ વરસાદ આવશે અને જો શિયાળો હોય તો જાણવું કે કરાનુ માવઠુ થશે. ૬૮–૮–પવન હમેશાં તોફાનની આસપાસ ગોળ વાય છે. અને જ્યારે ઉત્તરમાંથી આવતો હોય તો પશ્ચિમમાં ઘણો વરસાદ પડે છે એમ સમજવું અને જો પશ્ચિમમાંથી વાતો હોય તો ઉત્તરમાં ઘણો વરસાદ પડે છે એમ ગણવું. ૬૯–૯–તમામ

१०० माइल फरतो वरसाद के करा पडता न होय तो पवन कदी जोशथी वातो नथी. ७०–१०–जया रे भारे धुमस अथवा ठार पडे त्यारे समजवुं के नमागथी उत्तरमां अथवा वाय्य कोणुमां १०० माइलनी अंदर तोफान थवा मंडयुं छे.

विद्वान शोधकनां कुदरती वधु बॅरोमीटरो.

७१–एक काचनी बाटली अथवा प्यालामां पाणी टंकोटंक भरी तेमां थोडी चीकणी माटी मंहे नांखवी ने अंदर जळो मुकी उपर झीणुं लूगडुं बांधवुं एटले शीशीमां माछलीनी गति उपरथी भविष्यनी नीचे मुजब अगमचेती मळे छे. जो जळो तळीए बेसे तो हवा शांत थवानुं अथवा धुमस आवशे एमां जणाय छे. जो जळो मोंउपर आवी कपडाने बाझी रहेशे तो जाणवुं के वरसाद आवतो बंध नहि थाय त्यांसुधी त्यांज रहेशे. पाणीमां चालती चपळ जणाय तो गर्जना सहित वर्साद थशे ने जळो पाणीमां दोडती जणाय तो पवननुं सख्त तोफान थवानुं सूचवे छे. आगबोटमां हवा जाणवा माटे आवी रीतनुं यंत्र राखे छे. आ पाणी दर अठवाडीए बदलता रहेवुं.
७२ मि. लेफेट नामना पारीसना घडीआळीए—नवा प्रकारनुं एनी राइट बेरोमीटर नीचे मुजब आकाशनुं हवा मान जाणवा माटे योजना कीधी छे. घणा अबरखनी एक गोळ चकती तेणे बेरोमीट साथ जोडी छे. जे भाताना मध्य बिंदुनी आसपास फरे छे. चकतीना उपला भागमां आकाशमांना जुदा जुदा देखावना चितार दोर्या छे. हवानुं वजन वधी ऋतु खुल्ली थवानी होय त्यारे अबरखमां ब्लु–आकाशनो देखाव नजरे पडे छे. दबाणु हलकु होय अने ऋतु तोफानी थवानी होय त्यारे अबरखमां वरसादथी तर थएलां वादळांओनो आबेहुब देखाव जणाय छे.

વરસાદની કુદરતી રચનાનું વર્ણન અને અગમચેતીઓ.

(ભુતળનાં દર્શનીક ચિન્હો.)

વાદળાંની કુદરતી ગતિયો:—સૂર્યની ગરમી વડે–વરાળ અધર ચડે છે. તેમાંથી હવા વગેરેના ફેરફારથી ગરમી ઘટે તો બિંદુ છારી રૂપ થઈ જે દેખાવ આપે છે તેજ વાદળાં જાણવાં.

આપણે ચોમાસામાં ગીરનાર કે બીજા ઉંચા પર્વત ઉપર જ્યારે ચઢીએ છીએ, ત્યારે ઘણીવાર ધુમાડા (ધુમસ) ના રૂપમાં ભટકાતાં વાદળાં દેખીએ છીએ. અને કોઇ વાર વાદળાં નીચે હોય અને આપણુ ઉંચી ટોચે હોઇએ ત્યારે નીચે ધુમસ રૂપમાં લાગે છે, ઉંચામાં ઉંચાં વાદળાં—ચાર પાંચ માઇલ હોય છે અને નીચેમાં નીચે વરસાદ પડે ત્યારે જમીન સાથે એકાકાર થઇ જાય છે. ઉંચાં વાદળાં રંગે ભુખરાં હોય છે અને નીચેનાં કાળાં હોય છે ઉનાળા કે ચોમાસામાં બપોર પછી ફુલડાં થાય છે. પછી તેમાં ખડાઓ વધી એક બીજામાં પેસતાં મેઘા ડમ્બર થાય છે તેનુ કારણ એ કે આકાશમાં વરાળ અદૃશ પથરાએલી છે તેને ઠંડી લાગવાનાં કારણો ઉત્પન્ન થતાં વાદળાં બની વરસાદ રૂપે જમીન તરફ ઉતરે છે. પણ દરિયા તરફથી વાદળાં કે વરસાદ આવે છે તેને દરિયાઇ ભેજ વગેરે કારણ લાગુ થતાં દરિયામાં રહેલો જથાબંધ વરાળના એ પ્રતાપ સમજવા.

વાદળાંની જાત:—ઝાકળી, ધુમસ જેવાં, વાચ્છી, ભીતર, કહ, રીંછ અને ખડાદાર વગેરે.

ઝાકળી અને ધુમસીઆં:—માહ અને વૈશાખની કોળામણનાં અને ચોમાસામાં સવારમાં–પશ્ચિમમાં કે નૈરૂત્યમાંથી ગોટા નીકળી બપોર પછી બંધ પડે છે અને ઘણીવાર ગરમીને લીધે આકાશમાં દિવસ બધો કાગાકોટાં વળા કરે છે તો આ વાદળાં કસ વિનાનાં છે.

વાચ્છી:—દિવસનાં વાદળાં રાતવાચ્છી રહે અથવા મોસમનાં વાદળાંનો કહ ચડી આવે તેને વાચ્છી કહે છે. વાચ્છી–વાદળાં પવનની સામે બાજુએ ચાલે છે અને ચોમાસાના દહાડામાં વરસાદની અગમચેતી આપનાર ઉંચામાં ઉંચાં વાદળાં આવે છે.

વાચ્છીની જાત:—૧–ચકલા જેવાં છુટાં, ૨–ધાબું, ૩–છુટાં છવાયાં, ૪–તેતરવરણાં, ૫–છુટક ખડાદાર કે ગુમ ખડાદાર, ૬–સોરીવ (પીળા ફુલ રંગનાં), ૭–સરેસના રંગનાં વગેરે.

ભીતર—હેલીબંધ વરસાદમાં પવનની સામી દિશામાં ચાલનારૂં–અંદરનું પડ ભીતર ધાબુ પૂર્વમાંથી પશ્ચિમમાં ઘણીવાર ચડેછે. હેલીનો વરસાદ–વીંખાણા બાદ પીળા કહ આકાશમાં વીંખાઇ ગયેલા માલમ પડે છે તે ભીતરના સમજવા.

કહ—(રાતડના ડોળ અથવા પીળાશ પડતા ડોળ)–જનોઇરૂપ –પટાદાર અને તાંતણા રૂપે શિયાળા–ઉનાળામાં આકહ બહુ જોવામાં આવે છે. હવાના ફેરફારને લીધે કહનો વધારો થઇ–ઘણીવાર ધાબાના રૂપમાં થઇ જઇ વરસાદ રૂપમાં–વધારો કરે છે. વળી કોઇ વાર વરસાદની મંડાણની ઉપલી ખડાઓમાંથી કહ લાંબા લાંબા તણાતા જાય છે. એ ખ્યાલ પણ સૌના જોવામાં હશેજ. વળી જ્યારે કોઇ દિશામાંથી ઘણા કહ આવવા મંડે છે ત્યારે જાણવું કે તે દિશામાં સારો વરસાદ પડતો હોવો જોઇએ. (શિયાળા–ઉનાળામાં રાત્રે ઝાકળી કહ થાય છે પણ તે ટકાઉ ગણાય નહિ.)

રીંછ:—વાદળાંની ખંડાઓ ઉપર કે વરસાદના મંડાણ વખતે વાદળામાંથી વરસાદની ઝુમી રહેલી–પણ પવનને વેગે છુટા પડતાં વાદળાંને રીંછડીઓ કહે છે. આ રીંછડીઓ–સામ–સામા વાયુના જોરથી વાદળાંની વરાળ ગોઠવતાં વેગથી દોડે છે. વળી પાછી વળે છે. ત્યારે

રમૂજી સાથે દેખાવ થઇ રહે છે. રીંછડીઓ જે દિશામાંથી નીકળી હોય ત્યાં ભારે વરસાદ પડે છે. અને જે દિશામાં જાય છે, ત્યાં સામે મંડાણ કરશે એમ આ રીંછડીઓ સાબીતિ આપે છે. વળી હેલીબંધ કે ઝડીના વરસાદ વખતે એજ રીંછડીઓ પાણીના ધોધરૂપે જમીન સાથે પછડાય છે અને ત્રમઝટ પડે છે.

ખડાદાર અને મોસમનાં:—તેની બે જાત છે. કાળાં. ૨ ભુરાં. કાળામાં–શ્યામ રંગી, મેશી, રાતા વગેરે. ભુખરામાં જાંબુઇ રંગનાં લીલાશ પડતાં, રૂપેરી–ઉન જેવાં ધોરાં ખાપરીઆં વગેરે કહેવાય છે કે—

કાળાં વાદળાં ડરાવનાં, ઉજળાં બરસનહાર;
જાડા પુરૂષ સોહામણા, પાતળા લડનહાર.

વરસાદની કુદરતી ગતિયો:—જૂદી જૂદી ગરમીવાળાં વાદળાંના જથાઓ–એક બીજા સાથે ભેગા થાય છે, ત્યારે તેમાં ગરમી ઘટવાથી વાદળાનું વરસાદ રૂપે ફોરાં બધાઇ નીચે ઉતરી પડે છે તેને વરસાદ કહે છે. જુઓ, માથેથી વાદળું વરસાદ રૂપે તડકામાં પડતું હોય અને સૂર્ય–વાદળાંથી આથો હોય, ત્યારે નાનાં છોકરાં રમતાં રમતાં કહેશે કે તડકી તડકી મે આવ્યો. એ વખતે આકાશ સામું જોઇએ તો વાદળાંમાંથી ચળકાટ મારતાં ફોરાં કસની માફક નીચે પડતાં માલમ પડે છે અને વધારે ગરમી ઘટવાનાં કારણો સહાયભુત થાય તો શેરો (ધારોડા) મુકી મુશળધારો પડતો દેખાશે અને તે કરતાં વધારે ઠંડક લાગે તો વાદળાંમાંથી કરાનાં વરસાદનું તોફાન ઉતરી પડશે. (કરાના તોફાન વખતે થરમામેટરમાં પારો ૩૦ અંશ સુધી ઉતરી આવે છે) આ વખતે વાદળાંનો રંગ આકાશવર્ણો–કે શ્યામ રંગી થાય છે.

વરસાદના પ્રકાર:—આપણા જોતિષ શાસ્ત્રમાં મેઘનાં બારનામ આપેલાં છે અને કુદરતી વિદ્યાના શોધ કરનાર પદાર્થ–વિજ્ઞાની વિદ્વા-

નોએ સાત પ્રકાર વાદળાની જાત ઉપરથી કાઢ્યા છે. પણ તે દેશી રૂઢીમાં સાધારણ જ્ઞાન વાળાને સમજવા મુશ્કેલ પડે માટે દર્શનીક કુદરતી દેખાવ ઉપરથી નીચે મુજબ મુખ્ય પ્રકાર ગણીએ.

૧ સ્થાનીક ૨ મોસમનો. ૩ માવઠાં.

સ્થાનીકઃ—દેશના માંહેના ભાગમાં જે ગર્ભ સુર્યની ગરમી વડે થાય છે તેમાથી ૧–મંડાણ કરી ગર્જના સહિત વરસવું. ૨–મંડાણ કરી ગુપચુપ વરસવું. ૩–મંડાણ કરી ઉલટસુલટ દિશામાં જવું. ૪–ધાબડીઓ. ૫ કરાનો વગેરે.

મોસમનોઃ—તેમાં ૧ વહનનો (હેલીઓ.) ૨ અવાર નવાર (ખાંચો દઈ) ઝાપડાં નાંખનો. ૩ ઝરમરીઓ. ૪ એકલફેરી વગેરે

માવઠાં:—એટલે ચોમાસા સિવાયનો વરસાદ તેને અકાળી કહે છે. માવઠાંથી કોઈવાર ફાયદો અને કોઈવાર ગેરફાયદા થાય છે. માવઠાં ક્યારે થાય ? ઉત્તર શિયાળા ઉનાળામાં રતમાં કુ–રત વર્તાય, વાયુ અનિયમિત વાય, કફ વધે વગેરે કારણથી થાય છે. જેમકે–૧ ચોમાસુ વત્યા બાદ દીવાળી ઉપર કે પછી ઘણીવાર માવઠું થાય છે. કારણ જે સાલ ખારી કે ભુરનું વહન ચોમાસુ ઉતરતાં આવે નહિ અને શરૂઆત કે મધ્યમાં ઘણો વરસાદ પડી ગયો હોય તે સાલમાં આસો માસમાં ગરમી વગેરેથી અનિયમિત ૠતુ વર્તાય. જેથી ભુરના વહનરૂપે માવઠું થાય છે. જુઓ સંવત ૧૯૪૫, ૪૮, ૫૦, ૫૨, ૫૩, ૫૫, ૫૭ માં માવઠું એજ કારણથી થયાં હતાં ૨—શિયાળામાં સખત હીમ આવે, ત્યારે એક વરસાદની ખેંચ રહી જતાં પાછળથી માવઠા રૂપે વરસાદ થાય છે. ૩–ઉનાળાની ૠતુમાં એકાએક ગરમી વધી જાય તો દરિયાઇ તોફાન, માવઠું કે રોગની ઉત્પતિના વધારાવાળાં ચિન્હ દેખાવ આપે છે. ૪ હવાના ફેરફારને લીધે ઉનાળામાં માવઠારૂપે વહન

નીકળે છે. તા૦ ૧ લી મે ૧૮૯૨ તથા તા૦ ૧ લી જુન ૧૮૯૨ માં એ પ્રમાણે તોફાન નીકળ્યાં હતાં. વગેરે, ૫ ગ્રહણના યોગથી હવાની ફેરફાર સાથે માવઠું થાય છે તેને ગ્રહણ ધોયું એમ લોકો કહે છે. માટે ગ્રહણના યોગથી હવામાં ફેરફાર થાય છે એ વાત સિદ્ધ છે. ગ્રહોના વક્ર ઉદય ને અસ્તથી પણ હવામાં ફેરફાર થઇ થોડે ઘણે અંશે માવઠાં નો દેખાવ ઘણું કરી આપે છે. **માવઠાની નિયમિત ખાત્રીઅત**— ચોમાસામાં વરસાદ શરૂઆત કે મધ્યમાં ઘણો પડે. ને જે શિયાળામાં સખત હીમ પડેલો હોય ને છેવટ એક વરસાદની ખેંચ રહી ગઇ હોય ત્યારે ખસુસ માવઠું થાય છે. તે બાબત અગાઉથી અગમચેતી આપેલી છે. જુઓ કા. ટા. તા. ૧૦–૧૦–૯૫ નું. દુકાળના વખતમાં ફાવે તેટલી ખેંચ રહ્યા છતાં માવઠું થતું નથી. કહેવત છે કે:—“ **દુબળે નહોય પાગઠું અને દુકાળે ન હોય માવઠું** ” એટલે માઠે વરસે માવઠું ઘણે ભાગે બગાડવા થાય, પણ દુકાળે માવઠાં થતાં નથી. જુઓ ૧૯૩૪ ૫૬, ૬૮ નો અનુભવ. (ખરેખર દુકાળ એ ઇશ્વરી પ્રજા ઉપરનો તેમની કરણી વગેરેનો મહા કોપ છે.)

વિજળી અને ગર્જનાની ગતિઓ:—વીજળી વિષે ડાકટર ફ્રાંકલીન કહે છે કે પ્રથમ સૂર્યની ગરમીથી જે વરાળ અધર ચડે છે તેનાં ધોળાં વાદળાં થાય છે. તેમાં વીજળીનો પાસ ઉત્પન્ન થતાં ઘેરા રંગનાં થાય છે. અને વીજળીનો થવાની હોય, ત્યારે કાળો ભુરો રંગ બદલાઈ જાય છે.

વીજળી થવાનું કારણ:—જૂદી જૂદી વરાળના વાયુના જથાવાળાં ઉપલા રંગના વાદળાં ભેગાં થાય ત્યારે ઘર્ષણથી વીજળી થાય છે. જેવો વાયુવાળા ગરભનો જોશ તેવા ગગડાટ થાય છે એટલે વીજળી થયા બાદ વાયુને ભટકાયાથી ગગડાટ થાય છે. જેવો આકાશના

વાયુનો વેગ–તેવા કડાકા થાય છે. જેમ આપણા કાનસાથે જેવો પવન ભટકાય તેવો અવાજ લાગે છે. તેમજ વીજળી જેવા વેગવાળા વાયુ સાથે અથડાય તેવા–ગગડાટ થાય છે. નાનાં નાનાં છોકરાં તથા વહેમી લોકો ગર્જનાના ગગડાટ વખતે કહે છે કે–ઇંદ્રરાજા દડે રમે છે. પણ ઉપરની હકીકતથી જણાશે કે-ઇંદ્ર (મેઘ) રાજા ઉપર મુજબનો ખ્યાલ બતાવે છે, જુઓ રોહણ અને મૃગશર નક્ષત્રમાં અથવા ચોમાસાની શરૂઆતમાં ગરમીને લીધે પવનનો વેગ વધારે હોય છે. માટે વધારે ગર્જના થાય છે. **કહેવત છે કે અશાડી પાંચમે વીજળી બંધાય** છે તે પહેલાં વીજળી ઘણા ઉપર પડે છે. કારણ ગર્ભ અને પવનનો વેગ જબરો હોયછે. અશાડી પાંચમે દેવને ત્યાં (કુદરતના સાહેબને ત્યાં) સંકળાય છે એટલે ગરભ અને વાયુ ભેજને લીધે શાંત થાય છે. માટેજ લોક રૂઢીમાં એમ બોલાય છે. ભાદરવે ગરમી વધવાથી કાંઇક ગર્જનાનો વેગ હાથીઓ સુંઢ ફેરવતાં સુધીમાં આવે છે.

ચોમાસા માટે વીજળીનો ચમત્કાર:—૧–સરપ વાંકો ચુંકો ચાલે તેવી વક્રગતિવાળી વીજળી થાય ત્યારે સ્થાનીક–મંડાણ મેનું તોફાન થાયછે. આ વીજળી વાદળામાંથી છુટી પડયા પછી જમીન ઉપર આવતાં જૂદા ભાગ થઇ જાય છે. ૨–ભડકા જેવી વીજળી થાય ત્યારે વાદળામાં બધે પ્રકાશ પ્રકાશ થઇ જાય છે અને ઉપરા ઉપરી (લબક લબક) થયા કરે છે અને તે વાદળાના મધ્યમાંથી થાય છે. તેનો રંગ રાતો, ભુરો કે કસુંબી હોય છે. સામે વહને આ વીજળી વધારે થાયછે. તેનું જોર હોયતો કોઇવાર પડેછે. ૩–બળતા ગોળા જેવી વીજળી થાય, ત્યારે જાણવું કે સખત તોફાન કે ઉલ્કાપાત થાશે. આ વીજળી થાયછે ત્યારે બળતા ગોળાના રૂપમાં જમીન તરફ આવી એકદમ અળફ સળફ થઈ જાય છે અથવા છુટા કટકા થઇ સામી ઉછાળા મારે છે.

આ વીજળી ઘર, દેવળો કે મીનારા ઉપર અથવા લોક **કહેવત** મુજબ જ્યાં ચંદનઘો રહેતી હોય, ત્યાં વધારે પડે છે અને બાળી ભસ્મ કરી નાખે છે વળી આ વીજળી થતી વખત માણસ અંજાય છે. એવો તેનો અસાધારણ પ્રકાશ છે. વીજળીથી બચવા માટે નાનાં છોકરાંઓ-વીજળીના જબરા કડાકા વખતે લોઢાને થોભી રાખે છે. પણ વિદ્વાન લોકો પ્લાટીનમ, પીતળ અને લોઢાનો મિશ્ર-વીજળી સ્થંભ બચાવને માટે ઘરમાં રાખવા ભલામણ કરે છે. ૪-મંડાણના વરસાદમાં કડાકા થાય ત્યારે વાયરાની નિશાની જાણવી પણ જો મોસમના વરસાદમાં થાય તો વરસાદ વધે છે અથવા તોફાન લાવે છે. (વધારે વીગત હિંદનું વાયુ ચક્રશાસ્ત્ર નામનું પુસ્તક બહાર પાડવાના છીએ તેમાં આવશે.)

આઠે દિશાની વીજળીનાં ચિન્હ:—૧-પૂર્વની વીજળી ચોમાસુ શરૂ થતાં થાય તો સાધારણ જોર અને ઉતરતાં થાય તો ભુરવહનનું જોર સમજવું:—૨-ઇશાની થાય ત્યારે ત્રણ ઘડી કે ત્રણ દિવસમાં વરસાદ થાય એમ લોક કહે છે. કારણ ઇશાનદિશાએ, ઇશ્વરનાં ઘર (કૈલાસ) નો વાસો છે એમ કહેવાય છે. પણ ભુતળની કુદરત રચના પ્રમાણે તપાસીએ તો ઇશાનની વીજળી થઈ એટલે જાણવું કે વરસાદનો ગરભ માંહેના ભાગમાં જબરો વેગ ધરાવે છે. અને વીજળીનો પ્રત્યાઘાત આકાશની વરાળને વરસાદના રૂપમાં લાંબા વિસ્તારમાં જલદી ઉતારે છે. ૩, ૪—ઉત્તર કે વાવ્યનીવીજળી એ પણ વરસાદના ઘરની જાણવી. કારણ એ ભાગમાં મારવાડ, કચ્છ, અને સિંધ પ્રાંતોના રણની સખત ગરમી છતાં ગરભ બંધાયો, ત્યારે આપણા તરફ વધારે ભેજ હોવાથી વરસાદ જલદી થવાની નિશાની જાણવી. ૫—પશ્ચિમની વીજળી એ અરબી સમુદ્ર તથા હિંદી મહાસાગર—તે તરફ હોવાથી વરસાદનું તોફાન ઉપડવાની અગમચેતી આપે છે. ૬—દક્ષિણની વીજળી હિંદી મહાસાગરમાં તોફાન ઉપડયાના ખબર આપે છે. પવનની ગતિ આ

તરફ હોય તો ધરશી આવેછે. ૭—ગીરનારી વીજળી—એ મોટું તોફાન થવાની કે હિંદી મહાસાગરમાંથી વરસાદનું વહન ઉપડવાના ખબર આપે છે. પણ ચોમાસુ ઉતરતાં એ વીજળી થાય તો વરસાદ ખલાસ થવા સાથ-દક્ષિણ હિંદમાં ચોમાસું પાછું ઠેલાય છે. તેવાં ચિન્હ જાણવાં. ૮— અગ્નિની વીજળી ચોમાસાની શરૂઆતમાં થાયતો તરકો પડે. એમ લોક કહે છે પણ ચોમાસું ઉતરતાં થાય તો ખારી વહન આ તરફ આવવા વેગમાં છે એમ જાણવું. (પવન જો ખારી હોય તો)

માથા ઉપર વીજળી થવાનો ચમત્કારઃ—આ રાત્રે માથા ઉપર વીજળી થાય અને પવન તે દિવસ બંધ રહેતો જાણવું કે જલદી ઘણો વરસાદ પડશે. કહેવત છે કે—

' માથે વાદળ વીજ કરે, ચોમેર ચોખ્ખું હોય;
બે પહોરમેં વરસસે, ચિંતા ન કરે કોય. '

૯—ચારે પાસે રાત્રે વીજળી થાય, એ આંધીનું તોફાન કે વહન ઉઠવાની અગમચેતી આપે છે.

કાચબીની ગતિઓઃ—એને મેઘધનુષ પણ કહે છે. તે હમેશાં સૂર્યની સામી બાજુએ થાય છે. મેઘધનુષ્યમાં સાત રંગ દેખાય છે. તેનું કારણ એ કે—સુર્યના કિરણમાં સાત રંગ રહેલા છે. જેથી સુર્યનાં કિરણ પવનમાં થઇને જતાં વરસાદની વરાળમાં વાંકાં વળે છે. તેથી રાતો. પીળો, વાદળી, નારંગી, લીલો, ગળીએલ અને વાંગો લોટ એ રીતે સાત રંગ દેખાય છે. વરસાદ થોડો હોય તો એક અને વધારે હોય તો બે ધનુષ વર્તાય છે. સુર્ય ફરતું કુંડું એ પણ મેઘધનુષ્યજ છે વળી ચંદ્રને ધોળા ને કાબરચિત્રાં ધનુષ થાય છે. આકાશમાં વરાળ હોય તોજ મેઘધનુષ થાય છે. માટે મેઘધનુષની ચોમાસા માટે નીચે મુજબ અનુકુળતા છે.

કાચબી:—બે જાતની છે. ૧ **પશ્ચિમ.** ૨ **પુર્વની.** હવે **પશ્ચિમ (આથમણી) કાચબીનાં ચિન્હ**—આજે પણ સવારમાં આથમણી કાચબી તાણે પણ તે રાતનાં વાચ્છીવાદળાં અથવા પૂર્વનાં–વાચ્છી વાદળાંના વરસાદના કહ પશ્ચિમમાં જતા હોય તેમાં દેખાય તો વરસાદનું જોર ગણવું, (પણ સવારમાં ખોટું મેઘાડમ્બર ચડે છે. તેમાં કાચબી હોય તો વરસાદનું જોર ગણવું નહિ.) કહેવત છે કે—

સુરજ સામી કાચબી, જો ઉગમતે સુર;
વહુ વાછરૂં વાળજો, નહિ તો જાશે સામે પુર.

ઉગમણી કાચબીનાં ચિન્હ:—બપોર પછી ઉગમણી કાચબી જોવામાં આવે છે ત્યારે જાણવું કે વરસાદ વિખરાઇ જશે અને વરસાદનું જોર મોળું ગણવું. અને વાયરાની નિશાની જાણવી.

સૂર્ય–ચંદ્રને ફરતાં મેઘ ધનુષ (કુંડાં) જોવામાં આવે છે એ પણ વરસાદનો આરંભ સુચવે છે, (સૂર્ય–ચંદ્રના સંજોગ ઉપરથી વરસાદ થવાનાં ચિન્હ જુઓ.)

કાચબીનો ચમત્કાર:—મેઘધનુષનો મુખ્ય રંગ લીલો હોય ત્યારે વરસાદ ઉપરા ઉપરી પડશે–પણ જો લાલ રંગ મુખ હોય તો વરસાદની સાથે પવનનું તોફાન થાશે.

ચોમાસામાં સ્થાનીક એટલે ઘામે ઘામે વરસાદ થવાનાં ચિન્હ:—૧–વૈશાખનો પવન બંધ પડે તો બફારા સાથ ઉકળાટ થઇ ઘામે ઘામે કૃત્તિકા રોહણી વગેરે નક્ષત્રનો વરસાદ થાય છે. એટલે મે ઉતરતાં અને જુનની શરૂઆતમાં આ દેખાવ વધારે શરૂ થાય છે. ૨–આકાશનો રંગ ચોખો નહિ પણ ગર્ભીત લાગે. પવન શાંત અને દિશાઓ પડી ગએલી જણાય એટલે બપોર પછી ઘામે ઘામે વરસાદ

થાય છે. (ઝાકળ—સવારમાં મોડાં આવવાથી ગરમીને લીધે દિવસ અંધાધુંધ થાય છે તેને ગર્ભીત દિવસ ગણવો નહિ.) ૩—બપોર પછી વાદળાં થાય તેમાં પ્રથમ નાનાં તલકાં (ફુલડાં) થાય તેમાંથી ખાપરીઆ કે શ્યામ રંગની ઘટાઓ વધી નીચે સાળ (વાદળાંનો કહ) બંધાય છે અને ઉપર શંકુ—(ગાજર આકારની રૂપેરી પડવાળી શીખરો બંધાય અને એક બીજા વાદળાંમાં પેસતી જણાય ત્યારે લાંબા વિસ્તારમાં સ્થાનીક તોફાન એકદમ—પવનની દિશામાં ફેલાવો કરશે. ૪—રાત દિવસ રૂપેરી વાદળાં આકાશમાં પલાયન થતાં હોય તે એકાએક બંધ પડે અને બપોર પછી ત્રીજી કલમમાં બતાવ્યા મુજબ વાદળાં થાય, પણ તેનો રંગ પાછલા પોહોરે—સીરીસ (કાંટાળા અશેળીઆ) ના પીળા ફુલ રંગની અસંખ્યા પડવાળી શીખરો દેખાવ આપે, ત્યારે ગાજવીજ સાથે નિશ્ચય તોફાન પવનની ગતિ તરફ થાશે. ચોમાસાની શરૂઆત અને ભાદરવે સ્થાનીક વરસાદમાં આ દેખાવ થાય છે. ૫—કાળાં અને ધોળાં મિશ્રણ વાદળાં સવારના દસ વાગ્યાના સુમારે પૂર્વમાં જતાં માલમ પડે અથવા ઉકળાટ સાથ બપોર પછી વાદળાં થાય. તેમાં કાળાં વાદળાંમાં જાંબુ-રંગની નિશાની દેખાય. અથવા બપોર પછી જે તલકાં અને ઘટાઓ થતી હોય. તેમાં ધોળાં તલકાંનો રંગ બદલાઇ ઘણા વાદળામાં કાળી જાંબુ રંગની તલકીઓ ઉમેરવા માંડે ત્યારે એકાએક મેઘાડમ્બર વધી જઇ ગર્જનાના જબરા ધડાકાબંધ વરસાદ પડે છે. આ વાદળામાંથી વાંકી ગતિવાળી વીજળી થાય છે. અને જોર હોય તો પડવા ધાસ્તી રાખવી. ૬—સવારમાં ઝાકળી વાદળાં આવતાં બંધ પડે, અને નિર્મળ તડકો પડે. અને બપોર બાદ વાદળાં થાય. વળી સુર્યો પવન મંદ મંદ વાતો હોય, ત્યારે પણ વરસાદ મંડાણ કરે છે. પણ જો ગરમીનો ઉકળાટ પવનની લહેર સાથે

વધી જાય, તો વાદળાની ગરમી છુપી જાય. એટલે ઘણી ગરમીથી વાદળાં વરસાદરૂપે સંકોચન ન પામતાં વરસાદનો ડાકડમાળ પવનની ફટકી (લહેર) સાથે વીંખાઇ જાય છે. ત્યારે જાણવું કે બીજે કે ત્રીજે દિવસ નિશ્ચય વરસાદ મંડાણ કરશે. (વાદળાની ઘટાઓ ઉપર ધોળી ચમરીઓ થવા મંડે. તે દહાડે પણ ગરમી છુપી જાય.) ૭–વરસાદ મંડાય, ત્યારે રીંછડીઓ ગતથી દોડતી હોય ત્યારે જાણવું કે વરસાદ વધશે. પણ બીજેથી રીંછડીઓ આવતી હોય ત્યારે જાણવું કે,–તે દિશામાં ખુબ વરસાદ પડે છે. અને જે દિશાએ રીંછડીઓ જતી હોય, ત્યાં વરસાદ મંડાશે. એમ નિશ્ચય પૂર્વક દેખાવ માલમ પડે છે. આ–વરસાદ ઘણુંકરી હમેશાં પવનની સામી દિશાએ ચાલે છે. (ખડાઓમાં કાચબા રંગની ચમરી થાય છે.) ૮–બપોર પછી થયેલાં વાદળાં ઘણું કરી પૂર્વ દિશામાં–જઇ, જઇને સ્થીર થવા માંડે ત્યારે તે દિશામાં વરસાદનું મંડાણ થાય છે અને પવનના તોફાન સાથે સામી બાજુએ ચાલે છે. ૯-ચોમાસામાં વાચ્છી વાંદળ રહે અને સવારમાં ઘાસ ઉપર ઝાકળ જે દહાડે ન જણાય તે દહાડે વરસાદ મંડાય. ૧૦–વરસાદ વરસતો બંધ પડી જાય અને પાછો વાવ્ય કે નૈરૂત્યનો પવન વાતો હોય, ત્યારે તે પવન પાછો જે દહાડે ફરે તે દહાડે વરસાદનું મંડાણ શરૂ થાય.

ચોમાસામાં વહન ઉઠવા (એલી મચવા) નાં ચિન્હ:— ૧–સુર્યો પવન વાય તો ત્રણ ઘડી કે ત્રણ દિવસમાં વરસાદનું વહન ઉઠે છે. કહેવત છે કે,—" **वा वाय सूर्यो तो मे आवे पूर्यो** " —મતલબ કે સુર્યો વા હોય અને ભેજ સાથે ઉકળાટની ચટકી હોય તો સામે પવને વહન ઉઠે છે. પણ ગરમીનો અને પવનનો વધારો હોય તો ધીમે ધીમે થાય છે. ૨–ખારી (અગ્ની) પવન વાય તો બંગાળા **તથા ચીનાઇ સમુદ્ર (પાસીફીક મહાસાગર)** નું વહન ઉઠે છે. **કહેવત**

છે કે **"વા વાય ખારી તો મે થાય અંકરા ધારી."** એટલે ચોમાસામાં ખારી વા વાય ત્યારે આ તરફ પુરતો ભેજ હોય તો એલી મંડાય છે, જુઓ; ભાદરવામાં છેલ્લું વહન ઉઠે છે. ખારી પવનથી ત્રણે રૂતુમાં વાદળાં થઈ આવે, અને ભેજ વગેરે સંજોગ પ્રમાણે વરસાદ થાય છે. ૩—પૂર્વ કે ખારી અગ્ની) તરફથી વાચ્છી વાદળાનું ભીતરનું ધાબું આવતું હોય અને ઉપર પશ્ચિમ કે સુર્યા પવનનાં મોસમનાં વાદળાં સામી દિશાએ જતાં હોય ત્યારે મોટી એલી મચાવે છે. આ વખતે ધાબામાંથી એકલપણગી (વાછૂરી) વરસાદ પડતો હોય તો જાણવું કે ત્રણ ઘડી કે ત્રણ દિવસમાં એલીનું વહન ઉઠે છે. કહેવત છે કે:—

એકલ પણગી જો પડે, રાંડી કાજળ સાય;
એ વરસે એ ઘર કરે, ફાડાસાઠ માંય.

અર્થ:—વિધવા કાજળ આંખમાં આંજે, ત્યારે નવા જૂની થાય, તેમ વાચ્છી વાદળ ગોહામથી એકલ પણગી પડે, ત્યારે જાણવું કે વહન ઉઠવાનું મહાન ચિન્હ સમજવું. (પણ વાયરામાં સવારમાં મેઘાડમ્બર મેઘાડમ્બર નિકળે છે. તેમાંથી ઝરમર છાંટા પડે છે. તે એકલ પણગી ગણવી નહિ. ૪ રાતનાં વાચ્છી વાદળાં રહેવા માંડે, તે ખડાદાર કે કહરૂપે હોય—તે પૂર્વમાંથી પશ્ચિમમાં જાય, ત્યારે પણ એકાએક વહન ઉઠે છે. ૫ ચોમાસાની શરૂઆત (મૃગશર નક્ષત્ર)માં ગીરનારી પવન સખત આંચકાનો વાય તોપણ બંધ પડતાં હિંદી મહા સાગરમાંથી વહન ઉઠે છે અને ભેજ પુરતો હોય તો માસ કે પખવાડીઆની એલી મચે છે મોટી ઝંડી કે મોટી એલી આ વહનનું જોર હોય છે તો થાય છે. કહેવત છે કે:—ગીરનારી (નૈરૂત્ય) પવને વરસાદ થાય તો—**ડુંગર માથે ડાબાં પાય એટલો વરસાદ થાય** (આ પવને કેટલીકવાર

વાયરૂ પણ વાય છે. જુઓ પવનની ગતિઓ.)૬—ઉત્તર દક્ષિણ વાદળાં વિયાળ કરતાં ચાલે તો ઘણો વરસાદ થાય કહેવત છે કે,—**ઉત્તરની વાદળી દક્ષિણમાં જાય તો મેઘ અનંતા થાય'** કારણ એ રીતે વાદળાં ચાલે તો હિંદુસ્તાનમાં ખારી વેપારી વાયુ) નું વહન અને દક્ષિણ હિંદી મહાસાગરના (મોસમના) વહનનું સમાન જોર જણાવે છે. આ વખતે ખારી પવન પંજાબ સુધી જોરમાં પહોંચેલ હોવાથી તેની ગતિ દક્ષિણમાં ફરતાં ભીતરનું વહન હિંદી મહાસાગરનું હોવાથી તે ઉત્તરમાં જવાનો વેગ કરતાં મિશ્ર થવાથી ભારે વહન ઉઠે છે. ૭— સમીસાંઝ કે પરોઢીએ બફારો (પલો) થાય. હવા ગરમ લાગે, વાચ્છી વાદળાં દેખાય તો આકાશ એકાએક વરસાદ વહન રૂપે ઉત્પન્ન થાય છે. આ ચિન્હ પહેલાં સમીસાંઝ કે પાછલી રાતે ઇશાન કે પૂર્વની વીજળી મંદમંદ ચમકારા આપતી હોય તો દિવસ ઉગતામાં વરસાદની રેડી આવી પહોંચશે (અથવા તો બીજી રાત ભાગ્યેજ ખાલી જાશે. ૮—સરેશ (રંગના કામમાં આવે છે તે)ના રંગનાં વાચ્છી વાદળાંનું ધાબુ કે કહ બંધાતો હોય તે ઉપર ડોળાં પાણી રંગનાં ફુક્કડા—વાદળાં થાય અને તેનો રંગ બપોર પછી જાંબુ રંગનો થાય તો એકાએક વહન ઉઠે છે. વાયરા પછી કે માવઠું થવાના સમયમાં આ દેખાવ બહુમાલમ પડે છે. ૯—વરસાદ વરસતો હોય, ત્યારે પાણીમાં ઉપરા ઉપરી પરપોટા થાય અને લોળો (પાણીમાં પડતાં ફોરાં—છેડ રૂપે સામાં)ઉછળે ત્યારે જાણવું કે એલીનું હજુ જોર છે. ૧૦—ગીરનારી કે ખારી વહનના ખડાદાર—હાથી જેવાં વાદળાં—જેવાં કે નીચે કાળી સાળ અને ઉપર રૂપેરી રંગની પડવાળી ખડાઓ હોય ત્યારે ઝાપટાં નાખતો એટલે અવાર નવાર (ખાંચો દઇને)ઝાપટાં દિવસ બધો પડતાં રહે છે. અશાડ ઉતરતાં અને શ્રાવણમાં આવો વરસાદ પડતાં આપણે જોઇએ છીએ. જેને શ્રાવણનાં

અવડાં કે ઝાપટાં કહે છે. વળી ચોમાસું ઉતરતાં ખારી વહનથી પણ કોઈવાર એવાં ઝાપટાં આપણા પ્રાંત ખાતે પલાયન થાય છે. ૧૧–આકાશનો રંગ ગુલાબી કે કેશુડા જેવો તેમજ અસમાની, લીલાશ પડતો ગુલાબી કે આકાશમાં કાચબી રંગનાં વાદળાં દેખાય, આકાશમાં દરિયાના પાણી જેવી લીલા રંગની છાંટ જણાય. વળી ભેજમાં ઉકળાટ વધે, તો એકાએક ભારે વહન ઉઠે છે. (ભાદરવે આકાશ વાદળીઆ રંગ કરે છે. તે લક્ષમાં રાખવું.) જો પવન અને ભેજ અનુકુળ હોય તો પાક્ષીક એલી મચે છે. ૧૨—ભીતરનો અને ઉપરનો પવન જ્યાં ભેગા થાય ત્યાં હવા એકાએક શાંત થાય છે અને ધાબાનો કહ ઘડી આવી ઓચીંતું વહન ઉઠાડે છે. (પવન શાંત થયા કે વનની ક્રિયા થઈ ચુકી.) ૧૩—દિવસ ઉગતાં કહ રાતા અને સંધ્યા વખતે કેશરીઆ રંગનાં વાદળાં દેખાય અને સંધ્યા કોળાવાથી ઉજેશ થઈ રહે–અને રાતનો ઓચીતો સુવાડ વધે એટલે દરિયામાં વહન ઉઠવાની ક્રિયા થઇ ચુકી જાણવી ૧૪–વાયરા પછી પવન બંધ પડે અથવા જે પવન વાતો હોય તે ગોટવાય વળી તેમાં પવનમાં વટોળ નવા આવે ને ધુળ ઉડવા માંડે. ૧૫—વાયરા પછી–વહન ઉઠયા પહેલાં પશ્ચિમનાં આવતાં વાદળાં કે ઝાકળ બંધ પડી જાય, કે સવારનાં વાદળાં પૂર્વમાં આગળ વધી ન જતાં અલોપ થઇ વીંખાઇ જાય, ત્યારે બંગાળાના ઉપસાગરમાં વહનની ક્રિયા ઉઠી ચુકી જાણવી. (પવનની દિશા પણ બદલી જાય છે.) ૧૬—આકાશ ને દિશાઓ નજીકમાં લાગે, દૂરના પદાથ પણ નજીક લાગે તેમજ દુરનો અવાજ ચોખો સાંભળવામાં આવે, ત્યારે ઉપરનાં ચિન્હોમાંના ઘણા ખરાં આવી મળી એકાએક વરસાદનો કાતરો થઇ આવી વહન ઉઠે છે. **બીજે–(હિંદના બીજા ભાગમાં) હેલી તેનાં ચિન્હ:**—૧૭ આકાશમાં વાદળાંનું ધાબુ આવતું હોય તે વખતે

એકલ પગી (વાછૂરી)પડતી હોય, ત્યારે જે તરફથી વાદળાંનું ધાણુ ચડી આવતું હોય તે દિશાના મુલકમાં એવી મંડાણી છે, એમ નિશ્ચય જાણવું. અને આપણે ત્યાં એક બે દિવસમાં વહન સામી બાજુમાંથી ઉઠશે. કહેવત છે કે—

'ગુરૂ શુક્રકી વાદળી, શનિશ્વર ક્યાંયા હોય;
રવી સોમે વરસસે, ચિંતા ન કરો કોય.'

૧૮—વરસાદનો ઠંડો ઓંચાતો આંચકાનો પવન સૂચવે ત્યારે કે રીંઝડીઓ ઉગમણથી આવતી હોય, ત્યાયે તે તરફ હેલીરૂપ વરસાદ પડે છે એમ માનવું. ૧૯—પીળા કલ જથા બંધ જે દિશામાંથી આવતા હોય તે દિશામાં હેલીબંધ વરસાદ પડવો હોવો જોઇએ (શિયાળા-ઉનાળાના ઝાકળી કલ થાય છે તે નહિ.)

હેલીમાં ઝડી થવાનાં ચિન્હ:—૨૦—હેલીમાં ગીરનારી પવનનું વહન ઉઠે તો ઝડી થાય. ૨૧-હેલીનો વરસાદ બંધ પડી ફરી બે ત્રણ દિવસે ચારે પાસની વીજળી સાથ વહન ઉઠે તો તોફાન થાય. ૨૨—સૂર્ય ચંદ્રને કુંડાં દેખાય ત્યાર પછી લાંબાં પટાદાર વાદળાં પટાને આકારેજ જગ્યા (સમ રૂપિ માફક)બદલે અને વાદળાંનો રંગ શિયાળા ઉનાળાના માવઠા રૂપેક પાણી જેવો દેખાય ત્યારે દિશાનો મેળ રાખ્યા સિવાય, હરકોઇ બાજુમાંથી મોટુ તોફાન ઉપડે છે. ૨૩—કરા પડે તેટલો ભેજ આકાશમાં થાય તો અમુક ભાગમાં કરાના તોફાન સાથે ઝડી થાય છે. તેમજ ગરમી અને ભેજના વધ ઘટના પ્રમાણથી સ્થાનક ઝડ થાય છે. ત્યારે મેહનું જોર જાણવું. **૨૪ દરિયાઇ તોફાન થવાનાં ચિન્હ:**—દક્ષિણ કે પૂર્વ દિશાના પીળા કલ માથેથી પલાયન થતા હોય તે વખત ગરમીના ચટકે સાથ રીંછ રૂપી કાળાં વાદળાં કે તેતર વરણાં વાદળાં આકાશમાં દેખાવ આપે ત્યારે દરિયામાંથી તોફાન

સાથ વહન ઉપડે છે. જુઓ ૧૯૪૫ (સન ૧૮૮૯)ના કારતક સુદ ૫ નું તોફાન વીજળી નામની આગબોટ જળમાં હોમાણી અને હજારો માણસનો ઘાણ નીકળી ગયો અને દેશમાં માવઠાથી કેટલીક ખરાબી થઈ)તેમજ તારીખ ૧ મે ૧૮૯૨ માં પણ એજ લક્ષણથી તોફાન થયું હતું. ૨૫ સમુદ્ર કે દેશના ભાગમાં ગરમી ન પડતાં એકાએક વધારો થાય તો ત્રણ કારણ ઉત્પન્ન થાય છે. **૧-દરિયાઇ તોફાન. ૨ માવઠું. ૩-રોગનો વધારો.** એ ચિન્હો ઉત્પન્ન થાય છે. જુઓ તા. ૫-૪-૯૬ ના કાઠિયાવાડ ટાઇમ્સમાં એકાએક ગરમી વધ્યાથી તોફાન થવાના અગાઉથી ખબર આપ્યા હતા. ને તે પછી તોફાન નીકળ્યું હતું ૨૬ રોહણ કે મૃગશર નક્ષત્રમાં માંહેના ભાગમાં તોફાન એ દરિયામાં પણ તોફાન છે. એમ નિશાની ગણી તેમજ જે સાલમાં ચોમાસાના મુખમાં ધુડની અંધકાર વાવગ (તોફાન) દેશના માંહેના ભાગમાં ચડે તે સાલમાં દરિયામાં તોફાન વધારે છે એમ નિશ્ચય માનવો.

હેલીનો વરસાદ ખલાસ થવાના ચિન્હ:—(અથવા સ્થાનીક વરસાદ ઉડી જઈ વા વાવાનાં ચિન્હ) ચોમાસામાં જ્યારે પક્ષિક કે માસિક હેલી મચે છે ત્યારે માણસ, પશુ પક્ષિ, મુંઝાય છે અને હેરાન થાય છે. જેથી વરસાદ ક્યારે ખલાસ થશે. તે જાણવાની આકાંક્ષા રહે છે. માટે તેવા ચિન્હ નીચે લખ્યાં છે. ૧-પવનની દિશા બદલાઇ જાય એટલે વાદળને વાયુની દિશા બદલાઇ જાય અને પવન વાવ્ય કે પશ્ચિમ દિશાનો વાવા માંડે. ૨-ભીતરનું ધાબું આવતું બંધ પડે ૩-આકાશ તુરત જંગલ સરખું ચોખું લાગે અને આધું ગએલું દેખાય. ૪ ખોટા ફુવાળા પશ્ચિમમાંથી આવવા મંડે ૫-ચંદ્ર સૂર્ય, ઝખો ઉગે, અને સૂર્ય સ્વચ્છ બિંબથી અસ્ત પામે ૬-પવન કોરાડુ નો કેક ૭-દિવસ નભરવો (ઝાંખો) લાગે. ૮-ખડ ઉપર ઝાકરનાં ટીપા બંધાય.

ચોમાસું ખલાસ થવાનાં ચિન્હઃ—૧ કહેવત છે કે **'આગીઆ ઉડયા ને કાદવ સુકયા.'** ૨–ભાદરવામાં જે દહાડે અગસ્તનો તારો ઉગે તેજ રાત્રે ઘણું કરી નદી કાંઠે કાસડાનાં ફુલ ઉઘડે છે. ત્યારે જાણવું કે વરસાદ ઘરડો (નરમ) થયો. તે માટે રામકથામાં કહ્યું છે કે—**" ફુલે કાસ સકળ મહિછાઇ, જન વૃખારત પ્રગટ બુઢાઇ."** ૩–જયાં વરસાદ મંડાય' ત્યાંજ પોટલા મોઢે પડી ખલાસ થાય. ૪–વાદળાં થાય ત્યાંજ (અદશ્ય) લોપ થવા મંડે છે. ૫–પાણી આછરવા માંડે છે. ૬–રાતના પહેલા પહોર લગી વરસાદનું જોર. ૭–વયાં અને કુંજડીઓ આવવા માંડે છે. હવે ચોમાસું ખલાસ થવાનાં ચિન્હ દર્શાવું છું ૧–'**આસો ને મે નાસો,** ઘણે ભાગે ખલાસ થાય છે) ૨–મેઘરવો આવતો બંધ પડે. ૩–જે સૂર્યો પવને વરસાદ આવતો તેજ પવનથી ઝાકળ આવવા માંડે છે. ૪–ભુરનું છેલ્લું વહન આવી ગયું હોય અથવા ચોખો ભુર ફેંકાતો હોય છે તેથી કોળને ફાલ એકદમ આવવા મંડી જાય છે. અને મોલ, ખડ વળી આવતાં જમીન કરાળ નાખી જાય પશ્ચિમ છે. કે સૂર્યા પવનનાં સવારનાં વાદળાં આવતાં બંધ પડી ગયાં હોય, ૬–આકાશનો રંગ શિયાળુ રંગનો જણાય છે- ને વગડાનો દેખાવ ફરી જાય છે. ૭–સવારમાં ગુલાબી ટાઢ પડવા માંડે છે. ૮–કરોળીઆ થોર વગેરે ઝાડ અને ખડ ઉપર ઝાળો બાંધે છે. ૯–ઉંદરડા છાણમાંથી ઉકેરા કાઢતાં બંધ પડે. ૧૦ ચાંચડનો વધારો થાય. ૧૧–દક્ષિણમાં વીજળીનું જોર ખસતું જાય, ૧૨–શિયાળુ અને ભુર લેરાં આવે· તેમાં ૠતુ બદલાયાના વંટોળ પશ્ચિમ તરફ જતા દેખાય. ઉપરનાં ચિન્હ ન દેખાય ત્યાં સુધી વરસાદ થવાની આશા રાખવી.

સુચનાં:—ચોમાસાનાં કુદરતી વર્તારાના ઉપર ૭૨ ચિન્હ બતાવ્યાં તે તથા વરસાદની કુદરતી રચનાનાં—આકાશ, વાયુ, વાદળ, વીજ

વગેરેનાં ચિન્હ—વરસાદ ધીમે ધીમે અને એલ્રી, ઝડી વગેરેનાં વરસાદ વખતે ઘણાં ખરાં મિશ્રિત રૂપે દેખાવ આપે છે. વળી ઘણાં ખરાં ચિન્હો મેં ખાસ લાંબી મુદ્દત અવલોકન કરી—દર્શનીક રીતે સત્ય રામબાણ જણાયાં તેજ ઇશ્વરી કૃપાની અનુકુળ પરિણામ તરીકેની આત્મબળની અનુભાવિક નોંધો અહીં લીધી છે. માટે અનુભવ વધારવાથી વધુ પરિણામો ઉત્પન્ન થશે.

કુદરતી ઉલ્કાપાતનો કુંડળીઓ.

(ભય, કલેશ અને પીડાનો દેખાવ આપનાર ભવિષ્ય ચિન્હ)

ઉલ્કાપાતા અવનીયે, હસિત પ્રતિમા હોય;
ત્રાસત ભાસત ધેન ધણ, અર્ક ઉદે તે જોય.
અર્ક ઉદે તે જોય, તોયધિ છલકે તપ તરણી;
કુંપ ગ્રજે કુવિ કંપ, અભ્ર ઉડગણ ધ્રંસ ધરણી.
કહે નાગજી વિપ્ર, શ્વાન સ્વર શિયાળ પ્રભાતા;
દવ દિન દિન ધુડ ધોશ, અવનિયે ઉલ્કાપાતા.

અર્થઃ—પૃથ્વી ઉપર મુખ્ય અગિયાર ઉલ્કાપાત મહાત્મા ગણાવી ગયા છે. ૧ દર્શન કરતાં મુરતી હસતી માલમ પડે. ૨ સૂર્ય ઉગતાં ગાયનું ધણ ત્રાસીને ભાગે. ૩ સમુદ્ર માજા મુકે. ૪ સૂર્ય એકાએક બહુ તપે, કુવો ગાજે (બડબડીયાં બોલે) ૬ ધરતી કંપથી ધ્રુજે, ૭ તારા બહુ ખરે. ૮ કુતરાં અને શિયાળ સવારમાં બહુ રૂવે ૧૧ દાવા નળ—અગ્નિ લાગે ૧૧ દિવસે ધુડ બોલે ત્યારે નિશ્ચય કાંઇ કુદરતી ઉલ્કાપાત ભય, કલેશ વગેરે થશે એમ જાણવું.

ડિનેમાઇટના ભડકાથી થતા વરસાદના અખતરા—(એ બાબત આપણું પ્રાચીન રહસ્ય.)

આકાશમાં રહેલા વરાળના ભેજને વરસાદ રૂપે લાવવાને ઇશ્વરી કુદરત શિવાય બીજાં કૃત્રિમ સહાયભૂત કારણોથી વરસાદ લાવવાના ડિનેમાઇટના (દારૂ વગેરેથી કરવામાં આવતા)અખતરામાં સત્ય કેટલું રહેલું છે. તે અમારા અવલોકન અને અનુભવ મુજબ નીચે હકીકત પ્રજાના ધ્યાનમાં લાવવાની જરૂર જણાય છે.

ડિનેમાઇટના ભડાકાની કૃત્રિમ (બનાવટી)ક્રિયાની અખતરા (અ-જમાયશ કરી વરસાદ લાવવાનો શોધ યુરોપ અને અમેરિકાના વિદ્વાનો-એ પ્રથમ ખેડવા માંડયો છે એમ માન્યતા રાખનારને નીચેના આપણા પ્રાચીન વિદ્વાનોના અખતરા અનુકુળ જોગ માટે મોટું અભિમાન ધ-રવાનું કારણ મળે છે. દાખલા તરીકે—અનાવૃષ્ટિ (સુકવાણા વખતે આપણા દેશમાં જગત ગુરૂઓ બ્રાહ્મણો તરફથી ગામે ગામ ઉજાણીઓ અને હવનહોમ વગેરે ક્રિયાઓ કરવાની ઉત્તમ સલાહ મળે છે. જેથી જેમ આપણા ઘરમાં અગરબત્તી કે લોબાનથી આસપાસની હવાના ગુણમાં ફેર પડે છે. તેમ તલ, જવ, ઘી, નાળીએર વગેરે જથાબંધ હોમની ક્રિયા ચાલે છે ત્યારે મોટા વિસ્તારમાં હવાંમાં ફેરફાર થાય છે જેથી આકાશમાં વરાળનો ભેજ અનુકુળ હોય તો ઝાપટાં પડે છે આવે વખતે જગત ગુરૂઓ કહે છે કે —ઇંદ્ર રાજાનો ભાગ આપણો માટે વરસાદ થાશે—મતલબ કે—આકાશમાં હવાભેજ વાળી અનુકુળ હોય તો ઉપલા અખતરાની ક્રિયા હવન હોમ અને બ્રહ્મભોજનથી ગામે ગામ થાય તો ઇંદ્રરાજાને પધરામણી કરાવવાનાં કારણો સહાય ભુત થતાં હવાના સુધારા રોગીષ્ટિહવાનો નાશ થવા સંભવ છે માટે ધડાકાથી સુકવણા કે રોગિષ્ઠ હવા વખત ઉપલી ક્રિયાઓ ગામે ગામ કરવી જોઇએ વળી મહાભારત વગેરે શાસ્ત્રોમા ગદાઓના મોટા ધડાકાથી મોટા જુદ્ધ વખતે કે પછી તુરત—ઇંદ્રરાજાએ વરસાદ કર્યો માટે તે જ-

આ પવિત્ર થઈ અને શઓ પવિત્ર નદીમાં તણાઇ ગયાં વળી રક્તવર્ણની નદીઓ વહી વગેરે કહેવાય છે કેમકે ગદાના અસંખ્ય ધડાકાથી આસપાસની હવામાં મોટા ફેરફાર થાય છે વળી લોહીવર્ણો ઉનો ભેજ આકાશમાં જાય છે, વળી જુદ્ધ વખતે ઘણા માણસનો સમુહ ભેગો થવાથી ગરમી-(બફારો) વધે છે. જેથી માણસના શરીરમાંથી અગાધ પરશેવો છુટે છે તે પણ વરાળરૂપે અધર જાય છે. આ સઘળાનું પરિણામ થોડા કે વધતા રૂપમાં વરસાદ થયાના દાખલા શાસ્ત્ર આપે છે. (હાલમાં જાપાન અને રૂશિઆના જુદ્ધમાં તે તરફ વરસાદનું પ્રમાણ આગુધાર્યુ વધેલ છે એ જુદ્ધની ક્રિયાને લીધેજ.)

વળી ભગવતગીતાના ત્રીજા અધ્યયામાં કહ્યુ છે કેઃ—

अन्नाद्भवंति भुतानि, परजन्याद अन्न संभवः ॥
यज्ञाद् भवाति पर्जन्यो, कर्म समुद्भवः ॥

ભાવાર્થઃ—યજ્ઞ હવન હોમથી વરસાદ થાય છે. અને વરસાદથી અન્ન થાય છે, ઉપર આપણા પ્રાચીન શાસ્ત્ર વિધિના દાખલાથી જણાય છે. કે—આકાામાંથી અના વૃષ્ટિ વખતે વરસાદ લાવવાની ક્રિયાઓ આપણા મહાત્માઓ વૈદીક કર્મ અવલંબન કરી ગયા છે. તે ડિનેમાઇડના ભડકાથો વધારે ફળદાયક છે.

વળી આપણા ધર્મશાસ્ત્રમાં કહ્યુ છે કે આકાશમાં એક જાતનો તીર ફેકવાથી વરસાદ થતો હતો જેને અનુસરી યુરોપમાં તોપો ફોડી વરસાદ લાવવાની ગણતરી કાઢી જણાય છે.

હવે ડિનેમાઇટ (દારૂ વગેરે મેળવણીનું ભડાકા કરવાનું મિશ્ર) એ પણ કાંઇક જુધ્ધ વખતના જેવી કે હવન હોમને અનુસરતીજ ક્રીયા છે. જે માટે યુરોપ, અમેરીકામાં ઉપરાઉપરી વરસાદ લાવવાના અખતરા થોડા વરસ ઉપર બહુ કરવામાં આવ્યા હતા. તેમજ હિંદુ-

સ્તાનમાં પણ એ અખતરાનો વા ચાલ્યો હતો. પણ આ અખતરાથી ઇશ્વરની કુદરત આગળ જોઇતી ફતેહ થઇ નથી. આપણા દેશમાં મદ્રાસ ઇલાકાના કડપા જીલ્લામાં એ અખતરો ઋતુને અનુસારી ફતેહકારી થયાનું કહેવાય છે. જે ઉપરથી પોતાની પ્રજાના હીત ખાતર સંસ્થાન ભાવનગરના નામદાર માહારાજા શ્રી તરફથી એ શોધ શીખવા માટે અમુક વિદ્વાન ગૃહસ્થને મોકલેલ હતા. ખરેખર પ્રજાના હિતનું એ સ્તુત્ય કામ ગણાય. આવા અખતરાથી આકાશમાં પુરતો ભેજ વગેરે સંજોગ હોય તો ઝાપટાં પડવા સંભવ છે. નહિ તો અખતરો અને ખર્ચ નકામો જાય છે.

અપવાદઃ—સન ૧૮૯૨ ના શ્રાવણ માસમાં વાદળાનો ગોહો હમેશ રહ્યા કરતો. ભેજ (ટાઢોડું) ઘણું હતું. વરસાદની પણ ખેંચ હતી. પણ હવા સમશીતોષ્ણ કટિબંધના જેવી પાતળી હતી. જેથી ઝરમરીઓ વરસાદ ઘણું કરી થાય. પણ ગરમ જાડાં ભેજ વાળી હવા વિના વરસાદ ધો, ધો, થતો નથી. "(આ બાબત યુરોપ–અમેરિકામાં શોધ જારી છે.)

ડિનેમાઇટના ભડાકાની રીત અને પ્રમાણ નીચે પ્રમાણે હોય તો કાંઇક ઝાપટાં પડવા સંભવ છે. ૧—ઠંડી હવા સાથે વરાળનો ઉનો ભેજ (બાફ) જોઇએ. ૨—ભેજ અને પવનનું વલણ કઇ તરફ છે ? ૩—ઋતુ પ્રમાણે ભેજ ભડાકા માટે પૂરતો છે ? ૪—ધડાકા ઉંચે સ્થળે જોઇએ. ૫—પર્વત અને ઝાડીવાળાને વધારે અનુકુળ પડે છે. ૬—ધડાકાનું અંતર રાખવું જોઇએ. ૧—ઉપરના ૨—પાંચ દશ મિનિટે અરધો કે એક મૈલ નાચે, ત્રીજો સ કડા ખુણા એવી રીતે કરવા કે એ ભડાકાની હવામાં ત્રાજાની હવા ભેગી થાય અપવાદ—૧—પવન બદલાય. ૨—હવાનો ફેરફાર થાય. ૩ અને સીતલ—સુખી (ભુખરવા) હવાથી અખતરા નિષ્ફળ જાય છે. એમ છે. તોપણ ઇશ્વરની કુદરત ન્યારી સમજવી.

પ્રકરણ છઠું.

હિંદની ચોમાસાની રૂતુ અને સરકારી વાયુચક્ર ખાતાના વર્તારાનું ઓબઝરવેશનઃ—

હિંદની ચોમાસાની રૂતુ અગાઉથી જાણવાની જરૂર— હિંદના લોકોની હાલત સારી યા નઠારી રહેવાનો આધાર મુખ્યત્વે ચોમાસાની રૂતુ ઉપર રહે છે. કારણ હિંદવાશીઓનો મુખ્ય આધાર ખેતીવાડી ઉપર છે. અને ખેતીવાડીનો આધાર મુખ્યત્વે વર્ષાદ ઉપર રહેલો છે-એટલે વર્ષા રૂતુ-ચોમાસું દર સાલ કેવુ નીવડશે, અને વર્ષાદ લાવનારાં કુદરતી સાધનો કયાં, કયાં અને કેવી રીતે અનુસરે છે તે અગાઉથી જાણવાની આપણા દેશમાં ખેડૂતો વગેરેને બહુ ઉપયોગી બીના છે. સ્વભાવિક રીતે આ હકીકત જાણવાને દરેક માણસનું વલણ (મન) દરવર્ષે આતુર રહે છે. એક ચોમાસુ વિત્યું કે-બીજું આવતું ચોમાસુ કેવું આવશે વગેરે બાબતની ચિંતામાં આકાશ સામું જોવા સાથ અનેક રીતે ફાંફાં મારવાં પડે છે, વળી જોશી વગેરેથી ખુવાર મળી મનની સમાધાની ગાળતાં-લોકો જણાય છે. માટેજ ચોમાસાની ભવિષ્ય વિદ્યા ખરા અનુભવ સાથે અગાઉથી જાણવાની હિંદવાશીઓને પૂરેપૂરી બહુ જરૂરીઆત સમજવી. જેથી અમે પાછલા પ્રકરણોમાં દેશી રૂઢી અને ઇશ્વરી કુદરતના જોગની પુષ્કળ અગમચેતીયો સંશોધનથી આપી છે, તેનું દરવર્ષે અવલોકન કરતા રહેવું. આ પ્રકરણમાં ભુતળ રચનાને આધારે આખા હિંદનું સામાન્ય ઓબઝરવેશન મારા અનુભવ અને અવલોકન મુજબ-આપવા કિંચિત પ્રયત્ન કર્યો છે.

હિંદમાં નિયમિત ચોમાસુ ગણાય કે નહિ ?— બીજા દેશની ઘણું કરી અનિયમિત રૂતુને મુકાબલે આપણા હિંદુસ્તાન દેશની

ઋતુ નિયમિત એટલે સમયપર આવી પોતાનાં વાજાં દરવર્ષે વગાડે છે. એ આપણા દેશ ઉપર પરમકૃપાળુ પરમેશ્વરની બલીહારી છે, જુઓ, હિંદુસ્તાનના પશ્ચિમ કાંઠાપર, એટલે–મદ્રાસ ઇલાકાનો પશ્ચિમ ભાગ, મુંબઈ ઇલાકો–ઉત્તર–દક્ષિણ મહારાષ્ટ્ર, કોકણ, ગુજરાત—કાઠિયાવાડ, કચ્છ, સિંધ અને પંજાબની પશ્ચિમની ખીણોનો મૂલક: એ ભાગમાં ચોમાસું દર સાલ—જૂનથી અકટોબર સુધી ઘણે ભાગે નિયમિત આવે છે. પણ હિંદુસ્તાનના બાકીના ભાગમાં ચોમાસુ ઉપર મુજબ અને આગળ–પાછળ બેસે છે, તેમ ઉતરે છે. માટે તે પણ કાંઇક નિયમિત અને સમયપર આવવાવાળું તો ગણી શકાય.

ઘણું કરી હિંદુસ્તાન સિવાયના બીજા દેશોમાં ઇશ્વરી કુદરતના નિયમ મુજબ ચોમાસું આપણી પેઠે ચાર માસનુંજ નથી, પણ બારે માસ વરસાદ અનિયમિત વર્ષા કરે છે વિલાયતમાં બારે માસ ચોમાસું રહ્યા કરે છે. આસ્ટ્રેલિઆ, અમેરિકા, જંગબાર, નાતાલ અને ચીન–એ દેશોમાં ચોમાસુ આગળ–પાછળ બારે માસ આવ્યા કરે છે. આ ઉપરથી વાંચનાર (ભુતળજ્ઞાન નહિ જાણનાર) ને મનમાં સવાલ થશે કે એમ કેમ થતું હશે ? ઉત્તરમાં એટલુંજ કહેવું બસ થશે કે–તે દેશોમાં વરસાદ લાવનારાં ઇશ્વરી કુદરતનાં સહાયભૂત કારણો–વધતા ઓછા રૂપમાં હોય છે. તોપણ આપણે બીજા દેશની વાત બાજુપર મૂકી, હિંદની ચોમાસાની રૂતુ દરસાલ કેવી પસાર પામશે, તેના મૂળ-તત્વનું અવલોકન કરીએ.

હિંદના જુદા જુદા પ્રાંતમાં વધતો ઓછો વરસાદ પડવાનાં દર્શનીક (દેખીતાં) કુદરતી સહાયભુત કારણો

પૃથ્વી ઉપર જૂદા જૂદા મૂલકમાં કે, અમુક ઠેકાણે દરસાલ કેટલો ને કેવો વરસાદ થશે, તે નક્કી જાણવાને હવા, ગરમી, પવન, પર્વત,

સમુદ્ર વગેરે કુદરતી ભૂતળનાં કારણ ગણાય છે. તેજ કારણ હિંદુસ્તાન દેશની પવિત્ર ભૂમીને ચોમાસાની રૂતુ માટે અનુસરે (લાગુ થાય) છે. માટે ભૂતળવિદ્યાનું અવલોકન જાણનાર આ બાબત તુરત સમજી શકશે. તોપણ સાધારણ રીતે સૌ લોક સમજે એવા રૂપમાં નીચેની હકીકત લખવા પ્રયત્ન કર્યો છે.

૧. વિષુવવૃત્તથી અંતર—વરસાદને માટે વધારેમાં વધારે વરાળ (વાદળાંને વરસાદ માટે) પૃથ્વીના ગોળાની મધ્ય ભાગના દેશોમાં એટલે પૃથ્વીના મધ્ય બિંદુથી પૂર્વ પશ્ચિમ સિધિ લીટીના પ્રદેશોમાં દરિયામાં થાય છે. કેમકે વિષુવવૃત્તપર (પૃથ્વીના મધ્ય ભાગમાં) સૂરજનાં કિરણ ઉભાં પડે છે, જેથી ત્યાં સમુદ્રનાં પાણીની વરાળ વરસાદને માટે વધારે થાય છે. ને વિષુવવૃત્તથી જેમ જેમ અંતર વધે તેમ સૂરજનાં કિરણ ત્રાંસા પડવાથી ગરમી કમ, જેથી વરસાદ માટે વરાળ થોડી થાય છે. માટે વિષુવવૃત્તથી ઉત્તર દક્ષિણના મુલકો તરફ તપાસ કરીશું તો વરસાદ ઉપલા કારણથી થોડો વરસે છે. પણ આપણો હિંદુસ્તાન દેશ વિષુવવૃત્ત પાસે હોવાથી વરસાદને માટે લાભદાઇ સંજોગ છે. કારણ આપણા હિંદીમહાસાગર વચ્ચે થઇ વિષુવવૃત્ત જાયછે.

૨ પવનની દિશા ને જાત—કેમકે, સમુદ્રમાં સૂરજની ગરમીવડે પાણીની જે વરાળ થાય છે તેને એક સ્થળેથી બીજે સ્થળે લઇ જનાર પવન છે:— જુઓ, આપણા દેશને માટે શરૂઆતમાં જેઠ, અશાડ શ્રાવણમાં નૈરૂત્યનો પવન કે સૂર્યો હિંદી મહાસાગરની વરાળ ખેંચી લાવે છે તે હિંદુસ્તાનના પશ્ચિમ કાંઠાપર વગેરે ઠેકાણે વરસાવે છે ને પાછળથી વેપારવાયુ એટલે ખારી (અગ્ની ખુણનો) પવન પાસિફિક ને બંગાળાના ઉપસાગરમાંથી લાવે છે. ખરેખર આપણા દેશમાં વરસાદ લાવનાર ધોરીધર ઉત્તમ સાધન ગણી શકાય.

૩ ઉંચાણુનો દેશ—નીચાણુમાં ગરમી વધારે હોવાથી વરાળ વધારે થાય છે. ને ઉંચાણુમાં હવા પાતળી હોવાથી ગરમી થોડી, જેથી વરાળ થોડી બને.

૪ પહાડી મુલક—પહાડી મૂલકમાં પર્વતપરના પાતળા પવનને લીધે ઠંડી હોય છે, તેથી જે વાદળાં આવે તે પર્વતને અથડાઇ ઉચે જઇ ઠંડા પડી વરસાદ રૂપે પૃથ્વી ઉપર પડે છે. જુઓ હિમાલય, સહ્યાદ્રિ, ગીરનાર, માથેરાઇન, નીલગીરી વગેરે ઠેકાણે ઉપલા કારણુથી વરસાદ વધારે પડે છે.

૫ સમુદ્ર કિનારો—સમુદ્રમાં વધારે વરાળ થવાથી સમુદ્ર કાંઠે વધારે વરસાદ થાયછે, જુઓ–મલબાર, કોકણુ ને મુંબાઇ કોસ્ટો(કાંઠો.)

૬ વનસ્પતિનાં જંગલો—કેમકે વનસ્પતિનાં મૂળ જમીનનો ભેજ શોષણુ (ચુશી) કરી પાંદડાંવડે બહાર કાઢે છે. તેથી ત્યાં હવા ઠંડી હમેશાં રહે છે. માટે વાદળાંને ઠંડા પાડી વરસાદ વધારે પડે છે વળી ત્યાં જે વાદળાં દરીઆમાંથી ચોમાસાની મોસમ વખતે આવે છે તે ત્યાં સ્થિર થઇ ઉચે ચડી ઠંડા પડી વરસાદરૂપે નીચે આવે છે. તેથી જે પ્રાંતમાં ઝાડી વધારે ત્યાં વરસાદ વધારે થાય છે. જુઓ વનખંડી, હિમાલયની તળેટી, ગીર, પશ્ચિમઘાટ ને આસામની ઝાડી વગેરે.

૭ રેતીનાં રણુ—ગરમીને લીધે રણુની રેતી દિન દિન વધારે તપવાથી ત્યાં ઉપરનો પવન બહુ ગરમ થઇ જાય છે. માટે જ્યારે મોસમના પવનની વરાળ કે વાદળાં આવે, તે ગરમી શોષી લે છે, ને વરાળ કે વાદળાંને પાતળાં કરી ઉચાં ચડાવે છે, ને વરસાદરૂપે ન પડતાં પવનથી ઉડી જઇ બીજે ઠેકાણે ચાલ્યાં જાય છે. જુઓ, સિંધ, મારવાડ, સહરા વગેરે.

૮ આકાશી પદાર્થોનાં કુદરતી કારણો—સૂરજ, ચંદ્ર, ને પૃથ્વીની ગતિ, ગ્રહોના વક્ર; અસ્ત ને ઉદય, નક્ષત્ર રાશી, વગેરેની કુદરતી ગતિઓથી હવામાં ફેરફાર થાય છે; જુઓ. વરસાદ થવાનાં કુદરતી કારણનાં ચિન્હ ઉપર મુજબ આપણા દેશની તેમજ હિંદુસ્તાનની વરસાદની રૂતુ માટે માંહેના ભાગના કારણનો નિકટ સંબંધ છે. જે આ પછી પ્રાંતવાર વધતો ઓછો વરસાદ થવાનાં કારણ બતાવ્યાં છે, તેથી વધારે ખાત્રી થાશે. (હિંદની ચોમાસાની રૂતુ માટે માંહેના ભાગની રૂતુનો સંબંધ નથી. એમ કહેનારને ઉપલાં ઇશ્વરી કુદરતનાં મજબુત કારણોનું અવલોકન કરવાની ખાસ ભલામણ કરૂં છું.)

હિંદમાં પ્રાંતવાર દર સાલ કેટલો વરસાદ પડે છે ? ને તે ક્યારે, અને વધતો ઓછો પડવાનાં કુદરતી કારણો ક્યાં છે ?

તે ભુતળ વગેરે શોધને આધારે નીચે જણાવેલ છે તે ચોમાસાની રૂતુના અગાઉથી વર્ત્તારા કાઢવાને બહુ લક્ષમાં લેવા જોગ છે.

કોકણ—એમાં દર સાલ સરેરાશ ૯૦ થી ૧૦૦ ઇંચ વરસાદ જુનથી સપટેંબર સુધી પડે છે. કારણ ચોમાસાની શરૂઆતમાં મોસમનો સમયવાહી પવન (નૈરૂત્ય)નું વહન હિંદી મહાસાગર નજીક હોવાથી વરાળને કે વાદળાંને લાવે છે. દરિયાઇ ને જમીનની લહેરો સહ્યાદ્રિ પર્વત નજીક; જેથી કોકણ તથા મુંબઇને ભાગ્યવાન કરે છે.

ઉત્તર ને દક્ષિણ મહારાષ્ટ્ર—અહીં કોઇ ઠેકાણે ૨૦, ૩૦ ને ૪૦ ઇંચ સુધી વરસાદ સરેરાશ પડે છે. જુઓ, નાશીક, પુના, સતારા ને ધારવાડનાં માપ. અહીં કોકણની પેઠે બે મોસમ છે. અહીં વરસાદ સરેરાશ કોકણ કરતાં ઘણો ઓછો પડવાનું કારણ પ્રથમ નૈરૂત્યના વહનથી ઘાટપર વરાળ અથડાવાથી આ તરફથી ઘણો ખરો

વરસાદ ખલાસ થાય છે. વહનનું ઘણું જોર હોય ત્યારે વરાળ ઉંચી ચડી પેલીમેર જાય, તે શરૂઆતમાં સાધારણ વરસાદ રૂપે પડે છે. બીજી મોસમ અગષ્ટ અધવચથી અક્ટોબર સુધી વેપારી પવનથી ઈશાન અગ્નિ તરફથી આવે છે ત્યારે આ ભાગોમાં સારો વરસાદ પડે છે આજ વહન આપણે ત્યાં છેલ્લું જોરના પ્રમાણમાં આવે છે. આ ભાગો દરિયાથી દુર ને વરાળ આવવાને પુરતો લાગ નથી તો પણ ઘાટ ઉપર સારો વરસાદ પર્વત ને ઝાડીને લીધે પડે છે.

દક્ષિણનો ઉંચ પ્રદેશ (મહીસુર સુદ્ધાં):—દરસાલ લગભગ ૯૦ થી ૧૦૦ ઈંચ સુધી પડે છે. ત્યાં પણ વરસાદની બે મોસમ છે. પ્રથમ જુનથી અગષ્ટ સુધી નૈરૃત્યમાંથી આવે છે, ને પછી વેપારવાયુના જોરથી સપ્ટેમ્બરથી નવેમ્બર સુધી ઇશાન તરફથી આવતો લાગે છે. ત્યાં વધારે વરસાદ થવાનું કારણ ઉંચ પ્રદેશ; નીલગીરીના ડુંગર.

મધ્યપ્રાંત—ત્યાં સરેરાશ ૪૦ થી ૪૫ ઇંચ જેટલો પડે છે, પણ દક્ષિણ તરફ મેદાનમાં ૧૫ થી ૨૦ ઇંચ સુધી પડે છે. મોસમ બે છે. પ્રથમ જુનથી અગષ્ટ સુધી હિંદી મહાસાગરનું વહન દક્ષિણ ને આપણા દેશની પેઠે પ્રવેશ કરે છે. અને બીજું સપ્ટેમ્બર, અક્ટોબર ને નવેમ્બરમાં બંગાળા તરફથી વેપારવાયુ (ખારીપવન) ના વહનથી વરસાદ થાય છે. આ પ્રાંતના પ્રમાણમાં વરસાદ થોડો થવાનું કારણ સમુદ્રથી તે ભાગ છેટો છે. ને દક્ષિણના ભાગો તરફ પૂર્વ, પશ્ચિમ ઘાટમાં વરસી જવાથી થોડો થાય છે; કેમકે નહિતો ઉંચ પ્રદેશને સાતપૂડા તથા વિંધ્યાચળ જેવા મોટા પર્વત અને તેમની ઝાડીથી વરસાદ ઘણો થવો જોઇએ. (હિંદી મહાસાગર કે બંગાળા વહનનું ઘણું જોર હોય તો મધ્યપ્રાંતમાં કોઇ વાર ઘણો વરસાદ પડે છે. જુઓ, નર્મદા ને તાપી નદીની રેલો.)

નિઝામ—અહીં પણ ઉત્તર-દક્ષિણ મહારાષ્ટ્ર જેટલો લગભગ વરસાદ પડે છે. બલકે, જુજ વધારે થાય છે. મોસમ ઉપર પ્રમાણે બે છે. ને સરેરાશ વરસાદ થોડો થવાનાં કારણ ઉત્તર દક્ષિણની પેઠેજ છે.

ગુજરાત—એમાં દરસાલ સરેરાશ ૨૫ થી ૩૫ ઈંચ સુધી પડે છે વરસાદની મોસમ બે છે. પ્રથમ જુનથી અગષ્ટ સુધી નૈરૂત્ય અને વાયવ્ય પવનનો અને સપ્ટેમ્બરમાં વેપારી વાયુ (ખારીવા કે અગ્નિ) ના જોરથી વહન આવે છે, અહીં સરેરાશ વરસાદ કોકણ કરતાં ઓછો થવાનું કારણ સમયવાહી (મોસમના) પવનની ગતિ હિંદી મહાસાગરમાંથી ધીમે ધીમે કે કોઇ વાર ઉતાવળે વેગે દક્ષિણમાંથી ઉત્તરમાં જવાની છે. તે સાથે ઉષ્ણ કટિબંધની હિંદી મહાસાગરની વરાળ તેની સાથે ચડે છે તે પ્રથમ સહ્યાદ્રિ પર્વતને લીધે કોકણ વગેરેમાં વરસાદરૂપે પડતાં ઓછી થાય છે. તે ઓછા રૂપમાં આ તરફ આવે છે, જેથી આ ભાગમાં વરસાદ સાધારણ રીતે થાય છે. તોપણ ઉત્તર ને મધ્ય ગુજરાત કરતાં દક્ષિણ ભાગમાં વધારે થાય છે. કારણ જંગલ, દરિઓ નજીક, પર્વતની ઉંચાઇ. જુઓ, ધરમપૂર. સચીન ને સુરતનાં માપ.

કાઠિઆવાડ—આ પ્રાંતમાં સરેરાશ ૨૦ થી ૨૫ ઇંચ સુધી વરસાદ પડે છે. મોસમ ગુજરાત ને કોકણ માફક બે છે. પ્રથમ જુનથી અગષ્ટ નૈરૂત્ય ને વાયવ્યના (સુર્યો) પવનની, અને બીજી સપ્ટેમ્બરમાં વેપારવાયુ કે (અગ્નિ) શરૂ થાય છે. ને અકટોબરની શરૂઆતમાં ખલાસ થાય છે. ગીરનાર ને ગીર તરફ ઝાડાં, પર્વત ને દરિયો નજીક એ ત્રણે કારણો વધારે અનુકુળ હોવાથી સરેરાશ બીજા ભાગ કરતાં વધારે વરસાદ પડે છે. કાઠિયાવાડ ને મધ્યભાગ દેવકી પંચાળ ને ઠાંગો, માંડવ વગેરે ભાગમાં પર્વત ને જંગલને લીધે વર-

સાદની સરેરાશ ગીર કરતાં બીજે નંબર ગણી શકાય. કાઠિયાવાડની ઉત્તર બાજુ ઝાલાવાડમાં સપાટ મૂલકને ઉત્તરમાં રણની ગરમીને લીધે ઝાલાવાડના ભાગમાં ઘણીવાર સૂકવણું પડેછે. તોપણ કાઠિયાવાડના જુદા જુદા ભાગમાં પર્વત, સાધારણ ઝાડો, ને ત્રણે તરફ દરિયાઈ લહેરો, હિંદી મહાસાગર નજીક વગેરે કુદરતી કારણો મિશ્રિત રૂપે દેખાવ આપે છે, એટલે આ પશ્ચિમ ધરામાં ચોખો દુકાળ કોઇ દિવસ પડયો નથી, તેમ પડશે નહિ.

કચ્છ—કાઠિયાવાડની માફકજ વરસાદની મોસમ છે. પણ સરેરાશ ૭ થી ૧૦ ઇંચ સુધી એટલે ઘણો જુજ પડે છે કારણ પર્વત તથા દરિઆની અનુકુળતા છે ખરી, પણ રણની ઘણી ગરમીને લીધે હિંદી મહાસાગર તરફથી આવતી વરાળને ચુશી પાતળી કરી ઉડાડી મુકે છે; તોપણ ઘણો ભેજ ને વહનનું ઘણું જોર તેમજ સુર્યો પવનની દિશા થાય ત્યારે કચ્છને અનુકુળ સંજોગમાં વરસાદ મનમાનતો પડવો જોઇએ. ઘણી વાર કચ્છ વાગડમાં દુકાળ પડયાની ધાસ્તી ઉપર કહી તે રણની સખત ગરમીનો અવરોધ જાણવો.

સિંધ—અહીં સરહદના પહાડો તથા ખીણોના મુલક શિવાય બીજે વરસાદ ઝાઝો થતો નથી, ૦ થી ૧૦ ઇંચ સુધી થાય છે, મોસમ જુલાઇથી સપ્ટેમ્બર સુધી વરસે છે. ત્યાં થોડો થવાનું કારણ હિંદી મહાસાગરનો સમયવાળો પવન (વરસાદ લાવનારો પવન) વરાળને સાથે ઉત્તરમાં જતાં કોકણ ને ગુજરાતમાં વાદળાં વરસી જતાં બાકીનાં ત્યાં જે જાય છે તે ત્યાં કચ્છ ને થરપારકરના રણની ગરમીથી વીખરાઇ જાય છે. પણ જ્યારે ઘણો ભેજ ને વહનનું જોર હોય ત્યારે થોડો વરસે છે. બાકી હીમાલય પર્વત ઉપર ઉનાળામાં બરફ ઓગળવાથી સિંધુ નદીમાં રેલ આવે છે, જેથી લોકો નહેરો

ને ક્યારામાં પાણી ભરી રાખી ખેતીનું કામ ઘણે ભાગે ચલાવે છે. આ રેલને મીઠો મેરામણ (સિંધુ નદી) રેલ્યો એમ લોકો કહે છે. સિંધમાં સરેરાશ ૧૦ ઈંચ વરસાદ થાય ત્યારે અનાજનો પાક જબરો થતાં સિંધ પાક્યો એમ કહેવાય છે.

મારવાડ:—એમાં દરસાલ લગભગ ૮ થી ૧૦ ઈંચ સરેરાશ વરસાદ પડતો હોવો જોઇએ. વરસાદની મોસમ જુલાઇથી સપ્ટેંબર સુધી છે. ત્યાં વરસાદ થોડો થવાનું કારણ ઉપર કોકણ ગુજરાત ને કાઠિયાવાડમાં વાદળાં વરસી જવાથી બાકીનાં જે વાદળાં જાય છે તે રેતી।। રણની ગરમ હવાને લીધે વરસાદ થોડો થાય છે; જેથી આ મૂલકમાં ઘણીવાર દુકાળ પડવાના ખબર સાંભળીએ છીએ. આ દેશમાં દરસાલ ગરમીના અવરોધ (કારણ) થી મારવાડનો અમુક ભાગ વરસાદની તાણમાં રહી જાય છે. જેથી ઘણીવાર મારવાડીનાં ટોળેટોળાં આ દેશમાં ગુજરાન ચલાવવા આવતાં જણાય છે.

આસામ:---એમાં વરસાદ દુનિયાના સર્વ ભાગ કરતાં વધારે પડે છે. ત્યાં ચેરાપુંજી કરી ગામ પર્વતોમાં છે. ત્યાં દર વરસે ૬૧૦ ઈંચ સુધી વરસાદ પડે છે, ખરેખર ચેરાપુંજીની ટેકરીઓ હિંદમાં ચોમાસુ બેસવાનું હોય, ત્યારે એક વધામણી આપનાર શુભ ચિન્હ ગણાય છે. કારણ હિંદી મહાસાગરમાંથી જે વરાળ મોસમના પવનને લીધે હિંદ તરફ ધસી આવે છે, ત્યારે કોલબો (લંકા) ની પેઠે પ્રથમ ચેરાપુંજીમાં મોસમના વાદળાં અથડાઇ ચોમાસું શરૂ થવાની વધામણી આપે છે. વધારે વરસાદ થવાનાં કારણો—૧–હિંદી મહાસાગર અને તેનો મોટો ભાગ બંગાળાના સાગરમાંથી બાષ્પભવન (વરાળ) ની ક્રીયાએ કરી, (એટલે સુર્યની ગરમીથી જળની વરાળ થઇ ઉંચે ચડી) સમયવાહી (મોસમના) પવનની સાથે વરાળનું જથાબંધ આ-

વવું. ૨–બંગાળાના ને નીચેના ભાગ સુંદર વનની ભેજવાળી ઠંડી હવાને લીધે વાદળાં બંધાવાં. ૩–દરિયાઇને જમીનની લહેરોનું દરિયા નજીક હોવાથી તેમનું મળવું. ૪–સમયવાહી (નૈરૂત્યના) પવન અને વ્યાપાર (અગ્નિ ખારી) વાયુનું મળવું ત્યાં ને તેની આસપાસજ થાય છે. ૫–ઉત્તરમાં આવેલા હિમાલય પર્વતના ઠંડા પર્વતની અસર. ૬–ચીનાઇ સમુદ્રના ટાઈફુટ એટલે તોફાની પવનનું ત્યાં આવવું. ૭–ઉષ્ણ કટીબંધ પછી તુરત અને સમશીતોષ્ણ કટીબંધની શરૂઆતમાંજ તે દેશનું હોવું. ૮–આસપાસ ડુંગર અને ઘણાં ઘાટ્ટાં જંગલની ઝાડી છે. ઉપલા કારણોથી આખી પૃથ્વી કરતાં ત્યાં વરસાદ વધારે થાય છે.

બંગાળા—અહીં વરસાદ સરેરાશ દરસાલ ૫૦ થી ૬૦ ઈંચ સુધી પડે છે. (આસામ સુદ્ધાં) જુનથી અકટોબર સુધી પડે છે. અહીં વરસાદ વધારે થવાનું કારણ—૧ મોસમની વરાળનું પહેલું આવવું. ૨ સુંદરી વનની ભેજવાળી હવા. ૩ સમુદ્ર નજીકનો દેશ છે માટે. પણ બંગાળાના મેદાનના ભાગમાં તેમજ ઓઢીઆ પ્રાંતના મેદાનના ભાગમાં સરેરાશ કમ પડે છે. કારણ વરાળને વરસાદ રૂપે સંકોચ કરનારો ભેજ જોઇએ તેટલો નથી. તેથી તે ભાગમાં ઘણી વાર દુકાળ પડે છે.

વાયવ્ય પ્રાંત ને અયોધ્યા—ત્યાં બંગાળા તથા આસામ કરતાં સરેરાશ વરસાદ થોડો પડે છે. એટલે દરસાલ ૪૦ થી ૫૦ ઈંચ સુધી પડે છે. મોસમ જુલાઇથી અકટોબર સુધી છે; ત્યાં વરસાદ બંગાળા કરતાં થોડો થવાનું કારણ શરૂઆતમાં બંગાળાની ભેજવાળી હવાને લીધે વાદળાં બંગાળામાંજ વરસી જતાં થોડો ભાગ ઉપર જવાથી તે ઉપર હિમાલય આવવાથી બધાં નેપાળની આ તરફજ ગળી જાય છે. ટીબેટમાં વરસાદ બીલકુલ થતો નથી, કેમકે હિમાલય કોટ

રૂપી આડો આવવાથી પેલી તરફ વરાળ જઇ શકતી નથી. બાદ આ પ્રાંતમાં ફરીને ડીસેંબરને જાનેવારીમાં ભુખરવાથી વરસાદ પંજાબની પેઠે થાય છે. જેથી શિયાળુ પાક સુધરે છે.

પંજાબ—એમાં દક્ષિણ અને નૈરૂત્યના ભાગમાં વરસાદ થોડો એટલે ૫ થી ૧૦ ઇંચ સુધી થાય છે. અને મુલતાન પાસે તો ક્વચિતજ થાય છે. કારણ–નૈરૂત્ય ને દક્ષિણ તરફ સિંધ તથા રજપૂતસ્થાનના મોટા રણની ગરમી વધતાં તે તરફ જતી વરાળનાં વાદળાં વીખરાઇ જાય છે. તે પાછાં આગળ જતાં બંધાઇ ઇશાન તરફ પર્વતને ઝાડોને લીધે ઠંડક લાગવાથી પ્રવાહી થઇ વરસાદ રૂપે પડે છે. એટલે તે તરફ વધારે વરસાદ પડે છે. એટલે એ તરફ સરેરાશ ૨૦ થી ૨૫ ઇંચ સુધી કે કોઇ વાર વધારે પડતો હોવો જોઈએ. મોસમ જે વારે બંગાળા, વાયવ્ય પ્રાંતમાં વેપાર વાયુનું વહન, જુનથી શરૂઆત કરે છે. ત્યારે આ દેશમાં પવનથી ધકેલાતું ધકેલાતું આવી પહોંચે છે, ને વરસે છે. તેમજ જો હિંદી મહાસાગર સમય–વાહી પવનનું જોર હોય તો સિંધ ઉપર થઇ પશ્ચિમ ને દક્ષિણ ભાગ તરફ પડે છે.

વળી, આ દેશમાં શિયાળાની રૂતુમાં જમીનપરનો ઠંડો પવન (ભુખર) વા હિંદી–દરિયા તરફ જઈ, વરાળ ઉંચકી લાવી આકાશના ઉપલા ભાગમાં પાછો ફરી (પવન ઉપર નીચે સામસામી દિશામાં ચાલે છે.) પર્વતોને અથડાઇ ડીસેંબર, જાનેવારીમાં પણ પહાડી ભાગમાં વરસાદ થાય છે. આ વરસાદથી વાવ્ય પ્રાંત અને પંજાબના એ ભાગોમાં રવી (શિયાળુ) નો પાક થાય છે.

કાશ્મીર—પંજાબની રૂતુની પેઠેજ તેનોજ વખત મોસમ ને દિશા એકજ છે. આ તરફ ઉંચા પર્વતો, ઘણી ઝાડી વગેરેથી ઘણું

વાર સ્થાનીક તોફાન થાય છે. તેમ કોઇ વાર રેલ આવે તેટલો વરસાદ થતો સાંભળીએ છીએ. અહીં પંજાબ કરતાં સરેરાસ વધારે વરસાદ પડે છે, ને શિઆળામાં તથા વસંત ૠતુમાં પર્વતની ખીણોમાં બરફ જામે છે.

મદ્રાસ—ત્યાં વરસાદ દરસાલ સરેરાસ સાધારણ ૨૫ થી ૨૮ ઇંચ પડે છે. પ્રથમ મોસમ (નૈૠત્ય) ના પવનથી કાનડા ને મલબારમાં જૂનથી સપ્ટેંબર સુધી અને પછી ઇશાનના વાયુથી (અહીં વેપાર વાયુની ગતિ ઇશાનની આવતી બદલાય છે.) પૂર્વ ભાગમાં અકટોંબર ને નવેંબરમાં વરસાદ થાય છે. આ પ્રાંતમાં વરસાદ સાધારણ ને મોડો થવાનું કારણ એ કે:—પ્રથમ મે આખરે કોલંબા (લંકા માં ચોમાસુ શરૂ થાય છે. ત્યાર બાદ મુંબઇ ઇલાકા તરફ હિંદી મહાસાગરની વરાળ સમયવાહી પવનની સાથે ચડી આવે છે ત્યારે મદ્રાસ ઇલાકાના પશ્ચિમ કાંઠાપર એટલે મલબારને કાનડાના કોણ (કાંઠા) પર સારો વરસાદ પડે છે. તે વખતે મદ્રાસ ઇલાકાના પૂર્વ ભાગમાં વરાળને જતા પશ્ચિમઘાટ અવરોધ કરે છે. જેથી વરાળ પશ્ચિમ ઘાટમાં ને કોણપર ખલાસ થતાં થતાં સમયવાહી (મોસમ)ના પવનની સાથે ઉત્તરમાં એટલે આપણા તરફ ચાલી આવે છે, પણ જે વરાળ પવનના કે વહનના ઘણાજોરથી પર્વત ઓળંગી જાય, તે જુજ વરસાદ રૂપે મદ્રાસના પૂર્વ ભાગમાં પડે છે. ખરેખરો વરસાદ અકટોબરથી નવેંબર સુધી ઇશાનના પવનથી થાય છે. આ પ્રાંતમાં પર્વતને ઝાડી સાધારણ છે ઉપરાંત ૧—હિંદીમહાસાગરનું વહન શરૂઆતમાં પશ્ચિમ કોણપર ખલાસ થાય છે. ૨—ઇશાનનું વહન દક્ષિણનો ઉંચ પ્રદેશને તેના પૂર્વ ભાગના મુલકમાં ઘણુંખરૂ વરસે છે, તેથી અહીં થોડા રૂપમાં વરસાદ થાય છે. (બેઉ વહન નબળાં હોય તો મદ્રાસમાં સુકવણું કાઢે છે.)

હિંદ માટે સરકારી વાયુચક્ર ખાતાનું ચાલતું અવલોકન —હિંદની ચોમાસામાં ઋતુ ઉપર હિંદના લોકોની સારી યા નઠારી હાલત રહેવાના કારણને લીધે સરકારશ્રીએ ખાસ કરી ને વાયુચક્ર ખાતુ સ્થાપન કરી હિંદના જૂદા જૂદા ભાગમાં વેધશાળાઓ સ્થાપી માણસો રાખ્યાં છે. ને દરસાલ એકંદર અવલોકન ઉપરથી હિંદના જૂદા જૂદા ભાગમાં કેવો ને કેટલો વરસાદ પડશે, તે અગાઉથી અ-ડસટ્ટા કાઢી સુકાલ દુકાલની અગમચેતી આપી પ્રજાને ભવિષ્ય લાભ આ ખાતુ આપતું રહે છે, હવે–દરસાલ વર્ષા ઋતુ માટે અગાઉથી કેવી રીતે અડસટ્ટા તરીકે વાયુચક્ર ખાતા તરફથી કાઢવામાં આવે છે, તે જાણુવા જોગ બીના હોવાથી વર્તમાન પત્રદ્વારે જે વર્તારારૂપે હકીકત બહાર પડે છે. તે ઉપરથી સંશોધન કરી અહીંઆં દાખલ કરી છે. સરકારી વાયુચક્ર શાસ્ત્રી, મિ. હચીન્સનનું મુખ્ય મથક સીમલામાં છે. અને દરસાલની વર્ષાઋતુ કેવી નીવડશે તેને માટે નીચેની મુખ્ય ત્રણ બાબતનું અવલોકન કરે છે.

૧— દરેક ચોમાસાની પહેલાના શિયાળામાં તથા વસંતઋતુ (ઉ-ષ્ણુકાળ બેસવાના સમય) માં હિંદુસ્તાનની વાયવ્ય સરહદપર તથા ઉત્તરે આવેલા હિમાલયના ઉંચા પર્વતપર તથા ઉંચી જમીનપર બરફ કેવું પડયું ? અને તે ઉપરથી દેશના જુદા જુદા ભાગમાં શિયાળામાં ટાઢ કેટલો વખત અને કેવા પ્રમાણુમાં પડી તથા વસંતઋતુ કેવી ગુ-જરી હતી ? ૨—હિંદના જુદા જુદા ભાગમાં એપ્રીલ તથા મે માસમાં તેમાં વિશેષે મે માસમાં વાયુનું બળ (હવાનુ પ્રમાણ) તથા ગરમીનું પ્રમાણ કેવું હતું ? ૩—બંગાળાનો ઉપસાગર અને અરબી સમુદ્ર તથા હિંદી મહાસાગરના ઉત્તરના ભાગમાં હવાનું દબાણ કેટલું હતું; એટલે હિંદીમહાસાગરમાં એક નાકાથી તે બીજા નાકા સુધી ચોમાસું શરૂ

થવાની આગમચ ૠતુ કેવી હતી ? તથા દક્ષિણ, પૂર્વ દિશા એટલે અગ્નિ ખુણ તરફથી ફુંકાતો "વેપારી પવન" (વેપારી વહાણોને તેમની પશ્ચિમ તરફની મુસાફરી મદદગાર થઇ પડતા પવનનો પ્રવાહ) કેવો બળવાન હતો ? એ સઘળી બાબતો લક્ષમાં લે છે.

ઉપલી ત્રણ બાબતોમાંથી પહેલી બે બાબતોની તપાસ જુદે જુદે સ્થળે વેધશાળાઓ સ્થાપી માણસો રાખ્યાં છે, અને તાર મારફતે સંદેશા ચલાવી ચોમાસાની અગાઉથી સારી ગણત્રી કાઢે છે. એટલુંજ નહિ, પણ હમેશની ૠતુમાં થતા ફેરફારના ખબર પળે પળના તાર મારફતે મેળવી શકે છે. આ ઉપરથી જણાય છે કે હિંદની પ્રજા માટે શાણી સરકાર ભવિષ્યને માટે કેટલી ફીકર રાખે છે ? બાદ ત્રીજે સંજોગ જે હિંદી મહાસાગરને તેના મનમાનતા ખબર મેળવવાને આ ખાતાવાળા અશક્ત છે એમ કહેવાય છે. જેથી ઉપલી બે બાબત ઉપરથી જે ગણત્રી કાઢવામાં આવે છે તે સરેરાશ બધા પ્રાંત ખાતે મળતી નથી. તોપણ એ ખાતુ જે બે સંજોગપરથી ગણત્રી કાઢે છે, તે ધ્યાનમાં રાખવા યોગ્ય છે. તે નીચે ફેરાથી સમજાવેલ છે.

પહેલી ગણત્રી પ્રમાણે—દરસાલ વાવ્ય તથા સરહદના ઉંચા પહાડ–હિમાલય વગેરે ઉપર પડતા બરફની સરેરાસ ઓછી આવવી જોઇએ. ૨ તેમ તે વહેલો પડવો શરૂ થાય અને વહેલો ઓગળી જાય તો સારૂં; અને તે ઉપરથી શિયાળો સમસ્ત દેશમાં બહુ ઠંડો નહિ પણ સાધારણ પસાર પામે તો ચોમાસા માટે લાભદાઇ ગણાય. (કારણ હિમાલય તરફ પડતા બરફના પ્રમાણમાં આપણા દેશમાં ઘણું કરી શિયાળો વર્ત્તાય છે.)

બીજી ગણત્રી પ્રમાણે—હવાનું દબાણ એપ્રીલ (ચૈત્ર) તથા મે (વૈશાખ) માસમાં સિંધથી નાગપૂર સૂધી સીધી લીટીના ઉત્તર,

પૂર્વ અને ઇશાન ખુણુ તરફ તેમજ દક્ષિણે લંકા સુધી હવા (પવન)નું દબાણુ (જોર) સરેરાશ ઓછું જોઇએ. ૨–વળી હવા (પવન)ના ઓછાં દબાણનું મધ્ય બિંદુ જે સમાનપણે સિંધ તથા ઓરીસા વચ્ચે રહેતું આવે છે. તે કરતાં ઉત્તરમાં હિમાલય તરફ હોય તેમ સારૂ, તેમજ રાજકોટથી માંગલોર–(મદ્રાસ ઇલાકામાં) સુધી પશ્ચિમ કાણ્ટા (કાંઠા) પર સીધી લીટીમાં પવનનું જોર મે (વૈશાખ) આખરે વિશેષ જોઇએ. કારણુ તેથી ગરમીનું પ્રમાણુ (ઉકળાટ) વધારે હોય તો ચોમાસાનો પ્રવાહ મજબૂતી પકડે છે.

ત્રીજી ગણુત્રી પ્રમાણે—હિંદી મહાસાગર ઉપરથી વધતા ઓછા જોશ સાથના આવતા પવનના પ્રવાહ અને ત્યાં વર્તાતી હવા ઉપર કેટલીક ગણુત્રી કઢાય છે, આ બાબત મનમાનતી હકીકત મેળવી શકતા નથી. પણુ જે મેળવી છે તે નીચેના સંજોગમાં ઉપયોગી ગણાય છે.

હિંદમાં ચોમાસાનો વરસાદ લાવનાર બે, મોટા પ્રવાહ (વહન) છે.

૧ લો પ્રવાહ (વહન) વેપારવાયુ, બીજો સમયવાહી.

૧:—વેપારવાયુ–એટલે દક્ષિણુ, પૂર્વ બાજુ (અગ્નિ) નો જે બંગાળી અખાત, તથા ચીનાઇ સમુદ્રથી ઉત્પન્ન થતો વાવ્ય દિશામ કરાંચી એડન ને જંગબાર, નાતાલ તરફ મુસાફરી કરનારને વહાણે સહાયકારી થાય છે. આ વેપારવાયુના પવનથી બંગાળા, બ્રહ્મદેશ વાવ્યપ્રાંત અને પંજાબમાં ચોમાસાનો વરસાદ આવે છે. ને પાછલા મોસમમાં ઉપરના ભાગ ઉપરાંત મધ્યપ્રાંત, દક્ષિણનો ઉંચ પ્રદેશ મદ્રાસ, ને થોડે ઘણે ભાગે મુંબઇ ઇલાકાને રસાળ કરે છે.

૨:—સમયવાહી—એટલે નૈઋત્યનો પવન એ હિંદી મહાસાગ

તરફથી ચોમાસામાં વરસાદના પ્રવાહને લાવે છે. એ પ્રવાહથી મલબાર, કાનડા, મુંબઇ ઇલાકો, મધ્યપ્રાંત, સિંધને રજપૂતસ્થાનમાં ફેલાય છે.

હવે, ઉપલા બે પ્રવાહ ઉપરથી દેશના મ હેના ભાગમાં વરસાદ કેવો પડશે, તેની ગણુત્રી આ પ્રમાણે છેઃ—વાવ્ય પ્રાંતો તથા પંજાબમાં વરસાદ પડવાનો આધાર ઉપર જણાવેલ વેપારી પવન ઉપર પણ રહે છે, જો વેપારી પવનનું બળ ચોમાસાની શરૂઆતમાં વિશેષ હોય તો વરસાદની વરાળ વાવ્યપ્રાંત અને પંજાબમાં ખેંચાઇ જઈ ત્યાં સારો વરસાદ પડશે, પણ બંગાળા તથા બ્રહ્મદેશમાં વરસાદ ઘણોખરો ખાલી થઇ સારો પડે છે. ત્યારે વાવ્યપ્રાંત અને પંજાબમાં કમતી પડવાનાં ચિન્હ જાણવાં. ધારો કે કદાચ એમ બને, પણ તે સાથે હિંદી મહાસાગર તરફથી મુંબઈ ઇલાકામાં દાખલ થતો ચોમાસાનો નૈરૂત્ય સમયવાહી પ્રવાહ જો બળવાન થાશે, તો તે બેઉ ભાગોને જોઇતો વરસાદ પડવા સાથ આખા હિંદમાં જેજેકાર કરશે. ચૈત્રી વર્ષ–૧૯૫૧ (સન ૧૮૯૪) ચૈત્રી વર્ષ–૧૯૫૭ વગેરે.

વેપારવાયુનો પ્રવાહ જબરો હોવાની સાબીતીઃ—ચોમાસાની શરૂઆતમાં સ્થાનીક પવનનાં તોફાન બંગાળી તથા ચીનાઈ સમુદ્રમાં જે સાલમાં બહુ થાય ત્યારે જબરો ગણવો.

૨. જુનમાં કે મૃગશર નક્ષત્રમાં બંગાળના ખારીપવનનું તોફાન બે દિવસ ગુ. કાઠિયાવાડ માથે થઈ કરાંચી તરફ પસાર પામે તે દર વરસ ખાસ જોતાં રહેવું. (ચોમાસુ અફળની વધામણી જાણવી.)

સમયવાહી પવનનો પ્રવાહ જબરો હોવાની સાબીતી— ચોમાસાની શરૂઆતમાં એટલે જુન બેસતાં (મૃગશર નક્ષત્રમાં) હિંદી મહાસાગરમાં બહુ તોફાન માલૂમ પડે. હિંદની ચોમાસાની ૠતુ માટે અનુભવી વિદ્વાનો સિદ્ધાંત તરીકે નીચેની **અગમચેતીઓ** કહે છે.

અ ૧—પહેલો અગત્યનો નિયમ એ છે કે ઉપર કહી ગયા તે વર્ષાદ લાવનાર પ્રવાહ જે વર્ષમાં મુંબાઇ તથા બંગાળામાં સમાન બળથી શરૂઆત કરે છે, ત્યારે અગષ્ટ માસમાં વર્ષાદ ઝાઝો ખાંચો નાખતો નથી. પણ બંને પ્રવાહ વધતું ઓછું બળ ધરાવતા હોય તો અગષ્ટ માસ વરસાદ વિના કોરો જાય છે. ખેડુતો માટે આ બીના અગાઉથી જાણવી બહુ અગત્યની છે, કેમકે વરસાદ જાથુ (નિરંતર ઉપરા ઉપરી) ને મોટા પ્રમાણમાં પડયાથી ખેતીના મોલને નુકશાન પહોંચે છે. તેમજ કવખતે કોરાડું કાઢવાથી ખેતીને થોડું નુકશાન થતું નથી.

બ—વળી, વરસાદની બાબતમાં બીજી બાબત એ જણાયલી છે કે, કેટલાક ભાગોમાં અરસ્પરસ મળતા તથા કેટલાક ભાગો એક એકથી વિરૂદ્ધ ખાસીયત (ઉલટો દેખાવ) જણાય છે. સમાન ખાસીયત ધરાવનારા દેશોમાં વરસાદ સરખોજ પડે છે ને વિરૂદ્ધ ખાસીયતવાળા દેશોમાં એકમાં વધારે ત્યારે બીજામાં ઓછો પડે છે.

સમાન ખાસીયત ધરાવનાર દેશોના નામના નીચે મુજબ જોડકાં કરી શકાય છે—૧ બીરાડ (વરાડ) તથા ખાનદેશના મુલકો; હૈદ્રાબાદ તથા મધ્ય પ્રાંતોના દક્ષિણ ભાગ સાથે સમાનતા ધરાવે છે. ૨—ઓરીસા (ઓઢીઆ, જગન્નાથ) અને ઉત્તર સરકારના પ્રાંતો આસામને પૂર્વ બંગાળા સાથે, ૩—કોકણ અને ઘાટ તરફના ભાગ; હૈદ્રાબાદ સાથે. ૪—મહિસૂર તથા બેલારી,—કર્ણાટક સાથે. ૫—વાયવ્ય પ્રાંતને ઔદ (અયોધ્યા) ના પ્રાંતો બીહાર સાથે. ૬—દક્ષિણના ઉત્તર તરફના પ્રાંતો હૈદ્રાબાદ સાથે. એટલે સમાનતા ધરાવનાર દેશોમાં એકમાં ઝાઝો અને એકમાં થોડો તો બીજામાં થોડો પડે છે.

વિરૂદ્ધ ખાસીયતવાળા દેશોનાં ત્રણ જોડકાં જોવામાં આવે છે—૧ પહેલું આસામથી સિંધ ઉલટી સ્થિતિ ભોગવે છે. ૨ પશ્ચિમ બંગાળાથી વિરૂદ્ધ સ્થિતિ હૈદ્રાબાદમાં. ૩ દક્ષિણ બંગાળાથી ઉલટી સ્થિતિ બીરાડ (વરાડ) ને ખાનદેશમાં અવલોકન ઉપરથી માલૂમ પડે છે, એટલે એકમાં થોડો તો બીજામાં ઝાઝો અને એકમાં ઝાઝો તો બીજામાં થોડો, આમ ઇશ્વરી કુદરત હિંદના જુદા જુદા ભાગમાં વર્ષાઋતુ માટે ગુજરે છે. એમ અનુભવીઓ જાહેર કરે છે તેમાં કેટલું સત્ય રહેલું છે તે માટે સરકારી વાયુચક્ર શાસ્ત્રી તરફથી બહાર પડતા દરવર્ષના વર્ત્તારાનું મુકાબલા સાથ અવલોકન કરવું.

પ્રકરણ સાતમું.

હીંદના સુકાળ–દુકાળનું ભવિષ્ય.

(જાનવરોની ચિકિત્સા અને ગ્રહોની કુદરતી હીલચાલોના અદ્ભુત દેખાવો ઉપરથી સુકાળ–દુકાળની આગાહી)

ચોકસ જાતનાં જનાવરો કેટલાક પ્રાણ પ્રવાહનો દેખાવ આપે છે. ત્યારે હવે પછીની મોસમ કેવી આવશે, તથા જનાવરો દેખાતાં બંધ થઇ જવાથી નવી આવતી મોસમ કેવી સખત અથવા તો નરમ નીવડશે, તેનો કાંઇક ખ્યાલ આવે છે, એ બીના પશ્ચિમનું વાયુશાસ્ત્ર પણ કબુલ રાખે છે. તેમજ ગ્રહોના દેખાવોનો અનુભવપૂર્વક અભ્યાસ કરવામાં આવે તો તેથી પણ કેટલાક વહેવારૂ અગમચેતીઓનો લાભ થાય છે, તે બીના પણ તેઓ સ્વીકારે છે.

જાનવરો, તથા ગ્રહોના નીરક્ષણને ઇંગ્લાંડ, સ્વીડન, યુનાઇટેડ

સ્ટેટસ અને પશ્ચિમના બીજા દેશોમાં એક શાસ્ત્રીય અભ્યાસની સપાટી ઉપર મેલવામાં આવ્યું છે. અને હાલના વખતમાં જ્યારે હીંદમાં ઘણાક ભાગોમાં વરસાદની ટીપણીને લીધે ઘણી ચીન્તા થઇ છે અને સંખ્યાબંધ દેવળો, મંદીરો, મસ્જીદો વગેરે સ્થળેથી વરસાદ માટે પ્રાર્થનાઓ કરવામાં આવે છે ત્યારે જણાવવું અગતનું થઇ પડશે કે પ્રાચીન સમયથીજ હીંદુઓએ જાનવરો તથા ગ્રહોના નીરીક્ષણુથી ૠતુની સ્થિતિ અગાઉથી કહી આપવાનો દાવો કર્યો છે. તેમની રીતને કેટલાકો તરફથી કદાચ ઉટ વઇદાં સરખી ગણવામાં આવે તોપણ લોકોને તેમના ઉપર ઘણી શ્રદ્ધા છે.

એક પુરાણો હીંદુ લેખક જણાવે છે કે વૃક્ષના ફળો તથા ફુલો ઉપરથી કઇ ચીજો સરતી તથા પુષ્કળ નીપજશે તથા કયો પાક ઘણો મોટો નીવડશે તે કહેવાને આપણે શક્તિવાન થઇએ છીએ, તે આગળ ચાલતાં જણાવે છે કે જો "સનસામ"ના ઝાડને ફળ આવે તો એમ સમજવું કે સફેદ ચોખાનો પાક ઘણો મોટો થશેઃ ઉપર જણાવેલું ઝાડ સુગંધી પીળા ફુલોવાળું "સોરીયા"નું ઝાડ છે. જેનાં બીયાં વરસાદની મોસમની શરૂઆતમાં પાકે છે અને જેનાં લાકડાંને પવિત્ર ગણી મંદીરની પુજામાં બાળવામાં આવે છે.

વડનું ઝાડ સારી રીતે ઉગી નીકળે ત્યારે ઘઉંનો સારો પાક થાય છે. પકાડો "અબલુસ"નું ઝાડ ઉગી નીકળે ત્યારે રૂનો પાક સારો થાય છે. અને કાળા "મરઘા"નું ઝાડ ઉગતાં રાઇનો પાક સારો થાય છે. પવિત્ર પીપરનું ઝાડ સઉથી સરસ છે કેમકે તે બધી જાતનાં પાક સારા નીવડવાની આગાહી આપે છે.

લીમડાનું ઝાડ ખીલી નીકળે તે આબાદી ભરી મોસમ નીવડ

વાની નીશાની છે. પણ હીંદી "ઓક"નું ઝાડ ખીલે તે વરસાદની ટીપ-ણીની ચેતવણી આપે છે. જુદી જુદી જાતનાં રંગીન પહાડી "અબ-લુસ"ના ઝાડ ખીલે તે નાશકારક. આગની તથા કાજુની ઝાડ આબાદ થાય તે દુકાળની ચેતવણી આપે છે. જો સફેત "મરઘા"નું ઝાડ નીકળે તો વરસાદ સારો પડે છે. અને આંબાનાં ઝાડની વૃદ્ધિ થતાં આબાદી થાય છે.

તોપણ હીંદી અહોનું નીરીક્ષણ, ઉપર થોડાક દાખલા આપ્યા છે તેના કરતા વધારે ઉંડું છે અને ગ્રહો તથા ઝાડોના ઉગી નીકળવા અને તેને ફળ તથા ફુલો આવવા ઉપરથી જુના હીંદી અવલોકન-કારો હાથી, ઘોડા, બળદ, બકરાં વગેરે જાનવરોની આબાદી અથવા નાશની તેમજ સોનું રૂપું, અવેરાત વગેરે કીમતી ચીજોની સોંઘવારી અને મોંઘવારીની આગાહી કરવાનો દાવો કરતા હતા રાતા. કમળનો વધારો રાજકર્તાની આબાદીની નીશાની છે, આશમાની કમળનો વ-ધારો કારભારીઓની આબાદીની નીશાનીઓ છે અમરનાથનો ગોળો વેપારીઓની આબાદી તથા "વોટર–લીલી" ધરમ ગુરૂઓની આબા-દીની આગાહી આપે છે. આ અવલોકનોમાં નાચનારી છોકરીઓને પણ ભુલી જવામાં આવી નથી કારણ સાર્સાપરીલાનાં ઝાડની ખીલ-વણી નાચનારી છોકરીઓની આબાદી સુચવે છે.

જાનવરોના દેખાવોના સંબંધમાં હીંદુ અવલોકનકારોનો મત નીચે મુજબ છે—જો છોકરાઓ રમત દરમીયાન પોતાનાં મોંહમાંથી ફુંક મારે, અથવા પક્ષીઓ પાણીમાં અથવા ધુળમાં રમે અથવા ગીત ગાય તો વરસાદ ઘણો થશે અને બધા પાક પુષ્કળ થશે. દક્ષીણ હીંદમાં એક જુદીજ માનતા ચાલે છે. તે એ છે કે જ્યારે ભુરો બગલો બુમો મારે છે ત્યારે વરસાદનું ઝાપટું પડશે એમ તેઓ

માને છે. વળી કીંગ-ફીસર નામનું પક્ષી વરસાદની આગમચ નજરે પડે છે. એવી પણ માનતા ચાલે છે અને જ્યારે આ પક્ષી ખાનગી તળાવો અથવા ખાબોચીઆં આગળ નજર પડે છે, ત્યારે ખેડુતો વરસાદની આશા કરે છે તેવીજ રીતે કેટલાંક જાનવરો પક્ષીઓ તથા કીડાઓના દેખાવ ઉપરથી વરસાદની મોસમ પૂરી થાય છે એમ પણ માનવામાં આવે છે.

વરસાદની મોસમ પૂરી થવાની અથવા લાંબા વખત સુધી ખુલી રૂતુ રહેવાની ખબર ચોકસ જાતનાં મોટાં મોટાં આસમાની પતંગીઆં મોટી સંખ્યામાં આવ્યાથી મળે છે. આ પતંગીઆને "કાર-વેસ્ટ બર્ડ"ના નામથી ઓળખવામાં આવે છે અને કાપણી માટે તેની ઉપર આધાર રાખવામાં આવે છે ચોકસ જાતની નાની કીડીઓ પોતાના મોંહોમાં પોતાનાં ઇંડાંઓ લઇ કૂવાની દીવાલ ઉપર તથા કોઇ ઊંચી જગા ઉપર ચઢતી જોવામાં આવે તે વરસાદ પડવાની આગાહી સુચવે છે. આવા બીજા સંખ્યાબંધ દાખલાઓ છે કે જેમાં જુદી જુદી જાતના જાનવરો પક્ષીઓ કીડા વગેરેના અવલોકન ઉપરથી આવતી મોસમનું ભવિષ્ય કહી શકાય છે. ભવીષ્ય કહેવાની રીતો આ એકન્દરે કદાચ ઉંટવઇદ જેવી હશે પણ તેમાં કાંઇ પણ રહસ્ય સમા-યલું નથી એમ માની શકાતુ નથી માટે આવી આવી અનેક બાબતોનું દર સાલ અવલોકન વધારતા રહેવું.

પ્રકરણ ૮ મું.

ખેતી અને પાકની કુદરતી-અગમચેતીઓ.

ખેતીવાડી જાણવાની જરૂરીઆત:—ખેતીવાડીમાં બે ભેદ છે. ૧—**વિદ્યા.** ૨—**હુન્નર.**

વિદ્યા—ખેતીનું અનુભવી જ્ઞાન વધારવાથી ખેતી સુધરે છે જેમ એકને એક પાક દરવરસે એક ખેતરમાં ઘણી મુદત વાવવાથી પાક સારો થતો નથી. પણ જૂદા જૂદા પાકની ફેરવણીથી અથવા જમીનનો ગુણ બદલાવા માટે અરસ્પરસ ક્યાં તત્વ ખાતર મળવાથી કે બાળવાથી શું ફેરફાર થાય છે. એટલે જમીનનો કસ અને પાકની ઉત્તમતાનું જ્ઞાન વધારવુ એજ વિદ્યાનો મુખ્ય હેતુ છે.

હુન્નર:—વનસ્પતિ (ખેતીના છોડવા)ની આરોગ્યતા શી રીતે સાચવવી તેનું પોષણુ (નભાવ) શી રીતે કરવો અને શી રીતે વૃદ્ધિ પામે છે. વગેરે માટે ક્યાં ક્યાં તત્વ રસાયણ રૂપે આવે છે, અને ક્યાં તત્વ ઇશ્વરી (કુદરત રૂપે) સહાય થાય છે, તે જાણવું તે ખેતીનો મુખ્ય હુન્નર છે.

આ બેઉ બાબતનું ઉપયોગી સામાન્ય જ્ઞાન ખેડુતને ઉપયોગી થાય એવા રૂપમાં સંશોધન કરી આ ભાગમાં લખવા પ્રયાસ કર્યો છે. કેમકે પાછળ કહી ગયા કે, હિંદની સારી યા નબળી હાલતનો આધાર મુખત્વે કરી ખેતીવાડી ઉપર છે. અને ખેતીવાડીનો આધાર વરસાદ ઉપર રહેલો છે. જેથી ખરેખર હિંદની ૨૮ા કરોડ માણસની વસ્તી પૈકી ૧૭ા કરોડ માણસ ફકત ખેતીવાડી ઉપરજ આધાર રાખે છે. તો વરસાદની કુદરતી રચનાની અગમચેતીઓ ચોથા પ્રકરણમાં પુષ્કળ સંશોધનથી લખવામાં આવી છે પણ ખેતીવાડીનો સંબંધ વરસાદ સાથે હોવાથી ખેડુતોને ઉપયોગી થઇ પડે એવી સામાન્ય હકીકત મૂળ તત્વરૂપે અનુભવ સિદ્ધ આ પ્રકરણમાં લખવા મેં કિંચિત પ્રયત્ન કર્યો છે. તો સત્તાધીશો અને કૃષિકાર (ખેડુત) ભાઇઓ લક્ષમાં લેશે તો મારા પ્રયાસમાં કૃતાર્થ માનીશ.

ખેતી અને ખેડૂતની મહત્તા—કહેવત છે કે—

કણબી પાછળ કરોડ, કણબી કોઇ પાછળ નહિ;
હળથી બાંધે હોડ, પેટ ભરે પાદશાહ તણાં.

અર્થ ખેતી અને ખેડુત ઉપર લાખો માણસની જીંદગીનો મુખ્ય આધાર છે. મતલબ કે, બાદશાહનો ખજાનો, પણ ખેતીથીજ નર રહે છે. રાજના સઘળા વહિવટનો મુખ્ય આધાર ખેતીજ છે. રાજની શોભા, ને વૈભવ, અમલદારોના પગાર, દેશનું રક્ષણ, આપણી ઉંચી મેડીઓને ઉજળાં લુગડાં—એ ખેડુતનાં નીચાં ઝુપડાં અને મેલાં લુગડાંથી ટાઢ તડકા વગેરે વેઠી રાત દિવસ વગડામાં મહેનત કરનારા કૃષિકાર (ખેડુત) ભાઇઓ ઉપર છે. ફક્ત એ બધું ખેડુત ભાઇઓ હળના જુદ્ધથી ફતેહ મેળવી જગતને સહાય થાય છે. અહો ? ! ખેતી કેટલી ઉત્તમ છે ?

ખેડુતને ભલામણઃ—૧–તમે તમારી ખેડમાં જાતે અંગ ભેળવી, કામ કરશો તોજ તમારૂં કામ ફતેહમંદ થાશે. જો એકલા સાથી ઉપર વિશ્વાસ રાખી કામ લેશો તો તમારી ખેતીવાડીને વહેલો ધકો લાગશે કહેવત છે કે—

" ખેતીવાળો ઘાસે, જો ધણી ના હોય પાસે. " ૧
" જેનો ધણી નહિ પાસ, તેનું જાય સત્યાનાસ. " ૨

વળી ૨–તમે તમારાં જુત બળવાન અને જમીનના પ્રમાણમાં રાખો. ૩–ઓછે જુતે વધુ જમીનની બાથ ન ભીડો. પણ જેટલી જમીન રાખો તેનું ઉત્તમ ખેડથી પેટ ઠારી કસદાર બનાવો. ૪–નાતવરા વગેરેમાં ખર્ચ ન કરતાં પૈસા બચાવી જમીનનો કસ વધારવામાં ખાતર વગેરેમાં સદ્‌ઉપયોગ કરો કે તેનો બદલો પાછો મળે. ૫–ત-

મારી ઉછરતી પ્રજાને કેળવણી આપી ખેતીવાડીનું ઉત્તમ જ્ઞાન શીખવા આગળ વધારો. ૬-તમારાં ખેતીવાડીનાં ઓજાર સુધારો. ૭-કરજથી મોકળા રહેવા પ્રતિજ્ઞા ધરો. ૮-જમીનના ભાગ ન પાડતાં જે ગામમાં જમીનનો વધારો હોય ત્યાં રહેણાક વિસ્તારી ખેડમાં વધારો કરો કે તમારી પ્રજાના વધારા સાથ-ખેડનો વધારો થવાથી તમારી સ્થિતિમાં ફેર પડશે નહિ. ૯-દુકાળ કે ખાંડાં વરસની ધાસ્તી રાખી ખડ અને અનાજનો બે વરસનો સંગ્રહ રાખો. (ખડની ગંજીયો અને જારની ખાણો વધારો) ૧૦-જમીનને રસાળ બનાવવા અને દુકાળથી બચાવ કરવા-પાણીનાં તડ હોય, ત્યાં કુવા વધારો. ૧૧-વહેલી ખેડના ફાયદા અનુભવો. ૧૧-નબળી જમીનને સુધારવા અડચણો સાથ જ્ઞાન વધારો. ૧૩-વાવેતરની રીતો. અને બીની ઉત્તમતા વધારી તમારૂં વાવેતર સુધારો, ૧૪-વરસાદ, તાપ, ઝાકળ, ધુમસ, હીમ, વાદળાંના ચમત્કારનું અનુભવી જ્ઞાન વધારો. ૧૫-કુવા નાખવાનું જાતે શીખો. વગેરે ખેતીવાડીને લગતી બાબતો તમારા ઉત્તમ કર્મની સાથ જાણવાની અને તેનો અનુભવ પૂર્વક ઉપયોગ વધારવાની તમારે ઉતાવળ જરૂર છે. જેથી તમારા કૃષિકર્મ સાથે રાજા-પ્રજાના કર્મનો ભાગ્યોદય હોવાથી-ખેડ, ખાતર વગેરેના સંબંધમાં કેટલીક ઉપયોગી નોંધો અત્રે લખવા પ્રયત્ન કર્યો છે.

ખેતીવાડી.

કહેવત છે કે,—“ **ખેડ, ખાતર ને પાણી;**

ન હોય નશીબમાં, તો લાવે તાણી. ”

અર્થ—ભાગ્યમાં ન હોય, તો પણ જમીનમાં ઉત્તમ રીતે ખેડ, માફક ખાતર, અને જોઈતું પાણી મળે તો પેદાશ સારી થાય છે.

એટલે જમીનનું પેટ સોનાની ખાણરૂપી અમુલ્ય છે. નબળી જમીન હોય, તોપણ ઉપરના ત્રણે સંજોગથી લાભ આપે ને આપેજ.

ખેડનો ચુવો—જાણુભેદું અને મહેનતું ખેડુ હમેશાં શિયાળામાં ખેડ કરે છે. તેઓ સમજે છે કે–શિયાળામાં જમીનની ખેડ કરવાથી કસ વધે છે, વળી વિદ્વાનોએ એકજ જમીનમાં, શિયાળો, ઉનાળો અને ચોમાસાની શરૂઆત એ ત્રણ વખતમાં સરખી ખેડ કરાવી અજમાવી જોતાં એકજ જાતના વાવેતરમાં પાછલી ખેડ કરતાં શિયાળાની ખેડમાં નિપજ વધારે આવેલી માલૂમ પડી છે. સરેરાશ કાઢતાં ઘણું કરી અમુક જમીનમાં શિયાળાની ખેડે ૨૫ મણ, તેટલી અને તેવીજ ખેડવાળી ખેડમાં ૨૨ મણ અને ચોમાસાની શરૂ મોસમની ખેડમાં ૨૦ મણ અનાજ અનુક્રમે નિપજે છે. આ જોતાં વહેલી તકે ખેડ કરનાર ખેડુત હમેશાં પોતાની આબાદીમાં વધે છે, વળી વખતસર ખેડને માટે આપણા ખેડુતોમાં કહેવત છે કે,

" ચોમાસાની ખેડ, શિયાળાની ચાંખડી;
ઉનાળાનો ડગલો, તે અછતનો ઢગલો. "

મતલબ કે શિયાળામાં પગે ચાંખડી નકામી છે, ઉનાળાનો ડગલો ગુણકારી નથી. તેમ ચોમાસાની ખેડ લાભકારક ન થતાં ઉપજમાં અછત બતાવે છે. એટલે નિપજ સારી આવતી નથી, કહેવત છે કે, **' ગયો મે આવે, પણ ગઈ ખેડ ન આવે. '** તેમ ખેડને ટાણે ખેડ ન થાય અને કટાણે થાય તેનું ફળ મનમાનતું—આવતું નથી. તે માટે ભોજો ભગત કહે છે કે, **સૌનાં શાંતી વહે, તેની ખળે ખબરૂં છે;** મતલબ કે જેવી ખેડની ચડ હોય તેવું ફળ ખળામાં થાશે.

ઉત્તમ અને વખતસર ખેડના ફાયદા:—૧ વહેલી ખેડ થ-

વાથી જમીન માંહેલા અંદરના થડાનો નવો કસ ઉપર આવે છે. જેથી વાવેતરને ફાયદો થાય એવા ગળાઉ પદાર્થ (જમીનમાં ખાતર માફક ગળનાર) ઝાકળ, હવા, ગરમીથી ગળે છે.

૨—પાંહ પોચો થવાથી વરસાદનું પાણી બધું માંહે ઉતરવાથી જમીન રસાળ થાય છે. એટલે પાંહવાળી જમીનનો થડો વાયરાના વખતમાં સુકાવવાની ધાસ્તી રહેતી નથી. અને મોલનું પોષણ મળ્યા કરે છે.

૩—પાંહવાળા મોલના મુળ ઉંડાં અને ચારે તરફ ફેલાય છે જેથી છોડ કસદાર, ટકાઉ ને ફાલવાળો થાય છે, માટે ખેડ પાંહદાર કરવાથી મોલને હમેશાં લાભ થાય છે.

૪—ઘઉં, ચણા, વાદ વગેરે માટે જમીન ખેડીને પશીઉં રાખવાથી ગળાઉ પદાર્થો ગળે છે. વારમવાર ખેડથી હવાનો ભેજ સંઘરવાનો ગુણ વધે છે અને તેથી કરી વહેલી ખેડથી મોલને લાભ મળે છે. જેથી ઘણા ખેડુતો ઘઉં, ચણા ને શેરડીના વાવેતર માટે પશીઆં રાખે છે. (માટે પશીઆં પડતર રહેવા દેવાં નહિ.)

અપવાદ—જ્યાં વરસાદ સાધારણ પડે છે. અને જે મોલને બહુ ઉંડા પાંહ ન જોઇએ, ત્યાં બીજે વર્ષે રાંપલીનેજ વાવે છે. તો પણ એવા મોલને માટે શિયાળો, ઉનાળો અને વાવેતરની શરૂઆતમાં રાંપલવાથી ઉત્તમ કસદાર પાંહ થાય છે. પણ જે ખેડુતો વાવેતરને વખતેજ સાંઢીઓ પાડી કે દંતાળ હાંકી કેટલુંક વાવેતર કરે છે. તેમાં ખરો ફાયદો નથી તે માટે કહેવત છે કે—

“ ઉંચે પગે ટીંચેડી, નીચે પગે તેતર;
ભોજોભગત એમ કહે, રાંપલે એટલાં ખેતર.

ભાવાર્થ—ખેતરમાં ફાવે તેટલી ગણુ દીધી હોય, પણ બેડીએ કે ચોકીએ વેળાસર રાંપલવાથીજ ખરી ખેડવાળુ ખેતર કહેવાય.

નબળી જમીન સુધારવાના ઉપાય—જમીનની ઘણી જાત છે જેવી કે—ગોરાડુ, કાળી, ચીકણી, રાતડી, રેતાળ, હરણીઆળ, કાંકરીઆળી, મરડીઆળ, (ધારોડી), ખારવાળી વીગેરે. હવે તેમાં નબળી જમીન સુધારવાના અહીં ઉપાય સુચવ્યા છે.

રેચક—જે સાલમાં ઘણો વરસાદ થયો હોય તે સાલમાં પાણીની નીકો વગેરેથી પાણી વહી જાય તેમ કરવું અથવા પાછતર પાકની યોજના કરવી, રેચક ગુણ મટાડવા માટે છાણુ કુચાનું ખાતર દર વરસે નાંખ્યા કરવું.

ખેતરમાં ખાર કે ગુંડું—કહેવત કે, '**જયાં હોય ખારનું ગુંડું, ત્યાં ન થાય ડુંડું.**' ૧ ખેતરમાં ખાર ઓછો કરવા માટે નીકો ખોદવી. ૨ ઉંડું ખેડાણ કરવું. અને ૩ ખાતર નાખતા રહેવું. ૪ ખારની ગુંડીઓ હોય તો ખાર ઉપરથી ઉઝડી લઇ ખેતર બહાર નાખવો. અને ગુંડામાં ધ્રોવાળી કરાળ જમીન (તલાવ કે દડની) પુરવી. ૫ ઘઉંના દાઠા ગુંડામાં બાળવા. ૬ છાણુ કુચાનું ખાતર નાંખવું. પણ રાખોડાનું વધારે નાંખવું. ૭ ખારવાલી જમીનમાં પાલર પાણી ભરે તો જમીન મીઠી થાય. માટે પાળા બાંધી તેમ કરવું. ત્રણ વરસ પાલર પાણી પાવાથી ચોથે વરસે જમીન વાવવા જેવી મીઠી થાય છે. (ખાર ગએલી પડતર જમીનને સુધારવાનો પાલર પાણી પાવાનો અખતરો ફતેહમંદ નીવડેલ છે.)

ઘટ્ટ અને ચીકણી જમીનઃ—આમાં ગોરમટીનો ભાગ હોય છે. ચોમાસામાં પાંહ બેશી જાય છે. ઢોર અને માણુસ ચાલવાથી

ખળભળાઇ જાય છે. વધારે વરસાદે પાણી ભર્યું રહે છે. જેથી ઘણીવાર વાવેતરને ફાયદો થતો નથી માટે એવી જમીનને સુધારવા માટે ની. ચેના ઉપાય લેવા–૧ ગોરાડુ કે ધ્રોવાળી જમીન ખાતરને બદલે અમુક સ્થળે નાખતા રહેવી. ૨– ભઠ્ઠીની રાખ તેમજ નળીયાં, ઈંટાનું ખાતર નાખવું. પછી ફેંદવું તે ઉપર ગણુ દેવી અને રાંપલવું. ૩–બે ગણુ દઈ ઉપર ઝરડાં, કુચો વગેરે બાળવાં અને રાંપલવું. (ખેતરનાં અનાજનાં ભોથાં તથા ખડ કાચું પાડી નાંખી સોડવવું) એટલે ચિકાશમાં ઘટાડો થતો જશે. એમ પાંચ વર્ષ કર્યા કરવું. ૪–કાળી ને કઠણુ જમીનને પાણી ધારણુ કરવાના ગુણ હોય છે. જેથી તળાવનાં બાંધકામના પાયામાં કાળી પાટી ફેળવીને પાયામાં ભરવામાં આવે છે. રેતાળ અન કાંકરીઆળ જમીન પાણી ધારણુ કરી શકતી નથી.

ધાર અને ગગડીઆ પાણાળી જમીનઃ—૧--ગગડીઆ પાણા દરવર્ષે વીણી નંખાવી શેઢે નંખાવવા. અથવા ખેતરમાં પાણીનું વેન હોય તો શેઢે વેનના મારગમાં–આડા–નાખવા. અને માંહે, ઝીપટાનાં ઝરડાં નાંખી પાળા રૂપી આડ કરવાથી ખેતરનો કસ તણાતો અટકશે. ૨–કાંકરીઆળ કે ધારોડ જમીનમાં વધારે વરસાદ હોય તો પાકે.

વેનઃ—ઘણા ખેતરોમાં પાણીના મારકાને લીધે વેણો કે વોકળા પડી જાય છે. માટે એથી ખેતરનો ખરો કસ ધોવાઈ ચાલ્યો જાય છે. માટે ખેતરનો કસ ન ધોવાય માટે મજબુત પાળા બાંધવા એટલે જમીનનો કાંપ ખેતરમાંજ અટકી રહી જામવાથી–જમીન વાવેતર માટે રસાળ થાશે. પાળાનાં સ્વાદીષ્ટ ફળ રાજા તથા પ્રજાને મળવા લાગ્યાં છે. જેથી ખેતરોનાં ધોવાણુ ન થવા દેવા ખેડુતોને ભરપુર ઉત્તેજન મળવું જોઈયે.

ઘ્રોકડ:—એ જમીન વાવેતર માટે રસાળ અને કસદાર જાણુ-વી. પણ ઘ્રો રહેવા દેવાથી મોલ સારો થતો નથી. માટે—૧—શિયાળા—ઉનાળામાં બે ત્રણ ગણુ બેડીએ દેવી. ઉપર ચોકીયું કળીઉ કાઢવું. અને તે ઉપર બે ત્રણ વખત રાંપલવું. પછી તે ખેતરને ચણાવાળું રાખવાથી ઘ્રો નાશ પામશે. ૨—છુટક હોયતો કોદાળી—ત્રીકમથી ઉંડી ખોદવાથી નિરમુળ થાશે. ૩—હળમાં કોશ—ચાર—પાંચ વેંતની રાખવી. અને ત્રણ વેંતનું ચવડું અને જુત જબરૂં જોઇએ. ઘ્રોને ડાભડીઆળ સાથે વાદ થતાં કહે કે—'**હું શીયાની માશી, વાંહે ન રહેના હઉં વાશી.**' મતલબ કે—ઘ્રો વધી જવાથી પેદાશમાં હાની થાય છે. માટે ઘ્રોવાળી જમીનને ખેડ સારી હોય તો કપાસ વગેરે શિયાળુ મોલને વધારે લાયક બને છે.

ખેવડો:—ખેવડાવાળી જમીન પણ રસાળ જાણુવી. ૧—ખેવડો ખેતરમાં ગુંડે ગુંડે હોય તો કોદાળી કે ત્રીકમથી ઉંડો ખોદીને નિરમુળ કરવો. ૨—ઘ્રોકડ ખેતરની માફક ગણો દેવી અને ચોકીએ રાંપલવું. પણ ખેવડાવાળા ખેતરમાં એક ગણુ વધારે દેવી—(ખેવડાવાળી જમીન સુધારવાથી ઘઉં, શેરડીના વાવેતર માટે ઉત્તમ બને છે. બકાલું પણ ઉત્તમ બને છે. ને પીતથી ખારે જતી નથી. ઘ્રોકડ વાળીને ઉપરાઉપરી પીત્ત કરવાથી ખારે વહેલી જાય છે. માટે ખાતરની મદદથી કસ વધારતા રહેવો.)

ડાભડો:—કહેવત છે કે—'**ફુલાણાને માથે ડાભડો ઉગ્યો**' એ-ટલે એ ખરાબ જાત છે. કોદાળીથી ઉંડો ખોદી બે ગણુ દઇ ચોકીએ રાંપવાથી નાશ પામે છે, વળી ડાભડાવાળી જમીનમાં ખાર જોવામાં આવે છે. માટે ઘ્રોવાળી કે કરાળ જમીનમાં ઢેભાં નાંખવાં અને રાખનું ખાતર નાખતા રહેવું.

ઓરડી:—પ્રથમ કોદાળીવતી ઉંડી ખોદવી. પછી બે વરસ લગી લાગલાગટ બે ત્રણ ગણો સાથે તે જમીન ઉંડી ખેડવી અને બે ત્રણ વાર રાંપલવી. પછી તે જમીનમાં ચણા કે તલ વાવવા.

કાંચકાં:—શિયાળા ઉનાળામાં મૂળ લગી ખોદીને કાઢવાં, અને ચોકીઆ હળની બે ગણુ ઉંડી દેવી. તે ઉપર બે ત્રણુ વખત રાંપલવું. એમ ત્રણ વર્ષ સૂધી કરવાથી કાંચકાં નિરમૂળ થાશે.

શીયો:—એ વાડોવાળી જમીનમાં ઘણીવાર જોવામાં આવે છે. શિયાને નિરમુળ કરવા માટે લોકોમાં નીચેની દંતકથા ચાલે છે. એક સમે એક ખેડુત ધ્રોકડવાળા ખેતરમાંથી કપાસનાં ગાડાં ભરી ખળાવાડ તરફ આવતાં રસ્તામાં શિયે—પુછ્યું—અલ્યા, કોનાં ગાડાં કડકડતાં (હીસ્સાહીસ ભરેલાં) આવે છે ? ઉત્તર—ધ્રોકડનાં ત્યારે—શીયે કહ્યું કે "**હું નથી પુગ્યો શીયો:, નહિં તો ગાડાં ભરે ક્રિયો,**" ત્યારે ધ્રોએ જવાબ દીધો કે—,-"**જો હોય-બીયો તો, તું શું કર શીયો.**" મતલબ કે જે ખેતરમાં શીયો હોય ત્યાં કપાસ વગેરે કમ થાય. પણ જો ખેડુ ખંતીઓ હોયતો—બીયાંના લાકડાના દાંતા પુરાવી—હળથી જમીન ખેડે તો—શિયો નાશ પામે છે. વળી શીયા માટે બીજી કહેવત છે કે, "**આશી ધ્રો અને ભાણેજ શીયો તો ગાડું ભરે ક્રિયો**" મતલબ કે ધ્રો અને શીયો બેઉ એકજ ખેતરમાં સાથે હોય તો નિપજ થાય નહિ. શિયાને કાઢવા માટે ઉપર દંતકથા કહી તે ઉપરાંત શિયાળા ઉનાળામાં ત્રણ ગણદેવી. અને ઉપર ચાર—પાંચવાર રાંપલવું. પછી ધ-ઉંવાડું રાખવાથી શીયો નિરમુળ થાશે.

ખાતર:—જમીનની સુધારણા માટે ખાતર આપવાની જરૂર છે. જેમ માણસને દરરોજનું ખાનપાન બંધ કરીએ તો શરીર

નાકૌવત થાય છે. અને શરીરમાં આંખ, હાડ, ચામડી શિવાય બીજું કાંઈ રહેતું નથી. કારણ શરીરનો કસ શ્વાસોશ્વાસ પરશેવામાં અને મુતરવાટે નીકળી જાય છે. ઓકિસજન વાયુ ફેફસામાં લોહી જોડે મળે છે. ને જ્યારે દમ કાઢીએ છીએ ત્યારે કાર્બોનિક અને હૈદ્રોજન ઓછો થાય છે. તે ખોરાક ખાઇએ છીએ, ત્યારે પાછા આવે છે. જો ખોરાક બંધ–કરીએ તો કાર્બોનીક અને હૈદ્રોજન જતા રહે છે. અને નાઇટ્રોજન મુતરવાટે જાય છે ને શરીરમાં ગંધકનો તેજાબ થાય છે. તે ખોરાક સાથે મળી જાય છે તે બહાર–નીકળે છે. તે પુરાં પાડવા ખોરાકની જેમ માણસને જરૂર છે. તેમ વનસ્પતિને ઉપલાં તત્વ મળવા માટે ખાતરની પૂરી જરૂર છે. માટે દરવર્ષે ખાતર નાખ્યા શિવાય વાવેતર કરવું નહિ. કેમકે નહિતો જમીનનો કસ કાળે કરી ઘટતો જાય છે. આપણા ઘરડાઓ કહે છે કે–"એકવાર વાવતા અને સાતવાર લણતા." આ જોતાં જમીનનો કસ કેટલો બધો ઘટી ગયો છે? માટે જુદા જુદા ખાતરોના ગુણોની માહિતગારી મેળવી ઉત્તરોત્તર ખાતરનો ઉપયોગ–બોહોળા વિસ્તારમાં વધારવાની આ દેશને ઉતાવળે જરૂર છે–એટલે માણસને અનાજ, ઘી, દુધ વગેરે ખોરાકની જેમ જરૂર છે. તેમ જમીનમાં મોલના રક્ષણ (કસ વધારવા) માટે જૂદો જૂદો ખોરાક છે. તે અનુભવી વિદ્વાનોએ જૂદા જૂદા અખતરા કરી શોધી કાઢેલ છે. તે નાચેનાં તત્વમાં તેના બે વિભાગ પાડેલા છે.

૧ ઈંદ્રયવાન પદાર્થ–તેમાં–૧–ઓક્ષીજન. ૨–કાર્બોનિક આસિડ. ૩–હૈદ્રોજન. ૪–નૈત્રોજન. બીજો ભાગ–ખનિજ પદાર્થ. તેમાં ૧–પોટાશ ૨ ફાસફત. ૩–ચુનો. ૪–સોડા. ૫–ગંધક. ૬–લોઢું. ૭–મગ્નિશિઆ ૮–માંગેનીઝ. ૯–સિલિકા. ૧૦–કલોરિન.

ઉપરના ચાર ઈંદ્રયવાન પદાર્થનો છોડ એની મેળાએ માફકસર

હવા-તથા પાણીમાંથી ખોરાક લેછે. પણ ફક્ત નૈત્રોજન-કઠોળ અને શેરડી શિવાયના પાક એની મેળાએ હવા તથા પાણીમાંથી લઇ શકતા નથી માટે તે ખાતરોમાંથી આપવાની જરૂર પડે છે. તેમજ બાકી ઉપલા ૧૦ ખનિજ પદાર્થ ખારરૂપી છે-તે મોલને જમીનમાંથી કુદ-રત આપ્યાજ કરે છે. પણ તેમાંના પોટીશ, ફાસફેત, ને ચુનો એ ત્રણ પદાર્થ (તત્વ) કેટલીક જાતની જમીનમાંથી મોલને મળતા નથી માટે નૈત્રોજન સુદ્ધાં એ ચારે પદાર્થ નીચેના ખાતરમાંથી વધતા ઓછારૂપે છોડને મળે છે. માટે અમુક જાતની જમીન કે પાકને કંઇ જાતનું ખાતર ઉપયોગી થશે-તે લાંબી મુદ્દતના અનુભવ ઉપરથી ગુણ-અવગુણ જાણી નીચેના ખાતરનો ઉપયોગ કરતો રહેવો.

૧-ઢોરનું છાણ મુતર ૨-ઘોડાં વગેરે જનાવરની લાદ-મુતર ૩-લીંડીનું ખાતર ૪-હગાર ૫-માણસનું મળ. ૬-લીલો પાક ૭-કાંપ કે તરી. ૮-રાખ. ૯-કચરો પુંજો. ૧૦-તેલી પદાર્થોનો ખોળ. ૧૧-હાડકાં. ૧૨-ચુનો ૧૩-મીઠું. ૧૪-ચામડાનો છોલ વગેરે. ઉપરના સઘળા ખાતરની વીગત વાર. ગુણ ઉપયોગ ખેતીવાડીના ભોમીઆમાં પુષ્કળ વર્ણન આપેલ છે. ખાતરનો ઉપયોગ. અનુભવ અને અખતરા (પ્રયોગ) થી થાય છે. માટે ખેતીવાડી સુધારાનો ભોમીઓ અમારી પાસેથી મગાવી ખેતીનું ખરૂં જ્ઞાન મેળવો.

અનુભવઃ—અમુક મોલને કયું ખાતર નાંખવાથી જમીન કસ-દાર અને નિપજમાં વધે છે. તેમજ અમુક-જમીનમાં ઉપલાં તત્વ માંહેલાં કયાં તત્વ ઓછાં છે. તે કયું ખાતર નાંખવાથી તે તત્વ પુરાં પડી જમીન સુધરશે તે લાંબી મુદ્દત પોતાના ખેતરમાં જૂદી જૂદી જાતનાં ખાતર નાંખી મોલ વાવવાથી-અનુભવ સિદ્ધ અડચણો દુર

થાય છે. જે અમે નબળી જમીન કેમ સુધારવી તેમાં કેટલોક અનુભવ બતાવ્યો છે. વળી દાખલા તરીકે,—જેમ—ઘઉં, કપાસને શેરડીના વાવેતરને લીંડીનું ખાતર સારૂં; બાજરાવાડામાં લીંડીનું ખાતર નાંખીએ તો આગીઓ આવે; ખાર જમીનમાં ઉપરાઉપરી પીત કરવાથી જમીનમાં ખાર વધે; વગેરે.

અખતરા:—(પ્રયોગ) પોતાના ખેતરમાં અમુક ભાગ પાડી જુદે જુદે સ્થળે જુદું જુદું ખાતર વધતું–ઓછું, અથવા મિશ્રણ બનાવી નાખવું, અથવા કેટલોક ભાગ ખાતર વિના વાવવો. આ ઉપરથી–વાવેતરનું સારૂં યા નરસું ફળ જણાય. તેનું નામ ખાતરનો આબેહુબ અખતરો અજમાવ્યો કહેવાય. વળી જે મોલ જમીનમાં સારા પોષણથી ઉછર્યો હોય–તેને બાળવાથી–તેમાં જે ખાતરનાં તત્વ માલુમ પડે તેટલાં તત્વ તે જમીનને ભાવે છે માટે એવા અખતરા કરવાથી–ખાતરનો ઉપયોગ કરવાનો અનુભવ વધે છે. (આ શિવાય ખેતરમાં ઝરડાં–વગેરે બાળી–જમીનને પણ બાળવાથી–ખાતરનું જમીનનાં તત્વ પીગળી જમીનના કસમાં ઘણો વધારો થાય છે. જ્યાં વનસ્પતિનાં જંગલ ખોહોળાં, ત્યાં આવા અખતરા અમૂલ્ય થઇ પડે છે.)

ખાતરને ઉત્તમ બનાવવાની રીત:—ખાતર ઉંડા ખાડા ખોદી તેમાં સોડવવું. કારણ ઉકરડા–જમીન ઉપર હોય તો રસ ચોમાસામાં ધોવાઇ જાય છે. અને ખાડામાં નાખવાથી બધાં તત્વ ખાતર ભેગાં સડી ખાડાને તળીએ ઉતરે છે. માટે ખાતર ભરી લેતી વખત દરવર્ષે હાથ–૦।। હાથ તળીએથી ખોદીને કાઢવું, ને તેને બદલે કાળી ધુળ પુરતા રહેવી, કે ખાડો વધે નહીં. (જેમ બને તેમ–ખેતરમાંજ ખાતરના ઉકરડા કર્યા હોય તો વધારે સારૂં કે વરસાદમાં ધોવાણ ન થાય

તો ખેતરમાંજ રહે. વળી ખાતર ખેતરમાં નાંખવું હોય, ત્યારે નાંખી દેઈ તુરત ખેડી નાંખવાથી–ખાતરના ગુણ જમીનના રસ ભેગા મળી જાય છે. ખાતર બનાવવાના પુષ્કળ અખતરા અમારો ખેતીવાડી સુધારાનો ભોમીઓ મગાવી વાંચવાથી અમૂલ્ય લાભનાં મહાન ઝરણો દેશની દોલત વધારનારાં ઉપયોગી થઈ પડશે.

બી:—જમીનને જેમ ખેડ, ખાતર અને પાણીની પૂરી જરૂર છે, તેમજ વાવેતરની ઉત્તમતા માટે ઉત્તમ બી–એ ઉત્તમ ફાયદો ગણવો. કહેવત છે કે—"**જેવું બીજ વાવે, તેવું ફળ પામે.**" મતલબ કે, "**વાવીએ તેવું લણીએ.**" માટે દરેક જાતનાં બી–ઉત્તમ, તેજદાર, પુરણ પાકેલાં, મોટા દાણાવાળાં, અંગારા વિનાનાં, આંખો શગ,–રોગ વિનાનાં, નિરોગી છોડવા ઉપરથી જૂદાં રાખેલાં, પછાડતાં જે દાણા જમીન ઉપર દોડમાં આગળ વધે તેવાં રાખવાં. માટે ચાલાક અને અનુભવી ખેડુતો ખેતરમાંથીજ કે ખળામાંથી સારાં ડુંડાં વગેરે તારવી જુદું બી તારવી કાઢે છે. પણ ગરીબ ખેડુતો આ ઉત્તમ બી ઘણીવાર ખોરાકની ખેંચે ખાઇ જાય છે; અથવા લેણદાર શેઠ ઘર આગળ ભરી જાય છે. તો વાવેતરની ઉત્તમતા માટે સઘળા ખેડુતોએ પોતાનું બી સોનાની માફક સંઘરી રાખવું જોઇએ. અને બી બરબાદ ન જાય માટે સત્તાધીશો તરફથી ઘટતી યોજનાઓ નિ· યમસર થવાની વેળાશર જરુર છે. વિશેષ અમારો ખેતીવાડી સુધારાનો ભોમીઓ જુઓ.

ઉત્તમ બી મેળવવાની યોજનાઓ:—૧–ઉપર કહ્યા મુજબ ઉત્તમ બી તારવવું. ૨–પોતાના ખેતરમાં નબળો પાક હોય તો બીજા ખેડુતો પાસેથી મેળવવું. ૩–ખેડુતની નબળાઇને લીધે જે શેઠીઆ

ઉત્તમ બી પુરાં પાડે તેને ખળામાંથી બ્યાજ સાથે બદલો અપાવવો. ૪–રાજ તરફથી ઉત્તમ બીનો સંઘરો રાખી–ગરીબ ખેડુતોને ઉત્તેજન દાખલ આપવાં. ૫–આસપાસના પ્રાંતમાં ઉત્તમ બી–એકજ હવા વાળા મૂલકનાં મગાવી–વવરાવી અખતરાથી ફાયદા સમજાવવા, (યાદ રાખવું કે બી–ધાણું જુનું, સડેલું કે ખોરૂં ન જોઇએ.)

વાવેતરની ઉત્તમ રીતો–અને વળગણી:—આપણા દેશમાં જુદા જુદા વાવેતરો માટે નીચેની કહેવતો ચાલી આવે છે.

સાખી.

ઘઉં ઘાટા તલ પારવા, ડેડક ઠેકંતી જાર;
કરમે કરમે કપાશીઆ, બાજરો ભલો સપાર.

ભાવાર્થ:—કસદાર જમીનમાં ઉપર પ્રમાણે વાવેતર થવાથી હજુ લાભ થાય છે, પણ આગળના જેવો જમીનમાં કસ રહ્યો નથી. અને જ્યાં જમીનનું વળું નબળું હોય, ત્યાં હાલના ખેડુતો જમીનના કસ પ્રમાણે વાવે છે. તોપણ પ્રાચીન સાખી પ્રમાણે કસદાર જમીનમાં ખરી ખેડ કરી વાવવાથી ઉત્તમ ફળ મળે છે. એમ આપણા અનુભવી ઘરડા ખેડુતો કહી ગયા છે તે ખોટું નથી,

વળી કેટલેક ઠેકાણે વાવેતર માટે નીચેની કહેવત ચાલે છે.

સાખી.

તલ ઘાટા મગ પારવા, ડેડક ડંફી જુવાર;
પગલે પગલે વણ બી, તો વીઘે ભાર કપાસ.

અર્થ—કેટલેક ઠેકાણે તલ ઘાટા પણ વવાય છે. પણ ઘાટા વાવવાથી માથાં બંધાઇ જવાની વધારે ધાસ્તી રહે છે. મગ, જાર અને કપાસના છોડ માટે પ્રાચીન વાવેતરના વરસાદની મુઠ ભરપૂર

વાવણીમાં વાવેતર સારૂં થાય છે. (ભરપુર વાવણીમાં કઠોળ ચોટ થાય છે) વગેરે ઉપર આધાર રાખી જોઇતા ફેરફારથી વાવેતર કરવાને હરકત નથી. જેમ છોડને ફાલ વધારે આવે તે વાવેતર ઉત્તમ ગણવું. વળી કહેવત છે કે—

દીવાળે દીકરા, કાં ધોરી ને કાં ખરા;
કાંઇક કાંઇક વણના જીંડવાં. પછી તલ તો ખરા.

વાવેતરની વળગણી—૧ શિયાળુ, ઉનાળુ અને ચોમાસું પાક—અનુક્રમે કયા વાવવા અને અમુક વાવેતર પછી કયું વાવેતર વાવવાથી લાભ થાશે, તે ખેડુતો દર વર્ષની વાવેતરની રીતોના અનુભવથી જાણે છે. તોપણ દર વર્ષે અનુભવસિદ્ધ વારાફરતી વાવેતર કરવાથી ખાતર માફક ગુણ વધે છે તે જાણવામાં આવે છે. ૨. આગતર-પાછતર લગભગ સમપ્રમાણમાં વાવેતર કરવું. તોપણ જે સાલમાં જેની હોણ હોય તેનું વાવેતર વધારે કરવું, પણ દર સાલ કઇ વસ્તુની વધારે હોણ થાય છે તે કોઇ કહેશે કે કેમ ખબર પડે? તેને માટે આ પ્રકરણમાં કેટલીક અનુભાવિક સુચનાઓ લખવામાં આવી છે, તે લક્ષમાં લેવી. (આ બાબત વાવેતર માટે અગાઉથી જમીન જેવી તૈયાર કરી હોય તે ઉપર ઘણું કરી આધાર રહે છે. ૩. ચોકસ વાવેતર માટે અનુક્રમ રાખવાથી ફાયદો થાય છે:—જેમ શેરડીના પીત્ત પછી કપાસ ઉત્તમ થાય છે. મરચી અને ચણાવાળા ખેતરમાં શેરડી કે કપાસ સારો થાય છે, કેમકે કઠોળનાં પાંદ અને મુગનો ગુણ જમીનમાં વધે છે; વળી ક્યારડાની જમીનમાં ડાંગર ચોમાસે, ચણા-શિયાળે, અને ઉનાળે બીંડા કે ડુંગળીનું પીત થાય છે, અને વળી આગતર પછી ઘણે ભાગે બીજે વરસ પાછતર વવાય છે. વગેરે.

અપવાદ—કેટલેક ઠેકાણે જમીનનો ગુણ એવો હોય છે કે, તેમાં કપાસ, ચણા કે ઘઉંનું વાવેતર કરે તો સારૂં થતું નથી, ત્યારે તો જમીનને માફક આવતો મોલ વાવવો-એજ ઉત્તમ રસ્તો છે, વળી બી જમીનના ગુણ પ્રમાણે ભાવતાં વાવવાથી વધારે ફાયદો છે જેમ, તુરીઆં, ચીભડાં ને ગલકાંનાં બીજ સારાં હોય, પણ જમીન માફકસરની ન હોય તો બી મીઠાં છતાં તે કડવાં ફળ થાય છે. માટે જે બી જે જમીનને માફક આવે તેમાંજ વાવવાં.

આગતર પાછતર પાકની હોણનાં સામાન્ય ચિન્હ:—

૧-જે સાલમાં આદ્રાની મુઠતું મનમાનતું વાવેતર થાય ત્યારે ઘણું કરી સાતે સરા નિપજે એમ જાણવું. ૨-જે સાલમાં જોઇએ તે કરતાં વધારે વરસાદ થાય તે સાલમાં શેરડી, કમોદ, કપાસ, મગ, અડદ, મઠ, કળથી, ઘઉ, ચણા અને તલ અઢળક નિપજે છે, (હવાના કારણથી કોઇ વસ્તુ કમ નીપજે પણ ખરી). ૩-જે સાલમાં જોઇએ તે કરતાં વરસાદ થોડો એટલે સાધારણ થાય તો જાર, બાજરાની હોણ વધે છે, ૪-વળી પાછલી સાલમાં જે મોલની હોણ આવી ન હોય તે જાતનો મોલ સામે વરસ કે વચમાં એક વરસ પડતર રહેતાં ત્રીજે વરસ વવાય છે. ત્યારે જમીનનો ગુણ ત્રીજે વરસ ઘણું કરી રસ મૂકે છે. ૫-ભાદરવામાં અને આસો બેસતાં મેઘરવો ઉપરા ઉપરી આવ્યા કરે અને ચંદ્રમાં રાત્રે નિર્મળ તેજ મોલ નીંધ લ્યા પછી આપ્યા કરે, ઘેલી ચીત્રાના તડકા પડે તે સાથે શિયાળુ લેહેરાં વહેલાં આવે તો અનાજ કઠોળની નિપજ અથોક થાય.

પ્રાચીન હોણનાં મૂળતત્વો.

(વનસ્પતિ-ફળ-ફુલ વગેરે ચિન્હના સંજોગ-સુકાળ-દુકાળના ચિન્હ સાથે.)

કહેવત:—ખાખરે ખરસાલી, કંથારે કોદરા, આંમલીએ મગ જાર.

મતલબઃ—ખાખરા (ખાખર) સારી પાકે તે સાલમાં ખરસાલ નામ ડાંગર સારી પાકે.

અને કંથારી સારી થતાં કોદરા બહુ નિપજે. આમલી સારી પાકે તો મગ, જાર વધુ પાકે.

આમલી-આંબાનો ફાલ, ફુલ ખૂબ ખરી પડે તે સાલમાં ઘઉં, ચણા, બાજરી, જુવાર વગેરે અનાજની નિપજ ઓછી થાય.

લીંબડાની લીંબોળી બહુ પાકે તે સાલ સાતે સરા પાકે. અને જો લીંમડા ઉપર સુકાઇ જાય તો વરસાદ ઓછો અને વરસ ફરી જાય.

ચોમાસાની શરૂઆતમાં **ખીજડાંના** પાંદ સર્વ પડી જાય અને બધો ફાલ નવો જામે તો ચોમાસું ગેડ જામે અને સાતે સરા પાકે. ખીજડા બરાબર ન કોળાય તો વરસ અને પાક બગડે.

ઝાડ ઉપર—લાખ, ગુંદ, વગેરે રસ ઉભરાઈ જાય તો વરસ અને પાક ઉત્તમ થાય. રસ સુકાઇ જાયતો પાક કમ નિપજે.

ચૈત્ર-વૈશાખમાં વન કોળાય અને ફલ-ફુલ બહુ આવે તો વરસાદ અને પાક ઉત્તમ થાય. કમતી હોય તો વરસાદ કમ અને સ બગડે.

માહ, ફાગણ, ચૈત્ર માસમાં ઝાડનાં પાતરાં બધાં પડી ફાલ પુરણ આવે તો વરસ અને પાક ઉત્તમ નીવડે. પાંદ ઓછાં ખરે. ફાલ-ફુલ અધુરો આવે તો વરસ અને પાક બગડે.

ઝાડને કુંપળ-પાંદ ખૂબ આવે પણ ફલ-ફુલ બહુ ન આવે તો વરસાદ વધી જાય અને ખડ બહુ નિપજે પણ અનાજ કમતી પાકે.

આકડાને ફાલ બહુ આવે. અને આકોલીઆં પાકી માંહેથી

તેનું ૨ ઉડે તો તલ બહુ નિપજે અને સામો, રાજગરો વગેરે ખડ-ધાન બહુ થાય.

કેળ ફળે તો કપાસ, **ખીજડી** ફાલે તો મઠ–મગ, વડ ફળે તો જુવાર, **પીંપર** ફળે તો મઠ મગ બહુ નિપજે અને દહીં–દૂધ બોહોળાં થાય.

કેશુડાનાં ઝાડ (ખાખરા)ને સર્વ પાંદ ખરી પડી ફળ–ફુલ ખૂબ લાગે તો સાતે સરા પાકે પણ કપાસ અને ચીભડાં કાકડી વગેરે વધુ થાય. તેમજ ઘઉં ચણા અધિક નિપજે, જે સાલમાં વિંછીની બહુ રાડ તે સાલમાં વરસાદ બોહોળો થાય અને સાતે સરા નિપજે, **જાંબુડો** ને **ખજુરી** બહુ ફળ આપે તે સાલ સાતે સરા પાકે. **લીંબોળી જાંબુ, કેરી, આંબલી,** દ્રાખ એ ફળ ખુબ પાકી રસભર્યા ખરી પડે તે સાલ સાતે સરા પાકે અને અનાજના મોટા કોઠાર ભરો તેટલું અનાજ નિપજે.

ઉપરનાં ઝાડ વગેરેને કમતી ફળ નિપજે અને રત વિના વૃક્ષોને ફળ–ફુલ આવે તો વરસ દુકાળ નબળું થાય.

કઇ વસ્તુ વધારે નિપજશે, તે જાણવાની હોણનાં સામાન્ય ચિન્હઃ—(કહેવત છે કે કણબી કારતક માસે ડાહ્યો, પણ અહીં અશાડે ડાહ્યા થવાની અગમચેતીઓ આપી છે.

જારની હોણ– ૧ જે સાલમાં ઉનાળામાં ચાસડીઆ સારા અને નરવા થાય તે સાલમાં જાર ઘણું કરી સારી પાકે છે. ૨–જે સાલમાં શિયાળામાં બોરડીનો ફાલ (બોર) ઘણાં તે પછીના ચોમાસામાં જારનો પાક ઉત્તમ થાશે, એમ લોક કહે છે. પણ બોરમાં દવા હોય તો જારમાં 'દવા આવવાની બીક રહે છે. આ બાબત ખેડુતોએ અવલોકન કરવા જેવી છે. ૩–ઉનાળામાં ચૈત્ર માસમાં લુ બહુ

ઝરે તો જાર સારી પાકે. ૪–મકાઇ સારી થાય તો જાર સારી નીપજે, ૫–મૃગશર નક્ષત્રમાં ખારીનું વહન બે કે ચાર દિવસ વહે તે સાલ જાર સારી પાકે, ૬–વાગડી અને ગુગળો જારને પુરો વરસાદ જોઇયે. અને મોડી પાકે. પણ ગુહલો જાર સાઠ દિવસે પાકે, અને વરસાદની થોડી ખેંચે પણ પાકે. પણ તે વાગડી ને ગુગળા જેટલી ઉત્તરમાં નિપજતી નથી.

બાજરાની હોણ—૧ આદ્રાથી ભરપુર વાવણી, ૨–બી ઉત્તમ ૩–માઠે મેએ બાજરો વધારે થાય. ૪ આદ્રાની મુઠના બાજરા બહુ ચડીઆં નાંખે છે, ને ઉગમણમાં ફલાં ફલાં દેખાય છે. ૫–બાજરાનું વહેલામાં વહેલું વાવેતર રોહણ નક્ષત્રમાં પણ થાય અને મોડામાં મોડું બળેવીઆ બાજરા પણ થાય છે. જુઓ સંવત ૧૯૫૭–૫૮.

ઘઉંની હોણ—૧ ઝવારાના ઘઉંની ઉગમણ ઉપરથી, ૨–વરસાદ પાછતરો ઘણો, ૩ વાવેતર વખતે ઘાર નહિ. ૪–નવાણે નીરનું જોર, ૫–તકે વાવેતર. ૬–હીમ, ગેરૂનો ઝપાટો નડે નહિ. ૭–પુરતી ખેડ અને તકે પાણીનાં પાણ. ૮–ચાસીઆ ઘઉંને અસ્લેખા અને મઘાનો ભરપુર વરસાદની રેલ એટલે વધામણી જાણવી.

કઠોળની હોણઃ—૧ આદ્રાની મુઠનુ વાવેતર ભરપુર હોય અને કઠોળના છોડ બીજા છોડ કરતાં જોરમાં બહાર વધારે દેખાવ આપે. ૨–તકે તકે વરસાદ. ૩–છેવટ ભાદરવો ઉતરતાં વરસાદ થાય અને આસો બેસતાં શિયાળુ વહેલો વળે તો ફાલ સારો આવે.

ચણાની હોણઃ—૧ પાછતર વરસાદ ઘણો. ૨–અને ફાલ વખતે ઝાકળ આવે તો હોણ વધે છે. ચણાના વાવેતર માટે કહેવત છે કે—**જો વાવીશ ઉંડા, તો નહિં થાઉં ભુંડા;**

જો વાવીશ છીછરા, તો પાડી નાખીશ ભીંશરા.

કપાસની હોણ:—૧ ધખડામા વિનાનો ઉગે. ૨ નિંદામા ઉપર મનમાનતો વરસાદ. ૩ જીંડવા પાક્યા પછી આકળ આવે તો જીંડવાં મોટાં થાય પણ ગોગડા વધે: ૪ શિયાળુ ટાઢ નિર્મળ પડે. ૫ ભુરનો મનમાનતો વરસાદ થાય.

કપાસની જાત:—૧ ગાડરીઓ, ૨ મઠીઓ, ૩ કાનબી, ૪ લાળીઓ, ૫–ઢુંમર–વાગડીઓ, વગેરે

ઉતર:—ગાડરીઓ. ૬૫ મણ કપાસે ૨૫ મણ રૂ; મઠીઓ ૮૫ મણે ૨૫ મણ રૂ; કાનબી ૬૫ મણે ૨૫ મણ રૂ; લાળીઓ ૭૫ મણે ૨૫ મણ રૂ; ઢુંમર–વાગડીઓ ૭૫ મણે ૨૭ મણ રૂ; આ પાંચે જાતમાં પૈકી કાનબી, વાગડીઓ, અને લાળીઓ ઉતરમાં અનુક્રમે આવે છે, પણ તે મોડા પાકે છે અને હીમની બીક રહે છે; ગાડરીઓ અને મઠીઓ. તેમાં ગાડરીઆની ઉતર વધારેછે. આ બેઉ જાત વહેલી પાકેછે. વરસાદ થોડો જોઈએ. આ બેઉ જાતને પાવાથી ફાલ ફરી આવે છે તે વહેલા પાકે છે, જેથી હીમની બીક રહેતી નથી. અને તેથી તે પીઠબજારે વહેલા આવે છે, પણ તે ઉપરની ત્રણે જાત જેવા ટકાઉ નથી. બધામાં વાગડીઓ (ઢુંમર) ઉત્તમ, ખેતર અને વાડીના પીત્ત બેઉથી હોણવાળો છે, આ શિવાય હીરવણી (રતનજોત) નામનો કપાસ થાય છે. તેને ચોમાસામાં બે ત્રણ વાર ફાલ આવેછે. કપાશીઆ લીલા પણ ટકાઉ નહિં. જેથી તેનું વાવેતર બહુ થતું નથી.

તલની હોણ—આશાડી બીજ ચોખી ઉગે તો અશાડા નરવા આવે. અને શ્રાવણ શુદ ૧૫ નો ચંદ્રમા નિર્મળ તો પૂર્વીઆના નરવા થાય એમ લોકો કહે છે. ખરી રીતે જોઇએ તો અશાડા કે પૂર્વીઆના વાવેતર વખતે વરસાદની મુઠ સારી, આકાશ ચોખું ઉગમણમાં હોય તો સારૂં, વળી ફાલ વખતે ધાણુ કે દવા ન આવે તો તલ

નરવા આવે, (તલને આકળ નહિ સારો) વળી, લોકો કહે છે કે—વા-ડામાં તલવણીના છોડ થાય છે. તે નરવા હોય તો તલની ઉત્તમ હોણુ સમજવી. ધુંસર ઉપરા ઉપરી ને પવન બંધ હોય તો માથાં બંધાઇ જાય છે. પવન થાય તો છુટે)

શેરડીના વાઢની હોણુનાં ચિન્હ:—૧ જમીન કરાળ કે ગોરાડુ જોઈએ અને તે સાથે દળદાર હોય તે ઉત્તમ, ૨ વાઢવાળી જમીન પસીઉ રાખવું જોઇએ અથવા તો મરચી કે ચણા વાવેલ હોય તો હોણુ વધે છે. ૩ વાઢવાળી જમીનને ઓછામાં ઓછી સાત આઠ ગણુ દઇ ઉપર હળીઉ ફેરવી બે ત્રણુ વાર શંપલવી જોઇએ. ૪—છાણુ કુવાનું સડેલ ખાતર કે લીંડીનું ખાતર ઉત્તમ, ૫—સારૂં પાકેલ આંબોશગ—બી. ૬—પાણીનો ચાડ જોઇએ. ઉનાળે પાંચ દહાડે અને ભાદરવે તથા શિયાળે ત્રણુ દહાડે જોઇએ. વળી વરસાદ થાય ત્યારે બંધ. અને સૂકી જાય કે તુરત કોશ જોડી પાણી પાવું. એટલે ગાભર ઉતાર્યું કહેવાય ૭ દલદાર જમીન કરતાં પાતળીમાં વધારે પાણીનો ચાડ રાખવો. ૮ ભાદરવે છાણુ તથા એરંડીનાં રેડ પીવાથી હોણુ વધે છે. કારણુ વાડ ઉત્તમ કે બેશી ગયો. એ ભાદરવે ખબર પડશે. ૯ માવઠાથી ઘણી હોણુ વધે છે. ૧૦ તે સાથે હામ દામ અને જુત (બળદ) પણુ જોઈએ. કહેવત છે કે—

વાઢ વાવી ને વિચાર કરે, જઇ વેરાને કહે;
પાણી પાવાની ત્રેવડ ન મળે, પછી લાજુ ગમાવી રહે.

માટે વાવ્યા પહેલાંજ હામ, દામ, જુત અને પાણીની સગવડતા પૂરી પાડવી. નહિ તો પસ્તાવું પડશે.

ખડ વધારે થવાનાં ચિન્હ:—૧. પ્રથમનો વરસાદ એલી બંધ દસ દિવસ કે પખવાડીયું વરસે. ૨. પછી વાવણી થયા બાદ એલી

બંધ વરસે તો ખડનો ગોહો વધી જાય. કારણ એલીથી ઢોર ચરવા ન પામે એટલે આખો વગડો ચરા માટે જોર કરી જાય છે ૩. છેવટ ભાદરવામાં એલીબંધ વરસાદનું વહન ઉઠે તો ભાદરવાની હોણનું ખડ કાળીયું, સમેરવો, લાંપડું વગેરે થાય છે. ૪. વળી ખેતરમાં ચારેલું પણ મનમાનતું થાય છે. ટુંકામાં કહીએ તો જે સાલમાં ચોમાસામાં હેલીઓ આગળ પાછળ થાય તે સાલમાં ખડખોટ રહેતી નથી.

ખડખોટ રહેવાનાં ચિન્હઃ—૧–પ્રથમ ગામે ગામે વાવણીનો વરસાદ થાય. એટલે ઉગતો ચારો ઢોર વગેરે પશુ ચરી જાય. ૨–પ્રથમનો વરસાદ સાધારણ થાય. અને ખડનાં બી ઉગી નીકળે પણ વચમાં વાયરૂ સખત ફેંકે તો ઉગેલાં બીનાં મૂળ સૂકાઇ જઇ ખડ બળી (લંઘાઇ) જાય એટલે ફરી વરસાદ ઉપર મન માનતો થાય. પણ જોર કરે નહિ. ૩–પ્રથમનો વરસાદ આપણે સારો, પણ આસપાસના પ્રાંતમાં કોરાહું હોવાથી ત્યાંના ઘેટાં–ઢોરની વાંઢયો, આપણા ઉગતા ચારાને અછત કરાવે છે. ૪–ચોમાસાની શરૂઆતમાં સખત વાયરૂ થયા પછી વરસાદ થાય, તોપણ ખડની ઉગમણની હોણ સાધારણ થઇ જાય છે. ૫–ભાદરવામાં એટલે છેલી મોસમનો મે એલી બંધ ન વરસે–તે સાલમાં ખડખોટ રહેવા સંભવ છે. ૬–ચરાની જમીન ઘટવા લાગી છે. ૭–ગાડર વધ્યાં છે, ૮–જારનું (ચારોલું) થોડું વવાય છે. ૯–કપાસનું વાવેતર વધ્યું છે. ૧૦–ખડની ગંજીઓ વગેરેનો સંઘરો આગળ માફક નથી.

છોડ–મોલને નુકશાન કરનારાં જીવજંતુ વગેરેના સામાન્ય અટકાવઃ—આ દુનિયામાં માણસના શરીરને જેમ રોગો શત્રુ છે, તેમ છોડ–મોલના જીવજંત વગેરે શત્રુ છે. તેજ આપણા પશુ

શત્રુ છે,-કેમકે ખાવા પીવા અને ઓઢવા પહેરવાની સઘળી વસ્તુ છોડ મોલમાંથી થાય છે. તો એ શત્રુઓનો અટકાવ થવા નીચેના સામાન્ય ઉપાય છે.

૧—જુદી જુદી જાતના મોલ દરવર્ષે ફેરવી વાવવાથી એક મોલની જીવાંત બીજા મોલને અનુકુળ નહિ હોવાથી બીજે વર્ષે નાશ થાય છે. ૨-ખેતરને શેઢે છુટક છુટક ઝાડ ઉછેરવાં કે કાગડા, તેતર વગેરે પંખી મોલની જીવાંતનો ભક્ષ કરે છે. ૩—ઘઉંમાં રાઇ વાવવાથી ઝીણી જીવાત નાશ પામે છે. તેમજ કમોદમાં અજમા, સુવા, ધાણા અને કપાસમાં અજમા, વરીઆળી, જીરૂ, વગેરે અનુકુળ પડતાં વાવવાથી તેના ફુલની ખુશબોથી જીવાંત થતી નથી. ૪-વાવેતર ઉપર નિયમિત તડકો, ચંદ્રનું અજવાળું, અને તકે વરસાદ થવાથી જીવાંત નાશ પામે છે. કે થતી નથી. ૫—છોડ નીંદીને સાફ કરવાથી ઘટે છે. અને નિંદામણ લીલું લઇ લેવું, અથવા સુકાય તો ભેગું કરી બાળી નાંખવું. ૬—મીઠાં નક્ષત્રો વરસવાથી જીવાંત મરી જાય છે. ૭—રાખ છાંટવાથી જીવાંત ઓછી થાય છે. અપવાદઃ—૧-ધાણુ, ગોહો, અને ઝાકળ કે ધુમસથી ગણ ગણ આવે છે. અને બીજી દવાઓ મોલમાં આવે છે. ૨-ગળે નહિ એવા પદાર્થની અથવા ગંદા ખાતરથી જીવાંત વધે છે. માટે ગળેલ એટલે સડેલ ખાતર જોઇએ. ૨-છોડમાં ખડનો ગોહો વધવાથી જીવાંત વધે છે, અને પાલને પોષણ ઘટે છે. કહેવત છે કે—

ખેતર બેળયું ખડ હલે, સભા બગડી કુડ;
ભક્તિ બગડી લાલચે, કેસરમાં પડી ધુડ.

મૃગશર, પુનરવસુ, અશ્લેખા, પુર્વા નક્ષત્ર વરસાદથી જીવાંત વધે છે.

દરેક જાતના છોડ- મોલમાં હીમ, ગેરૂ, મોલો, ચીત્રી, અંગારો, આગીઓ વગેરે આવવાનાં ચિન્હ.

ઘઉંને—હીમ, ગેરૂ, અને ઈગારીયાની ભે ગણાય છે.

હીમ—પાંહા ઘઉંને હીમ ગેરૂની ભે ઘણું કરી વધારે રખાય છે. વળી જે સાલમાં હિમાલય તરફ ઘણું બરફ વરસે છે, ત્યારે શિયાળુ પવનને લીધે સખત ઠંડીના પ્રવાહ વધતાં હીમ પડે છે. તે વખત આપણે આકાશ ગર્ભપાત દેખાય છે અને વાદળાં થઇ આવી વાયુ પડે છે. અને હીમ પડવાથી મરચી, રીંગણી, કપાસ, શેરડી, બાવળ વગેરેને નુકશાન કરે છે. ત્યારે ઘઉંમાં પણ ઝપાટો લાગે છે. તેથી ઉંબીમાં મીંજ સંચરેલ કાચા ઘઉંને લાગવાથી ચકલાની જીભ જેવા કસ વિનાના દાણા થઇ જાય છે. હીમ પડતી (બેસતી) વખત પવન હોય તો થોડો બેસે. વળી હીંમ વખતે–પાણીનો ચાસ રાખવો. કહેવત છે કે–' **સુંવાળે હીમ વધારે બેસે.** '

ગેરૂઃ—ઘઉં નીઘલતી વખત વાદળાં અને ધાર રહેવાથી કે ઝાકળ આવવાથી પાંદડાં તથા દાંડલા રાતા થઇ જાય છે. અને ગેરૂનો ખારાશ ગુણ ડુંડીના મુખમાં જઇ મીંજમાં કસદાર ગુણ ઘટી ચકલાની જીભ જેવા પાતળા દાણા પડી જાય છે. આ વખતે પાણી પાવાનું બંધ કરી–જાણુભેદુ ખેડુતો કોશ છોડી મુકે છે. એટલે ગેરૂ ઉપર ન ચડતાં–બંધ પડે છે. આવે વખતે ઇશ્વરી કુદરતથી પવન થાય અને ટાઢ પડવા માંડે તો ગેરૂ આવતાં અટકાવ થાય છે. ચોટ (ઉંચા) ઘઉંને ગેરૂની વધારે બીક રહે છે.

દરસાલ હીમ–ગેરૂ આવવાનાં ભવિષ્ય ચિન્હઃ—૧–જે સાલમાં ઘણો વરસાદ અને હિમાલય તરફ ઘણો બરફ પડે ત્યારે હીમ આ-

વવા સંભવ રહે છે. ૨–લોકો કહે છે કે, ભાદરવા માસમાં કાળીઆ ખડમાં ગેરૂ આવે તો ઘઉંમાં આવશે. એમ ચેતી ઘઉંની વખતસર સંભાળ લેવી. ૩ શ્રાવણ વદ–૭ મે વરસાદ થાય તો હીમ આવે અને આઠમે મે થાય તો ગેરૂ આવે. આમ ઘરડા લોકો કહે છે. પણ કેટલીકવાર તે ઉપર આધાર રહેતો નથી. (જુઓ સં. ૧૯૫૭–૫૮)

ઇંગારીઓ:—જમીનના ગુણ કે બીમાં અમુક દાણાના ગુણને લીધે કોઇ કોઇ ડુંડીમાં આવે છે, માટે વાવેતર બદલાવવાથી દુર થાય છે.

જારને:—મોલો, ચિત્રિ, આગીઓ, ઇંગારિયો' ભરડો, ખુરૂં અને રેચકાણુ આવી પેદાશને નુકશાન કરે છે.

મોલો:—એને ગણુ ગણુ કહે છે. શ્રાવણ–ભાદરવામાં મોલ ગાભે દોડે–બે હાથનાં ઉંચા થાય ત્યારે જારના કુંપળમાં મચ્છર જેવાં ઝીણાં અસંખ્ય જંતુ વાદળાનું ધાબું અને ખોટું ટાઢોડું રહેવાથી થાય છે. એ ઝીણા જંતું મોલના છીદ્રને ઢાંકે છે જેથી મોલ વરધે ચડતા નથી માટે ઇશ્વરી કુદરતથી ધાબુ દુર થઇ થોડા દિવસ તડકો પડે તો નાશ પામે છે. અને તે ઉપર વરસાદ પડવાથી મરી જાય છે.

ચિત્તરી:—મોલ છાતી સામા આવતાં કોઇવાર દેખાવ આપે છે. ત્યારે જારનાં પાંદડાં લાલાશ પડતાં થઇ જતાં સુકાતાં જાય છે. (પાંદડાં કઠણ થાય છે) ચિતરી આવવાનું કારણ- વાદળાનું ખોટું ધાબું અને ટાઢોડું માટે ભાદરવા માસની તડકાની ચટકી થોડા દિવસ પડયા બાદ–ઉપર સારો વરસાદ થાય તો છોડ નરવા થઇ જોર કરે છે.

આગીઓ:—જારના છોડને–પડખે આગીઆ નામનો છોડ કોઇ કોઇ ઉગે છે. ૧–તે છોડવા મુળ સાથે નિંદી ખેતર બહાર કાઢી

નાખવા. ૨—આગીઓ આવતો હોય તે ખેતરમાં ચણાનું વાવેતર કરવું ૩—જારના બીમાં—આગીઆનું બી—બાદ કરવું. ૪—આગીઆવાળા ખેતરમાં સાળાનું ખાતર નહિ સારૂં. માટે ઉપર મુજબ આગીઆને દુર થવા સંભાળ રાખવી—નહિ તો જારના પાકને—એ છોડવા વધી જવાથી નબળો પાડે છે: ૫—વાગડી જાર વાવવાથી આગીઓ જડમુ-ળમાંથી નાશ પામે છે. (વાંસવાડા) વસાવડમાં મળે છે.

ઈંગારીઓ:—એ જાર પાકવા આવે ત્યારે આવે છે. જેથી જારના દાણાને ઠેકાણે કાળી રાખ જેવાં ફુણગાં ફુટે છે. અને પાકનો ઘટાડો થતાં જાર કાળી થઇ જાય છે. આવવાનું કારણ—અંગારીઆ-વાળું બી વાવવાથી આવે છે, માટે અંગારીઓ ન આવવા માટે. ૧ જે ખેતરમાં અંગારો ન આવતો હોય તે બી વાવવું. ૨ સાલાં તે ખેતરમાં બેસારવાં નહિ. ૩ લોક કહેવત મુજબ જારનું બી ગૌમુતરમાં રોળીને વાવવાથી ઈંગારીઓ આવતો નથી. ૪ વળી લોકો કહે છે કે, બીની ગાંસડી કે ઓરણી માથે કાગડો બેસે, એવાં વાવવા જતી વખત અપશુકન થાય તો ઈંગારીઓ આવે, એમ લોકોમાં વહેમ છે.

ભરડો:—કાંડા સામી જારમાં ઘણે વરસાદે ભરડો આવે છે. કુંપળાં સુકાય છે. અને લીલી કે ભુરી ચેળો પડે છે. અને કુંપળાં ના કાંટાં મોરી નાંખે છે. કારણ વાદળાનો ગોહો અને વરસાદના ટા-ઢોડાથી આવે છે. માટે થોડા વખત ગરમી પડયા બાદ વરસાદ પડવાથી ભરડો મટે છે. કોઇવાર ચાસટીઆમાં પણ ભરડો આવે છે.

ભુરૂં:—જાર પાકતી વખત ઘણો મે થાયતો ભુરૂં આવી જાય છે. કહેવત છે કે, ઝાઝા મેએ કણહીણ.'

કેચકાણ:—વાવેતર પછી વરસાદ ઉપરા ઉપરી પડયા કરવાથી

જાર રેચકાઇ જાય છે. ને પાન પીળાં પડી જઈ મોલ વધી શકતો નથી. માટે ૧ માસનું વાવરૂં કાઢે તો મોલની હાલત સુધારે છે. ખેતરમાં વધારેનું પાણી નીક કરી કાઢી નાંખવું.

બાજરો:—એને આગીયો, હળદરવો, ભુવો કે રેચકાણનું નુકશાન લાગે છે.

આગીઓ:—એ બાજરાના મૂળમાં નવો ફણુગો ફુટે છે, અને મુળને ઢાંકે તો છોડ બળી જાય છે. એટલે બાજરાના છોડવા વહુકી જાયછે. જેથી ડુંડાં સારાં થતાં નથી. અને કેટલાક છોડ ખાલી (વાંજીઆ) રહે છે. કારણ જમીનનો ગુણ અને આગીઆવાળું બી વાવ્યાથી થાય છે. માટે ૧ જારના ખેતરમાં આગીઓનાશ કરવાના જે ઉપાય લખ્યા છે. તે અમલમાં આણો.

હળદરવો:—બાજરાના છોડના થડમાં થાય છે. જેથી બાજરાના છોડને ફુટ થવા દેતો નથી. ફક્ત એક ડુંડું નીંઘલે છે. મેઘરવાથી હળદરવો મટે છે.

ભુવો:—બાજરો નીંઘલતાં ડુંડામાં રૂસડાં નીકળે છે. અને ડુંડાં ખાલી રહી જાય છે. વાદળાવાળું ધાબું, ખરાબ વાયરો અને જમીનનો ગુણ હોવો જોઇએ. માટે ઉત્તમ ખેડ, અને જેના ખેતરમાં ભુવો ન આવતો હોય, તે બી બદલાવીને લાવવું.

રેચકાણ:—ઉઘાડ થવાથી ફાયદો થાય છે. બહુ રેચકાઇ ગએલ હોય તો ફરી વાવેતર કરવું.

કહોળ:—એમાં ફાલ આવતી વખત વાદળાનું ધાબુ કે ધાર રહેવાથી લીલી ચેળો વગેરે જંતુ પેદા થાય તો તેને શીંગસળો કહે છે માટે ઉપર સારો વરસાદ થવાથી અને શિયાળુ ઠંડાં લહેરાંથી શીંગસળો ઘણીવાર દૂર થાય છે.

તલ:—એમાં તલકીડી અને માથાં બંધાવાં એ મુખ્ય રોગ આવે છે.

તલકીડી:—તલના છોડના મુળમાં જીવડાં થાય છે, અને મૂળ ખાઇ જાય છે. અને છોડ ઉપરથી સુકાઇ જાય છે. તે વરસાદ થવા-થી અને સવા—વા, વાયાથી થોડે ઘણે અંશે ફાયદો થાય છે, અથવા ચણાના વાવેતરથી તલથી તલકીડી મટશે.

માથાં બંધાવાં:—તલના વાવેતર ઉપર વરસાદ થઈ પાંદડાં ધોયાં એટલે પાણી પાયા જાણવા. અને તલ નીપજી ચુકયા કહેવાય છે. પણ ફાલ પહેલાં ઝાકળ ઉપરા ઉપરી આવે અને વાદળાનો ધાર રહે તો કુકડ જીવાંત થતાં એકદમ કરોળીઆની પેરે ઝાળ ઉત્પન્ન કરી માથાં બાંધી વાળે છે માટે ઉપર સારો વરસાદ કે નિયમીત ઋતુ રહેવાથી જીવાંત મરી જઇ માથાં છુટી જાય છે કે પડખે નવો ફાલ વધે છે. પણ જો ફાલફુલ આવ્યા પછી વાદળાંનો ધાર અને ઝાકળ ઉપરા ઉપરી આવે તો ફાલ પારવો થઇ જાય. અને ડોકે થોડો ફાલ આવે તો આવે. તેમજ ફાલ વખતે માવઠું થવાથી ફાલ પારવો પડેછે.

અપવાદ:—અશાડી તલી અને પુરવીઆને જેટલું વીધન છે. તેટલું સરાદીઆ તલને નડતું નથી. સરાદીઆ તલને વરસાદ ન હોય તોપણ ઠંડી અને ઝાકળથી ફાયદો થાય છે.

ચણા:—એને સાંખલી આવેછે. ચણાના વાવેતર ઉપર ચ-ણાના છોડ નાના હોય ત્યારે વરસાદ થાય તો ગુણ કરેછે, પણ ખાર અને ફુલ સંચર્યા પછી વરસાદ થાય તો લોક કહેછે કે—"ચણા માથે પાણા પડજો, પણ પાણી પડજોમાં," કારણ ખાર ધોવાઇ જ-વાથી સાંખલી નામની લીલી યેળો થાયછે. તે પોપટામાં પેશી ચ

ણાનું બીજ ખાઇ જાયછે. પણ ઠંડી નિર્મળ પડવાથી અને ઝાકળથી કાંઇક ફાયદો થાયછે. જે ખેતરમાં ચણા ફરી જતા હોય તો વાવેતર વખતે ફટકડીના પાણી સોંસરા—' ભીંજવી) કાઢી વાવે તો મૂળમાં થતી ઉધાઈ આવતી નથી. વળી, ' સાળાં બેસારવાં.

કપાસમાં:—ચિતરી, ડોકાંમરડી, હીમ, વગેરે આવે છે.

ચિતરી—તલ કીડીની પેઠે ભાદરવામાં કે આસોમાસમાં આવે છે. મૂળમાં જીવડાં થવાથી મૂળનો નાશ થવાથી પાનખરી છોડ સુકાઇ જાય છે. શિયાળુ વાના વળવાથી જોર ઓછું થાય છે. ચિતરીથી ફાલને નુકશાન પહોંચે છે. માટે તે ખેતરમાં ચણા કે તલ વાવવાથી તલ કીડીનો મઠાર થાય છે.

ડોકામારી—એ લીલા રંગની અને કાળાં મોઢાવાળી ચેજો ભાદરવામાં થાય છે. તે કપાસના ઉપલા ફાલનાં માથાં કાપી નાખે છે. માટે ઉપર સારો વરસાદ પડવાથી નાશ પામે છે.

હીમ—એ ખારવાળી જમીનમાં કે નદીકાંઠે અને ઓથવાળા ખેતરમાં વધારે પડે છે. અને સખત હીમ પડેતો ફાલ વગેરે બળી જઈ અરોડાં થઇ જાય છે. અને લહેરે લહેરે ઉતરે તો જ્યાં લહેરૂં ચાલે ત્યાંજ નુકશાન કરે છે. એ ઇશ્વરી કુદરતની ટાઢી ગરમીનો કુદરતી બનાવ બને છે.

કપાસ બગડવાનાં વિશેષ ચિન્હ—૧ ધાબડીઓ ઉગે કે મોડું વાવેતર. ૧—સ્વાંતિનો વરસાદ. ૩—ફાલ વખતે ધાર વાદળાં અને ઝાકળ આવ્યા કરે. ૪—માવઠું ફાલ વખતે થાય. ૫—ડીંડવાં—(જીંડવાં) થયા પછી વાદળાંનો ગોરાંભો અને ધાર થાય તો ગોગડા વધી પડે છે.

શેરડી:—એમાં ચિતરી, (બાંડી) ભરડો, આગીયો અને ગળો—આવે છે.

ચિતરી—આવે ત્યારે પાંદ રતાશ પડતાં અને લોચા વળી જાય છે. કુંપળાં સુકાઇ જઇ કાળાશ પડતાં થાય છે, છોડ વધતો નથી. અને કાતળીઓ ન વધતાં નાની ગાંઠું થાયછે. કારણ મૂળમાં જીવાંત થવાથી આવેછે. **ઉપાય**—૧ પાણીનું જોર. ૨—ભાદરવામાં સારો વરસાદ થાય તો મૂકી દેછે. ૩—જે ભાગમાં ચિતરી હોય તે તરફ એરડીના ખોળનો ઝીણો ભુકો કરી કોથળામાં રાખી તે ભાંગાના ધોરીઆના નાકામાં દાટવાથી ફાયદો થાય છે. ૪—છાણનું રેડ પાવાથી પણ ફાયદો થાય છે. ૫—વરસાદના પાલર પાણી ઉપર જોર રાખવાથી. ૬—તડકાથી ચિતરી છુટે છે.

ભરડો—ઉનાળો ઉતરતાં આવે છે; અને ઉપલો શેરડીનો કાંટો જીવડો થવાથી ખાઇ જાય છે. **ઉપાય**—૧—પ્રથમનો વરસાદ સારો થવાથી. ૨—પાણીનું જોર રાખવાથી. ૩—હાથીઆ થોરનાં ડીંડલાં કે સાંઢીઆના પગનો નળો ધોરીઆમાં દાટવાથી ફાયદો થાય છે.

આગીયો—શ્રાવણ ભાદરવામાં આવે છે. અને તે સાંઠાના મૂળમાં છોડવા થાય છે. આગીયો દેખાણો એટલે વાઢ બેશી જવાની ધાસ્તી જાણવી. **ઉપાય**—૧—અજમાની કોથળીઓ ક્યારાના નાકામાં રાખી પાણી પાવાથી મટે છે. ૨—છાણ કુચાનું ખાતર પ્રથમથીજ નાખવાથી ફાયદો થાય છે. આ વખતે છાણનું રેડ દેવું. **અપવાદ**—૧ ચણાવાળું પસીયું હોય તો આગીયો આવવાની થોડી ધાસ્તી રહે છે. ૨—સાળાનું ખાતર નાંખવું નહિ.

ગળો—(મોલો) શેરડીને ઝાકળ વધારે લાગવાથી પાંદડાંમાં ભુરાં જીવડાં થાય છે. વખતે ઘણા ઝાકળથી રસ બહાર નીકળી ગાંઠા

બંધાઇ જાય છે. ઠંડી પડવાથી કે માવઠાથી ગળો દૂર થતાં ફાયદો થાય છે.

ઉપર લખેલા મોલના શત્રુ શિવાય ૧ કુતિ (કામળીઆ)૨. ૨–કુકડ ૩–ડોશી ૪–કાળી ડોસી, ૫ પ્રભુની ગાવડી. ૬–પતાળ કીડી ૭ ઉધેઇ. ૮ ધણુ વગેરે જીવજંતની સુક્ષ્મ ઉત્પત્તિ થાય છે. અને જુદાં જુદાં શાક ભાજી વગેરેને અસર કરે છે. તેના ઉપાય તરીકે વરસાદ, ગરમી, અને ઠંડીથી નાશ પામે છે. તોપણ લાગુ પડતા ઉપાય લઇ તેનો પણ અટકાવ કરવો.

પાકનો બગાડ કરનારાં તીડ.

તીડની ઉત્પત્તિ—એ રેતાળ જમીનમાં વિશેષ થાય છે. તેનું મુખ્ય રહેઠાણ મારવાડ અને કોકણના દક્ષિણ ભાગમાં પણ રાફડા છે. ત્યા રેતાળ રણવાળી જમીનમાં તેના મોટા મોટા રાફડા છે. તેમાંથી ઘણું કરી દરવર્ષે ખોરાક માટે નીકળે છે. જો ચોમાસાની શરૂઆત કે અધવચમાં નીકળે તો નૈરૂત્યના પવનને લીધે સિંધ કે પંજાબ વગેરે તરફ ધસડાઇ જાય છે. અને તે ભાગોમાં દરવર્ષે નવાં ઇંડાં મૂકે છે. અને વધતા–ઓછા રૂપમાં દરવર્ષે ઉપલા ભાગોમાં બુમ પડાવે છે. પણ જો ચોમાસું ખલાસ થતાં બહાર નીકળે અને તે વખત શિયાળો વહેલો આપણે ત્યાં વળ્યો હોય. વળી બોગ જોગે મારવાડમાં પાક નિષ્ફળ હોય તો ઘણું કરી ઇશ્વરી કોપથી આ તરફ તીડનાં ટોળાં ધસડાઇ આવે છે. અને પાકને બગાડે છે. અને જો ભુર કે ખારીનું જોર હોય તો કચ્છ, સિંધ કે પંજાબ તરફ ધસડાઇ જાય છે.

તીડ:—એ પ્રભુની ગાયો કહેવાય છે. અને જ્યાં ઇશ્વરી કોપ

થવાનો હોય-તે તરફ ધસડાય છે, મારવાડમાં દર વર્ષે-અમુક ભાગમાં તીડની ધુમ રહે છે. તીડ એ પાકને નાશકારક પ્રાણી છે. તેની ઉત્પત્તિ જેમ ઇશ્વરી કુદરતથી થાય છે, તેમ નાશ પણ ઘણે ભાગે ઇશ્વરી કુદરતથી થાય છે. માટે નાશ થવાનાં નીચે મુજબ કુદરતી ઉપાય જણાય છે. ૧—તીડના રાફડા ગરમ દેશમાં-રેતાળ જમીનમાં વધારે હોય છે. પણ તે ઘણીવાર વનસ્પતિવાળી ઝાડી તરફ ચડી આવતાં ઇંડાં મુકી ઉડી જાય તો ભેજને લીધે ઈંડાં સેવાઇ વૃદ્ધિ પામતાં નથી. પણ મરી જાય છે. મતલબ કે ભેજવાળી જમીનમાં ઇંડાં હમેશાં ઉછરતાં નથી. માટે આપણા દેશમાં વનસ્પતિનાં ઝાડો વધારવાથી કદાચ-આવી ઈંડા મૂકે પણ ઉછરશે નહિ. પણ વનસ્પતિના વધારાથી વરસાદનું પ્રમાણ વધશે ૨-મોઢાં પાકે ત્યારે તેનો સમૂળગાનો અંત આવે છે. ૩-જે ભાગમાં ઈંડાં મૂકયાં હોય? ત્યાંના ખેતરોની જમીન અને તેટલી તુરત ખેડાવી નાખવાથી ઇંડાનો નાશ થાય છે. ૪—સારાં નશીએ તીડનાં ટોળાં દરિયા તરફ પવનની ગતિ વગેરે કારણથી ધસડાઇ જાય તો અંતે થાકી થાકી બેસવાનું સ્થળ ન મળવાથી દરિયાના ભોગ થઇ પડે છે. ૫-સખત વરસાદ ઉપરાઉપરી પડવાથી નાશ થાય થાય છે. ૬-કેટલેક ઠેકાણે તીડને નાશ કરવાના તથા આવ્યા પછી ઉડાડી મુકવાને-ગામડાના લોકો-થાળીઓ વગાડી બીવાડે છે. ભડકા કરે છે; દારૂ પાથરી એકદમ સળગાવી ભડકાવી હાંકી કાઢે છે. ૭ વગડામાં કે વાડીઓમાં દવ લગાડી દેવાથી-અગ્નિ અને ધુમાડાથી ગોટ વાઈ ભાગી જાય છે. ૮-સપાટ-મૂલકમાં શેઢાપાળીઓ કે કાંટા વગેરે બાળી ભડકવાથી ઘણે ભાગે ઉડી જતાં જોવામાં આવ્યા છે. (સં. ૧૯૬૦ ની સાલમાં છેલ્લા ત્રણ અખતરા-ગુજરાત-કાઠિયાવાડમાં લોકોએ અજમાવ્યા હતા. જેથી ઉભો પાક ઘણે ઠેકાણે બચી ગયો હતો.)

ખપેડી—આ દેશમાં તીડનાં ટોળાં આવે છે, ત્યારે ઇંડાં મૂકે છે. તેમાંથી વૃદ્ધિ પામી ઉડવા માંડે છે. તેને ખપેડી કહે છે. આ ખપેડી ઉગતા ઘઉં અને ચોમાસાની શરૂઆતમાં ઉગતી તલીને ખાય છે. અને ઘણી વાર બકાલાં અને ફુલ ઝાડને પણ ખાય છે. કદાચ મોટા જથ્થામાં ખપેડી વધી જાય તો મોલ પાકતી વખતે ટોળાના રૂપમાં ઉડી પાકને નુકસાન કરે છે. આ ખપેડી ખેતરનાં ભરોડાં અને ખડમાં રહે છે. બે ત્રણ જાતની થાય છે. સખત વરસાદથી તેનો નાશ થાય છે. ઘણીવાર હો હો કે થાળીઓ વગેરેનો અવાજ કરી હાંકી મૂકવામાં આવે છે.

ગુજરાત તથા કાઠિયાવાડ ઉપર આવેલા તીડના મુખ્ય હલ્લાઃ—આપણા દેશમાં તીડથી પાકની ખરાબીનો ઇતિહાસ સંવત ૧૮૬૮ અને ૧૮૬૯ અગણોતરા કાળના પ્રભાતથી આરંભ થાય છે. **પહેલો હલ્લો**—સંવત ૧૮૬૭ માં મારવાડમાંથી તીડનાં ટોળાં નીકળ્યાં તે પંદર માસ બંગાળા, વાવ્ય પ્રાંત, અને પંજાબમાં ફરી પાછાં મારવાડમાં દાખલ થયાં હતાં. એ સાલમાં ગુજરાતમાં કાંઇ નુકશાન તીડથી થએલું નહોતું. **બીજો હલ્લોઃ**—સંવત–૧૮૬૮ માં મારવાડમાં વરસાદ થયો નહિ અને વનસ્પતિનો ખોરાક તીડને મળ્યો નહિ. ત્યારે ગુજરાતના ઉત્તર ભાગમાં અને કાઠિયાવાડમાં ટોળેટોળાં ઉતરી પડયાં. અને પાકને હરકત પહોંચાડી પણ તેમાંનાં કેટલાંક ટોળાંએ—અરબી સમુદ્રનો મારગ લેતાં દરિયાઈ ભોગ થયાં. બાકીનાં રહ્યાં તે ૧૮૬૯ના શરૂઆતના વરસાદમાં નાશ પામ્યાં હતાં. **ત્રીજો હલ્લો**–સંવત ૧૮૬૯ (અગણોતરા) માં મારવાડમાં પણ દુકાળ પડયો. અને સહેજસાજ પાક થયો તે તીડોએ નાશ કર્યો. અને મારવાડી વખાના માર્યા આપણા દેશમાં આવ્યા. તે સાથે તીડના ટોળાંનાં નબળાં (અજીઠાં) પગલાં

લેતા આવ્યા. તેમણે આપણા દેશમાં કમતી વરસાદથી પાક થોડો થયો. તેનો બગાડ કર્યો. જેથી આફતમાં વધારો થયો. અને અગણોતરો ઘોમ દુકાળ કહેવાણો. **ચોથો હલ્લો:**—સંવત-૧૮૮૯-૯૦ માં વરસાદ તો થયો. પણ તીડનાં ટોળાંએ પ્રથક પ્રથક નુકશાન કર્યું હતું. **પાંચમો હલ્લો:**—સંવત-૧૯૨૬ માં વરસાદ વરસ્યો અને સઘળા પ્રાંત ખાતે સાતેસરા નિપજી, પણ મોઢે આવેલા કોળીઆનો જેમ ઇશ્વરી ઇચ્છા નાશ કરેછે. તેમ નિપજેલા પાકનો અસંખ્ય તીડની લશ્કરરૂપ ટુકડીઓએ નુકશાન કીધું. (અસંખ્ય તીડથી આકાશ વાદળા માફક આચ્છાદન થયું હતું. **છઠ્ઠો હલ્લો**—સંવત-૧૯૩૫ માં આપણા પ્રાંત ખાતે દેશમાં ઘણા વરસાદથી લીલાદુકાળની આફત તીડનાં ટોળાંઓ દેખાવ આપ્યો હતો. અને ઉગતાં ઘઉ વગેરે કેટલેક ઠેકાણે નુકશાન પહોંચાડયું જણાય છે. ત્યારબાદ સંવત ૧૯૫૪-અને સંવત ૧૯૬૦ માં તીડના પ્રથક કાપલા ધશી આવી નુકશાન કર્યું હતું. પણ પાક જબરો હોવાથી-તેની અસર જણાઇ નહોતી. અંતે તીડ-દરિયાનાં ભોગ થયાં હતાં.

પાકને સહાયકારક કુદરતી ઉપાધીઓના ગુણ દોષ.

વરસાદ:—એ સઘળી જાતના પાકને મુખ્ય આધારભુત છે. પણ તે પાકને રીઝતો તકે થાય તો લાભકારક છે. પણ જો ધાર્યા ઉપરાંત એટલે જોઇએ તે કરતાં વધારે થાય તો પાકને બગાડે છે. એને જોઇએ તે કરતાં ઓછો થાય તો પાકને હાની થાય છે. તેમ જે તકે જોઇએ તે વખતે થાય તો-લાભ થાય. અને તકવિના થાય તોમોલને હાની થાય છે. માટે વરસાદની અનુકુળતા અને તકે જોઇતો થાય તોજ પાક ધારેલો ઉતરે. કદાચ વરસાદની અનુકુળતા હોય તો પણ બીજી ઇશ્વિરી

કુદરતની ઉપાધીઓ પાકને અનુકુળતાની જરૂર છે. તે નીચે લખી છે.

મેઘરવો:—એ ચોમાસાની ૠતુમાં આવે છે. એ ખારી, પશ્ચિમ અને મુખ્યત્વે નૈૠત્ય (ગીરનારી) પવનથી આવે છે. મેઘરવો આવે, ત્યારે ઘણું કરી જમીન ઉપર પડેલા પાણા પલળતા નથી. ઝાડવાં વરસે નહિ. પણ પવનની ચટકી થાય છે. ૧–મેઘરવો અશાડ –શ્રાવણ માં વધારે આવે તો નહિ સારો.) કારણ ચોમાસું વેલું ખલાસ થાય પણ ભાદરવે આવે તો સારો ૧–પાછલી મોસમમાં મેઘરવો આવે ત્યાં સુધી વરસાદનું જોર જાણવું. ૩–મેઘરવાથી કપાસનાં ચાપવાં થોડાં થોડાં ખરે છે. પણ દિવસે પવનથી અને રાત ચોખ્ખી હોય તો ફાલને હરકત આવતી નથી ૪–પાછલી મોસમમાં મેઘરવો આવવાથી જાર તથા બાજરામાં દાણો અધીક ચડે છે. અને મોલ ગાભેડાડે હોય, પણ મેઘરવાથી કુંપળામાં પાણી ઉતરી પાકને ફાયદો કરે છે. જેથી મેઘરવા માટે કહેવત છે કે–"**એ પાંગળો વરસાદ છે.**" મતલબ કે–મેઘરવાનો ઠાર–એ મોલને અમૃત રસનાં રેડ સમજવાં (છેવટ વરસાદની થોડી તાણને મેઘરવો લાભકારી છે.) નૈૠત્ય પવનથી વધારે આવે છે.

ઝાકળ—(તથા ધુંસર) બારે માસ આવે છે. શિયાળા–ઉનાળા-માં વધારે આવે છે. તે સૂર્યા–(વાવ્ય)ના પવનથી કે પશ્ચિમથી આવે છે. ઝાકળ–ખડ–પાણા કે ઝાડવાં ઉપર બેસે છે.

ઝાકળના ફાયદા—૧–પાકને ફાયદો કરે છે. સંવત ૧૯૨૧ ની સાલમાં પાછલા વરસાદની તંગી રહી હતી. પણ ઇશ્વરી કુદરતી આસો સુદ ૧ ઉપર ઝાકળનાં રેડ આવવાથી આગોતર પાક નીંગળ્યો અને પાકને ફાયદો થયો હતો. જેથી અનાજની પીઠ અણધારી ઉતરી ગઇ હતી. ૨–સરાદીઆતલ, ઉગતાં–ઘઉં અને ફાલ વિનાના ચણાને પણ ઝાકળ ફાયદો કરે છે. ૨–તલ, કપાસ અને ઘઉં એ ત્રણેને

ફાલ આવતી વખત—ઝાકળથી ગેરફાયદો છે. પણ પવન દિવસે વાય અને ધાર ન થાય તો ઝાકળ બહુ નડતો નથી. ૪—પાકતાં કપાસને ઝાકળથી ઝીંકવામાં કસ વધે છે, અને ઝાકળનાં રેડ પાકી ગએલા કપાસમાં ચિકાશ અને ફુમાસ વધારે છે. ૫—આસો માસમાં ઝાકળ આવવા માંડે તો જાણવું કે, વરસાદ ખલાસ થવાની નિશાની બતાવે છે. ૭—ઝાકળ શિયાળુ તથા ઉનાળુ ખેડને ગણુ કરે છે અને જમીનના રસને પીગળાવી પકવે છે. ૭—ઝાકળથી શિયાળુ જાર વગેરે પાકને મુખ્ય આધાર ગણાય છે. ૮—ધુંસર—(આકાશમાંથી ધુમાડારૂપી સવારમાં ઉતરી પડે છે તેથી તલનાં માથાં બંધાઇ જાય છે. પણ ઉપર ધાર ન થતાં વરસાદ થાય અથવા પવન નિર્મળ વાય તો માથાં છુટી જાય છે. ૯ પશ્ચિમની ધુંસરથી પવન શાન્ત થાય છે ને તે ઉપરા ઉપરી આવે ને ધાર રહે તો ઘઉંના પાકથી ગેર આવે છે.

ધુંસર ભારે આવ્યા પછી ૭ા માસે ગરભ પાકે છે પણ ધુંસર પછી પાંચ—સાત દહાડે વરસાદ થાય તો ગર્ભ વણુસાડે છે.

ગરમી—૧—ઉનાળાની ગરમી ઉપર જેમ વરસાદનો મુખ્ય આધાર છે. તેમ ચોમાસામાં મોલને ધીમે ધીમે ચોખ્ખી ગરમીથી ફાયદો થાય છે, મોલ ગરમીથી વરાપ થઇ જોર કરે છે. મોલને વાદળાંનો ગોહો રહેવાથી દવા આવે છે. મોલ વધતા નથી. પણ ગરમીથી મોલમાં નરવાઇ વધવા સાથ ફાયદો કરે છે. ૨—મોલ પાકતી વખતે ઘેલી ચિત્રાનો તડકો—એ મોલને અધિક દાણો ચડાવે છે. અને મુળનો ભેજ છોડવામાં ચડાવે છે—ખરેખર સૂર્યની નિર્મળ ગરમી—અનાજના રસદાર ભાગોને પકવી કઠણ કરનાર—મોટો આધાર છે. ૩—વળી ગરમીથી છોડવામાં મોલો ગણગણ વગેરે નાશ પામે છે.

અપવાદ—૧–વરસાદની ઝુમ વખતે ગરમી વધી જાય તો મોલ લંબાય છે. અને વાવેતરને નુકશાન પહોંચે છે. ૨—શિયાળામાં ઠંડીને બદલે વાદળાં અને ગરમીનો ધાર થાય તો પાછોતર પાકને નુકસાન કરે છે. ૩—અનિયમિત ગરમી પડવાથી કેટલાક રોગના વાયરા પણ વધે છે. ૪–અનિયમિત ગરમીથી ગર્ભ બગડે છે. અને માવઠાંનો ઉપદ્રવ પણ થાય છે.

અજવાળું—મોલને ગોહો રહેવાથી દવા આવે છે. પણ જેમ સમય પ્રમાણે ગરમી પાકને ફાયદો કરે છે. તેમ અજવાળાથી છોડવાને પોષણ મળે છે. મોલ નરવા અને વધી શકે છે. માટે ચોમાસાની રાત્રે ચંદ્રમાનુ અજવાળું નિર્મળ—તેમ મોલ દિવસ કરતાં રાત્રે વધે છે. માટે ચંદ્રની રાત ચોખ્ખી તેમ મોલને મોટો ફાયદો જાણવો. મોલને દાણો ચડતી વખત ચંદ્રનું નિર્મળ તેજ, તેમ ચંદ્રનું—અમી તેજ) મોલને અધિક ફાયદો કરે છે. ખરેખર ચંદ્રને નેત્રે—અમી રસ રહેલો છે. માટે જગતમાં વનસ્પતિ માત્રનો તેને અધિપતિ કહીએ તો ચાલે.

ઠંડીઃ—શિયાળુ (ભુખરવા) પવનથી નિર્મળ ઠંડી પડવા માંડે છે. તેને ગુલાબી ટાઢ કહે છે.

ટાઢના ફાયદાઃ—૧–આગોતર કહોળને શિયાળાની ટાઢનાં લહેરાં ત્રહેલાં આવે તેમ ફાલ સારો આવે છે, ૨–પાછતર–ઘઉં, ચણા, કપાસ અને શેરડી વગેરેના પાકને ઉત્તમ ફાયદો થાયછે. કહેવતછે કે,–

" માહા માસમાં ન પડે શીત, મોંઘું જાણો અન્ન ખચીત. " મતલબ કે ઘઉંના પાક વખતે ટાઢ પડે તો ઘઉંની ઉંબીમાં બીજ કસદાર અને નરવા થાય છે. કપાસનો ફાલ સુધરે છે. શેરડીમાં ધાટો ગળ્યો રસ વધે છે. એટલે એ વખતે શીત નિયમિત ન પડે તો ઉપલા પાક બગડે છે. તેમાં મુખ્યત્વે ઘઉંને ગેરૂ આવવાથી

ઘઉંનો જબરો પાક બગડે તો અનાજ મોંઘું થાય એ દેખાતું છે. ૩—નિર્મળ ઠંડીથી માણસની આરોગ્યતામાં વધારો થાય છે. ૪—શિયાળુ ટાઢની ખેડ ઉત્તમ જાણવી. કારણ—ઝાકળ વગેરેથી જમીનના રસ પીગળીને જમીન માતબર બને; છે.

અપવાદ—૧—ઠંડી વધી જાય તો હીમ પડવાથી કેટલાક પાકને બગાડે છે. ૨—નિયમિત અને નિર્મળ ઠંડી નહિ પડવાથી પાકને બગાડ સાથ માણસની આરોગ્યતામાં બિગાડ થાય છે. ૩—શિયાળા શિવાય બીજી ઋતુમાં ટાઢ પડવાથી આરોગ્યતામાં બગાડો થાય છે.

કુવા શોધવાની રીતિ.

ખેતીના સાથે જેમ વરસાદનો નિકટ સંબંધ છે. તેમ ખેતીવાડીને માટે કુવાનો પણ ઘણો ઉપયોગ છે. માટે ખેડુતોને આ વિષય ઘણોજ ઉપયોગી જાણી—અત્રે દાખલ કરેલો છે.

આ દુનિયામાં જાણવા જોવાનું ઘણું છે, અને તે પૃચ્છક બુદ્ધિ અને નવું નિહાળવાની ટેવથી—સીમમાં કે પાદરમાં ફરવા જઇએ તો દરેક બાબતનાં કારણ તપાસવા જતાં આ જગતમાંથી નવું ઘણું મળી આવે છે. જેનામાં પૃચ્છક બુદ્ધિ અને નવું નિહાળવાની ટેવ નથી તે આ જગતને ભાર રૂપ છે. માટે આજ સુધી જે જે નવીન શોધ ને નવા સુધારા દાખલ થાય છે ને બીજા સદ્ગુણો સાથે ઉપલા મહાન ગુણોનું શુભ પરિણામ છે.

માટે લાંબી મુદ્દત એ પ્રમાણે ટેવ રાખવાથી તેમાંથી સારૂં ફળ દેખાય છે. હવે કુવા જોવાનો વિષય પણ એકલી આંખે જોઇને તેમાં ઉંડા ઉતરી વિચાર કરવાનો છે. કારણ ઉપરચોટીઉં જોવાથી ખરી વાત ધ્યાનમાં આવતી નથી. આ વિષય દેશને ઘણો ઉપયોગી છે.

કેમકે—આ દેશના ખેડુતો પાણી જોવરાવી વાડી નખાવવા પાછળ ઘણોજ ખર્ચ કરી જોનારને માનથી તેડી લાવે છે. આ—કુવા જોનાર કુવો જોઇને ખેડુતને આખો ભવ સુધી પોતાનો લાચાર રાખે છે. માટે દરેક ખેડુત પાણી જોતાં શીખે. અને પોતાનેજ હાથે કુવો નાખી વાડી કરી શકે એવા ખાસ હેતુથી આ બાબત લખવામાં આવે છે. જેમાં દેશનું અને ખેડુતનું ભલું થાય અને કુવાં જોવાની **જંગલીબુટી**—એટલે જંગલમાં પાણી જોવાની રીત—જે ઘણાં વર્ષ થયાં ભીલ અને કોળી જેવા જંગલી લોકો પાસે અજ્ઞાનતાના અંધારામાં દબાઇ રહેલી તે અજવાળામાં આવી દેશને લાભ કરે.

રીત—આ રીત ટુંકામાં છે. આ કામમાં વિચાર શકિત વાપરવી—એ અમે પાણી જોઇ વાડી નાખનારને સોંપીએ છીએ કેમકે "આપકળા" વિચાર શકિતમાં રહેલ છે. સારાંશ કે અમે અત્રે રીતિઓ બતાવી છે, પણ તે રીતિયો અમલમાં લાવવા પૂર્ણ વિચાર સાથે અનુભવ વધારી લાભ લેવાની જરૂર છે.

પાણી જોતાં કસ માલમ પડવાની નિસાનીઓ—

૧—જમીન બરડાની પેઠે ઉંચી ઉંચી ઉપસેલ ચાલી જતી હોય. ૨—એ ઉપસેલ જમીનની કોર ઉપર રાફડાની હાર જતી હોય. ૩—કસની આસપાસ અને બંને બાજુએ ઝીંઝવણી, એરણી, ચીણખી, ઇંગોરિયાં, અને ગીર (જંગલ) માં હોય તો ટીંબરવા, રાણુ, સાજડ, ખીજડી તેમજ કેરડાનાં ઝાડ જોવામાં આવે, ૪—ચોમાસામાં તો ઠીક, પણ શિયાળા અને ઉનાળામાં કસ ઉપર ઘાનું ખડ હમેશાં લીલું ને લીલું ઉભું હોય છે. ૫—ગમે તેવી ટાઢ પડતી હોય, પણ આપણે પાણીના ઉપર આવ્યા, કે ત્યાંથી હુંફ આવે છે. કસ ગયો કે હુંફ બંધ પડે છે.

ઉપર કહી તેવી જગ્યાએ પાણીનો કસ છે એમ જાણવું. ખેતર જેવી સપાટ જમીન હોય, તોપણ પાણીના કસનો ઉપસેલ બરડો જણાઇ આવે છે; એ ઉપરથી ખેતરની આસપાસ અને બરડાની આસપાસ ખેતર બહાર નીકળી ઉપલી નિશાનીઓ બરડાની સનંધમાં જોવાથી તે ખેતરમાં પાણીનો કસ છે, એમ સહેજ માલુમ પડે છે, આવી રીતે ગામમાં કસ જોવો હોય તો ઉપર પ્રમાણે ચિન્હ જોવાથી અને ગામ બહાર નીકળી તે બરડો ક્યાં ગયો, તેની સનંધ લઇ આવવાથી ગામમાંનો કસ માલુમ પડી આવે છે.

આમ કસ માલુમ પડયા પછી બીજો વિચાર કરવાનો છે કે, આ દેશની નદીનાં પાણીના વહન કઇ દિશામાં છે, અને તે નદી પોતાના ગામના પાદરમાં હોયતો તે કઇ તરફ જાય છે, તે જોઇને નદી તરફ જતા કસના છેડામાં વધારે પાણી આવે. અને ઉપલા છેડામાં થોડું હોય–તે સૌ કોઇ સમજે, માટે વાડી નાખવી હોયતો કસ ઉપરના, નદી તરફથી દિશાના રાફડાથી બે ત્રણ હાથ છેટે કુવો નાખવો.

કસ (બરડા) છ પ્રકારના છે–તે નીચે મુજબ. ૧–જે કસના ઉપલા પડમાં કાળા ગડા (પાણા) પાંચ, શેરીઆ સોયરા વરણના નિકળે. તેમાં અર્ધા કોશનું પાણી થાય ૨–જે કસમાં ચીરોડી નિકળે તેમાં દોઢ કોશનું પાણી થાય. અને તેને બાર હાથ ખોદવો પડે. ૩–જેમાં સુંડીઆ ધોળા પાણા નિકળે તેમાં બે કોશનું પાણી થાય. અને આઠ–દશ હાથ ખોદવો પડે. ૪–લીલા ખડપલીયા પાણા નિકળે તેમાં ત્રણ કોશનું પાણી થાય. અને આઠ નવ હાથ ખોદવો પડે. ૫પીળા–ખડપલીઆ પાણા નિકળે તો ચાર કોશનું પાણુ થાય. અને સાત આઠ હાથ ખોદવો પડે. ૬–પીળા ગડા (પાણા) નિકળે તો પાંચ અને તેથી વધારે કોશનું પાણી થાય. અને સાત–આઠ હાથ ખોદવો પડે.

ઉપર પ્રમાણે ૭ પ્રકારના બરડા થાય છે. તેમાં છેલ્લા બે પ્રકાર ઉપર ઘણી સરસ વાડી નંખાય છે, અને તે ઘણું કરી અફળ થાય છે. વળી તેમાં જોવાનું બીજું રહી જાય છે. તે એ કસ માલુમ પડયો કે તેને ભરતર કરી જોવી—(હુંકની પહોળાઇથી કે તેમાં ભુખરાપાણાના પડખાથી ભરવી.) એમાં એની ત્રણ જાતની—પહોળાઇ થાયછે. જે કસ પીસ્તાળી હાથ પહોળો હોય, અને ઉપલી નિશાનીઓ હોય, પણ સૂકો જાણવો. પહોળાઇ વધવાથી કસનું પાણી વીખરાઇ જાયછે, વળી બીજો વીસ હાથ પહોળો થાય છે. તે પણ ખોટો (સુકો) છે. પણ અગીઆર અને તેથી જેમ ઓછો હોય તે કસમાં કુવો નાંખવાનું પસંદ કરવું. માટે અગીઆર કરતાં ઓછી પહોળાઇમાં સારી વાડી નખાય છે. વધારે પહોળાઇમાં કુવો નખાતો નથી.

ઉપલા ૭ પ્રકાર પણ અગીઆરની અંદર પહોળાઇમાં જોવા. કેમકે બીજા કસ કામના નથી. વાડી નાંખતી વખતે કસનાં બંને પડખાં વાડીની મધ્યે આવે તેની કાળજી રાખવી. કસની પહોળાઇ ભરવાની રીત એવી છે કે, તેનાં પડખાં ભૂખરા જેવા પાણાંના થાય છે, ત્યાંથી હાથ માંડી ભરત કરવું.

હરેક કસોનાં નિકળતાં વળાંના પ્રકારઃ—૧—કાળી—જમીનનું. ૨—ભુખરી જમીનનું. ૩—ગોરમટીનું. ૪—ટાચનું—(તાસનું) ૫—ધોળ. ૬—ચંદણી ધુળ. ૭—વીરડો થયા પછી મોરમ અને કાબરી ધુળને પડખે રેતી આવે તે છેવટ સુધી.

વાડી—(કુવા)ના કરા અને ભીંત—ધાર કે પાંચ કોશી વાડીની ભીંત નવ હાથ અને કરા સાત હાથ, ત્રણ કોશીની સાત હાથ ભીંત અને પાંચ હાથ કરા બે અને તેથી ઓછી કોશી વાડીની ભીંત ૭ હાથ, અને કરા પાંચ હાથ. ઉપર પ્રમાણે નવી વાડી નખાવવી જોઇએ

જો, જોનાર વિચારવાન હોય તો ઉપરની જોવાની રીતો ઘણી ઉમદા અને અફળ થવાપણું છે,

જુની વાડી કયાં હશે તેની શોધવાની રીતઃ—દરેક વાડી પાણીના કસમાં હોય—એમ ઉપરની રીતમાં આવી ગયું, એ ઉપરથી જ્યાં કસ નીકળતો હોય—તે કસ ઉપર કોઇ જગ્યાએ ધડા વગેરેનાં ઠીકરાં પડેલાં હોય અને કીડી જથાબંધ ભેગી થતી હોવ. તેમજ માખીઓ ભેગી થઇ બણુબણુતી હોય. વેકુર જેવી ગાળની માટી પડેલી જણાતી હોય, તો જાણવું કે, એ જગ્યાએ કોઇ જુનું નવાણુ દટાઇ ગએલું છે. વળી તેને પડખે—રાફડા પણ હોવા જોઇએ. ઉપર પ્રમાણે હોય તો થોડું ખોદાવી જોવું.

કુવા શોધવાની વિશેષ રીતો.

કાશીના કોઇ વિદ્વાને કેવી ભુમીમાં બાગ કરવો તેના સંબંધમાં લખતાં પોતાના પુસ્તકમાં કુવા શોધવા વિષે લખેલું છે. જેમાંથી બુદ્ધિ પ્રકાશે કેટલી સાખીઓ પ્રકટ કરેલી છે. તેનો સારાંશ ખેડુતને ઉપયોગી જાણી અહીં દાખલ કરેલ છે.

૧—હે સ્ત્રી, પાણી વિનાની જગ્યામાં નેતરનાં ઝાડ જો હોય તો, તેથી આથમણી દિશાએ ત્રણ હાથ ઉંડું પાણી છે એમ જાણવું. ૨—હે સ્ત્રી, જાંબુડાના ઝાડની પાસે પૂર્વ દીશામાં ઘણા રાફડા હોય તો ત્યાંથી દક્ષીણ દિશામાં ત્રણ પુરૂષ જેટલે વેગળે અથવા ઉંડે પાણી હોય. (ત્રણ પુરૂષ જેટલે—એટલે સાડા દશ હાથે) વળી ત્યાં ચાર પુરૂષ જેટલે હાડકાં હોય (પાતળાના પાણીનાં) તથા અસમાની રંગની માટી તથા કબુતર રંગનો પથ્થર હોય છે. ૩—નિગોડના ઝાડથી ત્રણ હાથ છેટે દખણાદો રાફડો હોય તો—તે ઠેકાણે પૃથ્વીમાં પાણી છે એમ જાણવું, ૪—બોરડીના ઝાડથી પૂર્વ દીશાએ વળી રાફડો હોય

તો ત્યાંથી પશ્ચિમ દિશાએ ત્રણ પુરૂષ જેટલે જમીનમાં પાણી છે એમ જાણવું. પહેડાના ઝાડ પાસે દક્ષિણ તરફ રાફડો હોય તો-ત્યાંથી પૂર્વ દિશામાં દોઢ પુરૂષ જેટલે જમીનમાં પાણીની સેર જાણવી. ૬—હરેક જાતનાં ઝાડના મૂળમાં એક હાથ ઉપર ઘણાં દેડકાં હોય તો-તે લક્ષણથી જાણવું કે ત્યાં સાડા-ચાર પુરૂષ જેટલે ઉંડે પાણીની સેર હોય, માટે તે લક્ષણથી જાણીને ત્યાં કુવો કરીએ. ૭—મહુડાના ઝાડથી ઉત્તર દિશાએ સર્પનો રાફડો હોય તો, ત્યાં પાંચ હાથ ઉંડું પાણી છે. એમ જાણવું. ૮—ચોમાસા શિવાય વિરણવાળા અને ધ્રો જ્યાં લીલાં રહેતાં હોય ને જગ્યા પાણી વિનાની જણાતી હોય, તોપણ જાણવું કે ત્યાં એક પુરૂષ જેટલું ઉંડું પાણી છે.

ટીપ—છપનીઆ દુકાળ વખતે રાજકોટ સ્ટેટમાં અમે કેટલાક કુવા ઉપરની નીશાનીઓ ઉપરથી નખાવતાં ઉપરની રીતો ઘણે ભાગે ખરી પડેલી જોવામાં આવી છે. પણ પાણીની કળા જાણનારાઓ સાથે કેટલોક અનુભવ વગડામાં જઇ પ્રથમ મેળવી જોઇ આ અખતરાનો અનુભવ વધારવાથી ઘણી નવી ગતીઓ માલૂમ પડે છે.

જાત અનુભવના વિશેષ દાખલાઃ—૧-ફસ કુવા વચ્ચે લેવો અને તે બીજા કુવામાં પડતો હોવો જોઇએ. તેવી સનંધો લેવી. (અમે ફસમાં દશને વીશ કોશીઆ નંખાવ્યા હતા. તે બધામાં પાણી થયાં હતાં.) ૨-ઘણા જૂના કુવા પાસે ઉપરનાં ચિન્હો નાગોડ વગેરે-ઝાડને રાફડા જોવામાં આવતા. ૩-મીઠી-નદી-ખારવાળા ભાગમાંથી જતી હોય ને ખાર જો દડમાં હોય, તોપણ તેમાં મીઠાં-પાણી નીકળે છે. આવા કુવા ખાખરેચી અને કુવાડવાના ખારમાં છપનના કાળ વખતે નખાવ્યા હતા. અને તે બધામાં ૮-૧૦ હાથે મીઠાં પાણી નીકળ્યાં હતાં.

प्रकरण ९ मुं.

વ્યવહારીક અને કુદરતી સંવત્સર ભાવ.

સંવત્સરભાવ વિચાર—પ્રકરણ બીજામાં પંચાંગ (ટીપણા) ના તથા બીજા જોગોના સંવત્સભાવ જણાવ્યા છે. પણ તે ઉપર આધાર રાખી અનાજ વીગેરેનો વેપાર કરવા જતાં કેટલીક વાર મોટી નુકશાનીમાં ઉતરવું પડે છે. એટલે અનાજ, રૂ વગેરેનો સંવત્સર દેશમાં ચાલતી વ્યવહારિક જ્ઞાનની રૂઢીઓ (વેપારની ગતિયો) અને દેશમાં વરસાદ, પાક વગેરે ઇશ્વરી કુદરત ઉપર બહુ ઉંડા ઉતરી લક્ષ રાખવાથી બુદ્ધિવાળા માણસો અગાઉથી તેજી કે મંદી થાશે તે વ્યવહારિક અટકળો અને કુદરતના ફેરફારને આધારે ભવિષ્યની અગમચેતીઓનું રાત દિવસ મનમાં ઘોલાણ કરે છે. જેથી ભવિષ્યનો કુદરતી સંવત્સરભાવ કેવો આવશે તે જાણવા શક્તિવંત થાય છે. માટે આ ભાગમાં ઇશ્વરી કુદરત અને બુદ્ધિના ખ્યાલના સંવત્સરભાવ લખવા યત્ન કર્યો છે. જેનું અવલોકન વેપાર વગેરેમાં કરવાથી ભવિષ્યના સંવત્સરભાવનો સારો આધાર મળે છે. બુદ્ધિવાળા વેપારીઓ હમેશાં ઇશ્વર કુદરતની ઉથલ-પાથલ જોયા કરે છે. અને તે ઉપર પોતાનો વેપાર ચલાવે છે.

સંવત્સરભાવ એટલે શું? જ્યારે અનાજ વગેરેની પીઠભાવ વરસના સંજોગોને અનુસરી ભાવમાં તેજીમંદી થાય છે. ત્યારે વેપારી વગેરે કહે છે કે એતો સંવત્સરભાવ ચાલે છે. મતલબ કે જ્યારે જે વસ્તુનો ભાવ આવવો જોઇએ તે ન આવે. એટલે ધારેલા ભાવમાં કેટલાક દેખીતા અવરોધ પીઠ ચડવા ઉતરવામાં આવે છે. ત્યારે સંવ-

ત્સરભાવનો દોષ મૂકાય છે. પણ ઉંડા ઉતરી જોવાથી માલુમ પડે છે કે, એમાં કેટલાંક દેખીતાં કુદરતી અને વ્યવહારિક કારણો હોય છે. જેથી તેજીમંદી થાય છે. જુઓ, દાખલા તરીકે સંવત ૧૯૩૫ માં વરસાદ અને ખડની છત છતાં ઘીના ભાવ રૂ. ૩૦ થી ૩૫ એક મણનો હતો. કારણ ખડ, પાણી બહોળાં હોય ત્યારે ઘીનો સંવત્સર મંદી રહેવો જોઇએ, પણ ઉંડા ઉતરી જોઇએ તો ઘીનો સંવત્સર તેજ રહેવાનું કારણ સંવત ૧૯૩૪ ની સાલમાં ખડની અછતને લીધે પશુ ઢોરનો ઘણો ભાગે સંહાર વળ્યો હતો, વળી કેટલાંક ઢોર પાંત્રીશના ભારે વરસાદનો ભોગ પાછલી સાલની નબળાઇને લીધે થઈ પડયાં, મતલબ કે—દુઝણાની અછત ઘણી થઇ એટલે ઘીની પેદાશ થોડી અને ઉઠાવ વધારે. જેથી ઘીનો સંવતત્સર ચડી ગયો હતો, પણ જો ઢોરની છત હોત તો ભાવ વધત નહિ. વળી સંવત ૧૯૫૨ (સન ૧૮૯૫) માં ચૈત્ર વૈશાખમાં ખડ—અને કપાશીઆની છત છતાં, ઘીનો ભાવ રૂ. ૨૦ થી ૨૨ થયો હતો. આ વખતે દેશમાં ઢોરની છત હતી, પણ દુઝતા ઢોરની સંખ્યા થોડી તેથી ઘીના સંવત્સરનું લહેર આવ્યું હતું. તેમજ સંવત ૧૯૫૨ (૧૮૯૫) માં મગની નિપજ નીષ્ફળ જવાથી સંવત્સરભાવ તેજીમાં હતો. કારણ ગઈ સાલનો ઘણો સંઘરો હતો, પણ અહીં તેમજ પરદેશ (વાગડ, થરાદ, દિલ્લી)માં પણ પાક નિષ્ફળ ગયો છે. એટલે ઉઠાવ પ્રમાણે ખાદ પડતાં સંવત્સર ભાવ ડબલ ચાલે છે. હવે અનાજ વગેરેના કુદરતી સંવત્સરભાવ, કેમ ચડે—ઉતરે છે, તે વરસાદ, પાક આગળ—પાછળની છત અછત સાથે બીજા પ્રાંતની પેદાશનો મુકાબલો, નાણાં બજાર, અમુક વસ્તુની પાલાખાદ, સખત

વાયરાં, માવઠાંની અસરો, તથા પાકને સુધારનાર બગાડનાર કેટલાંક કુદરતી કારણો. જેવાં કેઃ—વરસાદ, આકળ મેઘરવો, ગરમી, ઠંડી, વગેરેનો બહુ લક્ષપૂર્વક લાંબી મુદત અનુભવ મેળવવાથી સારી અગમચેતીઓનું જ્ઞાન મળે છે માટે એવાં એવાં વ્યવહારિક અને કુદરતી મુળતત્વોનું અવલોકન—અનુભવ સિદ્ધ આ પુસ્તકમાં વધારવાથી ખરા સંવત્સરભાવની ખુબીઓ સાક્ષાત્કાર જણાશે.

સંવત્સરભાવ વધવાના સામાન્ય કુદરતી કારણો.-

૧ દેશમાં ગઇ સાલનો અનાજ વગેરેનો સંઘરો થોડો હોય, એટલે પાલાખાદ હોય, અને તેમાં ચાલુ સાલમાં પાક નિષ્ફળ જાય તો ભાવ તેજ થાય છે ૨—વળી, ઉપર બતાવેલાં કારણો લાગુ હોય, અને આપણાં પ્રાંત ખાતે અનાજ વગેરેની ખાદ પડે, ત્યારે તેખામી દૂર કરવા જે પ્રાંતનાં અનાજ વગેરેનું પોષાણુ દર વર્ષે આપણે થતું હોય, ત્યાં પણ પાલાખાદ કે ચાલુ સાલનો પાક નિષ્ફળ હોય તો ભાવ તેજ રહેવા સાથ લાંબી મુદત (૭, કે બાર માસ) સંવત્સર આકરો રહે છે. માટે પોષાણવાળા દેશોના પાકની માહિતગારી આડતીયા વગેરેથી રાખવી. ૩—અહીં પેદાશ સારી હોય, પણ બીજા પ્રાંત ખાતે દુકાળ પડવાથી પાક નિષ્ફળ ગયો હોય, ત્યારે અહીંનું પોષાણ થાય તો પીઠ અટંક વધે છે. ૪—વરસાદનું સખત વાયરૂ થાય, પાક નિષ્ફળ થવાની બુમ ઉઠે, ત્યારે વેપારી વગેરેમાં મન ઉઠાવનો ભાવ વધતાં અનાજ લેવા ઘણા દોડે છે. ઘણા અધીરા બને છે. ત્યારે સંવત્સરભાવનું લહેરૂં આવી જાય છે. જુઓ, સંવત ૧૯૪૮ (સન) ૧૮૯૧) ના અશાડના વાયરામાં ભાવ ચડયો હતો. ૫—અહીં દુકાળ પડે તો પીઠમાં તેજ આવે. કારણ તમામ વર્ગના લોકોનો આધાર

મુખ્યત્વે પાક ઉપર છે. જે નિષ્ફળ જવાથી તમામને વેચાતું લેવું પડે. પરદેશથી પોષણ થાય પણ ખર્ચ ચડતાં પીઠ મનમાનતો સંવત્સર લે છે. ૬–ઉપજ થોડી અને સંઘરો વધે અથવા વશીઆતની ઘરાગી જાગે તોપણ પીઠ તેજ થાય. કદાચ ઉપજ વધારે હોય પણ પરદેશની ખેંચ થાય તો પીઠ વધે. જુઓ, સંવત ૧૯૫૩. ૭–બાજરો, ઘઉં ને જાર મોંઘા તો બીજાં અનાજ પણ મોંઘા થાય છે. ૮–આપણા ઘરડા અનુભવીઓ કહે છે કે–દર હજાર દિવસની અંદર સંવત્સરભાવનું જબરૂં લહેરૂં આવી જાય છે. એમ ઘણીવાર બનેલી કુદરત સાક્ષી પુરે છે.

પીઠ મંદી રહેવા (ભાગવા) નાં કુદરતી સામાન્ય કારણો.

૧—ચાલુ સાલમાં અનાજ વગેરેનો પાક જબરો એટલે સાવે સરા નિપજે તેવા મોલ ગાભેડાડે આવતાં પીઠ પાછી પડે છે. ૨–ચાલુ સાલમાં પાક સાતેસરા નિપજે અને ગઇ સાલનો અનાજનો સંઘરો ઘણો હોય એટલે પીઠ એકદમ ભાંગી નરમ થઇ જાય છે. માટે પાછલી સાલનું અનાજ દેશમાં સંઘરે કેટલું પડતર છે. અને ચાલુ સાલમાં નિપજ કેવી આવશે, કે આવી તેનો મુકાબલો લાગે કરી પીઠની કમાન જોતા રહેવી. ૩–અનાજના સંઘરામાં બહુ સળો લાગે, ત્યારે નિકાલ કરવાનાં મન દોરાય છે. તેવા વખતમાં ઘણા વેપારીઓને વેચવાની ચટપટી થાય ત્યારે મંદીનો માર ખાવો પડે છે. ૪–નાણાં ભીડને લીધે પીઠ પાછી પડે છે કારણ ઘણા વેપારીઓ અને ખેડૂતો વેચવા ઉભા થાય છે. માટે નાણાંની છત કે અછત રહેશે, તેનું આગળથી ધ્યાન પહોંચાડવું. નાણાં ભીડ વખતે ઘરાકી હોયતો પીઠ અટંક રહે છે. નાણાં ભીડ–વેરો, અનાજનો સંઘરો, અને કપાસની નિપજ થોડી વગેરે કારણથી આવે છે. માટે તેનું પ્રથમથી ધ્યાન રા-

ખવું. ૫–આગતર–નિપજ થોડી પણ પાછતર ઘઉં ચણાનો પાક અઢળક થાય, તો પીઠ અટંક (સમધારણ) રહે. ૬–અહીં પાલાખાદ હોય, અથવા કસ્વરૂં હોય, પણ આસપાસના પ્રાંતમાં નિપજ ઘણી હોય, એટલે પોષાણથી આવક બહુ વધી પડે તો પીઠ સમધારણ થાય. કારણ આગળના કરતાં પરદેશથી માલ પોષાણ થવામાં આગગાડી અને આગબોટો–વહાણ-વગેરે જબરાં સાધન બ્રિટિશ રાજ્યને પ્રતાપે ચાલુ થએલ છે. કેમકે જ્યારે આગગાડી નહોતી ત્યારે બીજા પ્રાંતમાંથી અનાજ વગેરે માલ લાવવામાં વખત, મહેનત અને ખર્ચ વધારે લાગતો પણ હવે આગગાડીના સાધનથી ધારેલા વખતમાં અને ઓછા ખર્ચમાં બીજા પ્રાંતોનો માલ આવી શકે છે. વળી આગગાડી, તાર અને પોષ્ટની સગવડ વધી છે. જેથી અહીં જેનું પોષણ થાય તે આડતીયા મારફ્ તાર વગેરેથી ખબર આપી, આગગાડી રસ્તે ધારેલા વખતમાં માલ પીઠ પહોંચી શકે છે. માટે ધારેલો ભાવ લેવામાં આગગાડી–એ મોટો અવરોધ અને આ જમાનાની બલીહારી જાણવી. ૭–કહેવત છે કે–જેઠ મોંઘો તો, દાણો થાય સોંઘો. એમ ઘણું કરી બને છે.

દરસાલ કઈ વસ્તુનો ભાવ વધારે આવશે તેની સામાન્ય અગમચેતીઓ—૧–જે વસ્તુની–પાછલી સાલની ખાદ હોય, તેનો સંવત્સર ભાવ તેજ રહે છે. વળી, જો પાલાખાદ હોય, અને ચાલતી સાલમાં તે ચીજ ઓછી નિપજે તો સંવત્સર ભાવ મનધાર્યો આવે છે. ૨–જે વસ્તુની પાલાખાદ પડે-તે વસ્તુનુ પોષણ બીજા પ્રાંતમાંથી પણ ન આવે તેમ હોય, તો મનધાર્યો ભાવ આવે ૩–જે વસ્તુની નિપજ દેશમાં થોડી અને તેની ખેંચ થાય તો સારો ભાવ આવે. અથવા સંઘરો વધારે થાય તો પીઠ તેજ થાય. ૪–મગ, અડદ, તલ, મેથી,

અજુ વગેરે કરિયાણું-કહેવાતી વસ્તુનો સંવત્સર ભાવ ઘણીવાર મન-ધાર્યો આવે છે. કારણ કરિયાણાવાળી વસ્તુ જાર બાજરો અને ઘઉંને મુકાબલે થોડી નિપજે છે. વળી તે લાંબી મુદ્દત સંઘરે રહી શકે છે. માટે દરવર્ષે-એ વસ્તુઓમાંથી એકાદની હાણ ઓછી થતાં પાલાખાદ પડતી આવે છે. જેથી તેનો સંવસર ઘણીવાર મનધાર્યો આવે છે. ૫-ઘણું કરી સારે વરસે શિયાળામાં પાલાખાદવાળી વસ્તુનો ભાવ આવે છે. પણ તમામ વસ્તુનો ભાવ આવતો નથી. કારણ ચોમાસાનો નવો પાક ઘરમાં આવવાની મોસમ મુખ્ય શિયાળો છે. જેથી ખેડુત ભિક્ષુક, વસવાયાં વગેરે લોકોને ખોરાકીની ભરતી હોય છે, જેથી જે વસ્તુની અછત કે પરદેશમાં ખેંચાણ તેનો ભાવ આવે છે. ઉનાળામાં મોસમનું ચાવણ ઘણું ખરૂં ચવાઇ જતાં વકરો થવા મંડે છે. જેથી ઉનાળો ઉતરતાં અને ચોમાસામાં તેજી રહે છે. પણ વરસાદ અને અમુક પાકની હાણ ઉપર ચોમાસામાં પીઠ તેજી મંદી રહે છે. ૬-જે વસ્તુ બહુ સરતી થાય, અને હુડે હુડે થાય. એટલે દેશમાં સંઘરા ઉપરાંત છત થઇ હોય, અને બીજે પોષણ ન હોય તો જાણવું કે-તે વસ્તુ માસ-છ માસે કે વર્ષ વળોટે સારો ભાવ લેશે. ૭-જે અનાજ કે કરિયાણું વગેરેમાંથી જે ચીજનો ભાવ એટલો સસ્તો થાય, કે ફરી બીજે કે ત્રીજે વર્ષે-તે ચીજનો વેચાણ કરતી વખત ભાવઓછો થાય તેમ ન હોય, એટલે લીધેલી કીંમત કરતાં ઓછો ભાવ નજ થાય તેમ હોય, ત્યારે તે વસ્તુ સંઘરવા માટે આપણા ઘરડા-અનુભવીઓ કહે છે. દાખલા તરીકે જુઓ, સંવત-૧૯૧૩-૧૪ પછી સસ્તામાં સસ્તી જાર સંવત-૧૯૩૦ અને સંવત ૧૯૬૦ માં રૂપિયા-એકની બે મણ થઇ હતી. તો એવા ભાવ સસ્તામાંથી વધારે નીચા ભાવ બહુ કાળે બને છે. માટે તેવા નીચા ભાવમાં સંઘરો કરે તે કમાય.

વસ્તુઓના-તેજી-મંદીના કુદરતી સંવત્સર ભાવ

ઘઉંની-મોંઘવારી—૧-ઘઉંનો પાછલી સાલનો સંઘરો થોડો હોય, એટલે ઘઉંની પાલાખાદ હોય, અને ચાલુ સાલમાં ચોમાસું ઉતરતાં મનમાનતો વરસાદ હોય તો ઘઉંનું વાવેતર દોઢું થતાં પીઠ તેજ રહે. ૨-પાલાખાદ હોય, અને ઉપાડ ઝાઝો તો પીઠ તેજ થાય. જેમ ચીવાડો,-દેશના અમુક ભાગમાં (કમ નિપજને લીધે) ખેંચ-પરદેશ વિલાયત-વગેરે તરફ થતાં પોષણની ઘરાકી. ૩-પાલાખાદ ન હોય અને ઉપર મુજબ પોષાણ કે ખેંચ થાય તો પીઠ અટંક રહે. ૪-પાછલી પાલાખાદ હોય, અને ચાલુ સાલમાં હીમ-ગેરના ઝપાટાથી પાક ઓછો થાય તો પીઠ ચડે. પણ પાછતર-પાક ઘણો હોય તો પીઠ અટંક રહે. ૫-ઘઉંનો પાક જે જે પ્રાંતમાં થતો હોય-તેની આડત કે વર્તમાનપત્રથી સરત રાખવી-જે વધારો છે કે, ઘટાડો. તે સાથે આપણા પ્રાંતના પાકની વધઘટ જોવી. પછી પોષણ કે ખેંચ જોવી. જો સરેરાશ ઘટાડો જણાય, અને તેમાં ખેંચ થવાનાં ચિન્હ જણાય તો મોંઘવારી થાય. પણ ઉપલાં તેજીનાં ઉલટાં કારણોથી મંદી થાય છે. ૬-જે સાલમાં ઘઉંની નિપજ ઘણી હોય પણ જાર બાજરાનો પાક નિષ્ફળ હોય તો ઘઉંની પીઠ તેજ રહે છે. (સં. ૧૯૫૨) ૭ અહીં ઘઉંની નિપજ ઘણી-પણ બીજા ભાગમાં દુકાળથી પાક ઘઉંનો નિષ્ફળ તો પીઠ ચડે. (સં. ૧૯૫૩).

જારની મોંઘવારી—૧-આપણાં દેશમાં મુખ્યત્વે ગરીબ લોકનો મોટો ખોરાક છે. (સુરત વગેરે તરફ સારા સદ્‌ગૃહસ્થો પણ ખાય છે.) જાર-અનાજમાં માતા (દેવી) તુલ્ય લોકો ગણે છે. અને આ દેશમાં દેવ દર્શને તેમજ ઘરના શુભ પ્રસંગમાં પણ વપરાય છે. ૨-

જે સાલમાં જાર બહુ નિપજે, અને બહુ સસ્તી વેચાય, વળી લોકની પ્રીતિ જાર ઉપરથી ઉઠી જાય, ખાવામાં-સંઘરવામાં અભાવ થાય. એટલે હુડેહુડે થાય. ત્યારે જાણવું કે જાર દેવી માસ ૭ માસે કે વર્ષ વળોટે પોતાની સત્તાનો અંકુર નિશ્ચય સંવત્સર ભાવે લેશે એમ આપણા ઘરડા લોકોના અનુભવ અને કુદરતી રચનાથી જણાય છે. ૩-કાળ કે કરવરૂં હોય ત્યારે ગરીબ લોકોનો મોટો ખોરાક જાર હોવાથી પીઠ તેજ રહે છે. ૪-પાછલી સાલની પાલાખાદ-તેમાં ચાલુ સાલમાં નિપજ થોડી તો તેજ રહે. અને બીજા પ્રાંતમાં પાક નિષ્ફળ હોય તો મન ધાર્યો ભાવ આવે ૫-જારની ઉત્તમતા માટે એક કવિ કહે છે કે -'ચૌદ લોકની ઇશ્વરી તેં ભલા નમાવ્યા ભૂપ.' એટલે આદેશનું રક્ષણ કરનાર એ સમદ્રષ્ટી ખોરાક છે.

બાજરાની મોંઘવારી—૧-પાલાખાદ હોય અને ચાલુ સાલમાં નિપજ કમ તો પીઠ તેજ રહે, અને બીજેથી આવક વધે તો અટંક કે સમધારણ રહે. ૨-કાદવીઆ બાજરા થાય, એટલે બાજરો પાકયા પછી દીવાળી ઉપર માવઠું થાય. જેથી નવો પાક બગડતાં જુનાનો ભાવ વધારે આવે. જે સાલમાં કાદવીઆ બાજરા થાય, ત્યારે અમુક ગામ, શહેર કે પ્રાંતમાં-સરા બાજરાની કેટલા પ્રમાણમાં ઉઠાવણી માસ-૭ માસે થાશે. અને જુના બાજરાની ભરતી ગામ કે પ્રાંત ખાતે કેવી છે, અને કાદવીઓ બાદ કરતાં જુના બાજરાનો ખોરાક માટે કેવો ઉઠાવ છે. એટલે ભરતી કરતાં ઉઠાવ વધારે થાય તેમ હોય તો બાજરાનો મને ધાર્યો ભાવ આવે છે. આ વાત સર્વ વસ્તુના ભાવને લાગુ પડે છે. માટે ચતુર વેપારીઓ-એ વાત લક્ષમાં લેવા જેગ છે. ૩-આસપાસના પ્રાંત ખાતે-વધારો-કે ઘટારો છે. તે તપાસતા

રહેવું. બાજે ખાદ હોય તો ખેંચ થતાં પીઠ તેજ થાય છે. ૪–નિપજ ઘણી હોય, પણ આસપાસ ખેંચાણ થાય તો પીઠ અટંક રહે.

મગની મોંઘવારી—૧–જે સાલમાં પાછલી પાલાખાદ હોય. અને ચાલતી સાલમાં પણ તે પાક નિષ્ફળ જાય તો પીઠ વધે. અને પરદેશથી આવે તેમ હોય તો પીઠ અટંક કે સમધારણ રહે. ૨–પાછલી સાલના પાકનો સંઘરો ઘણો હોય, અને ચાલુ સાલમાં અહીં તથા બીજા પ્રાંતમાં પાક નિષ્ફળ જાય તો મન ધાર્યો ભાવ આવે છે, ૩-મગની હોણ ઉગમણમાંજ હોય નહિ, ત્યારથીજ અગમચેતી જાણવી. કે પાક ઓછો ઉતરશે. માટે દરેક પાકની હોણ અને છત–અછત જોવી. એટલે સંવત્સર ભાવની ખુબીઓ સમજાશે.

ચોખાની મોંઘવારી—૧–આપણા દેશમાં ચોખાનો વપરાશ વધારે છે, માટે ચોખાની નિપજ ઘણું કરી સારા વરસાદ ઉપર છે. જે સાલમાં વરસાદ થોડો–તે સાલમાં કમોદ થોડી નિપજે છે. ત્યારે પીઠ તેજ રહે છે. ૨–વળી ચોખાનો જબરો પાક બંગાળા, ગુજ-રાત, મલબાર, સિંધ, રંગુન, બીમડી વગેરે પ્રાંતની ચાલુ પેદાશ અને આગળ–પાછળની છત–અછત જોવી. કેમકે આપણા દેશમાં ચોખા પુરા પાડનાર–એ પ્રાંતો છે. કાળ વરસમાં–ચોખાનો ભાવ વધે છે. કારણ ગરીબ વગેરે લોકોના નિર્વાહ માટે સહાયભુતી ચોખાની વધે છે–માટે કાળની અગમચેતીઓનાં ચિન્હ વગેરે પરથી ચોખાનો સંઘરો કરનાર કમાય છે. ૩–અહીં, અને બીજા પ્રાંતોમાં ચોખાનો પાક તપાસતા રહેવો, ઉઠાવ કરતાં સરેરાશે ખાદ પડે તેમ હોય તો ભાવ આવે.

તલ, તેલની મોંઘવારી:—આપણા દેશમાં સંવત્સરભાવમાં તેલ બધી વસ્તુઓમાં રાજા કહેવાય છે. એટલે જે સાલમાં તેલ

મોંઘું, તે સાલમાં પણ બીજી વસ્તુઓ મોંઘી અને તેલનો રાજા (સંવત્સર) નરમ તે સાલમાં બીજી પીઠ પણ નરમ રહે છે. આમ લોક કહેવત છે. કારણ જે સાલમાં વરસાદ બહોળો તે સાલમાં તલનો પાક ઉત્તમ થવા સંભવ રખાયછે. અને જ્યારે સારે વરસાદે તલની નિપજ સારી, ત્યારે બીજી વસ્તુઓ પણ સારીજ નિપજે. પણ જો તલ થોડા નિપજે, તો બીજો પાક પણ ઘણું કરી થોડો નિપજે, કારણ વરસાદ થોડો ત્યારે એ પરિણામ થાય છે. માટે તલની હોણ ઉપર બીજી વસ્તુઓની હોણની અટકળ આપણા ઘરડાઓની ખરેખરી ખુબીદાર છે. અને તલને બધી વસ્તુનો રાજા માનવો એ પણ સત્ય કબુલ રાખવા જેવી બીના છે. પણ ઘણીવાર ઈશ્વરી કુદરતના સંજોગ હવા, ઝાકળ, વાદળાંની અસરથી સારો વરસાદ છતાં તલનો પાક નિષ્ફળ જાય છે, અને બીજી વસ્તુઓની હોણપાકે છે. ત્યાર તેલ મોંઘું અને બીજી વસ્તુઓ સોંઘી હોય છે. વખતે તલનો પાક સારો હોય તો બીજો પાક છતે વરસાદે બગડે કે થોડો પાકે તો તેલ સસ્તુ અને બીજી વસ્તુઓ મોંઘી રહે છે. માટે ઘણીવાર ઇશ્વરી કુદરતના નિયમ મુજબ તેલની પીઠ ઉપર બીજી વસ્તુઓના સંવત્સરનો ઘણું કરી આધાર રખાતો નથી, તોપણ તલની હોણ ઉપરથી બીજા પાકની હોણનો મુકાબલો કરવાનું, અને તે ઉપરથી સંવત્સરભાવની અટકળો કરવાનું તેલની સંવત્સર ઉપર કલ્પિત વિચારો ઉપયોગી થઇ પડે છે. ૨– અહીં તલની હોણ નિષ્ફળ જાય અને પરદેશમાં પણ પાક નિષ્ફળ હોય તો તેલનો ભાવ ચડે છે અને અહીં પાક નિષ્ફળ જતાં બીજા પ્રાંતમાંથી, તલી–કાગરા, વગેરેનો પાક ઉતમ હોય તો પીઠ અટંક રહે છે. માટે આગળ પાછળની છત અછત અને ચાલુ સાલની ગણતરી આડતના કાગળો તેમજ વર્તમાનપત્રોથી જાણતા રહેવી.

ચણાની મોંઘવારી—આગતર વાવેતરનો વરસાદ કરકભરક હોય, ત્યારે કપાસનું વાવેતર થોડું થાય છે. જેથી તે સાલમાં પાછતર વરસાદ જો સારો હોય તો વાવેતર વધેછે. અને વાવેતર વધે ત્યારે ઉફાવ થતાં ભાવ આવે છે. આવે વખતે પાલાખાદ હોય તો મન ધાર્યો ભાવ આવે છે. માટે આગતર પાછતર વાવેતરની સંજ્ઞા ધ્યાનમાં રાખવી. ૨—જારની પાલાખાદ હોય ત્યારે ચણાનો પાક સારો હોય, પણ ગરીબ લોકો વગેરેમાં વપરાશ વધતાં પીઠ તેજ થાય છે. ૩—પાછતર વરસાદ, ચણાના વાવેતર માટે માફકસર ન હોય ત્યારે ચણાની પેદાશ થોડી નિપજવાથી પીઠ તેજ રહે છે. પણ બીજા પ્રાંતમાં સારો પાક હોય, તો પોષાણ થયે પીઠ નરમ થાય છે. ૪—અહીં પાલાખાદ, અને તે સાથે અહીં તથા બીજા પ્રાંતોનો ચણાનો પાક સરેરાશ ઓછો તો પીઠ તેજ થાય છે.

ઘીની મોંઘવારી—૧-ચારો તથા કપાસીઆની મોંઘાઇ. ૨-ઢોરમાં દવા. ૩-ચારાની તથા કપાસીઆની છત હોય. પણ દુઝાણા થોડાં તો સંવત્સર આકરો રહે. જુઓ. સંવત ૧૯૫૨ (સન ૧૮૯૫) ના ઉનાળાનો સંવત્સર. ૪-દેશમાં સંઘરો થોડો, અને વીવાડો વગેરે વધવાથી ઘરાકી વધે તો તેજ થાય ૫-ચારા તથા કપાસીયાની અછત અને દુઝાણાં થોડાં તો મન ધાર્યો ભાવ આવે. પણ આસપાસના પ્રાંતોમાંથી આવે તેમ હોય તો પીઠ અટંક રહે. માટે ઘીના સંવતસર માટે દુઝાણાં, ચારો, કપાસીઆની છત-અછત જોતા રહેવી, નહિ તો ખોટ ખાવી પડે છે, જુઓ, દેશમાં ઘણો વીવાડો થવાનો છે, એમ જાણી ઘણા વેપારીઓ ઘી સંઘરે છે, પછી એકદમ ઘરાકી વખતે ઘણા વેપારી વગેરે વેચવા ઉભા થાય. પણ

સંઘરા કરતાં ઉઠાવ થોડો અને વેચવાવાળા ઘણા ઉભા થતાં ધીનો વધારો થઇ પડતાં પીઠ મંદી પડી જાય છે. પણ પાલાખાદ હોય, અને ઘરાકી વધારે તો મનધાર્યો ભાવ આવે છે.

કપાસીઆની મોંઘવારી—જે સાલમાં દુઝાણાની છત હોય તે સાલમાં ખડ તથા કપાશીઆની અછતનો ભાવ આવે છે. ૨—આસપાસના પ્રાંતમાં ખેંચ થાય. ૩—પાલાખાદ હોય અને નિપજ કમ અને ખોરાકી વધારે. **સુચના**—કપાસીઆનો સંઘરો એ ઉત્તમ મનાય છે કારણ તે સળતો દળતો નથી.

ઘણીવાર અનુભવથી એમ જોવામાં આવ્યું છે કે બાર માસમાં કારતકથી જેઠ સુધીમાં ઘીનો ભાવ જે વધારેમાં વધારે ચડયો હોય, તેવો ભાવ ઘણે ભાગે ભાદરવા મહિને પાછો આવવા કારણો ઉત્પન્ન થાય છે.

ગોળની મોંઘવારી—૧—પાછલી ખાદ. ૨—ચાલુ સાલમાં વાવેતર થોડું ૩—પરદેશની આવકનું પોષાણ થોડું. ૪—અહીં વરસ સારૂં પાકે એટલે લોકો સુકાળથી સુખી હોવાથી વાર તહેવારે ગોળનો ઉપાડ વધારે કરે છે. તેમાં વળી વીવાડો વગેરેમાં ઉઠાવ સારો થાયતો મન ધાર્યો ભાવ આવે. ૫—પરદેશથી આવે, તોપણ દેશની પીઠ તેજ કે અટંક રહે છે. માટે દેશીગોળ અન્ય પરદેશના ગોળની છત અછત જોવા સાથ ઉઠાવ જોતા રહેવો.

ખડની મોંઘવારી—જે સાલમાં ખડ બહુ હુડે હુડે થાય, તે પછી બીજે કે ત્રીજે વર્ષે ખડની ઘણું કરી મોંઘવારી થાય છે. ૨—આગતર ચારોળુ કમ, અને ખડખોટ રહેતાં ભાવ આવે છે. ૩—ખડની પાલાખાદ હોય છતાં, ચાલુ વર્ષમાં ચોમાસું બેસતાં વાયરૂં ફેંકે તો મન ધાર્યો ભાવ આવે.

૩, (કપાસ) ની મોંઘવારી—૩, એ જગત ઢાંકણુ કહેવાય છે. કેમકે, માણસના રક્ષણ અને શોભાની એ વસ્તુ ગણાય છે. વળી, ૩ તથા અનાજનો સંવત્સર ઘણું કરી એક બીજાના ઉપર આધાર રાખે છે. એટલે આગતર પાકની સાથે કપાસનું વાવેતર સારૂં હોય. જેથી કપાસની પેદાશ જે સાલમાં સારી હોય, તે સાલમાં પાછતર પાક ઘણું કરી નિષ્ફળ જતો નથી, માટે આગતર ધાન્ય અને પાછતર કપાસની સરેરાશ ઘણીવાર લગભગ ઉતરે છે. માટે કપાસની છતતો અનાજના પાકની પણ છત ઘણું કરી થાય. માટે બેઉનો સંવત્સર સમધારણ રહે અને કપાસનો પાક નિષ્ફળ તો આગતર પાક ઘણું કરી નિષ્ફળ. જેથી કપાસના થોડા પાકે સંવત્સર આકરો તે સાથે અનાજનો થોડો પાક માટે મોંઘાઇ થાયછે, પણ બીજાં કેટલાંક કારણો (આગળ પાછળની છત અછત, અને બીજા પ્રાંતોની અછત) ને લીધે કપાસના સંવત્સર સાથે અનાજનો સંવત્સરનો આધાર રાખી શકાય નહિ. પણ ઉપર મુજબ હોણ સાથે કલ્પિત ભાવનો આધાર બાંધી શકાય.

૩, ની પીઠના સામાન્ય આધાર:—૧ અહીં, હિંદુસ્તાન તથા અમેરિકાના પાકની અછત. ૨—ચાલુ ઘરાકી ઝાઝી. ૩—વાયદામાં આકરત. ૪—વિલાયતનો ઉઠાવ ગરજાઉ. ૫ નાણાં બજાર તેજ ૬—વાદળાં તથા હવાની સ્થિતિ (ઝાકળ આવવાથી કપાસ (૩) મા કુમાસ—ચીકણાશ વધે છે.) ૭—લડાઇ વગેરે અવરોધ. ૮ હુંડીના ભાવ:

સુચના—અમેરિકા તથા વિલાયતની આગલી સાલની પુરાંત તથા અમેરિકાનો પાક અને ચાલતી સાલની ખપતી અને બાકી સિલક વગેરેથી માહીતગાર રહેવું. એમ ડાકટર એલીસ પણ સલાહ આપે છે.

રૂના વેપારીઓને સલાહ:—ઉદાહરણ. જુઓ, સંવત ૧૯૨૦ (સન ૧૮૬૩) માં રૂની પીઠ બમણી ત્રમણી તેજ થઈ હતી. કારણ અમેરિકામાં લડાઇ જાગવાથી ત્યાં રૂની પેદાશ થઇ શકી નહિ, જેથી હિંદની પેદાશ ઉપરજ વિલાયતની ઘણી ગરજાઉ ઉઠાવણી રહી. જેથી હિંદના રૂના ભાવ (ખાદ) ને લીધે વધી ગયા. કારણ એ વખતે અમેરિકાના (કપાસના વાવેતરવાળા) લોકો સાથે વિલાયતનાં મહારાણી સરકારને લડાઈ જાગવાથી અમેરિકામાં કપાસ નહિં વાવતાં લડાઇમાં રોકાણા, જેથી ખાદ પડતાં ભાવ વધી ગએલા, પણ લડાઇ બંધ પડતાં કપાસનું વાવેતર થયું. તે અહીંના અજાણ્યા વેપારીઓના મનમાં એમ હતું કે સંવત્સરભાવ ચાલેછે, માટે સંવત ૧૯૨૧ (સન ૧૮૬૯) માં પણ ભાવ આવશે. જાણી અગાઉથી આકરા ભાવની રૂની ખરીદી ચાલી. પણ અમેરિકાનો પાક પાછો શરૂ થવાથી હિંદના રૂના ભાવ ઘટયા, અહીંના વેપારીઓમાં મોટા સટા ચાલ્યા; ઘણા પાયમાલ થયા; નવાઈ ઉત્પન્ન થઇ, રાંડીરાંડો રોળાઇ, ઘંટીઓ ગઇ, ગાદલાં ખાલી થયાં. માટે જુઓ, દેશ, પરદેશની પેદાશ ઉપર સરત નહિ રાખવાથી કેટલું નુકશાન ! ! જેથી વર્ત્તમાનપત્ર, આડતના કાગળો અને તાર વગેરે દ્વારે બીજા પ્રાંતોની પેદાશથી માહીતગાર રહેવું.

વેપારીને વેપાર કરવાની સારી સલાહો:-

કહેવત છે કે:—

થોડે ખટે ખાટીએ, બોળો કીજે વેપાર;
કોઇ ન દીયે ઉધારે, તો બાર મહિને બમણા.

અર્થ—થોડે નફે બહોળો વેપાર કરનાર સદા કમાય છે ધા-

રેલી મુડી એક વરસમાં ઘણીવાર ફેરવવાથી લગભગ બમણા થવાનો સંભવ રહે છે.

૨—ચાલતે નફે માલનો થોડે થોડે નિકાલ કરતા રહેવો.

૩—પીઠનું લેહેરૂં આવ્યે અરધ દાણા વેચવા પણ મમતથી બધા રાખી મૂકવા નહી. કારણ કહેવત છે કે, **"ચાલતે નફે ન વેચે તેને માથે જુતીયાં."**

૪—પીઠ આવે નકો આવતાં–સાટાં શિવાય, નવી ખરીદી કરવા દોડવું નહિ એટલે ટોચનાં બોર ખાવાં સારાં નથી; પણ નિકાલ કરવાનો મોખ રાખવો. કારણ પીઠને નરમ પાડનાર આગગાડી, અને બીજા પ્રાંતોનું પોષણ વગેરે છે. જેથી કરિઆણા શિવાય બીજા અનાજમાં લાંબી મુદત આકરો સંવત્સર રહી શકતો નથી.

૫—ગુંજાસ પ્રમાણે વેપાર કરવો. ૬–બનતાં લગી ઉધાર કરતા રોકડ વેપાર કરવો. તમામ વસ્તુનો સંઘરો કરવો, તેમાંય પણ પાલાખાદવાળી વસ્તુનો સંઘરો વધારે કરવો.

૬—જૂના અનાજ સાટે નવા ફલોફલનો સારા ખેડુતો સાથે નબળી પીઠે કદારો કરવો, કે નરમ પીઠે મુળગા થાય, તેની તજવીજ કરવી.

૮—નવું અનાજ નિપજ્યા પહેલાં સંઘરેલું તમામ અનાજ વેચી નાખવું નહિ. એટલે વેપારનો દોર ચાલતે નફે નિકાલ કરતા રહેવો.

૯—રૂ, ના વેપારમાં નીચેની બાબત લક્ષમાં રાખવી ૧–ચાલતે નફે સાટાં ખંડવાં. ૨–કપાસમાંથી રૂ, ની ઉતરાણ કરી જોવી. સરેરાશમાં રૂ, વધારે ઉતરે તે લેવામાં ફાયદો. ૩–ચાલતા રૂ, ના સંવત્સર ભાવમાં આકરી પીઠે લેવા દોડવું નહિ. ૪–એજંટ તરીકે કમિશન

ખાઇ વેપાર કરનારને ખોટ આવતી નથી. કહેવત છે કે,–દલાલને દીવાળું ન હોય.' આ કહેવત તમામ વેપારના દલાલને લાગુ પડે છે.

૧૦–આસપાસ કે દેશાવરના આડતીયા વગેરેથી કાગળ પત્ર કે તારનો વહેવાર રાખી આગળ પાછળની રૂખના અભિપ્રાય મગાવવા અને માહિતગાર રહેવું.

૧૧. આપણા અને પોષાણવાળા દેશની મોલની ઉભ અને ઉતરાણની કમાન અગાઉથી જોવી, અને તે ઉપરથી કઇ વસ્તુની ખાદ પડશે' તેનો નિર્ણય બુદ્ધિ અને અનુભવ પૂર્વક જોઇ, વેપારનો દોર ચલાવનાર વેપારી કદી ખોટમાં આવશે નહિ.

૧૨– ગાંઠમાં બહોળો માલ હોય, તેવે આવતે નફે મોખ રાખી ખાઉકી ખાવી.

૧૨–જેની ગાંઠમાં માલ ન હોય; તેણે ખાઉકી ખવાડવાનો મોખ રાખી ધંધો કરવો. ૧૪–વેપારમાં નીતિ રાખવી. કારણ નીતિથી હમેશાં બરકત છે. કહેવત છે કે–નીતિએ નારાયણ વસે અને અનીતિએ કુતરાં ભસે' ૧૫–દરવર્ષ નફામાંથી અમુક ખેરીઆત કરતા રહેવી. વેપારીને વિશેષ સલાહો–કહેવત છે કે—

૧૬— કાતી કાપડ ને જેઠે ઘી, ભાદરવે કપાસ;
દીકરી ઘરે ને વહુ માવતરે, એ પંચ કરે વિનાશ.

ભાવાર્થ—આપણા વૃદ્ધ અનુભવીઓ કહી ગયા છે કે–કારતક માસે કાપડ ન વહોરવું. તેમજ જેઠ માસે (ખરે તકે) ઘીનો સંઘરો ન કરવો. કેમકે ઘણે ભાગે ઘીની મોંઘવારી હોય, વળી ભાદરવે કપાસ ન લેવો. કેમકે ઘણે ભાગે તે વખત અમેરિકા, વિલાયતની તેજીને લીધે મોંઘાઇ હોય છે. માટે એ મોસમે સંઘરો ઉપલી ત્રણ વસ્તુનો કરવાથી

-જેમ-દીકરી ઘરે ને વહુ માવતરે ઝાઝો વખત રહે અને જે વિનાશ થાય છે. તેજ ઉપલા વેપારમાં કેટલીક વાર નુકશાન થાય છે.

૧૭—પીઠ ચડે ત્યારે પીઠનો હડકવા ત્રણ દિવસ રહે છે. માટે તેવે વખતે લેવા દોડવું નહિ. પીઠને થર પડવા દેવી. અથવા ક્યરાતો માલ લઈ-ચાલતે નફે વેચી નાખવો.

૧૮—જે સાલમાં અનાજની પીઠ બહુ તેજ હોય, ત્યારે અનાજનો મોટો સંઘરો મોંઘા ભાવનો કરવો નહિ. કારણ ટોચનાં બોર ખાવાં વસમાં છે. તેમ મોંઘાઈમાંથી મોંઘાઇ વધી જવા કેટલાંક કારણો નડે છે. જેથી-આકરી પીઠમાંથી પરદેશની આવક વધવાથી કે આવતું વરસ સારૂં આવવાથી પીઠ ભાંગે છે. ને એવું આપણે ઘણીવાર જોઇએ છીએ.

૧૯—વેપારી સુજ્ઞ છે. ને તેમની કળા ૯૬ છે અને સોનીની ૮૪ કળા ગણાય છે. પણ વેપારની ૧૨ કળા વધારે છે. તોપણ; રૂ ભરૂચ જીનની વાયદાની તેજી મંદી; કપાશીયા, એરંડા, ચોખા વગેરે વાયદાની તેજીમંદીનો શોધ પ્રાણ પ્રવાહને ઇશ્વરી કૃપાથી અમે શોધ કર્યો છે. તેનો લાભ દેશી વેધશાળાના મેંબર થનારને મળેછે. જુઓ નિયમ છેવટ આપ્યા છે.

પ્રથમ અનાજ વગેરે સસ્તાં હતાં પણ હવે મોંઘવારી થવાનાં કારણઃ—

સંવત ૧૯૧૩ (સન ૧૮૫૬) ની સાલમાં અનાજ વગેરે વસ્તુ જેવી સસ્તીં હતી-તેવો સંવત્સર-સસ્તો હજુ સુધી જોવામાં આવ્યો નથી. પણ ઉત્તરોઉત્તર અનાજ વગેરેના ભાવ ચડી ગએલા છે. અને લગભગ સંવત ૧૯૧૩ ની સાલનો મુકાબલ બમણા-ત્રમણા રહે છે,

અપવાદ દાખલ કોઇ વરસમાં પીઠ સસ્તી થઇ હશે, પણ સંવત ૧૯૧૩ ૧૪ ની સાલના જેવા આનંદકારી ભાવ જોવામાં આવતા નથી. માટે તેના કાંઇક ચમત્કારીક કારણો હોવાં જોઇએ તે નીચે મુજબ છે.

૧–કપાસનું વાવેતર વધતાં–આગતર અનાજની નિપજ થોડી. ૨–ધઉંનું વિલાયત વગેરે દેશમાં ખેંચાણ–૩–વસ્તીનો વધારો એટલે ખાનારાં વધ્યાં છે. ૪–ખેડુત વગેરે કેટલાક લોકોને દુઝણાં ઢોરનો ન ભાવ આગળ કરતાં મંદ પડયો છે. ૫–પ્રથમ અનાજનો વધારો જથાબંધ રહેતો. ત્યારે સાધારણ–લોકો પણ અનાજની ખાણો રાખતા એટલે પ્રથમ જમીનના પેટામાં ખાણોથી જેટલો દાણો રહેતો તેનો અરધ ભાગ ભાગ્યેજ જોવામાં આવે છે. ૬–સાધારણ વસવાયાં, વગેરે લોકોને વેચાતો દાણો ભાગ્યેજ લેવો પડતો. હવે સમસ્ત પ્રજાને ઘણે ભાગે ખરીદીમાં ખોરાકીનો દોર ચાલે છે.

૭–ખેડુતને અનાજની નિપજમાં–રાજભાગ પ્રથમ થોડે અંશે હતો. અને ખેડુતને ઉપજના પ્રમાણમાં ઉત્તેજન દાખલ પરથારો મૂકવામાં આવતો જેથી લોકોને પણ અનાજની છત રહેતી. હવે જમાનાની બલીહારી ફરી જતાં મહેસુલનાં નવાં ધોરણો (રાજ ખર્ચ વધવાના પ્રમાણમાં) રાજ તથા પ્રજા બળની–રાજનીતિની સમાનતા જાળવવા દાખલ થયાં છે. જેથી ઉપરનાં સઘળાં કારણોને લીધે અનાજનો કુકિયો ઘણીવાર પીઠમાં સત્તા ભોગવેછે. માટે સમસ્ત સુખને અર્થે દેશમાં અનાજની નિપજ અને સંઘરો વધે તેવો ઉપાય વધવાની જરૂર છે.

દેશાવર (હિંદ) નું ગુજરાત કાઠિયાવાડ ખાતે થતું પોષાણ

જ્યારે કાઠિયાવાડ ખાતે કાળ કે કરવરૂં થાય, ત્યારે અનાજ વગેરે વસ્તુની મોંઘવારી ચાલે છે. ત્યારે વેપારીઓ જ્યાં જથાબંધ

અનાજ વગેરેનુ પોષણુ હોય, ત્યાં આડત કે જાતે જઇ માલ લાવે છે માટે એવી જથાબંધ પોષાણુ થતી વસ્તુ ક્યાં નિપજે છે ? તે ઉપ-યોગી બીના હોવાથી અનુભવી વેપારી સદ્‌ગૃહસ્થો પાસેથી મેળવી અહીં દાખલ કરેલ છે. **જારનું પોષાણઃ**—સોલાપુરી,–ગુગળી જેવી; ઈંદોર (માળવા) ધોળી જાર; **મકરાઈ** (મકરાણુની) કરાંચીની–ગુગળી (ધોળા ને રાતા દાણુા મિશ્રણુ), હાંસોટી–ધોળી ભીનાશ પડતી; સુરતી, પાટણુવાડો, બુગદી, ચાવડો, રંગુની, મલબારી વગેરે. **બાજરાનું પોષાણઃ**-કાનપુરી; સિંધ–કરાંચીનો; ધાટી મોટે દાણે; ડભોઇ; થરાદ, રેવાડી, ઈંટાવા, પંજાબ વગેરે. **ઘઉંનું પોષાણઃ**—ખંડવા–(વેપારનું પીઠું જબલપુરમાં છે.) તેમાં મુખ્ય બે જાત છે. ૧ લી જાતમાં–સફેદ પીશી (ધોળા નરમ) અને રાતી પીશી––(રાતા નરમ) બીજી જાતમાં પીળાને સફેદ પણુ કઠણુ મળે છે; કરાંચીથી કોણીના; મુજફ્-ફરનગર–રાતા કાઠા અને વાજીઆ (એપ્રીલમાં); હાથરસ–(મથુરાંજીથી પૂર્વમાં ૧૨ ગાઉ છે) ત્યાં રાતા ને વાજીઆ બેઉ જાત છે; પંજાબમાં લાહોર, અમૃતશહર, લુધીઆના તેમાં કાઠાને વાજીઆ થાય છે; પર-બડીના ટુકડા આવે છે. અને ભાલના રાતા ને ધોળા–કઠણુ અને ઉત્તમ ઘઉં થાય છે. તેમજ ભચૌના પણુ ઘઉં આવે છે. **મગઃ**—વાગડ-થરાદ, દિલ્લી; પંજાબ, લાહોર, અમૃતશહર, એ બધા પ્રાંતના લીલા આવે છે; પાટણુવાડાના ત્રપકીઆ આવે છે; સિંધના–બેલાઈ–લીલા; સકર બકરના પણુ આવે છે; બસરાઇ–અરબસ્તાનમાંથી કરાંચી આવે છે. રંગે કાળા હોય છે; **અડદઃ**–પાટણુવાડો, અને દિલ્લી તરફના વગેરેથી આવે છે.

તલઃ—જબલપુરી–તલી સફેદ–તલ મોટા દાણાના પણુ સફેદ

થાય છે. કાબરા (ધોળા ને કાળા) અને કાળા અને રાતા થાય છે? હરદાસ—હુસંગાબાદમાં મધી તલી થાય છે. તે આછા રાતા રંગની ભાવમાં ચડીઆતી ગણાય છે. તેનાથી ઉતરતા લાલ (સુરેખ) થાય છે. એ સિવાય કાળા, કાબરા ને ધોળા પણ થાય છે. (નાના અને મોટા દાણે) ખંડવામાં લાલ તલી અને સફેદ તલ થાય છે. બરાદમાં પણ સફેદ અને કાબરા તલ થાય છે. ઘાટમાં જથાબંધ તલી થાય છે; સિંધના કાળા ને ધોળા તલ થાયછે. વગેરે.

ચણાઃ—ગોધરાના પીળીઆ; કરાંચીના જવના છાંટાવાળા અને દિલ્હીમાં પણ થાય છે. **ચોખા**—ભીમડી, કલ્યાણી, હુડાના—કરાંચી બંગાળા, દાઉદખાની (કરાંચી), રંગુની, ભાવલી (ભાવલપુરના), ચીનીશકર; ખોરવાઈ, જીરાશાઇ, રામશાળ, બ્લમ, ગજરાતી ધોળકા, સાણંદ, વલસાડી, અને જેતલસર બારેજામાં થાય છે. **ગોળ**—માદના રવા (સોલાપુરી અને બારશીના), કાનપુરી રવા કે કોથળા; કુંકણી (કોકણનો) માટલાં આવે છે; મુજફર નગરને બીલાંનો અને ભૂકાનો (મીઠાઇ) સિંધ ખેંચે છે. તેમજ ચાકી અને કોથળાનો થાય છે; ભરૂચનાં માટલાં; ગણદેવી અને વલસાડી પણ આવે છે. એ સિવાય રાજપરી—ભાવનગરનાં નગારાં ધોળકાનો કાસોંદ્રા—પાલડીનો પણ આવે છે.

ઘીઃ—હાથરસ, ઇટાવા; અલીગઢ અને દિલ્લી તેમજ નગરપારકર, મકરાણ (કરાંચી પાસે હીંગોળા માતા નજીકનો મુલક) પાટણવાડો વગેરે.

ગુજરાત કાઠિયાવાડની પ્રાંતવાર ચડતી પેદાશ—ઝાલાવાડ-૧. **હાલાર**—જાર, બાજરો, ઘઉં, અને ચણા, મચ્છુ કાંઠા—

જાર, અડદ ને કપાસ, **ગોહલવાડ**–ગોળ કપાસને જાર, **બાબરીયાવાડ**–બાજરો ને જાર; **બર્ડો**–ઘી અને તલ; **પાંચાળ**–ઘી અને તલ **મધ્યકાઠિયાવાડ**–૨, ગોળ, ઘઉં, અડદ અને જાર, નાગેર—ગોળ ચણા ને જાર વધારે નિપજે છે.

प्रकरण १० मुं.

અનાજ સંઘરવાની તથા ન સળે તેવી રીતો.

આપણા દેશમાં અનાજ ન સળે માટે વેપારી તથા ખેડુત વગેરે ચાલતી આવેલી રૂઢી મુજબ સંઘરે છે, તોપણ સંઘરેલું અનાજ ઘણીવાર સળી જાય છે. અને ઇશ્વરે અનાજની પેદાશ કર્યા છતાં સંઘરવાની અનુભવસિદ્ધ રીતો નહિ જાણવાથી ઘણીવાર સળી જવાથી નિરાશા સાથે નુકસાન ભોગવવું પડે છે. માટે વેપારી તથા ખેડુત વગેરે લોકોને અનાજનો સંઘરો રાખવામાં સળવાથી નુકસાન ન થાય એવી રીતો અગત્યના ભેદ સાથે નીચે આપી છે.

અનાજ સંઘરવાનાં સ્થળઃ—કોઠીઓ, કોઠાર, ભોંયરાં, પળાંસીના કોઠાર, ઉઘાડા માંડવાવાળા કોઠાર, કોથળા, વગેરે.

કોઠી, કોઠાર વગેરે કેવાં અને કયારે બનાવવાં:—૧ જેમ ચોખાં, પહોળાં અને શિયાળાની ૠતુમાં બનાવેલાં હોય તેમ ઉત્તમ. ૨–કોઠાર બાંધવામાં ભોંયતળીઉં ભેજ ન આવે તેટલું ઉંચું અને મજબુત કરવું. ૩–આસપાસની ભીંતો મજબુત સ્વચ્છ અને તડ વિનાની કરવી. ચુનાબંધ હોય તો ચુનાથી વાટા દઇ ઘોળવી, અને ધુળનું ચણતર હોય તો બકરાની લીંડીની ગાર ચોથે કે પાંચમે

હિસ્સે ગોરમટી નાખીને કરવી (એકલી લીંડીની કરે તોપણ ચાલે) ૪–ચોમાસામાં ભેજ ન આવે, માટે કોઠારની માંહેની ભીંતોએ બેલાં વગેરેની આડ કરવી. અને ગારથી તડ વિનાનો લેપ કરવો. ૫–વખારને જાળીઆં રાખવાં કે પવન ઉપર આવે ને જાય તે ફાયદાકારક છે. ૬–કોઠારમાં ઉપરથી ચુવાક ન થવા દેવો. ૭–જૂના કોઠાર અનાજ નાખ્યા પહેલાં ગાર કરાવી, પોતાવી સાફ રાખવા.

કોઠીઓ:—એ શિયાળાની ઋતુમાં થાય તે ટકાઉ અને ઉત્તમ થાય છે. કોઠીઓને દાણા સંઘરવા માટે ચોખ્ખી રાખવી. અને માંહે બકરાની લીંડીની ગાર કરાવતા રહેવી. વળી કોઠીઓમાંથી દાણા ખાલી થાય, ત્યાર પછી માંહિ ધનેડાં વગેરે જીવજંતથી સાફ થવા કોઠીઓને મહિ અને બહારથી લીંડી વગેરેથી પોતાવવી, અને તડ વિનાની રાખવી.

પલાંસીના કોઠાર:—હાલારના ઉત્તર ભાગમાં આમરણ–બેલાં વગેરે તરફ વેપારી વગેરે લોકો પલાંસી (છીંયા કરતાં ઉંચી થાય છે) ના કોઠાર ગુંથીને ઉભા ઢોલના કે મોંઢવાની માફક કરે છે. અને માંહે અને બહાર ગારથી સફાઇબંધ લેપન કરે છે. પછી ફળીઓમાં જમીનપર હેઠે સફાઇ કરી ઉભા કરે છે તેમાં અનાજ ભરે છે અને ઉપર ખડના કુંઢવા માફક છાજ મજબુતાઇથી છાય છે કે ચોમાસામાં હરકત ન આવે વળી આજુબાજુ દાબ રખાય છે.

ઉથાડા માંડવાવાળા કોઠાર:—ગુજરાતના ઉત્તર ભાગમાં થરાદ વગેરેમાં જમીનના સારા ગુણને લીધે લોકો ફળીઆમાં ઉંડા કોઠાર બાંધે છે. અને ઉપર ગરમી અને વરસાદથી અનાજને હરકત ન પહોંચે, માટે માંડવા કરે છે. દાણાના ભંડારનાં મોઢાં પવનની લહેરો ખાય છે. અને અનાજનું રક્ષણ કરે છે.

ખાણો – જ્યાં જ્યાં જમીનનો ગુણ સારો છે ત્યાં આપણા દેશમાં જમીનની માંહે ખાડા ખોદી ઉપર ઢાળ કરી લેછે.

કોથળા:—ઘણા ખરા પ્રાંતોમાં કોથળાનો વાપર વધી ગયો છે. બંદર અને મોટા મોટા જંકસનોએ જોઇશું તો હજારો કોથળાનો ગંજ, પરદેશથી આવતા અનાજનો જોવામાં આવે છે. કોથળા મારફત અનાજનો લાંબો જુવાળ આજે ખેડાવા માંડયો છે. પણ લાંબી મુદત કોથળામાં સંઘરો આપણા દેશમાં થઇ શકતો નથી.

સંઘરવાનું અનાજ:—કઠોળ કેવાં જોઇએ? ૧–ચોખ્ખાઇવાળું અનાજ ખળામાંથીજ ઉત્પન્ન કરેલ હોય તે સંઘરવા માટે ઉત્તમ ગણવું. એટલે ઘઉંમાં ગેહુ જાર, બાજરામાં ભકોટું અને કઠોળીમાં ફોતરી રહેવા દેવી નહિ. (ચણામાં ફોતરી સોનાળીઉં) હોય તો હરકત નહિ, તેથી સળતા નથી. ૨—અનાજ કઠોળમાં ધુળની ગેહુ તથા ઢેફલી રહિત ચોખ્ખું તે સારૂં. ૩–ચોખ્ખું અને ઉત્તમ કહદાર અનાજ સંઘરવાથી સળવાનો ભય રહેતો નથી, વળી એવાં અનાજ લાંબી મુદત સંઘરવાથી સળવાનો ભય રહેતો નથી. વળી એવાં અનાજ લાંબી મુદત સંઘરે રહી શકે છે. અને ધારેલો ભાવ આવતાં વધારે મુદત રહી શકે છે, અને ભાવ પણ વધારે આવે છે.

અનાજ સંઘરવામાં વપરાતી વસ્તુઓ:—૧ રાખ. (શેલી) ૨ શેરીની ગેહુ. ૩ મરચાંનો ભુકો. ૪. મીઠાનું પાણી. ૫ પારો વગેરે.

અનાજ સળવાનાં કારણો:—(મૂળતત્વે)—૧–વખારો, (કોઠાર) કોઠીઓ વગેરે અનાજ સંઘરવાનાં સ્થળ આ પ્રકરણમાં બતાવ્યા મુજબ ચોખ્ખાં અને મજબુત નહિ હોવાથી સળવાની ઉ-

ત્પત્તિ થાય છે. કારણ કૃષિ (ખેતી) શાસ્ત્રના વિદ્વાનોએ પુરા અનુભવથી શોધ કર્યો છે કે " ઘઉં, જાર વગેરે અનાજની વખારોમાં ધનેડાં (જંતુ) મૂળ નવા દાણામાં આવતાં નથી. પણ ઘણીવાર વખારોની તડોમાં આગલી સાલના રહી ગયાં હોય, તે અથવા આસપાસની સજેલ વખારમાંથી કે જૂનું અનાજ ખુણેખચકે પડેલ હોય તેમાંથી નવા ઘઉં વગેરે અનાજ વખારમાં આવતાં તેના ઉપર ચડી જાય છે. અને એક ધનેડું દોઢસો ઈંડાં જુદાં જુદાં દાણા ઉપર ફરી વળી મુકે છે. આ ઈંડાં ઉનાળો ઉતરતાં અને ચોમાસાની શરૂઆતમાં ગરમીના સખત બાફથી વૃદ્ધિ પામે છે. અને ચોમાસાનો ભેજ ને ઉકળાટના સમયમાં તે દરેક ઈંડામાંથી એકેકું ધનેડું શેવાઇ તૈયાર થતાં, વળી તે દોઢસો, દોઢસો ઈંડાં મુકે છે, તો એ હિસાબે એક ધનેડામાંથી શિઆળામાં નવું અનાજ સંઘરતાં દશ હજારથી વીશ હજાર સુધી ધનેડાં લગભગ થાય છે તો વધારે ધનેડાં અનાજમાં છાનામાનાં સડવાથી કેટલો વધારો થાય ? અને કેટલું અનાજ ચોમાસા—આખરમાં બગાડે. તે ખ્યાલ કરવા જેવી ખરેખરી હીતની બાબત છે. માટે આ દેશના વેપારી તથા ખેડુત વગેરે લોકોએ પોતાના સંઘરાના અનાજને નુકશાન ન પહોંચે, જેથી નીચેની બાબતો લક્ષમાં રાખવી.

અનાજ ન સળવાના ઉપાય:—૧-વખારો વગેરે અનાજ ભરવાના સ્થળ નવું અનાજ નાખતા પહેલાં (ચુનાબંધ હોય તો છંટાવવાં અને કચરાનાં હોય તો લીંડી વગેરેથી પોતાવવાં. કે ધનેડાંની માદા (મા) નાશ પામે છે. કદાચ ભોગજોગે સંતાઇ રહેલ ચોરરૂપી માદા રહી જાય, તો થોડી ઉત્પત્તિ થાય છે. પણ ૨-અનાજ સંઘરવામાં માંહે પોલાણ એટલે પવન ન રહે તેમ કરવાથી

પવન વિના માદા કે ઈંડાં નાશ પામે છે. માટે અનાજ નાખતી વ ખત કરતા જવું, અને ભરતા જવું કે જેથી પવન રહી શકે નહિ. ૩–આસપાસની વખારો કે ખુણે ખચકેથી વખાર વગેરેમાં ન પેસે તેમ તળીએ, આસપાસ અને ઉપર રાખ વગેરેથી પાકો જાપતો કરવો જેથી સળવાની ધાસ્તી રહેતી નથી. એટલે વખારોને જેમ રાખનો પોલ સારો અને ઉપર જેમ રાખ વગેરેનું દબાણ વધારે તેમ રક્ષા થાય છે. ૪–સંઘરવાનું અનાજ ચોખું તેમ સળવાની ધાસ્તી થોડી. એટલે ગેહું, ભરોડું, ફોતરી, ઢેફલી વિનાનું તે ઉત્તમ ગણવું ૫–ખળામાંથી આવેલું અનાજ બારોબાર વખાર, કે કોઠી વગેરેમાં નાખવું. પણ પાધરૂં ન નાંખતાં જમીન પર ઉતારી પછી નાખવાથી જમીનપરની કે આસપાસની જીવાંત ચડી જાય છે. અને અનાજ ધબડાય છે. તેથી સળવાની ઉત્પત્તિ થાય છે. ૬–અનાજમાં આવતી અને સળવાના કારણને અટકાવનાર રાખ, શેરીની ગેહુ મરચાં પારો વગેરે વસ્તુ દર મણે કે દર કળશીએ કેવી રીતે અને કેટલે વજને નાખવાં તેમાં ગલફત કરવાથી સળવાની ઉત્પત્તિનો આધાર વધે છે, માટે અનાજમાં ઉત્પન્ન થતી જીવાંતનો એ વસ્તુ શત્રુરૂપ સંહાર કરનાર છે. ૭–પાછલ બતાવ્યા મુજબ સંઘરવાનાં સ્થળ ચોખ્ખાં અને તળીએ કે આસપાસ ભેજ ન લાગે તેમ ગોઠવણ કરવી. દરેક જાતનાં અનાજ સંઘરવામાં ઉપરની બાબતો પહેલી લક્ષમાં લેવી. નહિ તો સળવાની ઉત્પત્તિ થાય છે.

અનાજ વગેરે સંઘરવાની વિધિઓ.

ઘઉં—અ—સંઘરવા માટે દર * કળશીએ પાંચ માપ રાખ

---

* રાજકોટની ૩૫ મણની કળશીને લેખે. પાંચ માપ એટલે ૯૦ શેર. (આશરે બે મણ રાખ સમજવી)

ભેળવવી, કોઠાર (વખાર) ને તળીએ, ભેજ ન આવે માટે. ચાર-પાંચ તસુ દળે શેલી નાંખવી. વળી વખાર માંહે આસપાસ ચાર પાંચ તસુ શેલીનો પોલ દેવો અને ઉપર ચાર પાંચ તસુનો દાબો કરવો. બ. ઘઉમાં કેટલાક વેપારીઓ દર કળશીએ દશ રૂપિઆ ભાર મરચાંનો ભુકો રખેજ્યા પહેલાં નાખે છે. કારણ મરચાંનો ભુકો પ્રથમ નાખવાથી તેનો ગુણ ઘઉમાં પ્રવેશ થતાં ફાયદો થાય છે. માટે ઘઉંમાં તે ગુણ લાવ્યા પછી રાખ નાંખવી. ક—ઘઉંમાં પારો ભેળવવાની રીત—દર કળશીએ એક માપ ભીની રાખમાં (મુઠી વળે તેવી કરવી.) દશ રૂપિઆભાર પારો ભેળવવો. તે એવી રીતે કે, ઝીણા લુગડામાં રાખી, ભીની રાખમાં ઝીકવો. અને રાખમાં રોળવો (કોરી રાખમાં જુદો રહેતાં ભેગો થઈ જાય છે અને ભીનામાં પ્રસારણ પામે છે) પછી જેમ, જેમ ઘઉં વખારમાં કે બીજા વાસણ (અનાજના—સ્થળ) માં નાખતા જવા, તેમ, તેમ ઘઉંના પ્રમાણમાં પારાવાળી રાખ છાંટતા જવી તો સળશે નહિ. કેમકે પારો, મરચાં, શેલી વગેરે વસ્તુઓ ઘણી ઠંડી અને જીવાંતનો નાશ કરનાર કે થતી અટકાવનાર છે. (મરચાંનો ભુકો ન ઉડે માટે લગાર ભીજવી ભેળવવો)

જાર—अ. સંઘરવા માટે પણ દર કળશીએ ઘઉં મુજબ શેલી નાખવી. ब. જારની ખાણ નાખવાની રીત—જારને ઓસ (ભેજ) ન લાગે એવી જગ્યા પસંદ કરવી. એટલે આ દેશમાં જમીનનો ગુણ માફક આવે એવા પ્રાંતમાં ખાણો બોહોળી નખાય છે. ખાણની હેઠે પ્રથમ છાણાંનો થર કરવામાં આવે છે. તેના ઉપર જારના છરીઆં તસુ આઠ, પછી તે ઉપર ખડ તસુ ચાર પછી તેના

ઉપર ૭ કે આઠ તસુને દળે ઢુંસાં, અને ખાણુની માહેની આજુ બાજુએ બે ત્રણ તસુને દળે ખડ છાવું. પછી તેને પડખે બે ત્રણ તસુનો ઢુંસાનો પોલ દેવો (ઢુંસાનો પોલ માંહે અને ઉપર જારને અડીને હોય તો વરસાદનો ભેજ ઢુંસાને બહુ લાગતો નથી) ઉપર ખડ અને પછી ધુળ વગેરેથી ઢાળ કરવો.

સૂચના—૧. ખાણુ કોની છે તેનું નામ ઠામ, સંવત માસ ને તીથિ નળીઆપર લખીને ખાણુની જારમાં યાદી નાંખવી. ૨–ખાણુ સારી જમીનમાં ત્રીશ કે ચાલીશ વરસ રહે છે. પહેલે વર્ષે કળશીએ પાંચ માપ વધે છે પણ પછી જેમ, જેમ ઝાઝા વર્ષ રહે તો કાળી ઝીણી જીવાત પડી જાય છે. ૪–ખાણુની જાર ઘણું કરી ભાવ આવે ત્યારેજ કાઢવી જોઇએ. કારણ ખાણુમાંથી કાઢયા બાદ જો કે તુરતમાં જીવાંત પડવાની ધાસ્તી રહેતી નથી. પણ આખરે જીવાંત પડવા સંભવ છે.

બાજરો:—સંઘરવા માટે દર કળશીએ પાંચ માપ રાખ નાખવી, અને ધરૂિ મુજબ સંઘરો કરવો. **મગ:—**સંઘરવાની બે રીત છે. એક–પાકી વાનીના અને બીજી રીત–કાચી વાનીના. **પાકી વાનીના—** કળશીએ લગભગ એક મણ (૪૦ શેરનો.) પાણી અને અઢીશેર મીઠું ભેળી મગમાં છાંટી એકમેક કરવું. પછી કળશીએ દશ માપ રાખ નાંખી ભભુતીયા કરવા. પણ ભભુતીયા કર્યા પહેલાં મરચાંના બી અઢીશેર દર કળશીએ છાંટવાં. પછી કોઠી કે કોઠારમાં નાખી ઉપર ચાર તસુ રાખ અને ચાર તસુ બાજરની ગેહુ દાબવી અને ઉપર પાણાનો ભાર કરવો. જેમ દબાણુ તેમ સળવાની ધાસ્તી રહેતી નથી.

કાચી વાનીના:—એકલી રાખ નાખી કોઠી કે કોઠારમાં સંઘરવા, પણ કાચી વાનીનામાં ઘણી વાર મટકાં પડી જાય છે કાચી–વાનીનાનો ભાવ ભભુતીયાં કરતાં હમેશાં બે ટકા અદકો આવે છે.

બીજાં કઠોળ:—ચણા, અડદ, મઠ, કળથી વગેરે ભભુતીયાં કરવાં નહિ. પણ કળશીએ પાંચ માપ શેલી નાંખતા રહેવી. કોઠામાં

નીચે, આસપાસ અને ઉપર ચાર ચાર તસુ રાખ નાખવી. અને ઉપર છેવટ ચાર તસુ વધારે શેરીની ગેલુ દબાવવી (મરચાંનો ભુકો નાખવો હોય તો ઘઉં માફક નાખવો.)

કમોદ:—સંઘરવા માટે લીંબડાનાં પાંદ–સેળભેળ કરવાં. અને પછી ઉપર લીંબડાનાં પાંદ બે–ત્રણ તસુ દાબી રાખનું દબાણ કરવું.

ગોળ:—કપાસીઆમાં સંઘરે છે. જેથી ચોમાસામાં બેસરી ન જતાં સારી હાલતમાં રહે છે. તેમજ કેટલાક માટીની નાંદો અને વખારોમાં જાળવણીથી જથાબંધ સંઘરે છે.

ગ્રંથ–સમાપ્તિ વિષે દોહા.

સંવત ઓગણિસેં–અને ત્રેપનમાં નિરધાર;
મનહર માધવ માસની, શુક્લ ચોથ ભૃગુવાર. ૧
સાર–શોધ સંગ્રહ કરી, ગ્રંથ રચ્યો જનકાજ,
સજ્જન મન રાજી થશે, મૂર્ખ થશે નારાજ. ૨
જન્મ સ્થળ રોજીદમાં, નીંબપુરીનું–ગામ,
દેવ કૃપાથી દેશનું, કેવળ કીધું કામ. ૩
રાજકોટ–તાબે રહ્યું, (શ્રી) લાખાજીનું રાજ;
કુવાડવાની ભૂમિ પર, પૂર્ણ કર્યું આ કાજ. ૪
સૌજનના હિત કારણે, શ્રમથી કીધો બોધ;
તજી દુર્ગુણ–ગુણ સંગ્રહી, સજ્જન કરસે શોધ. ૫
પ્રજાપતિ–કુળ ઉજળું, મકવાણા–અવટંક;
દેવજી ઉકાભાઇ સુત, દાસ–દેશનો રંક. ૬
ખરો ખજાનો હિંદનો, ખોળ્યો ધરિને કોડ;
ખોટ ન દેશો સર્વ જન, બોલો જય શ્રી રણછોડ. ૭

સમાપ્ત.

હિંદમાં માહાભારત નવું કામ અને દેશી વેધશાળાની સ્થાપના.

હિંદની ખેતી અને વેપારનો મુખ્ય આધાર મેઘવૃષ્ટિ છે. તે વૃષ્ટિ વિદ્યાથી દર સાલ અજાણ્યુ રહેવાથી ઓંચીતા દુકાળ વખતે ઓંચીતા સપડાઈ—અનાજ, ખડની મોંઘવારીથી માણુસ–પશુ ઢોરની પાયમાલી થવા સાથ દેશ ઉપર અનેક માઠી અસરો થાય છે. તો એવા ઓંચીતા દુકાળમાંથી બચાવ થાય, અને આ દેશનાં અનેક પ્રાચીન મુળતત્વો જે કાળની સાથે નાશ પામે છે તેનો સંશોધનથી ઉધાર કરવો, અને ચોમાસાના વર્త્તારા, ખેતી, વેપાર, હુન્નર વગેરેની અભિવૃદ્ધિ થવા અમારી પાસે ઇશ્વરી કૃપા, બળ અને પ્રાણ પ્રવાહ (મેસમેરીઝમ) ના આધારે જે મહાન શોધ સંગ્રહ એકઠો થયો છે, તે મારી હયાતીમાંજ અજવાળામાં લાવવા દેશી વેધશાળાના ફંડની મહાન યોજના નિચેના નિયમ અનુસાર ચાલુ કરી છે. જેમાંથી ગુજરાત કાઠીયાવાડના મધ્ય ભાગે એક દેશી વેધશાળા બાંધી–દેશી વાયુચક્ર ખાતાના હવામાન વગેરે યંત્રોની ગોઠવણુથી હિંદ–ગુજરાત–કચ્છ–કાઠીયાવાડ–મુંબઇના ચોમાસાના ચોકસ નિયમોનો ઉદ્ધાર કરતા જવો. અને સરકારી વાયુ શાસ્ત્રી સામે દેશી રૂઢીના પ્રાચીન મહાન જોષની હરિફાઇ બતાવી રાજા પ્રજા ખેડુત વેપારી વર્ગની અમુક રીતે સેવા બજાવાનું–"એક પંથ દો કાજ" જેવું નીચેના મહાન લાભકારી નિયમો પ્રમાણે કર્త્త-વ્ય પરાયણુ દેશ ભક્તિનું–દેશના ઉદયનું ઇશ્વર કૃપા આધારે આ શુભ કાર્ય છે. અને તે શુભ કાર્ય ચાલુ કરવામાં આવતાં નાના મોટા ૧૦૦ મેંબરો ચાલુ લાભ દરસાલ લે છે. અને વૃદ્ધિ પામતી જાય છે

તેમ સંગીત કાર્યોનો લાભ વધારવા પેરવી ચાલુ છે. અમે અમારા વર્તારાની ખાત્રી મુંબાઇમાં નીકળતા ગુજરાતી અને મુંબાઇ સમાચારમાં તથા અમદાવાદમાં ગુજરાતી પંચમાં–જાહેર વર્તારા ચોમાસાના અગાઉ આપી સુજ્ઞ રાજા પ્રજાની ખાત્રી કરી આપી છે, અને રૂ, અળશી, ચોખા, દીવેલી, અનાજ વગેરેના તૈયાર તથા વાયદાની તેજી મંદીઓની ઉથલ પાથલ પુરી પાડી ગુરૂ ભેદ ન રાખતાં સઘળી રીતે લાભ પામવા તન, મન અને ધનથી બનતો પ્રયાસ જારી છે. ઇશ્વર આ શુભ કામમાં અમને સન્મતિ વધારી અમારી દેશભક્તિની ખરી મુરાદ બર લાવો. એજ અમારી દીન પ્રાર્થના છે. અસ્તુ.

દેશી વેધશાળાના લાભકારી નિયમો.

સુજ્ઞ રાજા સાહેબો, ધનાઢ્ય ગૃહસ્થો, મીલ માલેકો, રૂના મોટા વેપારીઓ વગેરે દેશી વેધશાળાના ફંડમાં એકજવાર રૂ ૧૦૦ થી ૧૦૦૦ સુધી કે તેથી વધારે રકમ ભરી મોકલશે તેમને વેધશાળાના ખાસ કાયમના ઉત્પાદક મુરબ્બી સાહેબ ગણતાં તેમને દરસાલ ચોમાસાના તથા તેમને ઉપયોગી બાબતના વર્તારા તથા ફંડમાંથી બહાર પડતાં પુસ્તકો વિના મૂલ્યે ભેટ મળે જશે. (અમારા વર્તારાથી થતા લાભો પર ધ્યાન રાખી નફા ઉપર દશ ટકા કે અમુક ચાન્સ વેધશાળાના કાયમના નભાવ માટે ઉત્તેજન રાખવું.

વેપારી વગેરેને અમૂલ્ય તક.

(૧) જ જમીનદારો, રૂના જબરા વેપારીઓ, રૂની પેઢીવાળાઓ (કંપનીવાળા ગ્રહસ્થો) મીલ માલેકો, વગેરે દર સાલ રૂ. ૨૫ મોકલશે

તેમને ૧ લા વર્ગના ઉત્પાદક મુરબ્બી સાહેબ કે મેંબર ગણતાં. તેમને અખાત્રીજનો મહાન વર્તારો-(ચોમાસું કેવું આવશે અને વરસ ફળ) જણાવાશે. તથા જીન ભરૂચના વાયદાની તેજીમંદી, તેમને ખર્ચે જબરી ઉથલપાથલની વધઘટ વગર પુછે, બારે માસ જણાવાશે. (નફો મળે તેમ સેંકડે ૧૦ ટકા ચાન્સ વેધશાળાને મોકલતા રહેવા ધ્યાનમાં રાખવું.)

ક:—મુંબઈ, પાલેજ વગેરે કપાસીઆના વાયદાની તેજીમંદીની ફી રૂા. ૧૦ રાખી છે. (અળશીના તમામ વાયદાની.)

ક:—એરંડા (દીવેલી) આસો તથા વૈશાખના વાયદાની તેજીમંદી માટે રૂ. ૧૦ રાખી છે.

ક:—અળશી-સપ્ટેંબર તથા મેના વાયદાની તેજીમંદી માટે ફી રૂ ૧૦ રાખી છે.

ક:—ચોખા–શ્રાવણ, ભાદરવો, આસો અને ઉનાળાના ત્રણ માસના વાયદાની તેજીમંદી માટે ફી રૂ. ૧૦.

ક:—ચાંદી માટે કોઈવારજ રૂખ નીકળે છે. પણ ચાન્સ નફાપર ૨૦ ટકા છે.

ઉપરના સઘળા વર્તારા માટે ફી પહેલી મોકલી તથા દશ ટકા લાભપર ચાન્સ કબુલ ગણી કામ લેવા લખવું.

(૨) દરસાલ રૂા. દશ મોકલશે તેમને બીજા વર્ગના મેંબર ગણતાં ઉપલા વાયદાના વર્તારાનો લાભ નહિ મળતાં અખાત્રીજનો મહાન વર્તારો (સુકાળ દુકાળનો) તથા તૈયાર અનાજની ઉથલપાથલ તથા ઘી ગોળ, તેલ, કપાસીઆ, ચોખા, કઠોળ વગેરે તૈયાર વેપારનું સામટું વરસ ફળ જણાવવામાં આવશે. પણ જેઓ તૈયાર વેપારમાં

પણ નફા ઉપર ૧૦ ટકા દેશી વેધશાળાના નફા ગણી મોકલવા કબુલ કરશે તેમને બારે માસ સંજોગ પ્રમાણે લાંબી ઉથલપાથલ તેમને ખર્ચે વગર પુછે તેમને જણાવાશે.

(૩) જેઓ દરસાલ રૂા. પાંચ મોકલશે તેમને ત્રીજા વર્ગના મેંબર ગણતાં ઉપર મુજબ અખાત્રીજનો મહાન વર્ત્તારો તથા તૈયાર અનાજ, વગેરેની ઉથલપાથલ તેમને ખર્ચે એકજવાર વરસ ફળ તરીકે પુછે તેમ તેમને ખર્ચે જણાવાશે પણ જેઓ ૧૦ ટકા ચાન્સ કબુલ કરશે તેમને બારે માસ જણાવાશે. (૨જા વર્ગના મેંબરને વગર પુછે જણાવાશે ને ત્રીજા વર્ગના મેંબરને પુછે તેમ જણાવાશે. તેટલો તફાવત ફી માટે છે.)

(૪) દરસાલ રૂ. ૧-૨-૦ મોકલશે તેમને ચોથા વર્ગના મેંબર ગણતાં અખાત્રીજના વાયુચક્ર વગેરે જોગો ઉપરથી ચોમાસાના ચાર માસનો સંપૂર્ણ વર્તારો (સુકાળ કે દુકાળ) તથા અખાત્રીજના સંજોગોપરથી તેજીમંદીનું સામાન્ય વરસ ફળ એકજવાર જણાવાશે. તેમજ મૃગશર નક્ષત્રનો બીજો વર્ત્તારો ચોમાસાના વરસાદની સરાસરીનો પુરો પાડવામાં આવશે. (૧-૨-૦) જેમની પાસેથી આવી ગયા નહિ હોય તેમને વિ. પિ. થી મોકલાશે માટે અગાઉથી નામ નોંધાવવાં. (મ. ઓ. થી ફી મોકલનારને વહેલો લાભ મળશે.)

સુચનાઃ—વેધશાળાના વિશેષ નિયમોની માહીતી માટે કાગળપત્ર કે સુચીપત્ર મંગાવી વાકેફ થવું. સુ. કિ. બ.

સુ. રોજીદ. (ધંધુકા) થઇ

પ્રાચીન સંશોધક
દેવજી ઉકાભાઇ મકવાણા.
દેશી વાયુશાસ્ત્રી—ગુજરાત (કાઠિયાવાડ)